યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● વર્ષ - ૧૪ અંક - ૮-૯ ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૭

Postal Registration No. GAMC 1417/2015-2017 Valid up to 31-12-2017 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-

## સંત-દર્શન વિશેષાંક





ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।
उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ।

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
# દિવ્ય જીવન

વર્ષ : ૧૪ | અંક : ૮-૯ | ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૭



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
**બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી**
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
**અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)**
**ડૉ. મફતભાઈ જે. પટણી**
**શ્રીમતી રૂપા મજમુદાર**

○

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
**'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :**
**સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ**
**ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :**
**શ્રી યશેશભાઈ દેસાઈ**
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



**લવાજમ**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |

**વિદેશ માટે (એર મેઈલ)**

| | | |
|---|---|---|
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ॐ

**अनुपश्य यथा पूर्वे प्रतिपश्य तथापरे ।**

**सस्यमिव मर्त्यः पच्यते सस्यमिवाजायते पुनः ॥६॥**

**कठोपनिषद्-६**

પિતાજી ! આપણા પિતામહાદિ પૂર્વજોનું આચરણ જુઓ અને આ સમયના બીજા શ્રેષ્ઠ પુરુષોનું આચરણ જુઓ. એમના ચરિત્રમાં પહેલાં ક્યારેય અસત્ય હતું નહીં, અત્યારે પણ નથી. અસાધુ મનુષ્ય જ અસત્યનું આચરણ કર્યા કરે છે; પરંતુ એ અસત્યથી કોઈ અજર-અમર થઈ શકતું નથી. મનુષ્ય મરણધર્મા છે. એ અનાજની માફક જરા-જીર્ણ થઈ મરી જાય છે અને અનાજની માફક જ કર્મવશ પુનઃ જન્મ લઈ લે છે.

## શિવાનંદ વાણી

### પથ-પ્રદર્શક

મનુષ્ય સ્વયંને નિર્બળ તથા અસહાય સમજે છે, પરંતુ એણે સમ્યક્ માર્ગદર્શન પ્રાપ્ત કરી અશુભ પ્રવૃત્તિઓનું ઉન્મૂલન કરવું જોઈએ. આવા લોકો માટે સંતોનાં જીવનચરિત્ર પથ-પ્રદર્શકનું કામ કરે છે. એ તેમના જીવન-ચરિત્ર તથા ભવિષ્યનું નિર્માણ નવીન વિધિથી કરે છે અને એમની માનસિક્તાને એક નવી દિશા પ્રદાન કરી તેમને પથપ્રદર્શકોની આસ્થા અને એમના ઉપદેશોને અનુરૂપ બનાવી દે છે. એટલા સાચા તથા વિશ્વસ્ત પથપ્રદર્શક હોય છે સંત-જેઓ આ ધરતી પર આવ્યા અને પ્રયાણ કરી ગયા!

**- સ્વામી શિવાનંદ**

## દિવ્ય સ્ફુલિંગ

### સાચો પરિત્યાગ .

એક વાર ઈચ્છાને તજી દેવાય તો પછી પરમેશ્વરનાં ચરણકમળની ભક્તિ સિવાય બીજો કોઈ સંકલ્પ કે સ્પૃહા રહેતાં નથી, રહે છે પરમતત્ત્વનાં ચરણકમળમાં ભક્તિ અને અપરોક્ષાનુભૂતિ. ''હું માત્ર સાધનરૂપ છું, તું જ કર્તાહર્તા છે'' - બસ, આ એક જ વિચાર અંતઃ ચેતનામાં મૂળ નાંખી દે છે. પરમાત્માની કૃપા થકી તમે સાચા સાધક બનો, પ્રભુના સાચા ભક્ત બનો, સાચા પરિત્યાગી અને આધ્યાત્મિક પંથના સાચા પથિક બનો !

**- સ્વામી ચિદાનંદ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | કઠોપનિષદ્ | | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૪ |
| ૩. | સંપાદકીય | તંત્રી | ૫ |
| ૪. | જગદ્ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | આચાર્ય વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત | ૬ |
| ૫. | શ્રી રામકૃષ્ણ પરમહંસ | શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી | ૯ |
| ૬. | શ્રી શ્રીમા શારદામણિ દેવી | શ્રી આનંદ ચૈતન્ય | ૧૧ |
| ૭. | સ્વામી વિવેકાનંદ | શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી | ૧૩ |
| ૮. | શ્રી શ્રીમા આનંદમયી મા | શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી | ૧૬ |
| ૯. | ભગવાન મહાવીર | સુશ્રી મીરાં ભટ્ટ | ૧૯ |
| ૧૦. | મહાત્મા ગાંધીજી | સુશ્રી મીરાં ભટ્ટ | ૨૦ |
| ૧૧. | ઈશુ ખ્રિસ્ત | સુશ્રી મીરાં ભટ્ટ | ૨૨ |
| ૧૨. | મહર્ષિ વિનોબા ભાવે | સુશ્રી મીરાં ભટ્ટ | ૨૩ |
| ૧૩. | હજરત મહંમદ પયગંબર | ડૉ. અરુણિકા મનોજ દરૂ | ૨૫ |
| ૧૪. | ભગવાન ગૌતમ બુદ્ધ | ડૉ. અરુણિકા મનોજ દરૂ | ૨૭ |
| ૧૫. | સ્વામી સહજાનંદ | શ્રી (પ્રો.) બલ્લુભાઈ નાયક | ૩૦ |
| ૧૬. | અશો જરથુષ્ટ્ર | એવરદ એ. ડી. દાબુ | ૩૨ |
| ૧૭. | ગુરુ નાનકદેવ | શ્રી નલિન છોટાલાલ પંડ્યા | ૩૪ |
| ૧૮. | સંત કબીર | શ્રી જયંતીલાલ મહેતા, શ્રી ચંદ્રકાન્ત મહેતા | ૩૭ |
| ૧૯. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | શ્રી પ્રદ્યુમ્ન બ. શાસ્ત્રી | ૩૮ |
| ૨૦. | શ્રી સ્વામી રામદાસ | પ્રા. શ્રી મગનલાલ પંડ્યા | ૪૦ |
| ૨૧. | મહર્ષિ દયાનંદ | ડૉ. દિલીપ વેદાલંકાર | ૪૨ |
| ૨૨. | શ્રીમદ્ રાજચંદ્ર | શ્રીમતી તરુબહેન આચાર્ય | ૪૪ |
| ૨૩. | સાધુ વાસવાણી | શ્રી પ્રિયકાંત પી. શુક્લ | ૪૫ |
| ૨૪. | શ્રી રમણ મહર્ષિ | શ્રી કેશવલાલ શાસ્ત્રી | ૪૬ |
| ૨૫. | મહર્ષિ અરવિંદ | શ્રી અનિરુદ્ધ સ્માર્ત | ૪૮ |
| ૨૬. | શ્રી રંગ અવધૂત | શ્રી જયંતીલાલ આચાર્ય | ૫૦ |
| ૨૭. | શ્રી પુનિત મહારાજ | પ્રા. જયકૃષ્ણ ન. ત્રિવેદી | ૫૩ |
| ૨૮. | સ્વામી મુક્તાનંદ | શ્રી જમનાદાસ જ. હલાટવાલા | ૫૬ |
| ૨૯. | સ્વામી શિવાનંદ સરસ્વતી (ઋષિકેશ) | ડૉ. શિવાનંદ અધ્વર્યુ | ૫૯ |
| ૩૦. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ડૉ. શિવાનંદ અધ્વર્યુ | ૬૨ |
| ૩૧. | આશ્રમના ઉત્સવો | | ૬૫ |
| ૩૨. | વૃત્તાંત | | ૬૬ |


## તહેવાર સૂચિ

### સપ્ટેમ્બર - ૨૦૧૭

| તા. | તિથિ | (ભાદ્રપદ સુદ) |
|---|---|---|
| ૨ | ૧૧ | પરિવર્તિની એકાદશી |
| ૩ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૫ | ૧૪ | શ્રી અનંત ચતુર્દશી |
| ૫/૬ | ૧૪/૧૫ | વ્રતની પૂનમ |
| ૬ | ૧૫ | પૂર્ણિમા મહાલય, શ્રાદ્ધ પક્ષ શરૂ |
| | | **(ભાદ્રપદ વદ)** |
| ૮ | ૨ | સદ્ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો ૧૩૦મો પ્રાકટ્યોત્સવ |
| ૧૬ | ૧૧ | ઈન્દિરા એકાદશી |
| ૧૭ | ૧૨ | પ્રદોષ પૂજા |
| ૨૦ | ૩૦ | અમાવાસ્યા, શ્રાદ્ધ પક્ષ પૂરા |
| | | **(આસો સુદ)** |
| ૨૧ | ૧ | શારદીય નવરાત્રી આરંભ |
| ૨૪ | ૪ | ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજનો ૧૦૨મો પ્રાકટ્યોત્સવ |
| ૨૭ | ૭ | શ્રી સરસ્વતી આહ્‌વાન |
| ૨૮ | ૮ | શ્રી દુર્ગાષ્ટમી, સરસ્વતી પૂજન |
| ૩૦ | ૧૦ | વિજયા દશમી |

### ★ ઓક્ટોબર - ૨૦૧૭

| તા. | તિથિ | |
|---|---|---|
| ૧ | ૧૧ | પાશાંકુશા એકાદશી |
| ૨ | ૧૨ | મહાત્મા ગાંધી જયંતી |
| ૩ | ૧૩ | પ્રદોષ પૂજા |
| ૫ | ૧૫ | શરદ પૂર્ણિમા, મહર્ષિ વાલ્મીકિ જયંતી |
| | | **(આસો વદ)** |
| ૧૩ | ૯ | શ્રી રાધાષ્ટમી |
| ૧૫ | ૧૧ | રમા એકાદશી |
| ૧૬ | ૧૨ | વાક્ બારસ |
| ૧૭ | ૧૩ | ધન તેરસ, ધન્વંતરી જયંતી, પ્રદોષ પૂજા |
| ૧૮ | ૧૪ | કાળી ચૌદસ, રૂપ ચતુર્દશી |
| ૧૯ | ૩૦ | દિવાળી, ચોપડાપૂજન, અમાવાસ્યા, શ્રી મહાવીર નિર્વાણ દિન |
| | | **(કારતક સુદ)** |
| ૨૦ | ૧ | નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૭૪ શરૂ, ગોવર્ધન પૂજા |
| ૨૧ | ૨ | ભાઈબીજ |
| ૨૫ | ૫ | લાભપાંચમ |
| ૨૮ | ૮ | ગોપાષ્ટમી |
| ૩૧ | ૧૧ | એકાદશી, સરદાર વલ્લભભાઈ પટેલ જયંતી |

# સંપાદકીય

દર વર્ષે ગુરુપૂર્ણિમા પ્રસંગે 'દિવ્ય જીવન'નો સંયુક્ત અંક પ્રકાશિત થાય છે. આ વર્ષે પણ ઓગસ્ટ- સપ્ટેમ્બરનો સંયુક્ત અંક પ્રકાશિત કરવાનો આનંદ છે. શ્રુતિએ તો ''નારાયણ પદ્મભવં....થી પ્રારંભ કર્યું. છેક નારાયણ પછી બ્રહ્મા, તેમના માનસપુત્ર- વશિષ્ઠ, પરાશર, વ્યાસ, શુકદેવજી, પછી શંકર, શંકરાચાર્ય, મધ્વાચાર્ય, નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય વગેરે ગુરુપરંપરા છે. શ્રુતિ તો કહે છે, 'અસ્મદ્ આચાર્ય પર્યન્તં' આપણા આચાર્ય સુધી એટલે કે શિવાનંદ - ચિદાનંદ પર્યન્તં વંદે ગુરુપરંપરા'' આમ, આપણે આ ગુરુપૂર્ણિમાના પાવન પ્રસંગે સર્વે પવિત્ર અને દિવ્ય ગુરુજનોને પ્રણામ કરીએ.

ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના શતાબ્દી પર્વ પ્રસંગે ઈ.સ.૧૯૮૫માં જ દિવ્ય જીવન સંઘ, વડોદરાના આદરણીય સ્વ. શ્રી ઉછરંગરાય સ્વાદિયાજીની જહેમત અને એકધારી મહેનતથી સંતવાણી ગ્રંથાવલીની નાની- નાની પુસ્તિકાઓ ૫૪-૫૬ થી ૭૨ પાનાં સુધી બહાર પાડવામાં આવેલી. આ ગ્રંથાવલી સેટ ખૂબ જ લોકપ્રિય બન્યો. ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલીના સંપુટનું બે વાર પ્રકાશન કર્યું. ત્યારબાદ નવજીવન મુદ્રણાલયના સ્વ. શ્રી જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈની પ્રાર્થનાથી ગુજરાત દિવ્ય જીવન સંઘના કોપીરાઈટ સાથે ફરીથી બે વખત કુલ ૬૦૦૦ પ્રતોનું મુદ્રણ થયું.

આ વર્ષે ગુરુપૂર્ણિમાના આ સંયુક્ત અંકમાં આ ગ્રંથાવલીના સંપુટમાં સમાહિત સંતોના જીવનકવનને સંક્ષિપ્તમાં પ્રસ્તુત કરવાનો આનંદ છે. આશા છે કે આ અંક અનેક સંતોના જીવન અમૃતનું પાન કરવા અને દિવ્ય જીવનનું પાથેય પ્રાપ્ત કરવા માટે પ્રકાશપથ બની રહેશે.

અહીં પણ આપણે જગદ્ગુરુ ભગવાન ભાષ્યકાર શ્રી આદિ શંકરાચાર્યજીથી પ્રારંભીને શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ, શ્રીશ્રીમા શારદામણિદેવી, શ્રી સ્વામી વિવેકાનંદજી, શ્રીશ્રીમા આનંદમયીમા,ભગવાન મહાવીર, ભગવાન ગૌતમ બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત, અશો જરથુષ્ટ્ર, મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી, હજરત મહંમદ પયગંબર, ગુરુનાનકદેવ, સ્વામી સહજાનંદ, પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધી અને ગુરુદેવ સ્વામી શિવાનંદજી તથા શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ ઉપરાંત અનેક સંતોનો સમાવેશ કરેલો છે.

મોટા ભાગનાં પુસ્તકો જે તે ધર્માચાર્યો અને સંતોના પ્રમુખ અનુયાયીઓ પાસે જ સંકલન-લેખન કરીને પ્રગટ કરવામાં આવેલાં છે, પરંતુ ૫૪ કે ૬૪ પાનાંનો બે પાનાંમાં સમાવેશ કરવા માટે તેમના જીવનની મહત્ત્વની વાતોનો જ સમાવેશ કરી શકાયો છે. આ કાર્યમાં દિવ્ય જીવન માસિકનાં સંપાદિકા શ્રીમતી રૂપાબહેન મજમુદારે ખૂબ જ જહેમત ઉઠાવી છે.

વારંવાર આ બધાં પુસ્તકોના વાંચન પછી જે સાર લાધ્યો તેનો નિચોડ પ્રાપ્ત થતાં ૨૨ જૂને ચાર્લી ચેપ્લિનના ૧૨૫ વર્ષે તેનાં જીવનમાં ડોકિયું કરતાં આ અમૃતબિંદુ તેણે પણ ચાખ્યું જ હશે તેવી અનુભૂતિ થઈ. આ સર્વે સંતોનાં જીવનકવનનું અમૃતબિંદુ આ પ્રમાણે છે:

૧. આ જગતમાં કંઈ પણ શાશ્વત નથી. આપણી સમસ્યાઓ પણ કાયમી નથી જ.
૨. હું વરસાદમાં પલળતાં જ ચાલવાનું પસંદ કરું છું કે જેથી મારાં આંસુ કોઈ દેખે નહીં.
૩. જીવનનો સૌથી નકામો દિવસ એટલે જે દિવસે તમો ખડખડાટ ન હસ્યા હો તે.
૪. તમારી પાસે જે કંઈ છે તેની સાથે જ સદા હસતાં હસતાં જીવન જીવો.
૫. જો તમો Stressedનો અનુભવ કરો તો થોડી પળો શાંત રહો અને થોડો આઈસક્રીમ, ચોકલેટ, કેક કે કંઈ મધુર મજાનું ખાઓ. શા માટે? કારણ કે આ શબ્દને ઊંધો કરો તો તે Desserts થાય છે, માટે આનંદો!
૬. એક સારા મિત્ર એક સારી દવા બરોબર છે. એક સારું મિત્રમંડળ એ એક ઉત્તમ દવાની દુકાન જેવું છે.
૭. વિશ્વના શ્રેષ્ઠ સારા ડોક્ટરો એ અ. સૂર્યપ્રકાશ, બ. આવશ્યક આરામ, ક. કસરત, ડ. ઉચિત ખોરાક, ઈ. આત્મવિશ્વાસ, ઉ. સાચા નિઃસ્વાર્થી મિત્રો છે.
૮. આ બધાને જીવનના બધા સ્તરે જાળવી રાખો અને આનંદમય-સ્વસ્થ દિવ્ય જીવન જીવો.
૯. ચંદ્રમામાં ઈશ્વરના સૌંદર્યને દેખો, સૂર્યમાં ઈશ્વરની શક્તિનો અનુભવ કરો.
૧૦. અરીસા (દર્પણ) સામે ઊભા રહો તો અનુભવો ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન આ જ છે.
૧૧. તમારી જાતમાં શ્રદ્ધા રાખો. આપણે સૌ યાત્રી છીએ. ઈશ્વર આપણી યાત્રાનો સંયોજક છે. તેણે આપણી યાત્રાનો માર્ગ, સ્થળ, ગન્તવ્ય અને આરક્ષણ નક્કી કરી જ રાખેલાં છે, માટે તેમાં શ્રદ્ધા રાખો અને આ જીવનયાત્રાનો આનંદ માણો.
૧૨. જીવન પાછું મળશે કે કેમ તેની કોઈ ખાતરી નથી, માટે પળેપળ જીવતાં શીખો. ઈશ્વર છે, અહીં જ છે, આ પંક્તિઓ વાંચો છો તેનાથી પણ નિકટ છે, તે સંતો પામ્યા છે, તમો પણ પામી શકો છો.

ગુરુજનોના પ્રાગટ્ય દિવસની અનેક શુભેચ્છાઓ સાથે, આપનો જ આત્મા ૐ શાંતિ.

# સંત-દર્શન વિશેષાંક

## જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય

(ઈ.સ. ૭૮૮-૮૨૦)

-આચાર્ય વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત

પહાડો-પર્વતો ઓળંગીને, નદી-નાળાં તરીને, વનો-જંગલો પાર કરીને આઠ વર્ષનો એક બાળક પવિત્ર નર્મદા નદીના કિનારે એક ગુફાના દ્વાર આગળ આવીને ઊભો છે. ગુફામાં મહાયોગી ગોવિંદ ભગવદ્‌પાદ સમાધિમાં લીન થઈ બેઠેલા છે. બાળક એમને દંડવત્ પ્રણામ કરી હાથ જોડી પ્રાર્થના કરે છે : 'ભગવન્, હું આપનો શિષ્ય થવા આવ્યો છું.'

આ શબ્દો કાનમાં પ્રવેશતાં જ મહાયોગી ગોવિંદાચાર્ય સમાધિમાંથી જાગ્યા. તેમણે બાળકની સામે જોયું; કહ્યું : 'તું કોણ છે?'

જવાબમાં બાળકે તે જ ક્ષણે સંસ્કૃતમાં દસ શ્લોક બનાવી કાઢીને ગાયા. તેમાં તેણે કહ્યું : 'હું નથી પૃથ્વી, નથી પાણી, નથી અગ્નિ, નથી વાયુ કે નથી આકાશ ! હું તો ચિદાનંદરૂપ શિવ છું; શુદ્ધ ચૈતન્યરૂપ આત્મા છું. ચિદાનંદરૂપ શિવોહમ્ શિવોહમ્ !'

ગુરુ જવાબથી પ્રસન્ન થયા. તેમણે મનમાં કહ્યું : 'આ તો સ્વતઃ જ્ઞાની છે, આને હું શું શીખવવાનો? તેમણે તેને સંન્યાસ - દીક્ષા આપી શિષ્ય તરીકે સ્વીકાર્યો.

આ શિષ્ય તે આચાર્ય શંકર - આદ્ય શંકરાચાર્ય - જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય.

શંકરાચાર્યજીનો જન્મ દક્ષિણ ભારતમાં કેરળ રાજ્યના કાલડી નામે ગામમાં નામ્બુદ્રી બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. વૈશાખ સુદ પાંચમ તેમની જન્મતિથિ ગણાય છે.વર્ષ વિશે મતભેદ છે, પણ વિદ્વાનો ઈ.સ. ૭૮૮માં તેમનો જન્મ થયાનું માને છે. તેમના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યામ્બા હતું. પાંચ વર્ષની વયે તેમને ઉપવિત ધારણ કરાવી ગુરુના ઘેર ભણવા મૂકવામાં આવ્યા હતા. તે વખતે તેમના પિતા હયાત નહોતા. આઠ વર્ષના થતામાં તો શંકરે વેદવેદાંતનો અભ્યાસ પૂરો કરી નાખ્યો હતો. હવે તેમને તેમના જીવનકાર્યનો ખ્યાલ આવી ગયો હતો. તેથી સંન્યાસ લેવા માટે તેમણે માતાની રજા માગી. વિધવા માતાનો એ એકનો એક પુત્ર, એકનો એક આધાર હતો, તેથી માતાએ ના કહી.

એવામાં એક દિવસ નદીએ નહાવા જતાં મગરે શંકરનો પગ પકડ્યો. શંકરે માતાને બૂમ મારી : 'મા, મગરના મોંમાંથી હું બચવાનો નથી; પણ અંત સમયે સંન્યાસ ધારણ કરવાનો વ્યવહાર છે. માટે તું મને સંન્યાસની રજા આપ !' રડતાં રડતાં માએ રજા આપી. બન્યું એવું કે એ જ ક્ષણે મગરે શંકરનો પગ છોડી દીધો. શંકર બચી ગયા. સાથે સંસારરૂપી મગરનાં જડબામાંથી બચી ગયા. હવે માની આજ્ઞા મળી ચૂકી હતી એટલે શંકરે ઘરનો ત્યાગ કર્યો પણ છૂટા પડતી વખતે માતાએ પુત્રની પાસેથી એક વચન માગી લીધું કે મારી અંત્યેષ્ટિક્રિયા તારે જ કરવી. શંકરે માતાને વચન આપ્યું.

નર્મદા તીરે ગુફામાં અભ્યાસ પૂરો થયા પછી ગુરુએ શંકરને કહ્યું : 'વત્સ', હવે તું કાશી જા અને બ્રહ્મસૂત્ર, ઉપનિષદો અને ભગવદ્‌ગીતા - એ પ્રસ્થાનત્રયી પર ભાષ્ય લખ !'

શ્રી શંકર કાશી આવ્યા. તે વખતે એમની ઉંમર માત્ર સોળ વર્ષની હતી. અહીં એમણે ઘણા શિષ્ય કર્યા. એક વાર શ્રી શંકર ગંગાસ્નાન કરીને શિષ્યો સાથે મંદિરમાં ભગવાન વિશ્વનાથનાં દર્શન કરવા જતા હતા ત્યાં સામેથી એક ચંડાળ આવ્યો. તેની પાછળ કૂતરાં હતાં. ચંડાળને જોઈ શ્રી શંકરથી બોલાઈ ગયું : 'ખસ,

આઘો ખસ !' તરત જ ચંડાળે સામે જવાબ દીધોઃ 'તમે કોને આઘો ખસવાનું કહો છો – શરીરને ? તો તમારું શરીર જેનું બનેલું છે તેનું જ મારું બનેલું છે ! અને જો તમે આત્માને આઘો ખસવાનું કહેતા હો તો આત્મા સર્વનો એક છે. ચૈતન્યમાં કોઈ ભેદ નથી. સુવર્ણના પાત્રમાં ને માટીના પાત્રમાં રહેલું આકાશ શું ભિન્ન છે?'

શ્રી શંકર સમજી ગયા કે આ કોઈ સાધારણ માણસ નથી, ચંડાળના વેશે આવેલા ભગવાન શિવ પોતે જ છે. તેમણે તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં અને એક સ્તોત્ર રચી ગાયું. એ સ્તોત્રને 'મનીષાપંચક' કહે છે.

એક દિવસ શ્રી શંકર કાશીની કોઈ શેરીમાં થઈને જતા હતા. ત્યાં એમણે એક પંડિતને મોટેથી વ્યાકરણના નિયમો ગોખતો સાંભળ્યો. તેમણે એને ઠપકો દીધોઃ 'અલ્યા, વ્યાકરણ પાછળ શું કરવા વખત બગાડે છે ? અંતકાળ આવશે ત્યારે વ્યાકરણ તને બચાવવાનું નથી !' આ પ્રસંગનું તેમણે સ્તોત્ર રચ્યું છે. તેને 'ચર્પટપંજરિકા સ્તોત્ર' કહે છે. આ સ્તોત્ર ખૂબ જ મધુર છે – 'ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ ભજ ગોવિંદમ્ મૂઢમતે !'

છેલ્લે શ્રી શંકર ચાર વાનાં કરવાનાં કહે છે : (૧) શ્રીમદ્ ભગવદ્ગીતા અને વિષ્ણુસહસ્ર નામનો હંમેશાં પાઠ કરવો (૨) શ્રીપતિ એટલે વિષ્ણુના સ્વરૂપનું હંમેશાં ધ્યાન કરવું. (૩) સાધુ પુરુષોનો સંગ કરવામાં જ ચિત્તને પ્રેરવું અને (૪) દીનજનોને દ્રવ્યનું દાન કરવું.

કાશીથી શ્રી શંકર હિમાલયમાં બદરિકાશ્રમ ગયા. ત્યાં તેમને એમના ગુરુના ગુરુ શ્રી ગૌડપાદનાં દર્શન થયાં. તેમના આશીર્વાદ લઈ તેઓ પાછા કાશી આવ્યા, કાશીમાં તેમણે પ્રસ્થાનત્રયી પર ભાષ્ય લખ્યુંઃ 'શ્રી શંકર ભાષ્ય' નામે એ પ્રસિદ્ધ છે. તેમણે આ ભાષ્ય પોતાના શિષ્યોને શીખવ્યું.

તે પછી શ્રી શંકર વેદાંતનો સંદેશો જગતને સંભળાવવા તીર્થયાત્રાએ નીકળ્યા. શ્રી શંકર માહિષ્મતી ગયા. મંડનમિશ્રના ઘરમાં રાત-દિવસ વેદાંતચર્ચા ચાલતી. એટલે સુધી કે એની અસર તળે તેમના ઘરનાં મેનાપોપટ પણ પરસ્પર ચર્ચા કરતાં કે 'વેદ સ્વતઃ પ્રમાણ છે કે પરતઃ પ્રમાણ છે ? જગત નિત્ય છે કે અનિત્ય છે ?' મંડનમિશ્ર પ્રખર કર્મકાંડી હતા. તેઓ સંન્યાસને ધિક્કારતા હતા. તેમને ખાતરી હતી કે હું જ વાદમાં જીતવાનો છું, તેથી તેમણે કહ્યું : 'જે હારે તે જીતનારનો શિષ્ય બને !' શ્રી શંકરે શરત કબૂલ કરી, પણ કોણ હાર્યું - જીત્યું તેનો નિર્ણય કોણ કરે ? મંડનમિશ્રની પત્ની ભારતી વિદૂષી બાઈ હતી. શ્રી શંકરે તેને જ આ ચર્ચાનું અધ્યક્ષસ્થાન આપ્યું અને કોણ હાર્યું - જીત્યું તેનો નિર્ણય આપવાનું કહ્યું. ભારતીએ બંનેની ડોકમાં ફૂલનો હાર પહેરાવી કહ્યું, 'જેનો હાર કરમાય તે હાર્યો સમજવો.'

મંડનમિશ્ર અને શ્રી શંકરાચાર્ય વચ્ચેનો વિવાદ ઘણા દિવસ ચાલ્યો. છેવટે મંડનમિશ્રનો હાર કરમાયો. તેણે પોતાની હાર કબૂલ કરી. સંન્યાસની દીક્ષા લઈ એ શ્રી શંકરાચાર્યના શિષ્ય થયા. શ્રી શંકરાચાર્યે એમને નવું નામ 'સુરેશ્વર' આપ્યું. શ્રી શંકરાચાર્યના જીવનકાર્યને આગળ વધારવામાં આ સુરેશ્વરાચાર્યે ઘણું કામ કર્યું છે.

શ્રી શંકરાચાર્ય તત્ત્વજ્ઞાની હોવાની સાથે મહાયોગી હતા. એક દિવસ દિવ્ય દૃષ્ટિથી એમને ખબર પડી કે એમના માતા મૃત્યુશૈયા પર છે. એટલે માતાને આપેલા વચન પ્રમાણે તેઓ તરત જ કાલડી પહોંચી ગયા. પુત્રને જોઈ માતાએ ખુશ થઈ કહ્યું : 'મારો મોક્ષ થાય એમ કર !' શ્રી શંકરે કૃષ્ણનું સ્તોત્ર ઉપાડ્યું. એ સ્તોત્રને 'કૃષ્ણાષ્ટક' કહે છે. માતાના મનમાં કૃષ્ણની છબી રમી રહી. જેમ સ્તોત્ર બોલાતું ગયું તેમ કૃષ્ણનું સ્વરૂપ વધારે ને વધારે પ્રત્યક્ષ થતું ગયું. ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન કરતાં માતાએ દેહ છોડ્યો.

હવે માતાના શરીરને અગ્નિસંસ્કાર કરવાનો હતો. કોઈ જ તેમની મદદે આવ્યું નહીં. તેમણે એકલાએ જ ઘર આગળ માતાની ચિતા રચી; પોતાની યોગશક્તિથી અગ્નિ પ્રગટાવી તેમણે માતાને

અગ્નિદાહ દીધો. શ્રી શંકરને માતા પ્રત્યે આવી અપૂર્વ ભક્તિ હતી. તેમણે પોતાના ભાષ્યમાં માતાની વ્યાખ્યા આપતાં કહ્યું છેઃ 'પુત્ર પર સમ્યક્ અનુશાસન કરે તે માતા એટલે કે માતા જ પુત્રની શ્રેષ્ઠ ગુરુ છે.'

શ્રી શંકરે ત્રણ વાર સમસ્ત ભારતની પદયાત્રા કરી છે. તેઓ અદ્વૈતના સમર્થક હતા. એક અડધા શ્લોકમાં તેમણે પોતાની વાત કહી દીધી છેઃ **'બ્રહ્મ સત્યમ્ જગત્ મિથ્યા, જીવો બ્રહ્મૈવ નાપરમ્ - બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. અને જીવ બ્રહ્મ છે, બીજું કશું નથી.'**

શ્રી શંકરનો હેતુ સમન્વયનો છે. તેમનામાં જ્ઞાન, ભક્તિ અને કર્મ ત્રણેયનો સમન્વય થયેલો છે. શ્રી શંકર કહેતા - 'અદ્વૈત ! તમામ દેવો ઈશ્વરના જ અંશ છે, ગમે તેની પૂજા કરો, તમે અંતિમ ધ્યેયે જ પહોંચશો.'

ભારતની ત્રણ વાર પ્રદક્ષિણા કરી શ્રી શંકરે આધ્યાત્મિક દિગ્વિજય કર્યો હતો. તેમાં કાશ્મીરનો પ્રસંગ સૂચક છે. ત્યાં શારદાદેવીના મંદિરમાં એક સર્વજ્ઞપીઠ હતી. જે સર્વજ્ઞ હોય તે જ તેના પર બેસી શકે. શ્રી શંકર આ મંદિરમાં દર્શને આવ્યા ત્યારે અનેક સંપ્રદાયના વિદ્વાનો સાથે ચર્ચા કરી, બધાંયના મનનું સમાધાન કરી તેમણે અદ્વૈતનું સમર્થન કર્યું. તે પછી મંદિરનું દ્વાર ખૂલ્યું અને માતા શારદાદેવીએ પોતે જાહેર કર્યું કે સર્વજ્ઞપીઠ પર બેસવા માટે શ્રી શંકર અધિકારી છે! આજે પણ શ્રીનગરમાં એક હજાર ફૂટ ઊંચી 'શંકરાચાર્યની ટેકરી' પર શંકરાચાર્યનું મંદિર છે, તેમાં શ્રી શંકરના આ દિગ્વિજયની વાત કોતરેલી છે. શ્રી શંકરે કાશ્મીરમાં 'સૌંદર્યલહરી' નામે એક સુંદર સ્તોત્ર રચ્યું છે તેમાં દેવીના અદ્ભુત સ્વરૂપના વર્ણન સાથે શ્રી શંકર માતાજીના શ્રીચક્રનું ગૂઢ રહસ્ય સમજાવે છે.

શ્રી શંકરે બદરીકેદારથી રામેશ્વર અને દ્વારકાથી જગન્નાથપુરી સુધી યાત્રા કરી, ધર્મમાં નવો પ્રાણ પૂર્યો અને તેમાં ઘૂસી ગયેલાં દૂષણોને દૂર કર્યાં. ધાર્મિક એકતાના પ્રતીક તરીકે તેમણે પંચાયતન પૂજા પ્રચલિત કરી. આમાં આદિત્ય, અંબિકા, વિષ્ણુ, ગણપતિ અને શિવ એ પાંચ દેવોની સાથે ભક્તના ઈષ્ટદેવની પૂજા થાય છે. બદરીનાથના મંદિરમાં તેમણે ભગવાન નારાયણની પ્રતિમા પધરાવી, તિરુપતિમાં ભગવાન વ્યંકટેશ્વરના મંદિરમાં ધનાકર્ષણ યંત્ર સ્થાપ્યું અને શ્રીરંગમ્‌ના શ્રી રંગનાથના મંદિરમાં જનાકર્ષણ યંત્ર સ્થાપ્યું. ગુજરાતમાં સોમનાથ અને દ્વારકામાં પણ તેઓ પધાર્યા.

શ્રી શંકરાચાર્યે દેવ-દેવીઓની સ્તુતિના અસંખ્ય સ્તોત્રો રચ્યાં છે. તેમનું 'દેવીઅપરાધક્ષમાપન સ્તોત્ર' ખૂબ જાણીતું છે. શ્રી શંકરના 'આત્મબોધ' અને 'વિવેક ચૂડામણિ' જેવા ગ્રંથ પણ ખૂબ વંચાય છે. તેમણે પ્રાચીન સંન્યાસી-સંસ્થાને સુવ્યવસ્થિત કરી, દેશના જુદા જુદા ભાગોમાં મઠ સ્થાપ્યાને પોતાના પટ્ટશિષ્યોને તેના અધ્યક્ષ બનાવ્યા. આ અધ્યક્ષો પણ શંકરાચાર્ય નામે ઓળખાય છે, કારણ કે તેઓ શ્રી શંકરના પ્રતિનિધિઓ છે. આ મઠોમાં બદરીક્ષેત્ર, દ્વારકા, જગન્નાથપુરી અને કાંચીના મઠ મુખ્ય છે.

જીવનના છેલ્લા દિવસો શ્રી શંકરે કાંચીમાં વિતાવ્યા હતા. ત્યાં જ એમણે શરીરનો ત્યાગ કર્યો. ઈ. સ. ૮૨૦. તે વખતે એમની ઉંમર માત્ર બત્રીસ વર્ષની હતી. ભારતની એ વિરલ વિભૂતિને પ્રણામ !

**श्रुतिस्मृतिपुराणानाम् आलयं करुणालयम् ।**
**नमामि भगवत्पादं शंकरं लोकशंकरम् ॥**

### શ્રી આદિ શંકરાચાર્યની વાણી

- શરીરભાવ મિથ્યા જ્ઞાનને લીધે છે; જ્ઞાની માટે તો તે જીવતા હોય ત્યારે પણ શરીરભાવ નથી.
- જ્ઞાન જ અવિદ્યાને દૂર કરે છે, કર્મ નહિ. કારણકે કર્મ અવિદ્યાનું વિરોધી નથી. કર્મ માત્ર સાન્ત છે. તેનાથી અનંતની પ્રાપ્તિ કેમ થાય?
- ઈશ્વરકૃપાએ પ્રાપ્ત થતા જ્ઞાનથી જ મોક્ષસિદ્ધિ થવા જોગ છે.
- મોક્ષ કંઈ નવું પ્રાપ્ત કરવાની ચીજ નથી, મોક્ષ તો આત્માનું નિત્ય સ્વરૂપ છે.

# શ્રી રામકૃષ્ણ પરમહંસ

(ઈ.સ. ૧૮૩૬ - ૧૮૮૬)

- શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી (અમદાવાદ)

કોલકાતા પાસે ગંગાકાંઠે દક્ષિણેશ્વર નામે જગા છે. ત્યાં કાલીમાતાનું મંદિર છે. એ મંદિરના પૂજારી બ્રાહ્મણને બધા પાગલ સમજતા. નહિ એમનાં કપડાંનું ઠેકાણું, નહિ ખાવા-પીવાનું ઠેકાણું ! એક દિવસ એના હાથમાં એક સોનામહોર આવી. એક હાથમાં સોનામહોર અને બીજા હાથમાં માટીનું ઢેફું લઈ એ બોલવા લાગ્યોઃ 'આ સોનું છે, આ માટી છે ! આ માટી છે, આ સોનું છે ! બેય નકામાં !' આમ કહી એણે એ બેય વસ્તુઓ નદીમાં નાખી દીધી.

સોનું અને માટીને સરખાં ગણનાર એ પાગલ પૂજારીનું નામ ગદાધર ચટ્ટોપાધ્યાય. જગત એમને ઠાકુર રામકૃષ્ણ પરમહંસ નામે ઓળખે છે.

શ્રી રામકૃષ્ણનો જન્મ તા.૧૮-૨-૧૮૩૬ના રોજ કામારપુકુર નામે એક ગામડામાં થયો હતો. એમના પિતા ખુદીરામ પ્રામાણિક અને સાચા બોલા હતા. પહેલાં તેઓ બીજા ગામમાં રહેતા હતા, પણ એક વાર ત્યાંના જમીનદારે એમને જૂઠી સાક્ષી પૂરવા કહ્યું ત્યારે તેમણે તેનો ઈનકાર કરી ગામ છોડી દીધું હતું ને કામારપુકુર આવી વસ્યા હતા. ગદાધરના માતા ચંદ્રામણિદેવી એવાં ભગવદ્ભક્ત હતાં કે પોતે ભૂખ્યાં રહીને પણ સાધુ-સંતોને જમાડતાં.

પાંચ વર્ષની ઉંમરે રામકૃષ્ણને ભણવા મૂક્યા, પણ ભણવામાં એમનું ચિત્ત નહોતું.જ્યાં કથાકીર્તન થતાં હોય ત્યાં એ પહોંચી જતા ને એકચિત્તે બધું સાંભળતા. આવી રીતે સાંભળી સાંભળીને રામાયણ, મહાભારત, ભાગવત વગેરે પુરાણોની કથાઓ અને અસંખ્ય ગીતો-ભજનો એમને મોઢે થઈ ગયાં હતાં.

રામકૃષ્ણ સાત વર્ષના હતા તેવામાં એમના પિતાનું અવસાન થયું. એમના મોટા ભાઈ રામકુમાર દક્ષિણેશ્વરના કાલી મંદિરમાં પૂજારી તરીકે રહ્યા ને રામકૃષ્ણ એમની મદદમાં રહ્યા. પણ રામકુમાર લાંબું જીવ્યા નહિ અને કાલી માતાની પૂજાનો ભાર રામકૃષ્ણના શિરે આવ્યો.

રામકૃષ્ણને મન કાલીમાતાની મૂર્તિ એ પથ્થરની પ્રતિમા નહોતી, પણ હાજરાહજૂર કાલી માતા હતી. એ પૂજા કરવા બેસતા ત્યારે એકદમ બહારની દુનિયાનું ભાન ભૂલી જતા. કેટલીક વાર તો કલાકો સુધી એ જડવત્ બેસી જ રહેતા અને કોઈ બોલાવે તોયે બોલતા નહિ. પછી તો માતાનાં દર્શનની એમને એવી તાલાવેલી લાગી કે રાતદિવસ પાગલની પેઠે મા! મા! કરી તેઓ રડ્યા કરે. વિરહની વેદના એવી વધી ગઈ કે એક દિવસ એમને થયુંઃ 'જીવીને હવે શું કામ છે?' અચાનક એમની નજર મંદિરમાં એક તલવાર હતી તેના પર પડી. તેમણે દોડીને તલવાર હાથમાં લીધી, પણ પોતાનો શિરચ્છેદ કરવા માટે જ્યાં તલવાર મ્યાનમાંથી કાઢવા જાય છે ત્યાં એમની સામે માતાજી પ્રત્યક્ષ થયાં અને એ બેભાન થઈ નીચે પડી ગયા. બે દિવસે એ ભાનમાં આવ્યા ત્યારે એમના અંતરમાં આનંદ આનંદ છવાઈ ગયો હતો !

એ દિવસથી તેમને મંદિરમાં મૂર્તિ નહિ, પણ સ્વયં માતાજીનાં દર્શન થવા લાગ્યાં. તેઓ પોતે કહેતાઃ 'હું માતાજીના નાક સામે હથેળી ધરતો ને માતાજીના શ્વાસોચ્છ્વાસનો અનુભવ કરતો. રાત્રે માતાજીની સામે દીવો ધરી એમનો પડછાયો જોવા હું ખૂબ મથ્યો છું, પણ મને તેમનો પડછાયો કદી દેખાયો નથી. હું મારા ઓરડામાંથી બાલિકા સ્વરૂપ માતાજીને મેડી પર જતાં જોતો અને એમનાં ઝાંઝરનો અવાજ સાંભળતો. હું એમને ઘણીવાર મંદિરના મેડાના ઝરૂખામાં ઊભાં રહી ઘડીમાં શહેર તરફ તો ઘડીમાં ગંગાજી ભણી નિહાળતાં જોતો.'

ઘરનાંને થયું કે છોકરો પાગલ થઈ ગયો છે; એને પરણાવી દઈએ તો એ ડાહ્યો થઈ જશે. નવાઈની વાત એ કે રામકૃષ્ણે પરણવાની વાત મંજૂર રાખી એટલું જ નહિ, એણે સામેથી કન્યાનાં નામઠામ આપ્યાં. એ કન્યાની સાથે રામકૃષ્ણનાં સને ૧૮૫૯માં લગ્ન થઈ ગયાં. રામકૃષ્ણની ઉંમર તે વખતે તેવીસ વર્ષની હતી અને કન્યાની છ વર્ષની. કન્યાનું નામ શારદામણિદેવી.

રામકૃષ્ણ ઈશ્વરને માતારૂપે જોતા હતા. કૌશલ્યા બની એમણે રામલલ્લાને રમાડ્યા. હનુમાનજી જેવા જ રામભક્ત બની ગયા ને રામની ભક્તિમાં લીન થઈ ગયા. ગોપીની જેમ કૃષ્ણની પાછળ પાગલ થયા. એમ કરતાં એમણે કૃષ્ણનાં દર્શન કર્યાં.

એવામાં તોતાપુરી નામે એક સંન્યાસી આવ્યા અને ઝાડ નીચે મુકામ કર્યો. એમણે રામકૃષ્ણને યોગવિદ્યાનું શિક્ષણ આપી નિર્વિકલ્પ સમાધિનો અનુભવ કરાવ્યો. જે શીખતાં તોતાપુરીની આખી જિંદગી ગઈ હતી તે રામકૃષ્ણે માત્ર અગિયાર મહિનામાં સિદ્ધ કર્યું. રામકૃષ્ણ નામ-રૂપના દ્વૈતની પેલી પાર પહોંચી ગયા. ત્રણ દિવસે તેઓ ભાનમાં આવ્યા. અદ્વૈતના સાક્ષાત્કારે એમને બતાવ્યું કે જુદા જુદા ધર્મો એ એક જ લક્ષ્ય સુધી પહોંચવાના જુદા જુદા માર્ગો છે. એમને માટે આ માન્યતામાં મૂળ સ્વાનુભવ છે.

તેમણે કહ્યું છેઃ 'મેં હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી બધા ધર્મ પાળી જોયા છે. બધાં જ માર્ગ ઈશ્વર તરફ લઈ જાય છે એની મને ખાતરી થઈ છે.'

ગોવિંદરાય નામના એક સૂફી સંતે રામકૃષ્ણને સૂફી માર્ગની સાધના શીખવાડી હતી. એક વાર એક ભક્તના ઘેર બાળક ઈસુને ખોળામાં લઈ રમાડતી કુમારી મરિયમના ચિત્ર પર એમની નજર પડી. તે જ ઘડીએ ચિત્રમાંથી પ્રકાશનો ધોધ છૂટ્યો અને રામકૃષ્ણના હૃદયમાં પ્રવેશ્યો. રામકૃષ્ણ ઈસુમય બની ગયા. બુદ્ધ, મહાવીર અને ગુરુનાનકનો પણ એમને આવો જ અનુભવ થયો. બધા જ અવતારી પુરુષો હતા.

રામકૃષ્ણદેવનો કંઠસ્વર ખૂબ મધુર હતો. ઘણી વખત ભજન ગાતાં ગાતાં જ તેઓ દેહભાવ ભૂલી સમાધિસ્થ થઈ જતા અને એવી જ સ્થિતિમાં તેમને ઘેર લઈ જવા પડતા. રાત-દિવસ દક્ષિણેશ્વરમાં ભક્તોની ભીડ લાગેલી રહેતી. રામકૃષ્ણદેવ ખૂબ સરળ ભાષામાં દૃષ્ટાંતો દ્વારા ઉપદેશ આપતા.

પાછલી વયે શ્રી રામકૃષ્ણ પરમહંસદેવને કંઠમાળનું ભયાનક દર્દ થયું હતું. એમનાથી બોલી શકાતું નહોતું. કોઈ પણ દવાની અસર થતી નહોતી, પણ તેઓ એવા મસ્ત મહાયોગી હતા કે શરીરના દુઃખની એમને પડી નહોતી. કોઈ કોઈ વાર તો તેઓ આઠ આઠ કલાક સળંગ બોલતા. તેઓ કહેતાઃ 'જો હું એક પણ માણસને મદદરૂપ થઈ શકતો હોઉં તો એના પર વીસ હજાર જનમ ઓવારી જવા તૈયાર છું. એક માણસને પણ ઉપયોગી થવું એ જેવી તેવી વાત નથી.'

એવામાં એક દિવસ તેઓ આંખો મીંચી ધ્યાનમાં બેઠા. ત્રણ વાર કાલી ! કાલી ! કાલી ! એવો ઉચ્ચાર કરી તરત જ પ્રાણ ત્યજી દીધા એ દિવસ હતો તા.૧૫.૮.૧૮૮૬.

**શ્રી પરમહંસની કવિત્વ ભરી જાદુઈ વાણી**

● કોરી માટીથી કોઈ કુંભાર ઘડો નહિ બનાવી શકે, એને પાણી જોઈશે. તેવી રીતે એકલા શિવ સૃષ્ટિ નહિ સર્જી શકે, સાથે શક્તિ જોઈશે.

● જેમ જળ અને બુદબુદ એક છે, તેમ જીવાત્મા અને પરમાત્મા તત્ત્વે કરીને એક જ છે.

● ઈશ્વરને શોધવા નીકળેલો માણસ, દરિયાનું ઉંડાણ માપવા ગયેલી મીઠાની પૂતળી જેવો છે.

● ચારણી જેમ ઝીણા લોટને ચાળી નાખે છે અને જાડા લોટને રાખે છે તેમ દુષ્ટ માણસ સારું જવા દે છે ને ખરાબને સંઘરે છે.

● ઈશ્વર પ્રાણીમાત્રમાં છે, પણ તમારે સારા માણસોનો જ સંગ કરવો, દુષ્ટથી દૂર રહેવું. ઈશ્વર વાઘમાં પણ છે, પણ એથી કરીને તમે વાઘને નહિ ભેટો !

# શ્રી મા શારદામણિદેવી

(ઈ.સ. ૧૮૫૩-૧૯૨૦)

- શ્રી આનંદ ચૈતન્ય

કોલકાતા પાસે દક્ષિણેશ્વરમાં આવેલા કાલીમાતાના મંદિરના પૂજારી રામકૃષ્ણને સૌ પાગલ સમજતા. રામકૃષ્ણ કાલી માતાની મૂર્તિને જીવંત માનતા, મૂર્તિના શ્વાસોચ્છ્વાસનો તેઓ અનુભવ કરતા, હાથમાં નૈવેદ્યનો કોળિયો લઈ મૂર્તિને ખવડાવવા જતા. આરતી કરવા માંડે ત્યારે આખો દિવસ આરતી જ કર્યા કરે. લોકોએ રામકૃષ્ણને પરણાવી દેવાની સલાહ આપી. રામકૃષ્ણએ પરણવાની હા પાડી અને કહ્યું. 'જયરામવાટીના રામચંદ્ર મુખોપાધ્યાયની દીકરી શારદામણિને હું પરણીશ.' રામચંદ્રની છ વરસની દીકરી શારદામણિ સાથે તેવીસ વર્ષના રામકૃષ્ણનાં લગ્ન થયાં, પણ રામકૃષ્ણ 'ડાહ્યો' થયો નહિ. લોકો શારદામણિને મહેણું મારતા કે તારો ધણી પાગલ છે. આવું સાંભળવું ન પડે એટલા માટે શારદામણિએ ઘરમાંથી બહાર નીકળવાનું બંધ કર્યું.

શારદામણિદેવી અઢાર વર્ષનાં થયાં. પિતા સાથે તેઓ દક્ષિણેશ્વર આવ્યાં. તેમને ડર હતો કે વગર બોલાવે જઉં છું તો પતિ ગુસ્સે થશે, પણ રામકૃષ્ણે તેમનો હેતથી સત્કાર કર્યો.

હવે જગતમાં અજોડ એવા એક અદ્ભુત આધ્યાત્મિક સંબંધની શરૂઆત થઈ. પતિ-પત્ની એકાંતમાં મળ્યાં ત્યારે રામકૃષ્ણે કહ્યું, 'બોલો, સંસારસુખ જોઈએ છે કે સંસારથી પર એવું પરમ સુખ જોઈએ છે? તમે કહેશો તેમ થશે.' એક પળનો વિલંબ કર્યા વગર શારદામણિદેવીએ પોતાનો નિર્ણય જાહેર કર્યો, 'તમે લઈ જાઓ તે રાહે જવું છે. તમારી સેવા કરવા મળે એટલે બસ!' પરમહંસનાં માતુશ્રી તેમની સાથે રહેતાં હતાં. શારદામણિદેવી ત્યાં સાસુની સાથે રહ્યાં. પતિને જ પરમેશ્વર માની એમની સેવાચાકરી કરી અને એમના મહાન જીવનકાર્યમાં સાથીદાર બની ગયાં.

થોડા સમય પછી ઈ.સ. ૧૮૭૨માં એક દિવસ પરમહંસદેવે શારદામણિદેવીને પોતાના કમરામાં બોલાવ્યાં. તે વખતે રાતના નવ વાગ્યા હતા. કમરામાં કાલીમાતાની પૂજાનું આસન હતું. પરમહંસદેવે શારદામણિદેવીને તે આસન પર બેસાડ્યાં ને પોતે પૂજારી તરીકે તેમની સામે બેઠા. શારદામણિદેવી આસન પર બેઠાં એવાં જ અર્ધસમાધિ અવસ્થામાં આવી ગયાં. પરમહંસદેવે રીતસર કાલી માતાની પૂજા કરતાં હોય તે રીતે તેમની પૂજા કરી. દરમિયાન શારદામણિદેવી પૂરેપૂરાં સમાધિમાં આવી ગયાં. પૂજા પૂરી થતાં પરમહંસદેવ પણ સમાધિમાં ઊતરી ગયા. પૂજારી અને દેવી આત્માનું અદ્ભુત સાયુજ્ય માણી રહ્યાં. પૂજા વખતે શારદામણિદેવીમાં દુર્ગામાતાના ભાવનું જે અવતરણ થયું તે જીવનભર કાયમ રહ્યું. શ્રી રામકૃષ્ણ અને શારદાદેવી એકબીજાની અંદર જગદંબાનાં જ દર્શન કરતાં હતાં. બંને એક સરખાં પૂજ્ય અને દિવ્ય બની રહ્યાં.

એક દિવસ શ્રીમા શારદામણિદેવી પરમહંસદેવના પગ દાબતાં હતાં. અચાનક તેમને પૂછ્યું, 'તમે મને શું માનો છો?' તેમણે જવાબ આપ્યો, 'મા! એ માની જ હું મંદિરમાં પૂજા-ભક્તિ કરું છું. એ માએ જ મને જન્મ આપ્યો છે અને એ મા જ અત્યારે મારા પગ દબાવી રહી છે. હું હંમેશાં તમને દિવ્ય માતારૂપે જોઉં છું.' પરમહંસદેવની સૂચના પ્રમાણે શારદામણિદેવી પરોઢિયે ત્રણ વાગે ઊઠી જપ ધ્યાન કરતાં હતાં. પરમહંસદેવે તેમને મહામંત્રો શિખવાડ્યા હતા અને ભક્તોને કેવી રીતે મંત્રદીક્ષા આપવી એ પણ શીખવ્યું હતું.

શ્રી માને પૈસાનો કોઈ મોહ નહોતો. તેઓ પરમહંસદેવના આદર્શને બરાબર સમજતાં હતાં. તા. ૧૫-૮-૧૮૮૬ના રોજ પરમહંસ દેવે મહાસમાધિ લીધી. અગ્નિસંસ્કાર પછી શ્રી મા વિધવાની પેઠે સધવા

સ્ત્રીના ચિહ્નો, આભૂષણો વગેરે ઉતારી વૈધવ્યના ચિહ્નો ધારણ કરવા જતાં હતાં, ત્યાં પરમહંસે દર્શન દઈ તેમને કહ્યું, 'અરે, તમે આ શું કરો છે? હું ક્યાંય ગયો નથી. હું માત્ર એક કમરામાંથી બીજા કમરામાં ગયો છું'. શ્રી માએ પરમહંસની આજ્ઞા માથે ચઢાવી લાલ કિનારીની સાડી અને હાથમાં કંકણ ચાલુ રાખ્યાં.

શ્રી માને સમાધિ સહજ બની ગઈ હતી. સમાધિમાંથી શરીરના ભાવમાં આવતાં તેઓ બૂમો પાડતાં, 'અરે, મારા હાથ ક્યાં છે ? મારા પગ કયાં છે?' ત્યારે તેમના હાથ-પગ પકડીને તેમને બતાવવા પડતા. ભક્તો શ્રી માને પગે પડતા અને એમના ચરણસ્પર્શ કરતા. કેટલાકના સ્પર્શથી સુખ થતું તો વળી કેટલાકના સ્પર્શથી શ્રી માને ભયાનક દાહ થતો. તે વખતે પગે ગંગાજળની ધાર કરે ત્યારે કંઈક રાહત થતી. ચરણસ્પર્શથી શ્રી માને વેદના થાય છે એ જાણ્યું એટલે એક શિષ્ય શ્રીમાને ચરણસ્પર્શ કરવાથી દૂર રહ્યો. ત્યારે માએ કહ્યું, 'ના, બેટા, ભક્તોનાં દુઃખ તાપ સ્વીકારવા તો અમે જન્મ લીધો છે. જો અમે એ નહિ કરીએ તો બીજું કોણ એ કરવાનું છે?'

શ્રી મા એમની છેલ્લી માંદગીમાં ખૂબ જ સુકાઈ ગયાં હતાં અને બેઠાં પણ થઈ શકતાં નહોતાં છતાં પણ સાજાં થતાં જ પોતાના આધ્યાત્મિક કાર્યો ચાલુ જ રાખ્યાં. શ્રી મા ખૂબ સાદાઈથી રહેતાં. એમને જોઈને કોઈને ન લાગે કે તેઓ મહાયોગિની હશે. તેઓ નવા શિષ્યોને મંત્રદીક્ષા આપતાં અને સંન્યાસીઓને આશીર્વાદના પ્રતીકરૂપે ભગવાં વસ્ત્ર આપતાં. સ્વામી વિવેકાનંદે શિકાગોની સર્વ - ધર્મ - પરિષદમાં જતાં પહેલાં શ્રી માની આજ્ઞા અને આશીર્વાદ લીધા હતા. પરમહંસદેવના તમામ શિષ્યો દરેક અગત્યનું કામ હાથ ધરતાં પહેલાં શ્રી માના આશીર્વાદ લેતા. તેઓ તેમને શ્રી રામકૃષ્ણ પરમહંસદેવનું જ સ્વરૂપ સમજતા. એથી આગળ વધીને તેઓ કહેતા, 'શ્રીમાની કૃપા થાય તો મુક્તિ વહેલી સિદ્ધ થાય છે.'

સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મઠ સ્થાપ્યા પછી ત્યાં શ્રી માની ચરણરજની સ્થાપના કરી હતી. બેલૂર મઠમાં આજે પણ એની પૂજા થાય છે.

તા.૨૦.૭.૧૯૨૦ના રોજ શ્રી માએ મહાસમાધિ લીધી. તેમના છેલ્લા શબ્દો હતા, 'આખી દુનિયાને તમારી માનતાં શીખો. કોઈ જ પર નથી, આખી સૃષ્ટિ તમારી જ છે.'

---

( સ્વામી શિવાનંદ સરસ્વતી પાન નં. ૬૧ ઉપરથી ચાલુ)

તેઓ દરરોજ સેંકડો પત્રો લખતા. તેઓએ ભારતની બહાર યુરોપ, અમેરિકા, ઈંગ્લેન્ડની યાત્રા કરી ન હતી. પરંતુ તેમના પત્રો, માર્ગદર્શન, પુસ્તકોમાં તેઓ જીવંત હતા. એક ચોપાનિયું વાંચે તો પણ લોકો તેમના પ્રત્યે આકર્ષાઈને વિશ્વના ચારેય ખૂણેથી શિવાનંદ આશ્રમ આવતા. 'સર્વં બ્રહ્મમયં' તે તેમને મન શબ્દો ન હતા, અનુભૂતિ હતી. આશ્રમમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ સ્વયં પ્રગટ બ્રહ્મ છે તેવું તેઓ અનુભવતા અને તે પ્રમાણે તેમની સેવા કરતા.

તેમનાં ૩૦૦થી વધુ પુસ્તકોનો સાર છે, ‘‘સેવા, પ્રેમ, દાન, પવિત્રતા અને આત્મસાક્ષાત્કાર. ભલા બનો, ભલું કરો, દયાળુ બનો, માયાળુ બનો, વિચાર કરો, હું કોણ છું. હું નિત્ય સત્ય શુદ્ધ બુદ્ધ અજરઅમર આત્મા છું.''

૧૪ જુલાઈ, ૧૯૬૩ની રાત્રે ૧૧.૧૫ કલાકે અડધો ગ્લાસ ગંગાજળનું પાન કર્યું અને ખૂબ જ પવિત્ર મુહૂર્ત ઉત્તરાયણનાં છેલ્લાં મુહૂર્તે તેમણે મહાપ્રયાણ કર્યું.

તેમણે કોઈ નવો પંથ ન સ્થાપ્યો. તેઓ કહેતા કે, 'માનવતા જ તમારો સાચો ધર્મ છે.'

હૃદયની ભાષા સાચી ભાષા છે. હિંદુ હો કે મુસ્લિમ, ખ્રિસ્તી હો કે બૌદ્ધ, સાચા માણસ બનો, તે જ દિવ્ય જીવન છે. ૐ શાંતિ.

# સ્વામી વિવેકાનંદ

(ઈ.સ. ૧૮૬૩ -૧૯૦૨)

-શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી (અમદાવાદ)

સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ નરેન્દ્રનાથ. તેઓનું દક્ષિણેશ્વરમાં આગમન થયું. તે પૂર્વે શ્રી રામકૃષ્ણને એમના પટ્ટશિષ્યની જે ઝાંખી થયેલી તેનું વર્ણન કરતાં શ્રી રામકૃષ્ણ કહેતા, ''એક દિવસ ધ્યાનની અતિ ગહન સ્થિતિમાં નભોમંડળથી ઉપર અનેક દેવદેવીઓનાં દર્શન પછી તારામંડિત બ્રહ્માંડને પાર જ્યોતિર્મય વલય વચ્ચે મેં સપ્તર્ષિઓને ધ્યાનમગ્ન જોયેલા. તેમાંથી એક ઋષિનું બાળક સ્વરૂપ થયું. તે બાળકે બીજા ઋષિને ગળે વળગીને કહ્યું, 'હું જાઉં છું. તમો સત્વરે આવજો.' આ ઋષિ તે જ નરેન્દ્રનાથ' ''પાછળથી ભક્તોની પૂછપરછના કારણે શ્રી રામકૃષ્ણે કહેલું કે, 'તે બાળક તે હું જ.'

આપણી આર્ષ સંસ્કૃતિના જ્યોતિર્ધર આ ઋષિ નરેન્દ્રનાથનો જન્મ કોલકાતાના ધનાઢ્ય પરિવારમાં થયેલો. પિતા વિશ્વનાથ દત્ત અને માતા ભુવનેશ્વરીદેવી.

બાળપણમાં પણ નરેનની પ્રિય રમત તો ધ્યાન જ હતી. સાધુ-સંતો ગરીબ દીન-દુઃખી, પશુ તથા પક્ષીઓની સેવા તે તેના આંતર સ્વભાવની સરવાણી હતી. વિશ્વવિદ્યાલયના અભ્યાસ પૂર્વે અને પછી તેઓ બધાને એક જ પ્રશ્ન પૂછતા રહ્યા, ''તમે ઈશ્વરને જોયા છે ?'' પરંતુ આ પ્રશ્નનો જવાબ તેમને શ્રીરામકૃષ્ણ પાસે જ મળ્યો, 'હા, મેં જોયા છે અને તું પણ જોઈ શકે છે.'

આ પ્રથમ મુલાકાત સમયે શ્રી રામકૃષ્ણ પાસે બેસીને એક ભજન ગાયું હતું. સાધારણ રીતે આ ભજન બ્રાહ્મસમાજમાં ગવાતું હતું. ભજનના શબ્દો હતા, 'મન ! ચાલો નિજ નિકેતન, સંસાર વિદેશ, વિદેશીને વેશે... ભમો કેમ અકારણ...' આ ભજન ગાતાં ગાતાં જ શ્રી રામકૃષ્ણને સમાધિ લાગી ગઈ હતી.

ગુરુદેવના પ્રથમ મેળાપની નરેન્દ્ર ઉપર પણ ઊંડી અસર થઈ. ઈ.સ. ૧૮૮૪માં નરેન્દ્રનાથે બીએની પરીક્ષા આપી તે સમયે તેમના પિતા હયાત હતા, પરંતુ પરીક્ષાનું પરિણામ આવે તે પહેલાં જ એમનું અવસાન થયું. પોતાના ઉદાર સ્વભાવને કારણે આવક કરતાં તેમનો ખર્ચ વધારે હતો. શ્રી વિશ્વનાથ દત્તનું આમ, આકસ્મિક અવસાન થવાથી લેણદારો હંમેશાં બારણાં ખખડાવતા. સુખ-ચેનની જિંદગીમાંથી નરેન્દ્રનો પરિવાર એકાએક ગરીબીમાં આવી પડ્યો. આ તમામ વિકટ પરિસ્થિતિનો એક મર્દની અદાથી નરેન્દ્રનાથે સામનો કરવાનો પ્રયત્ન કર્યો, એલએલબીનો અભ્યાસ તો ચાલુ કર્યો જ, પરંતુ ગરીબાઈ એટલી બધી હતી કે પગમાં પહેરવા માટે પગરખાં પણ ન હતાં. જાડાં કપડાં પહેરવાનાં અને જમ્યા વગર કોલેજ જવું પડતું, કેટલીક વાર ભૂખ અને નબળાઈથી એમને તમ્મર આવી જતાં.

જીવનનાં એ કપરાં વર્ષોની વાત નરેન્દ્રનાથે જ કહી છે; ''નોકરીની શોધમાં મારે હાથમાં અરજી લઈને ધોમધખતા તાપમાં જમ્યા વગર ઉઘાડા પગે એક ઓફિસેથી બીજી ઓફિસે આથડાવું પડતું, અનેક ધક્કાઓ ઉપરાંત સર્વત્ર મને જાકારો જ મળતો. હું થાકીને લોથપોથ થઈ જતો. મારા પગમાં પીડા થતી. આમ છતાંયે આ બધી હાડમારીઓ વચ્ચે પણ ઈશ્વરના અસ્તિત્વ વિશે, એની કરુણા વિશે મેં શ્રદ્ધા ગુમાવી ન હતી.''

એક દિવસ મને વિચાર સૂઝી આવ્યો કે 'જગદંબા તો શ્રી રામકૃષ્ણની પ્રાર્થના સાંભળે છે તો મારા માટે એમને શા માટે ન કહેવું ?' પરંતુ શ્રી રામકૃષ્ણ કહે, ''મારાથી આવી માગણી ન થઈ શકે; જા તું જ જઈને માગી લે; જે જોઈએ તે વરદાન માગી લે,'' પરંતુ

જ્યારે હું મંદિરમાં પ્રવેશ્યો મને જગદંબાની પ્રત્યક્ષ હાજરીની અનુભૂતિ થઈ. વારંવાર મેં એ જ માગ્યું. 'મા ! મને વિવેક આપ. મને વૈરાગ્ય આપ. જ્ઞાન અને ભક્તિ આપ ! તારાં સતત દર્શન થતાં રહે એવું વરદાન આપ !" મારો આત્મા પરમ શાંતિમાં ડૂબ્યો. સંસારની વિસ્મૃતિ થઈ ગઈ અને કેવળ જગદંબાનો પ્રકાશ જ વ્યાપી રહ્યો.

શ્રી રામકૃષ્ણ કહે, ''હું જાણતો જ હતો કે તું ધન માન કદીયે ન માગી શકે. તારો જન્મ આ સાંસારિક સુખોપભોગ માટે નથી, છતાં ઠીક, તારાં કુટુંબીજનોને સાદાં અન્ન-વસ્ત્રની ક્યારેય પણ તાણ નહીં પડે.''

શ્રી રામકૃષ્ણ દેવનું સ્વાસ્થ્ય હવે કથળતું ગયું હતું. તેમને કેન્સર છે. તેવું નિદાન થતાં તેમને કાશીપુર ઉદ્યાનમાં ખસેડવામાં આવ્યા હતા. કાશીપુરમાં નરેન શ્રીગુરુદેવની અનન્ય સેવા કરતા અને જ્યારે આ સેવામાંથી થોડી પળો મુક્ત હોય તેટલી ઘડી ગહન સમાધિમાં ચાલ્યા જતા. ક્યારેક આ ધ્યાન કલાકો સુધી ચાલતું. 'અહં બ્રહ્માસ્મિ'ની અનુભૂતિ તેમને થઈ ચૂકી હતી. તે દિવસે જ્યારે ધ્યાન પછી તેઓ શ્રી ગુરુદેવ પાસે ગયા ત્યારે તેમણે નરેનની આંખોનાં ઊંડાણનો તાગ સાધતાં કહ્યું, ''હવે માએ તને બધું બતાવી દીધું છે. મારી સાધનાની બધી જ સિદ્ધિઓ જે મેં કઠોર તપશ્ચર્યા કરીને પ્રાપ્ત કરી છે તે મેં તને પંચવટીમાં આપી દીધી હતી. પરંતુ તારા આ ધ્યાનના ખજાનાને હું તાળું મારીને રાખું છું. તારે જગદંબાનું કામ કરવાનું છે, જ્યારે તું તે કાર્ય પાર પાડીશ ત્યારે તિજોરીનું તાળું ફરીથી ખોલવામાં આવશે'' અને તે નરેન્દ્રનાથ સ્વામી વિવેકાનંદ થયા. દેશ-દેશાંતરમાં ભારતીય સંસ્કૃતિ અને વૈદિક વાંગ્મયનો ડંકો વગાડ્યો, બેલૂર મઠની સ્થાપના કરી. ત્યાર બાદ એક વાર જ્યારે તેઓ કાશ્મીરમાં ક્ષીર ભવાની ખાતે ધ્યાનમાં બેઠા હતા, ત્યારે તેમણે અનુભવ્યું કે, ઠાકુરે તેમની ધ્યાન સાધનાનું વાસેલું તાળું ફરીથી ખોલી નાખ્યું છે.

શ્રી રામકૃષ્ણની માંદગીની પીડા જોઈને ટળવળતા નરેને એક દિવસ ઠાકુર શ્રી રામકૃષ્ણને પૂછેલું, ''મા જગદંબા સાથે તાદાત્મ્ય ધરાવો છો તેવું વારંવાર કહો છો તો ખરેખર તમો કોણ છો ?'' દેહની અકલ્પ્ય વેદના વચ્ચે આવો વિચાર જ્યારે નરેનના મનમાં પ્રસવ્યો કે સત્વરે શ્રીરામકૃષ્ણે કહેલું, 'અરે ! નરેન ! તને હજુ ખાતરી નથી. જે રામ હતા કે કૃષ્ણ હતા તે જ આ રામકૃષ્ણ છે.'

શ્રી રામકૃષ્ણના મહાપ્રયાણ પછીના દિવસો વધુ કપરા હતા. તે તમામ યુવાનો નરેન, લાટુ, શરદ, શશી, તારક, રાખાલ વગેરેએ વરાહનગર ખાતે એક-બે માળનું બિસમાર હાલતમાં પડેલું ભૂતિયું મકાન માસિક દસ રૂપિયાના ભાડામાં ભાડે લીધેલું. અહીં વરાહનગર મઠમાં જ આ બધા યુવકોએ વિધિપૂર્વક વિરજા હોમ કર્યો અને ઈશ્વરપ્રાપ્તિ માટે જીવન સમર્પણ કર્યું.

ત્યાર બાદ પૂર્વ જીવનનાં નામોનો ત્યાગ કરી નરેન્દ્રનાથે વિવેકાનંદ નામ ધારણ કર્યું. પોતાના પરિવ્રાજક જીવનમાં અનેક વાર તેઓ વિદિશાનંદ કે સચ્ચિદાનંદ નામે પણ ઓળખાયા. સને ૧૮૮૭ થી ૧૮૯૩ સુધી ભારતમાં તેમણે ભ્રમણ કર્યું, ભારત ભ્રમણના અંતે રામેશ્વર થઈને તેઓ પ્રસિદ્ધ કન્યાકુમારી આવી પહોંચ્યા. ભારતીય ત્રણ સમુદ્રના સંગમ પર તેમણે જોયું કે શ્રી રામકૃષ્ણદેવ દરિયા ઉપર ચાલી રહ્યા છે અને તેમને પોતાની પાછળ આવવા માટે કહે છે.

અને આખરે ૩૧ મે, ૧૮૯૩ના એ યાદગાર દિવસે તેમણે દરિયા પારના દેશોની યાત્રા કરી. શિકાગો આવતાં સુધી તેમની પાસેના પૈસા ખૂટી ગયા. વિશ્વ ધર્મ પરિષદ માટેનું ઓળખપત્ર પણ ખોવાઈ ગયું. એક રાત્રી તો તેમણે માલગાડીનાં ડબામાં એક ખોખામાં બેસીને ગાળી. ધર્મ પરિષદમાં હાજરી આપવા આવેલા સ્વામીજીની મુશ્કેલીનાં વાદળોનો હવે અંત આવ્યો.

ટ્રેનમાં એક વૃદ્ધ મહિલાની તેમને ભેટ થઈ. તેમના થકી મિસ સેનબોર્ન અને પછી હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર જે.એચ.રાઈટનો પરિચય થયો. ફરી પાછું તેમને મળેલા ભલામણના પત્રો ખોવાઈ ગયા. ધૂળ ભરેલાં કપડાંમાં ભિખારી જેવી અવસ્થામાં તેમને ખૂબ જ કડવા અનુભવ થયા.

પરંતુ આખરે શિકાગોની આર્ટ ઈન્સ્ટિટ્યૂટનાં વિશાળ મકાનમાં હોલ ઓફ કોલંબસ નામના વિશાળ ખંડમાં સને ૧૮૯૩ના સપ્ટેમ્બરની ૧૧મી તારીખે ચાર હજાર પ્રતિષ્ઠિત શ્રોતાઓ વચ્ચે પ્રથમ દિવસે બપોરની સભામાં ડૉ.બેરોઝે તેમનો પરિચય કરાવ્યો. સરસ્વતીવંદના બાદ જ્યારે તેમણે સંબોધનમાં ''અમેરિકાનાં મારાં વહાલાં બહેનો અને ભાઈઓ !' આટલું સંબોધન કરતાં જ સમગ્ર સભાખંડ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યો. બે મિનિટ સુધી આ હર્ષનાદ ચાલ્યો. સુવિખ્યાત 'ધી ન્યૂયોર્ક હેરોલ્ડ' વર્તમાનપત્રે તેમના વિખ્યાત પ્રવચન પછી લખ્યું, ''આવી સુશિક્ષિત પ્રજા માટે આપણે મિશનરીઓ મોકલીએ છીએ તે કેટલું મૂર્ખાઈભર્યું છે?'' રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓએ પણ સ્વામીજીની મહાનતા અને દિવ્યતાને બિરદાવી. શિકાગોથી ભારતમાં આવ્યા પછીનાં તેમનાં 'પ્રવચનો કોલંબોથી અલ્મોડા'માં દેશ પ્રત્યેની ભારોભાર લાગણી અને કુરબાનીનું દર્શન થાય છે.

ભારતીય સંસ્કાર અને પશ્ચિમના અનુશાસનની બે પાંખો ઉપર તેમણે 'આત્મનો મોક્ષાર્થ જગત્ હિતાય ચ' ના ધ્યેય સાથે શ્રી રામકૃષ્ણ મઠમિશનની સ્થાપના કરી. સેવા અને સ્મરણની પાંખો વડે જ અધ્યાત્મના આકાશમાં ઊંચી ઉડાન ભરી શકાય છે. દેશ-વિદેશમાં કરોડોના હૈયે વસેલા સ્વામી વિવેકાનંદે ઈ.સ.૧૯૦૨ની ચોથી જુલાઈએ માત્ર ૩૯ વર્ષની ઉંમરે મહાપ્રયાણ કર્યું. સ્વામી વિવેકાનંદનો દેહ વિલય થયો, પરંતુ યુગો સુધી ભારતીય વ્યક્તિત્વનાં દર્શન કરવાં હશે ત્યારે સ્વામી વિવેકાનંદના જીવન-કવનનો પ્રકાશપથ બનાવવો જ પડશે. ૐ શાંતિ.

---

**( સ્વામી મુક્તાનંદ પાન નં. ૫૮ ઉપરથી ચાલુ)**

૧૯૭૫ના મે માસમાં બાબાની વર્ષગાંઠના દિવસે સિદ્ધયોગ ધામ એસોસિયેશન (SYDA) નામની મોટી સંસ્થાની અમેરિકા ખાતે સ્થાપના થઈ. માર્ચ-૧૯૭૬માં બાબાની વિશ્વયાત્રાનો છેલ્લો તબક્કો હતો. આ યાત્રા દરમિયાન સાનફ્રાન્સિસ્કો, ઑકલેન્ડ અને એન્ડ આર્થર ખાતે ત્રણ આશ્રમની સ્થાપના કરવામાં આવી. વિદાય સમયે કેનેડી એરપોર્ટ પર હજારો ભીની આંખોએ 'ૐ નમઃ શિવાય' ધૂન સાથે વિદાય આપી. અમેરિકાથી નીકળીને બાબા ઈંગ્લેન્ડ, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ અને ફ્રાન્સની યાત્રાએ ગયા. આ યાત્રા માટે અગણિત ભક્તો બાબા સાથે યાત્રા કરી રહ્યા હતા. તેથી એક જમ્બો પ્લેન ચાર્ટર કરવામાં આવ્યું હતું. આ પછી પણ એક ત્રીજી વિશ્વયાત્રા થઈ.

સને ૧૯૮૧ની ગુરુપૂર્ણિમાના દિને સાઉથ ફોલ્સબર્ગમાં બાબાએ પોતાના ઉત્તરાધિકારી તરીકે સ્વામી નિત્યાનંદ (સુભાષ શેટ્ટી)ની જાહેરાત કરી. પાછળથી તા.૫-૫-૧૯૮૨ના રોજ તેમણે સ્વામી નિત્યાનંદ અને સ્વામી ચિદ્‌વિલાસાનંદ (સુભાષ શેટ્ટીની બહેન માલતી શેટ્ટી)ને પોતાની ગાદી ઉપર સંસ્થાપિત કર્યા. ત્યારબાદ તેમણે ગરીબો માટે શાળાઓ, રહેઠાણ-વસાહતો, હૉસ્પિટલ, અન્નક્ષેત્ર નિર્માણ કર્યાં.

બુદ્ધપૂર્ણિમાએ જન્મેલા બાબાએ ૨ ઑક્ટોબર, ૧૯૭૮ની રાત્રે ગાંધીજયંતીના પુણ્ય પર્વે મહાસમાધિ લીધી. તેમનો નશ્વર દેહ રહ્યો નથી પરંતુ સમગ્ર વિશ્વના અનેક પ્રકોષ્ટોમાં અગણિત મુમુક્ષુઓનાં હૃદયમાં તેઓ આજે પણ 'ૐ નમઃ શિવાય'' પંચાક્ષરીની ધૂન સાથે શાશ્વત ચિરંતન છે. ૐ શાંતિ.

# શ્રી શ્રીમા આનંદમયી મા

(ઈ.સ. ૧૮૯૬-૧૯૮૨)

- શ્રી સ્વામી અધ્યાત્માનંદ સરસ્વતી (અમદાવાદ)

નિરી - નિર્મળાસુંદરીનાં પ્રાગટ્ય પૂર્વે તેમની માતાને સ્વપ્નમાં અનેક દેવ-દેવીઓનાં દર્શન થતાં. નિરીના પ્રાગટ્ય પછી પણ સ્વપ્નદર્શન થતાં જ રહ્યાં. નિરીનું પ્રાગટ્ય થયું હતું. આપણા સૌની જેમ માતાના ગર્ભમાં નવ માસ રહીને પ્રસૂતિ પછી તેઓનું અવતરણ થયું ન હતું, 'માની વાતો માના મુખે' માં કહ્યું છે કે પૂજ્યા માના નાની સવારે બ્રાહ્મમુહૂર્તમાં ત્રણ વાગ્યે ઊઠ્યાં ત્યારે રસોડાંમાં નવજાત - નવપ્રગટીત શિશુના કિલકિલાટનો અવાજ સાંભળીને તેમને આશ્ચર્ય થયું હતું. અનેક વર્ષો પછી એક વાર શ્રી શ્રીમાને પૂછવામાં આવેલું કે તમો પ્રગટ થઈને હસતાં કેમ હતાં ! પ્રત્યુત્તરમાં શ્રીશ્રીમાએ કહેલું, ''ખફરડાંની ફાટમાંથી આમ્રવૃક્ષની ડાળીઓને ઝૂલતી દેખીને આનંદ થતો હતો.'' તેમના પ્રાગટ્ય પૂર્વેની દીકરી જીવી ન હતી. તેથી જેવું આ નવજાત શિશુને દીઠું કે તુરંત જ તેમને નવડાવીને ઘરઆંગણે તુલસી ક્યારે જમીન ઉપર તેને લોટાવી (ગબડાવી) આવવામાં આવેલ. પ્રાર્થના કરી કે, ''હે મા ! આ દીકરીની રક્ષા, કરજો, એ લાંબું જીવજો.'' ત્યારે કોને ખબર હતી કે આ દીકરી તો અગણિત ભક્તોની તારણહારી થનારી છે.

આ દીકરીનું પ્રાગટ્ય બંગાળી સંવત ૧૩૦૩ના વૈશાખ મહિનાની ૧૯મી તિથિએ, ગુરુવારે રાત્રે ત્રણ વાગે પૂર્વ બંગાળ (અત્યારે બાંગ્લાદેશ)ના ખેઉરા ગામમાં થયું હતું. માતાપિતાએ તેમનું નામ નિર્મળા પાડ્યું હતું, પરંતુ સૌ તેમને નિરી કહીને જ બોલાવતાં. થોડી મોટી ઉંમર થઈ ત્યારે સૌ કહેતાં નિરી બહુ સીધી છે. તેથી એક દિવસ તળાવેથી જળ ભરી આવતાં તેઓ કમરમાંથી વાંકાં થઈને ચાલવા લાગ્યાં. લોકોએ પૂછ્યું, નિરી શું થયું ?'' જવાબ મળ્યો, ''બધાં સીધી - સીધી કહે છે ને લો આજે થોડી વાંકી થઈ ગઈ.''

પિતા બિપિનચન્દ્ર ભટ્ટાચાર્ય અને માતા મોક્ષદા સુંદરી. કુટુંબ મધ્યમવર્ગનું. નાની ઉંમરમાં જ ભજન-કીર્તન સાંભળતાં જ નિર્મળા ભાવમાં તલ્લીન થઈ જતી. તેમની માતાને લાગ્યું નિરી ઊંઘણશી છે; ''પણ હું શું સમજાઉં ?'' પાછળથી શ્રીશ્રીમાએ એક વખત કહેલું કે એક વખત ગામના તળાવમાં શિવની મૂર્તિનું વિસર્જન કરવાનું હતું, પરંતુ શ્રીશ્રીમાએ જે દિવ્ય દર્શન કર્યું, તેની વાત કહેતાં મા કહેતાં ''શિવમૂર્તિનું વિસર્જન કર્યું તેમ લોકો માનતા હતા પરંતુ ખરેખર તો એ પાછા પાણીના ઉપર આવ્યા અને નાચ્યા, મા! એ જંગમ શિવ હતા, હું તો તેમને જ જોતી બેસી રહેલી.'' નિરીને જ્યારે જમવા બેસાડતાં ત્યારે હાથમાં કોળિયો લઈને નિરી બેસી રહેતી. ઊંચે આકાશ તરફ મીંટ માંડીને દેખ્યા કરતી. લોકો કહેતા, 'ખાવામાં ધ્યાન રાખ!' પરંતુ મને આકાશમાં બધાં બહુ દેવી-દેવતાઓનાં દર્શન થતાં.

નિરીનું જેવું રૂપ હતું એવો જ મીઠો તેમનો કંઠ હતો. ઢાકાના વિક્રમપુરમાં આઠપાડા ગામના શ્રોત્રિય જગદ્બંધુ ચક્રવર્તી અને ત્રિપુરાસુંદરીના વચલા દીકરા રમણી મોહન સાથે નિર્મળા સુંદરીનું બંગાળી સંવત ૧૩૧૫ના મહા મહિનાની ૨૫મી તિથિએ લગ્ન કરવામાં આવ્યું હતું. તે સમયે કન્યાની વય બાર વર્ષ અને દસ મહિનાની હતી. લગ્ન સમયે રમણી મોહન પોલીસખાતામાં નોકરી કરતા હતા. તેમના મોટા ભાઈ રેવતી મોહન રેલવેમાં કામ કરતા હતા અને ઢાકા-જગન્નાથ ગંજ ભણી શ્રીપુર નરુંદી વગેરે સ્થળોએ સ્ટેશન માસ્તર હતા. એમને ત્યાં આ નાની વહુને રહેવાનું થયું. પતિની આજ્ઞા પ્રમાણે તેમણે ઘરનું બધું જ કામકાજ અને ગૃહસંસાર સંભાળી લીધો. બંગાળમાં કુળવધૂઓ સાડીનો છેડો માથેથી મોં ઉપર ખેંચીને લાંબો ઘૂંઘટ રાખે, આમ, થવાથી નિર્મળાનું રૂપ ખૂબ વધુ ખીલી ઊઠ્યું. સાસરા પક્ષના એક સંબંધી ક્ષેત્રબાબુ તો એમનું રૂપ જોઈને એટલા પ્રભાવિત થયા કે તેઓ તેમને દેવી કહીને પ્રણામ કરવા લાગ્યા.

લગ્નના બીજે વર્ષે રમણીબાબુની નોકરી છૂટી ગઈ. ત્રણ ચાર વર્ષ સુધી નવી નોકરી મળી નહીં. એ દિવસોમાં બંને મોટાભાઈ રેવતી મોહનને ત્યાં જ રહ્યાં. તે દિવસોમાં પણ નિર્મળાને મુહુર્મુહુ ધ્યાન લાગી જતું.

રસોઈ કરવામાં ધ્યાન રહેતું નહીં. પીરસતી વખતે દાળ-ભાત આમતેમ ઢોળાઈ જતાં. જેઠાણી બે આકરાં વેણ સંભળાવતી. નાની નિર્મળા વહુ ક્ષોભ પામતી તો ક્યારેક શરમાઈ પણ જતી અને ફરી કામે લાગી જતી, પરંતુ સગાંસંબંધી અંદર અંદર વાતો કરતાં કે વહુ ઊંઘણશી છે. કોઈએ તો વહુને મોઢામોઢ જ કહી નાખ્યું પણ તેઓ સહન કરતાં, કોઈ સાથે વાદ-વિવાદ ન કરતાં.

નોકરી વગર બેસેલા પતિએ કહ્યું.'નોકરી કંઈ મને શોધતી આવશે ? મારે જ આ દિશામાં પ્રયત્ન કરવા આમતેમ જવું પડશે. ''ત્યારે ખૂબ શાંતિથી પત્ની નિર્મળાએ કહ્યું, ''ધીરજ રાખો. ત્રણ દિવસમાં નોકરી મળી જશે' અને ખરેખર ત્રીજે દિવસે અષ્ટગ્રામમાં ઢાકાના નવાબના સર્વે સેટલમેન્ટ ખાતામાં તેમને નોકરી મળી ગઈ. મકાન માલિક જયશંકર સેનનાં પત્ની આ નાનકડી હંમેશાં પ્રસન્ન રહેતી વહુને દેખીને બહુ રાજી થતાં અને નિર્મળાને 'ખુશીર મા' (આનંદની માતા) કહીને બોલાવતાં અને જોતજોતામાં ઝડપભેર નાની વહુ નિરી અચાનક આનંદ મા બની ગઈ.

ઘરકામથી પરવારી માની આધ્યાત્મિક સાધના હવે ઊર્ધ્વગતિએ ચાલી. મા ધ્યાનમાં હોય ત્યારે આસન મુદ્રાઓ થવા લાગી. કોઈ કોઈ વાર રમણીબાબુ પણ આ ધ્યાન- ભજનમાં આનંદભેર ભાગ લેતાં, તેથી લોકો તેમને ભોળાનાથ કહેવા લાગ્યા અને તે નામ જ પ્રચલિત થઈ ગયું.

અષ્ટગ્રામમાં કીર્તનમાં લોકો માનાં દર્શને આવતા. કેટલાક લોકો તો કુતૂહલથી પણ આવતા. એક સજ્જને માને નવી સાડી ઓઢાડી તેમાં તો શ્રીશ્રીમાનું રૂપ એવું તો પ્રકાશ્યું કે લોકો માને દેવી કહીને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. થોડા સમય પછી ઢાકાના નવાબના ટ્રસ્ટી રાયબહાદુર યોગેશચન્દ્રે ભોળાનાથને વાડીમાં મુનશીની નોકરીમાં રાખ્યા. એ સમયે શ્રી શ્રીમાનાં શરીરની વય એકવીસ વર્ષની હતી.

શ્રી શ્રીમાનાં જીવનની વિશિષ્ટતા હવે પ્રગટ થવા લાગી હતી. દિવસે ગૃહિણીનાં બધાં કામકાજ કરે, રાત્રે સૂવાના ઓરડાના એક ખૂણામાં ધ્યાન કરે. બીજી બધી ક્રિયાઓ જાતે જ થાય. હાથની મુદ્રાઓ થાય, શરીર ખેંચાય, શ્વાસ ઝડપથી ચાલે તો કોઈ વાર મંદ પડી જાય. પૂજા થતી રહે અને તેમના શરીરમાંથી તેજના અંબાર પ્રગટતા રહે, પરંતુ હવે આ વાત પ્રગટ થઈ ગઈ. લોકોને લાગ્યું કે આ વળગાડ છે, ભૂવાઓને બોલાવવામાં આવ્યા. ડાકલા વાગ્યા, પરંતુ શ્રી શ્રીમાની ભાવસમાધિ ઊતરતી નહીં. અંતે ભૂવાઓ બેભાન થવા લાગ્યા. એક વાર બેભાન થયા પછી તેઓ ભાનમાં આવતા નહીં. ભોળાનાથની વિનંતીથી શ્રી શ્રીમાની અમીદૃષ્ટિથી તેઓ ભાનમાં આવતાં. જતાં જતાં કહેતા, ''આ સાક્ષાત્ દેવી છે! ભગવતી છે!'' કાલીકચ્છના ડૉક્ટર મહેન્દ્ર નાંદીએ ભોળાનાથના કાનમાં કહ્યું. ''આ અધ્યાત્મની બહુ ઊંચી અવસ્થા છે, તેને બીમારી માનશો નહીં અને જેને તેને બતાવવા માટે આમ તેમ અથડાશો નહી.''

નિશિકાંત ભટ્ટાચાર્ય શ્રી શ્રીમાના મામાના દીકરા ભાઈ થાય. તેમણે તો ભોળાનાથને કહી નાખ્યું. ''આ શું ધતિંગ માંડ્યું છે? કેમ તમો તેમને કહેતા કે રોકતા નથી ?'' અને આકસ્મિક શ્રી શ્રીમા રસોડામાંથી બહાર આવ્યાં. સદા ઢંકાયેલ રહેતાં શરીર અને ઘૂંઘટમાં રહેતું માથું અત્યારે માથેથી સાડીનો છેડો સરી પડ્યો હતો. ઉપરનું શરીર આખુંયે ખુલ્લું દેખાતું હતું. વાળ છૂટા હતા. કપાળમાં મોટા ચાંલ્લા સાથે શ્રી શ્રીમાનું વિકરાળ ભયંકર સ્વરૂપ દેખીને નિશિકાંત તો ડઘાઈ ગયા હતા. આ જોઈને શ્રી શ્રીમા ખડખડાટ હસ્યાં, ત્યારે થોડા સ્વસ્થ થઈને નિશિકાંતે પૂછ્યું, ''તમે કોણ છો ?' અને ઉત્તર મળ્યો, 'પૂર્ણબ્રહ્મ નારાયણ!' આ સાંભળી સૌ ચોંકી ઊઠ્યાં. આ સાંભળી ભોળાનાથને પણ આશ્ચર્ય થયું તેમણે ફરીથી પૂછ્યું, ''તું કોણ છે?'' જવાબ મળ્યોઃ '' મહાદેવી, મહાદેવ !'' નિશિબાબુએ ફરીથી પૂછ્યું, ''મંત્રતંત્ર કરો છો પણ તેની દીક્ષા લીધી છે ?'' શ્રી શ્રીમાએ હા ભણી એટલે ફરીથી પૂછ્યુંઃ ''અને આ રમણી બાબુએ દીક્ષા લીધી છે ?'' શ્રી શ્રીમાએ કહ્યું, '' ના, પાંચ મહિનામાં, સૌર અગહનની ૧૫ તારીખે ગુરુવારે દ્વિતીયા તિથિ એ થશે !'' ''નક્ષત્ર કયું ?'' ''પૂછો જાનકીબાબુને. એ અત્યારે તળાવ ઉપર મળશે,'' જાનકી બાબુ જ્યોતિષ જાણતા હતા. આ સમયે તો તેઓ કચેરીમાં જ હોય, પરંતુ તપાસ કરી તો તળાવે જ મળ્યા. તેમણે પોથી પંચાગ ઊથલાવ્યાં. બધું બરોબર મળ્યું. જાનકીબાબુ તો ચકિત થઈ ગયા.

શ્રી શ્રીમાની અધ્યાત્મ સાધના સ્વયંભૂ હતી. દેવ-દેવીઓનાં દર્શન તેમને સતત થતા.અનેક ગ્રંથોના મંત્રો તેઓ બોલતાં. એક વાર બાગાનની શાહજાદી સાથે કબ્રસ્તાનમાં ગયાં તો કુરાને શરીફની આયાતો બોલવા લાગેલાં.

એક વાર યજ્ઞવેદી બનાવવામાં આવી ત્યારે ત્યાં પ્રથમ લાલ પાણી પછી અગ્નિ જ્વાળાઓ પ્રકટ થયેલી, તેથી પાછળથી શ્રી શ્રીમા આનંદમયી સંઘની સ્થાપના થઈ ત્યારે 'અગ્નિકુંડમાં પ્રજ્વલિત અગ્નિ' તે પ્રતીક સંઘનું ચિહ્ન નક્કી કરવામાં આવ્યું.

હવે ઠેર ઠેર કીર્તનો થવા લાગ્યાં. શ્રી શ્રીમાની ઉપસ્થિતિથી ભીડ થવા લાગી. પતાસાના પ્રસાદની લૂંટ ચાલી. મા હવે ગણતરીના ભક્તોનાં મા રહ્યાં ન હતાં. અષ્ટગ્રામ, વિદ્યાકૂટ, બિહાર અને ઉત્તર પ્રદેશની સીમાઓ વટાવીને દરિયા પારના દેશો સુધી એમના આનંદ ઊદધિનાં આધ્યાત્મિક મોજાં ઊછળતાં હતાં.

પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ, ઈન્દિરાજી ઉપરાંત અનેક સંતો- મહંતો મંડળેશ્વરો, આચાર્યો, શંકરાચાર્યો શ્રી શ્રીમાના દર્શને આવવા લાગ્યા.

શ્રી શ્રીમાના આશ્રમો ભારતના અનેક ખૂણાઓમાં સ્થપાયા. માનું એક જ સૂત્ર હતું 'હરિ કથા જ કથા બાકી બધું વૃથા વ્યથા,'' આ આનંદનું મૂર્ત રૂપ તેના આ ભૌતિક દેહસ્વરૂપથી ઓગસ્ટની ૨૮મી તારીખે શુક્રવારે રાત્રે આઠ ને દશ મિનિટે તેમણે અનંત ભણી મહાપ્રયાણ કર્યું. તેઓને પ્રિય કીર્તન હતું- ''સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ ! એકમેવ અદ્વિતીયં બ્રહ્મ'' અને તેઓ આ એકમાત્ર આનંદ સ્વરૂપ આનંદમયી મા અનંત આનંદના મહાસાગરની એક લહેર ઊઠેલી તે મહાસાગરમાં મળી ગઈ.

ૐ શાંતિ

**( ભગવાન મહાવીર પાન નં. ૧૯ ઉપરથી ચાલુ)**

૧૦. કેવલી આકાશના શીર્ષસ્થાન પર નિવાસ કરે છે.

૧૧. સંસારમાં મનુષ્ય-યોનિમાં જન્મ-ગ્રહણ અને આત્માના સ્વરૂપનું ધ્યાન મહાન સૌભાગ્ય છે.

૧૨. સર્વજ્ઞ દ્વારા વર્ણિત ત્રિરત્ન જ એકમાત્ર નૈતિકતા છે.

ભગવાન મહાવીરે આ દ્વાદશ અનુપ્રેક્ષાઓ પર વિચાર કર્યા પછી અન્તતોગત્વા ગૃહત્યાગનો દૃઢ નિશ્ચય કરી લીધો.

ભગવાન મહાવીરની માતાએ કહ્યું, 'પ્રિય પુત્ર, તપસ્વી જીવનની કઠોરતા તારા માટે અસહનીય હશે. તેના માટે હજુ ઘણો સમય છે. તારે રાજ્યના પ્રશાસનમાં તારા પિતાને સહયોગ પ્રદાન કરવો જોઈએ. કેટલાંક વર્ષ પછી પણ તું અર્હત થઈ શકે છે'.

ભગવાન મહાવીરે કહ્યું, 'શ્રદ્ધેય માતા, સંસારના સમસ્ત પદાર્થ પાણીના પરપોટા સમાન ક્ષણભંગુર છે. જે રોગ, દુઃખ, ક્લેશ તથા મૃત્યુનું આશ્રયસ્થાન છે એવા સંસારમાં કોઈ પણ વ્યક્તિ માટે સુખની સંપ્રાપ્તિ કેવી રીતે સંભવ છે? મારે આ સંસારનો પરિત્યાગ કરવો જ પડશે.'

ભગવાન મહાવીરે પોતાની બધી સંપત્તિ સ્વયં પોતાના જ હસ્તે નિર્ધનમાં વહેંચી દીધી. તેઓ વનમાં ચાલ્યા ગયા અને જે વસ્ત્ર તેમણે ધારણ કર્યું હતું તેનો પણ પરિત્યાગ કરી તેઓ પૂર્ણતઃ દિગંબર થઈ ગયા. ઉત્તરાભિમુખ થઈ તેમણે કહ્યું, 'હું સિદ્ધોને પ્રણામ કરું છું.' પોતાના મસ્તક પરના કેશના પાંચ ગુચ્છાને સ્વયં ખેંચી કાઢી તેઓ અર્હત બની ગયા. તેમણે કઠોર તપ કર્યું. તેમણે ઘણા દિવસ સુધી ઉપવાસ કર્યા. તેઓ આત્માના વિશુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતા રહ્યા.

દિવ્ય શક્તિઓએ ભગવાનની પરીક્ષા લીધી. એક વાર સુંદર સ્ત્રી સમુદાયે તેમને ઘેરી લીધા, પરંતુ તેઓ અડગ- અવિચલિત રહ્યા. તેમને સર્વજ્ઞતાની સિદ્ધિ પ્રાપ્ત થઈ. સર્વજ્ઞ થયા પછી તેઓ ત્રીસ વર્ષ સુધી શાંતિના સંદેશનો પ્રચાર-પ્રસાર કરતા રહ્યા. તેમણે મગધ, મિથિલા વગેરે રાજ્યમાં ભ્રમણ કર્યું, જ્યાં અનેક રાજાઓ તેમના શિષ્ય બન્યા.

આસો વદ અમાસ એટલે કે દીપાવલીનો દિન. એ ભગવાનનો મહાપ્રયાણ દિન છે. એ રાતે એમણે સ્થૂળ જીવનની લીલા સંકેલી કેવળ પ્રકાશની કાયામાં કાયારહિત પ્રવેશ કર્યો. એક રીતે જોઈએ તો ભગવાન મહાવીર પૂર્ણવિરામ પણ છે અને બીજી રીતે જોઈએ તો તેઓ આરંભનાય આરંભ છે. એક મહાન સંસ્કૃતિના તેઓ અંતિમ તીર્થંકર ગણાય છે.

# ભગવાન મહાવીર

(ઈ.સ.પૂ. ૫૯૯ - ૫૨૭)

- સુશ્રી મીરાં ભટ્ટ (ભાવનગર)

ભગવાન મહાવીરનો જન્મ ઈ.સ.પૂ. ૫૯૯માં થયો હતો. તેઓ ૭૨ વર્ષ જીવિત રહ્યા. ઈ.સ.પૂ. ૫૬૯માં એમણે ગૃહત્યાગ કર્યો. ઈ.સ.પૂ.૫૫૭માં તેમણે સર્વજ્ઞતા પ્રાપ્ત કરી અને ઈ.સ.પૂ.૫૨૭માં નિર્વાણ પામ્યા. તેઓ અંતિમ તીર્થંકર હતા.

ભગવાન મહાવીરનું જીવન સત્યવાદિતા, આર્જવ અને પવિત્રતાથી ઓતપ્રોત હતું. આ બધાં ગુણો એમનામાં આત્યન્તિક રૂપે વિદ્યમાન હતા. તેઓ આજીવન અકિંચન બનીને રહ્યા.

મહારાણી ત્રિશલા તથા કુંડલપુરના મહારાજ સિદ્ધાર્થ તેમનાં માતાપિતા હતાં. ત્રિશલાદેવી પ્રિયકર્ણી નામથી પણ ઓળખાય છે. 'મહા'નો અર્થ મહાન અને 'વીર'નો અર્થ ઉદાત્ત નાયક થાય છે. તીર્થનો શાબ્દીક અર્થ થાય છે ઘાટ, જે પાર ઊતરવાનું સાધન છે. આ શબ્દમાં નિહિત લાક્ષણિક્તા અનુસાર આનો અર્થ પથ-પ્રદર્શક અથવા તો જે બીજાને જન્મ - મરણના આવાગમનમાંથી પાર ઊતરવાની ક્ષમતા પ્રદાન કરે છે તેવો થાય છે. 'કર'નો અર્થ કર્તા થાય છે. 'તીર્થ' તથા 'કર' આ બંને શબ્દોનો સમવેત અર્થ પવિત્ર જૈન અર્હત થાય છે.

ભગવાન મહાવીર જૈન ધર્મના સંસ્થાપક નહોતા. તેમણે જૈન સિદ્ધાંતોને કેટલાંક સંશોધનો કરી વ્યવસ્થિત કર્યો હતો. તેઓ આ ધર્મના સંસ્થાપક કરતાં સુધારક વધારે હતા. જૈન-તત્ત્વ-શાસ્ત્ર અનુસાર કાલચક્રોમાં વિભાજિત છે. વિશેષરૂપે એવું કહેવામાં આવે છે, પ્રત્યેક અર્ધ ચક્રમાં લાંબા સમયના અંતર પછી ચોવીસ તીર્થંકર જૈન સિદ્ધાંતોની વ્યાખ્યા માટે એક નવીન દૃષ્ટિકોણનો પ્રયોગ કરે છે. ભગવાન મહાવીર ચોવીસમા તીર્થંકર હતા અને અન્ય તીર્થંકરોની જેમ તેઓ પણ સર્વજ્ઞ હતા.

ભગવાન મહાવીરને વર્ધમાન (નિરંતર વૃદ્ધિ પ્રાપ્ત કરનાર) તથા સન્મતિ જેવાં નામોથી પણ ઓળખવામાં આવે છે. આઠ વર્ષની અલ્પાયુથી જ તેઓ અહિંસા આદિ દ્વાદશ વ્રતોનું પાલન કરતા હતા. તેઓ પોતાનાં માતા-પિતાની આજ્ઞાનું પાલન કરતાં કરતાં તેમની સેવા શ્રદ્ધા તથા ભક્તિપૂર્વક કરતા હતા. તેઓ આજીવન અવિવાહિત રહ્યા.

આત્મચિંતનમાં નિમગ્ન ભગવાન મહાવીરને એ સત્યની પ્રતીતિ થઈ ગઈ હતી કે સાંસારિક સુખ ક્ષણિક છે અને એમાં કર્મનાં બંધન સુદૃઢ થાય છે. તેઓ જાણતા હતા કે સંન્યાસ જ શાશ્વત આનંદની સંપ્રાપ્તિનું સાધન છે.

અલ્પાયુમાં જ ભગવાન મહાવીરના સ્વભાવમાં સદ્‌ગુણો અને સદાચારનો સમાવેશ થઈ ચૂક્યો હતો, જેને જોઈ લોકો આશ્ચર્યચકિત થઈ જતા હતા. ધ્યાનમાં તેમની વિશેષ રુચિ હતી અને તેઓ સંગીત તથા સાહિત્યથી પણ સુપરિચિત હતા. તેમના જીવનનાં ત્રીસ વર્ષ આ પ્રકારે વ્યતીત થયાં.

વર્ધમાને અતીન્દ્રિય દૃષ્ટિથી જોયું કે તેઓ અસંખ્ય જન્મ ધારણ કરી ચૂક્યા છે. એમણે વિચાર્યું- 'કેટલા જન્મ વ્યર્થ વીતી ગયા. હું સ્પષ્ટપણે જોઈ શકું છું કે આત્મા કર્મથી પૃથક્ છે. મેં મારા જીવનનાં ત્રીસ વર્ષ વ્યર્થ પસાર કરી દીધાં. સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ માટે મેં સંસારનો પરિત્યાગ અને તપ ના કર્યું. બધાં દુઃખોના મૂળમાં વિદ્યમાન આસક્તિનું નિરાકરણ હજુ સુધી થઈ શક્યું નથી.'

રાજકુમાર વર્ધમાન પશ્ચાત્તાપની અગ્નિમાં શેકાવા લાગ્યા. તેમણે સંસારના પરિત્યાગનો નિશ્ચય કરી લીધો. તેઓ પોતાનાં માતા-પિતા, મિત્રો તથા સંબંધીઓ પ્રત્યેની આસક્તિથી વિરક્ત થઈ ગયા. તેમણે દ્વાદશ અનુપ્રેક્ષાઓ અર્થાત્ જૈન - ધર્મગ્રંથોમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે જ્ઞાનનું ગહનતાથી ચિંતન કર્યું.

૧. સમસ્ત સાંસારિક વસ્તુઓ અસ્થાયી છે.
૨. એકમાત્ર આત્મા જ અનન્ય આશ્રય છે.
૩. સંસાર અનાદિ તથા કુટિલ છે.
૪. આત્માનો એકમાત્ર પરિરક્ષક સ્વયં આત્મા જ છે.
૫. શરીર, મન વગેરે મૂળત્વે આત્માથી પૃથકે છે.
૬. તત્ત્વતઃ આત્મા શુદ્ધ તથા શરીરાદિ અશુદ્ધ છે.
૭. આત્માના બંધનની સૃષ્ટિ એમાં કર્માસ્ત્રવના પ્રવેશથી થાય છે.
૮. પ્રત્યેક વ્યક્તિ માટે આ આસ્ત્રવનો પ્રહાણ આવશ્યક છે.
૯. કર્મના નિતાન્ત ક્ષય બાદ જ કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.

(અનુસંધાન પાન નં. - ૧૮ ઉપર)

# મહાત્મા ગાંધીજી

(ઈ.સ. ૧૮૬૯ - ૧૯૪૮)

સુશ્રી મીરાં ભટ્ટ (ભાવનગર)

શાળામાં ભણતું એક બાળક, એના હાથમાં એક પુસ્તક આવ્યું - 'શ્રવણનું આખ્યાન.' શ્રવણ પોતાનાં વૃદ્ધ અંધ માતાપિતાને કાવડમાં ઊંચકીને જાત્રા કરવા લઈ ગયો હતો. એ વાંચી એના દિલમાં એટલી બધી લાગણી થઈ આવી કે એ બોલી ઊઠ્યું, 'હું પણ આવી રીતે મારાં માતા-પિતાની સેવા કરીશ.' એ જ રીતે સત્યવાદી રાજા હરિશ્ચન્દ્રનું નાટક જોઈ એણે મનમાં ગાંઠ વાળી હતી કે હંમેશાં સત્ય જ બોલવું.

એ બાળકનું નામ મોહનદાસ કરમચંદ ગાંધી, જેને આજે આખી દુનિયા મહાત્મા ગાંધી કહી વંદન કરે છે. ગાંધીજીનો જન્મ સૌરાષ્ટ્રના પોરબંદર શહેરમાં તા.૨-૧૦-૧૮૬૯ના રોજ થયો હતો. તેઓ મેટ્રિક થયા પછી ભણવા માટે વિલાયત ગયા. ચાર વર્ષે બેરિસ્ટર થઈ દેશમાં પાછા આવ્યા. થોડા વખત પછી તેઓ વકીલાત કરવા દક્ષિણ આફ્રિકા ગયા. આફ્રિકામાં ગોરાઓ ડગલે ને પગલે હિંદીઓનું અપમાન કરતા. ગાંધીજીને પણ તેનો અનુભવ થયો. તેથી ગાંધીજીએ ત્યાં હિંદીઓનું સંગઠન કર્યું ને હિંદીઓની સામેના કાળા કાયદાઓ રદ કરાવવા લડત આદરી. આ લડતને 'સત્યાગ્રહ' કહે છે, જેના રાજ્યમાં સૂરજ કદી આથમતો નથી એવું કહેવાતું હતું એવી પ્રચંડ અંગ્રેજ સત્તાની સામે એમણે એનો પ્રયોગ કર્યો. સરકારે ગાંધીજીને અને પત્ની કસ્તૂરબાને જેલમાં પૂરી ભયાનક કાળી મજૂરી કરાવી, પણ ગાંધીજીએ બધું આનંદથી કર્યું. સત્યાગ્રહની આ લડાઈ લાંબી ચાલી, પણ છેવટે ગાંધીજીની જીત થઈ. કાળા કાયદા રદ થયા. પહેલી જ વાર દુનિયાએ અહિંસાના સામર્થ્યનો પરચો જોયો.

હવે ગાંધીજી ભારત આવ્યા. એમણે ભારતની ભયાનક ગરીબી જોઈ. તેમણે કહ્યું, 'દુનિયામાં એક પણ અન્યાય કે એક પણ દુ:ખના લાચાર સાક્ષી બની રહેવાનું હોય ત્યાં સુધી મારો આત્મા સુખી થવાનું ના કહે છે.' ગાંધીજીએ જોયું કે ભારતના દુ:ખના પાયામાં પરદેશી હકૂમત છે એટલે એમણે એ હકૂમત સામે સત્યાગ્રહની ઘોષણા કરી. સને ૧૯૧૯, આખા દેશમાં અજબ જાગૃતિ આવી ગઈ. હિંદુઓ અને મુસલમાનો ખભેખભા મિલાવી સરકાર સામે લડતા હતા. સરકારે ગાંધીજીને પકડી છ વર્ષની સજા કરી પણ બે જ વર્ષમાં છોડી દીધા. તેમણે લોકોને સર્વધર્મ પ્રત્યે સમભાવ રાખી કોમી એકતા સ્થાપવા તથા અસ્પૃશ્યતા દૂર કરવા અને ખાદી તથા ગામોદ્યોગને ઉત્તેજન આપવા કહ્યું.

સને ૧૯૩૦માં પાછી એમણે સત્યાગ્રહની લડત ઉપાડી. સ્વરાજ્ય લીધા વિના પાછો નહિ આવું એવી પ્રતિજ્ઞા કરી અમદાવાદનો આશ્રમ છોડ્યો. ૨૪૧ માઈલ પગે ચાલીને દરિયાકિનારે આવેલા દાંડી ગામે ગયા અને સરકારી કાનૂનનો ભંગ કરી દરિયાકિનારા પરથી મીઠું ઉપાડ્યું. સરકારે એમને પકડ્યા ને સત્યાગ્રહીઓ પર નિર્દય લાઠીમાર કર્યો. સરકારની જેલ ભરાઈ ગઈ. છેવટે સરકારે ગાંધીજી જોડે સમાધાન કર્યું.

દરમિયાન સરકારે હિંદુ - મુસલમાનની પેઠે હિંદુ-હરિજનને લડાવવાની યુક્તિ કરી. ગાંધીજી એ વખતે જેલમાં હતા. તેમણે કહ્યું, 'હું મારા પ્રાણના ભોગે પણ આનો વિરોધ કરીશ.' એમણે આમરણ ઉપવાસ આદર્યા. દેશ અને દુનિયામાં ખળભળાટ મચી ગયો. હરિજનોના નેતા શ્રી ભીમરાવ આંબેડકરે જેલમાં ગાંધીજી જોડે કરાર કર્યો. બ્રિટિશ સરકારે એ કરાર માન્ય રાખ્યો અને હિંદુઓ અને હરિજનો વચ્ચે પડતી તિરાડ અટકી ગઈ. ગાંધીજીએ ઉપવાસ છોડ્યા.

જેલમાંથી છૂટી ગાંધીજીએ દેશમાં મોટા પાયા પર હરિજન-ઉદ્ધાર, હિંદુ-મુસલમાન એકતા, ગૌસેવા, ખાદી અને ગ્રામોદ્યોગ તથા શિક્ષણમાં શ્રમનું મૂલ્ય દાખલ કરતી બુનિયાદી તાલીમ - આ મહાન કાર્યો શરૂ કર્યાં. આ

પાયા પર એમને સ્વરાજ્ય ઊભું કરવું હતું.

પણ સ્વરાજ્ય હજુ દૂર હતું. એટલામાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. અંગ્રેજ સરકારે ભારતને પણ એ યુદ્ધમાં સંડોવ્યું. ગાંધીજીએ ફરી સત્યાગ્રહનું મંડાણ કર્યું. ત્રીસ હજાર સત્યાગ્રહીઓ જેલમાં ગયા. છેવટે ગાંધીજીએ સરકારને સંભળાવી દીધું, 'ક્વિટ ઈન્ડિયા !' તેમણે જગત સામે પોતાનો નિર્ધાર જાહેર કર્યો, 'કરેંગે યા મરેંગે !'

આ સંતનો પુણ્યપ્રકોપ હતો. સરકારે રાતોરાત ગાંધીજી અને બધા નેતાઓને પકડી લીધા અને દમનનો દોર છૂટો મૂકી દીધો.ગાંધીજીની હાલત ખૂબ જ ગંભીર થઈ ગઈ પણ મર્યા નહિ. એમના અંગત સચિવ મહાદેવભાઈ અને પત્ની કસ્તૂરબાનું જેલમાં જ મરણ થયું. તે પછી સરકારે ગાંધીજીને છોડ્યા. તેમણે આફ્રિકા અને હિંદમાં થઈ કુલ ૨૩૩૮ દિવસ જેલમાં વિતાવ્યા છે.

ગાંધીજીના જીવસટોસટના પ્રયત્નો છતાં દેશનું વાતાવરણ તંગ રહ્યું. બીજો કોઈ ઉપાય ન જોઈ છેવટે જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઈ વગેરે ગાંધીજીની લડતના સેનાપતિઓએ દેશના ભાગલા પાડવાની વાત સ્વીકારી લીધી. ગાંધીજીને આ ગમ્યું નહિ, પણ એમણે સંમતિ આપી. સ્વરાજ્ય આવ્યું. તા.૧૫-૮-૧૯૪૭, પણ તે દિવસે ગાંધીજી દિલ્હીમાં મહોત્સવ માણનારાઓમાં નહોતા. તેઓ કોલકાતામાં કોમી આગ ઠારવામાં પડ્યા હતા.

ભાગલાના પરિણામે લાખો માણસોની એક દેશમાંથી બીજા દેશમાં હેરફેર થઈ. લાખો હિંદુઓ ને શીખ ઘરબાર માલમિલકત મૂકીને પાકિસ્તાનથી ભારત આવ્યા. રસ્તામાં હજારોની કતલ થઈ, અપહરણો થયાં. આની અસર ભારતમાં થઈ. તોફાનો ફાટી નીકળ્યાં. દેશમાં શાંતિ સ્થાપવા માટે તેમણે આમરણ ઉપવાસ આદર્યા. એ વખતે એમની ઉંમર ૭૮ વર્ષની હતી. આખો દેશ સ્તબ્ધ થઈ ગયો. છેવટે બંને કોમ વચ્ચે શાંતિના કરાર થયા અને ગાંધીજીએ ઉપવાસ છોડ્યા.

પણ કેટલાક ધર્મઝનૂની હિંદુઓને આ ગમ્યું નહિ. તેમને થયું કે ગાંધીજી ખોટી રીતે મુસલમાનોની તરફેણ કરે છે, માટે એમની હત્યા કરવા પ્રાર્થનાસભામાં બોમ્બ ફેંક્યો. બોમ્બ નિશાન ચૂકી ગયો. ગાંધીજીએ એ ઝનૂનીને ક્ષમા આપી. ક્ષમા અને નિર્ભયતા એમની રગરગમાં હતાં.

અઠવાડિયા પછી એમને સખત ઉધરસ ચડી. માથું દુઃખવા લાગ્યું ત્યારે તેમણે કહ્યું, 'હું રોગથી મરું તો દુનિયાને કહેજો કે એ ઢોંગી મહાત્મા હતો. સામી છાતીએ હું ગોળી ઝીલું છતાં મોંએ રામ નામનું રટણ ચાલતું હોય તો જ કહેજો કે આ સાચો મહાત્મા હતો.'

તા. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ શુક્રવારની સાંજે એવું જ બન્યું. એ દિવસે એમણે છેલ્લો પત્ર લખ્યો, તેના શબ્દો છે, 'મૃત્યુ આપણો સાચો મિત્ર છે. પણ આપણને તેનાથી દુઃખ થાય છે તેનું કારણ આપણું અજ્ઞાન છે.' એ દિવસે સાંજે તેઓ પ્રાર્થનાસભામાં આવતા હતા ત્યારે એમને પગે લાગવાનો ઢોંગ કરી એક હિંદુ યુવાને છુપાવેલી પિસ્તોલ કાઢી એમની છાતી પર ઉપરાઉપરી ત્રણ ગોળી છોડી. 'રામ ! રામ !' કરી ગાંધીજી ત્યાં ઢળી પડ્યા. રામ એમના શ્વાસ- પ્રાણ હતા એ સાબિત થઈ ગયું.

સમાચાર સાંભળી આખી દુનિયા સ્તબ્ધ થઈ ગઈ. દુનિયાના તમામ દેશોએ શોક પાળ્યો. વિશ્વના મહાન વિજ્ઞાની આઈન્સ્ટાઈને કહ્યું, 'ગાંધી એવો અદ્‌ભુત પુરુષ હતો કે આવો માણસ કોઈ કાળે સદેહે પૃથ્વી પર વિચરતો હતો એવું ભવિષ્યમાં કોઈ માનશે પણ નહિ.'

ગાંધીજીનું આખું જીવન યજ્ઞરૂપ હતું. તેઓ વિરલ તપસ્વી હતા, વિરલ સંત હતા, સત્યના ઉપાસક હતા, 'ઈશ્વર સત્ય છે' એ પ્રચલિત સૂત્રના બદલે તેમણે કહ્યું, 'સત્ય એ જ ઈશ્વર છે.'

# ઈશુ ખ્રિસ્ત

સુશ્રી મીરાં ભટ્ટ (ભાવનગર)

ઈશુ અથવા યીશુ મસીહ અથવા જિસસ ક્રાઈસ્ટ (ઈબ્રાની : યેશુઆ) ઈસાઈ ધર્મના પ્રવર્તક છે. ઈસાઈ લોકો તેમને પરમપિતા પરમેશ્વરના પુત્ર અને ઈસાઈ ત્રિએક પરમેશ્વરના તૃતીય સદસ્ય માને છે. ઈશુની જીવની અને ઉપદેશ બાઈબલના નવા નિયમ (ખાસ ચાર શુભ સંદેશ - મત્તી, લુકા, યુહન્ના, મર્કુસ પૌલુસના પત્રો, યાકુબની ચિઠ્ઠીઓ, દુનિયાના અંતમાં થવાની ઘટનાઓનું વિવરણ કરતાં પ્રકાશિત વાક્ય)માં આપવામાં આવ્યા છે. ઈશુ ઈસ્લામના મહાન પયગંબરોમાં એક માનવામાં આવે છે.

બાઈબલ અનુસાર ઈશુની માતા મરિયમ ગલીલિયા પ્રાંતના નાજરેથ ગામમાં રહેતાં હતાં. એમની સગાઈ દાઉદના રાજવંશી યુસુફ નામના યુવક સાથે થઈ હતી. વિવાહ પૂર્વે જ એ કુંવારી હોવા છતાં ઈશ્વરીય પ્રભાવથી ગર્ભવતી થઈ. ઈશ્વર તરફથી સંકેત પ્રાપ્ત કરી યુસુફે મરિયમને પત્ની સ્વરૂપ ગ્રહણ કરી. આ પ્રકારે જનતા ઈશુની અલૌકિક ઉત્પત્તિથી અનભિજ્ઞ રહી. વિવાહ સંપન્ન થયા બાદ યુસુફ ગલીલિયા ત્યાગીને યહૂદિયા પ્રાંતના બેથલેહેમ નામની નગરીમાં રહેવા લાગ્યા, ત્યાં ઈશુનો જન્મ થયો. બાળકને રાજા હેરોદના અત્યાચારથી બચાવવા માટે યુસુફ ભાગી ગયા. હેરોદ ઈ.પૂ. ૪માં મૃત્યુ પામ્યો એનો અર્થ ઈશુનો જન્મ સંભવત ઈ.સ. પૂર્વે ૪માં થયો હતો. હેરોદના મૃત્યુ પછી યુસુફ પાછા આવી નાજરેથ ગામમાં વસ્યા. ઈશુ જ્યારે ૧૨ વર્ષના થયા, ત્યારે યરુશલમમાં ત્રણ દિવસ રોકાઈને મંદિરમાં ઉપદેશકો વચ્ચે બેઠા. તેઓ તેમને સાંભળતા અને પ્રશ્નો પૂછતા. લુકા ૨:૪૭ અને જેમણે તેમને સાંભળ્યા, બધાં તેમની સમજ અને એમના ઉત્તરોથી ચકિત હતા. ત્યારબાદ ઈશુ પોતાનાં માતા-પિતા સાથે પોતાના ગામ પાછા આવ્યા. ઈશુએ પિતા યુસુફનો ધંધો શીખી લીધો અને લગભગ ૩૦ વર્ષની ઉંમર સુધી તેઓ ગામમાં રહીને સુથારનું કામ કરતા રહ્યા. બાઈબલમાં તેમના ૧૩ થી ૨૯ વર્ષનો કોઈ ઉલ્લેખ નથી. ૩૦ વર્ષની ઉંમરે તેમણે યુહન્ના (જૉન) પાસેથી દીક્ષા લીધી. દીક્ષાગ્રહણ કર્યા બાદ ઈશુને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું. ૪૦ દિવસના ઉપવાસ પછી ઈશુ લોકોને જ્ઞાન આપવા લાગ્યા.

૩૦ વર્ષની ઉંમરથી ઈશુએ ઈઝરાયલની જનતાને યહૂદી ધર્મના એક નવા રૂપનો પ્રચાર કરવાનું શરૂ કર્યું. એમણે કહ્યું કે, 'ઈશ્વર (જે કેવળ એક જ છે ) સાક્ષાત્ પ્રેમસ્વરૂપ છે અને પ્રવર્તમાન યહૂદી ધર્મની પશુબલિ અને કર્મકાંડ તેઓ ઈચ્છતા નથી. યહૂદી ઈશ્વરની પરમપ્રિય પેદાશ નથી, ઈશ્વર બધા જ મુલકોને પ્રેમ કરે છે. માણસે ક્રોધમાં બદલો નહીં લેવો જોઈએ અને ક્ષમા આપતાં શીખવું જોઈએ. એમણે સ્પષ્ટરૂપે કહ્યું કે તેઓ જ ઈશ્વરના પુત્ર છે, મસીહા છે અને સ્વર્ગ અને મુક્તિનો માર્ગ છે. યહૂદી ધર્મમાં ક્યામતના દિવસનો કોઈ ખાસ ઉલ્લેખ કે મહત્ત્વ નથી, પરંતુ ઈશુએ ક્યામતના દિવસ પર ખાસ જોર આપ્યું - કારણ કે એ જ વખતે માણસને સ્વર્ગ કે નરકની પ્રાપ્તિ થશે. ઈશુએ ઘણા ચમત્કાર પણ કર્યા. યહૂદીઓના કટ્ટરપંથી ધર્મગુરુઓએ ઈશુનો ખૂબ વિરોધ કર્યો. એમને ઈશુમાં 'મસીહા' જેવું ખાસ કશું લાગ્યું નહીં. તેમને તેમના કર્મકાંડથી પ્રેમ હતો. સ્વયંને ઈશ્વરપુત્ર કહેવો એમના માટે ભારે પાપ હતું એટલે તેમણે તે વખતના રોમન ગવર્નર પિલાતુસ પાસે તેમની ફરિયાદ કરી. રોમનોને હંમેશાં યહૂદી ક્રાન્તિનો ડર રહેતો હતો - એટલે કટ્ટરપંથીઓને પ્રસન્ન કરવા માટે પિલાતુસે ઈશુને ક્રોસ પર મોતની દર્દનાક સજા ફરમાવી .

બાઈબલ અનુસાર, રોમી સૈનિકોએ ઈશુને કોરડાથી માર્યા. તેમને શાહી કપડાં પહેરાવ્યા, તેમના મસ્તક પર કાંટાનો તાજ પહેરાવ્યો, તેમના પર થૂંક્યા અને આ રીતે તેમને અપમાનિત કરી 'યહૂદીઓના બાદશાહ' બનાવ્યા. પીઠ પર પોતાનો જ ક્રોસ

(અનુસંધાન પાન નં. - ૨૪ ઉપર)

# મહર્ષિ વિનોબા ભાવે

(ઈ.સ. ૧૮૯૫ - ૧૯૮૦) સુશ્રી મીરાં ભટ્ટ (ભાવનગર)

વિનોબાનો જન્મ તા. ૧૧-૯-૧૮૯૫ના રોજ મહારાષ્ટ્રના એક ગામડામાં અગ્નિહોત્રી બ્રાહ્મણના ઘેર થયો હતો. તેમના પિતાનું નામ નરહરિ ભાવે અને માતાનું નામ રખુબાઈ એટલે રુક્મિણીબાઈ. તેમનું નામ વિનાયક હતું. માતા પાસેથી બાળક વિનાયકે અનેક ભક્તો અને સંતોની કથાઓ સાંભળી હતી, તેમાંથી તેના ચિત્ત પર ભક્તિના ગાઢ સંસ્કાર પડ્યા હતા. નાના વિનાયકે સંન્યાસી બની ઈકોતેર પેઢી તારવાનો સંકલ્પ કર્યો. એક વાર માતાએ કંઈ વ્રત નિમિત્તે ભગવાનને ચોખાના એક લાખ દાણા ધરવાનો સંકલ્પ કર્યો. વિનાયકે એક-એક દાણો ગણીને મૂક્યો, સાથે ભગવાનનું નામ લીધું.

વિનાયક મેટ્રિક પાસ થઈ કોલેજમાં ભણ્યા. શાંકરભાષ્યથી જ્ઞાનેશ્વરી સુધીના અઢળક સાહિત્યમાં ઊંડું અવગાહન કર્યું. એક દિવસ બધાં સર્ટીફિકેટ અને કાગળિયાં ચૂલામાં હોમી દીધાં અને ગૃહત્યાગ કર્યો. કાશીમાં આવી અન્નક્ષેત્રમાં જઈને ખાઈ આવે ને વહેલી સવારથી સાંજ સુધી ધર્મગ્રંથોનું અધ્યયન કરે. તેમને કશામાં આસક્તિ કે પરિગ્રહ નહોતો.

એવામાં મહાત્મા ગાંધીજી કાશી પધાર્યા. ત્યાં બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉદ્‌ઘાટનના કાર્યક્રમમાં ગાંધીજીનું ભાષણ થયું, જે છાપામાં છપાયું. વિનોબા એ વાંચી ગાંધીજીને મળવા અમદાવાદ આવ્યા. તે વખતે ગાંધીજી શાક સમારતા હતા. તેમણે વિનોબાને પણ શાક સમારવા બેસાડી દીધા. પછી બંને વચ્ચે વાતો ચાલી. વિનોબાએ જોઈ લીધું જે ત્યાગ- વૈરાગ્યની સાધના માટે હું હિમાલય જવા માગું છું તે તો અહીં જ છે.

આશ્રમમાંથી બાર મહિનાની રજા લઈ વિનોબા પાછા મહારાષ્ટ્ર આવ્યા. આ વખતે તેમણે ગીતા, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, પાતંજલ યોગદર્શન, શાંકરભાષ્ય વગેરેનો ખૂબ ઊંડો અભ્યાસ કર્યો. મહારાષ્ટ્રના લોકોએ 'વેદશાસ્ત્ર સંપન્ન વિનાયક શાસ્ત્રી ભાવે' કહી તેમને વધાવ્યા. વિનોબા ફરી પાછા ગાંધીજીના આશ્રમમાં અમદાવાદ આવી ગયા. સને ૧૯૨૧માં ગાંધીજીએ વિનોબાને વર્ધાનો આશ્રમ સંભાળવા મોકલ્યા. હાથે દળવાની ઘંટીની પૂજા કરી એના પર દળીને વિનોબાએ એ આશ્રમનું મંગલાચરણ કર્યું. હવે તેઓ આચાર્ય વિનોબા કહેવાયા.

સત્યાગ્રહમાં ભાગ લેવાના કારણે તેમને અનેક વાર જેલમાં જવું પડ્યું. જેલમાં તેઓ નવી નવી ભાષાઓ શીખ્યા. જેલમાં તેમણે ગીતા, ઉપનિષદના વર્ગો ચલાવ્યા. વિનોબા જાણે પ્રાચીન ભારતની આરણ્યક સંસ્કૃતિના પ્રતિનિધિ હતા. જાતમહેનતનો જ રોટલો ખવાય એવો એમનો સંકલ્પ હતો. સતત આઠ કલાક તકલી પર સૂતર કાંતતા અને કાંતણની મજૂરી પર જ નભતા. સને ૧૯૩૮માં વિનોબા ખૂબ બીમાર પડ્યા. તેઓ વર્ધાથી પાંચ માઈલ દૂર પવનાર જઈને રહ્યા, એમણે ચિત્તને સાવ ખાલીખમ કરી નાખ્યું - નિર્વિચાર ! બાર મહિનામાં એમની તબિયત સારી થઈ ગઈ.

બીજું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હતું. સરકારને હિંદની મદદ જોઈતી હતી, પણ સ્વરાજ્ય આપવું નહોતું. ગાંધીજીએ સરકારની આ નીતિ સામે વિરોધ કરવા વ્યક્તિગત સત્યાગ્રહની જાહેરાત કરી અને પહેલા સત્યાગ્રહી તરીકે વિનોબાને પસંદ કર્યા. અત્યાર સુધી વિનોબા પ્રસિદ્ધિથી દૂર રહી શક્યા હતા, પણ હવે સૌએ તેમને ઓળખ્યા. ૨૯-૧૦-૧૯૪૦ ના રોજ વિનોબાએ વ્યક્તિગત સત્યાગ્રહની નવી લડતના શ્રીગણેશ કર્યા અને પકડાઈને જેલમાં ગયા. મુદત પૂરી થતાં છૂટ્યા કે ફરી સત્યાગ્રહ કર્યો, ફરી જેલમાં !

સને ૧૯૪૬ની સાલ આવી. પવનાર પાસે સૂરગાંવ ગામ હતું. વિનોબા રોજ સવારે ઝાડુ-પાવડો લઈને એ ગામમાં જતા ને રસ્તા સાફ કરતા તથા મેલું સુધ્ધાં ઉપાડતા. સૂરગાંવના લોકો પર આની અસર થઈ. ગામનાં જુવાનિયાઓએ ગામનું સફાઈકામ સંભાળી

લીધું. ગાંધીજીના મૃત્યુ પછી દેશમાં સૂનકાર વ્યાપી ગયો હતો. બધાંની નજર હવે વિનોબા તરફ વળી. વિનોબા આખા દેશમાં ફર્યા. પાછા પવનાર આવીને તેમણે એક નવો જ પ્રયોગ કર્યો. એને કાંચનમુક્તિનો પ્રયોગ કહે છે. આશ્રમની જમીનમાં હળ- બળદ વિના કોદાળી-પાવડાથી ખેડવા- વાવવાનું શરૂ કર્યું. આને ઋષિખેતી કહે છે. કૂવા પર રેંટ ગોઠવ્યો. રેંટ પણ આશ્રમવાસીઓ જ ચલાવે, બળદ નહીં. સૌ ઉપનિષદના મંત્રો ગાતા જાય ને કામ કરતા જાય. ભોજન પણ હાથમાં જ લેવાનું. વસ્ત્રો જાતે કાંતીને પહેરવાનાં.

આંધ્રમાં દેશના સર્વોદય સંમેલનમાં ત્રણસો માઈલ પગે ચાલીને વિનોબા ગયા. ત્યાં હરિજનોની કંગાલ હાલત જોઈને તેમણે હરિજનોનું પેટિયું રળવા જમીન માટે માગણી કરી. તરત જ એક માણસે સો એકર જમીન તેમને દાનમાં આપી. આમ, ભૂદાનની પ્રવૃત્તિ શરૂ થઈ. ભૂદાનમાં મળેલી બત્રીસ લાખ એકર જમીનનું ગરીબોમાં વિતરણ થયું. કતલના રાહે નહિ, કાનૂનના રાહે નહિ, પણ કરુણાના રાહે વિનોબાએ આ કામ કર્યું. જગતના ઈતિહાસમાં આ એક અપૂર્વ ઘટના છે. આવી જ બીજી ઘટના ચંબલના એકવીસ જેટલા ડાકુઓએ સ્વેચ્છાએ વિનોબા સમક્ષ શસ્ત્ર સમર્પણ કર્યું હતું અને રાજીખુશીથી સજા માગી લીધી હતી.

વિનોબાએ આખા ભારતમાં ગોવધબંધી થાય તે માટે ઉપવાસ કરવાનું જાહેર કર્યું. જવાબમાં ભારત સરકારે કેરળ તથા બંગાળ સિવાયના તમામ પ્રાંતમાં ગોવધબંધી જાહેર કરી. પરિણામે ઉપવાસ બંધ રહ્યા. વિનોબાની તબિયત છેલ્લા કેટલાક મહિનાથી લથડી ગઈ હતી, નબળાઈ વધતી જતી હતી. તા.૩૦-૧૦-૧૯૮૨ના રોજ એમને હૃદયરોગનો હુમલો આવ્યો. મુંબઈથી ડોકટરો દોડી આવ્યા. તેમની નાની કુટીરમાં છેલ્લામાં છેલ્લી ઢબનું દવાખાનું ઊભું કરી દીધું. તબિયત સુધરતી ગઈ.સાતમી નવેમ્બરે ડોકટરે કહ્યું, 'હવે વાંધો નથી.' દવાખાનું વિખરાઈ ગયું અને ભજન-કીર્તન,ધૂન શરૂ થયાં.

રોજ હજારો લોકો દર્શન કરવા આવે. પંદરમી નવેમ્બરની સવારે વહેલા પરોઢિયે ચાર વાગ્યે સંતે બેસવાની ઈચ્છા કરી. થોડીવાર બેઠા, પછી આડા પડ્યા. આઠ વાગ્યે મોં સાફ કરાવ્યું, કપડાં બદલાવ્યાં. પછી છાતી પર હાથ રાખી સીધા સૂતા. બધું જ શાંત, નિશ્ચલ ! આ જ સ્થિતિમાં સાડા નવ વાગ્યે તેમણે દેહ છોડ્યો ! જ્યોતિ મહાજ્યોતિમાં સમાઈ ગઈ.

---

**( ઈસુ ખ્રિસ્ત પાન નં. ૨૨ ઉપરથી ચાલુ)**

ઉપાડાવીને, રોમી લોકો તેમને જ્યાં ક્રોસ પર લટકાવાના હતા ત્યાં સુધી ઘસડી ગયા. ત્યાં વધસ્થાન પર પહોંચીને તેમને મદિરા અને પિત્તનું મિશ્રણ આપવામાં આવ્યું. એ યુગમાં આ મિશ્રણ મૃત્યુદંડના અત્યંત દર્દને દૂર કરવા માટે આપવામાં આવતું હતું. ઈશુએ તે લેવાનો ઈન્કાર કર્યો. બાઈબલ અનુસાર તેમને બે ચોરની વચ્ચે ક્રોસ પર લટકાવવામાં આવ્યા હતા.

ઈસાઈઓનું માનવું છે કે ક્રોસ પર મરતા સમયે ઈશુએ બધા જ માણસોના પાપ સ્વયં પર લઈ લીધા હતા. માટે જ જે ઈશુમાં વિશ્વાસ કરશે, તેને સ્વર્ગ મળશે એવી માન્યતા છે. મૃત્યુના ત્રણ દિવસ પછી ઈશુ પાછા ઉઠ્યા અને ૪૦ દિવસ પછી સીધા સ્વર્ગમાં ચાલ્યા ગયા. ઈશુના ૧૨ શિષ્યોએ એમના નવા ધર્મનો બધે જ પ્રચાર કર્યો. આ ધર્મ ઈસાઈ ધર્મ કહેવાયો.

આજે ઈશુએ પ્રબોધેલો પ્રેમ પૃથ્વી પરનો એકચક્રી સમ્રાટ બની શક્યો નથી. ઈશુએ જીવી દાખવેલી કરુણા આજે હિંસાની દાસી છે. ઈશુના જીવનના ધ્રુવપદ સમાં આ પ્રેમ, કરુણા અને સત્ય એ માનવજીવનનાં રોજરોજનાં વ્યવહારમૂલ્યો બનવાં જોઈએ. પૃથ્વીએ ઈશુને ધારણ કર્યાનું સૌભાગ્ય ત્યારે જ સિદ્ધ થાય, જ્યારે પૃથ્વી પરથી 'યુદ્ધ' નામની ચીજ નામશેષ થાય. ઈશુએ પોતાના જીવન દ્વારા પડકારો ઊભા કર્યા છે, એને ઝીલવા માટે માનવસમાજે કટિબદ્ધ થવું એ જ તરણોપાય છે.

# હજરત મહંમદ પયગંબર

(ઈ.સ. ૫૭૦-૬૩૩)

ડૉ. અરુણિકા મનોજ દરૂ (વલસાડ)

હજરત મહંમદ પયગંબરનો જન્મ ઈ.સ.૫૭૦માં અરબસ્તાનમાં થયો હતો. તેમનું મૂળ નામ ઉબુલ કાસિમ હતું, પરંતુ તેમના કાર્યને અનુલક્ષીને તેઓ પાછળથી મહંમદ - અતિ પ્રશંસિદ - કહેવાયા.

એ સમયના અરબસ્તાનમાં ઉત્તમ ધર્મોમાં પણ વિકૃતિ આવી ગઈ હતી. ધર્મો સાથે વહેમ, અંધશ્રદ્ધા, અનીતિ અને નિર્લજ્જતા જોડાયાં હતાં. બધા ધર્મોના અનુયાયીઓ એકબીજા સાથે દ્વેષથી વર્તતા હતા. સમગ્ર અરબસ્તાન માટે આ અજ્ઞાનનો જમાનો હતો. ઈશ્વરની સર્વશક્તિમત્તા અને સર્વવ્યાપકતાનો સર્વથા અંત આવી ગયો હતો અને ઈબ્રાહીમે પ્રબોધેલ ધર્મની સંપૂર્ણ અવગતિ થઈ હતી.

આવા અજ્ઞાનના તિમિરાકાશમાં એકાએક નવોદિત પ્રકાશ પ્રગટ થયો. આવા પતનના કાળમાં પ્રજાનો ઉદ્ધાર કરવા માટે ખુદાના એક મહાન અને છેલ્લા પયગંબર પ્રગટ થયા. અરબસ્તાનમાં રાતા સમુદ્રના કિનારે સિરિયાથી માંડીને યમન સુધીનો પ્રદેશ હિજાજ કહેવાતો હતો, તેના મુખ્ય શહેર મક્કામાં મહંમદ પયગંબરનો જન્મ થયો હતો. મહંમદ પયગંબર એ પયગંબરની પરંપરામાં છેલ્લા પયગંબર છે. તેમના જીવનમાં અને આદેશમાં અલ્લાહનું સમસ્ત સત્ય સ્ફુટિત થયું છે. તેમના પૂર્વે ૨૮ પયગંબર થઈ ગયા છે, પરંતુ મહંમદ સાહેબ દ્વારા અલ્લાહે પોતાની વાત પૂર્ણ કરી છે.

મહંમદ પયગંબરે અરબસ્તાનના વિવિધ ધર્મોમાં પ્રવેશેલા દુરાચાર જોઈને શુદ્ધ ધર્મને સ્થાપવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો. આ મહંમદ સાહેબે સ્થાપેલો ધર્મ તે ઈસ્લામ ધર્મ કે મુસ્લિમ ધર્મ કહેવાય છે.

મહંમદ સાહેબના પિતાનું નામ અબદુલ્લા અને માતાનું નામ અમીનાબીબી હતું. તેમણે જન્મ પૂર્વે જ પિતા ગુમાવ્યા અને છ વર્ષની ઉંમરે માતા ગુમાવી. મહંમદ સાહેબ કાકા સાથે રહી નાનું-મોટું ધંધાકીય કામ કરવા લાગ્યા, બકરીઓ ચરાવવા જતા, પરંતુ તેમને વાંચવા-લખવાની રીતસરની તાલીમ મળી નહોતી. ધીમે ધીમે તેમનામાં પ્રેમ અને દયાથી આર્દ્ર વ્યક્તિત્વ પ્રગટ થવા લાગ્યું. પ્રેમ અને દયાનું સામ્રાજ્ય તેમની આજુબાજુ વિસ્તરવા લાગ્યું. તેઓ હંમેશાં સાચું બોલતા અને આચરતા - એથી એમની ખ્યાતિ અલઅમીન - શ્રદ્ધેય - વિશ્વાસુ - તરીકે ફેલાઈ. તેમણે લોકહૃદયમાં ગૌરવવંતુ સ્થાન દૃઢ કર્યું. તેઓ કહેતા કે 'માનવીને રમત-ગમતમાં સમય બરબાદ કરવા માટે નહીં પણ અતિ ઉચ્ચ હેતુ માટે પેદા કરવામાં આવ્યો છે.'

મહંમદ સાહેબને ખદીજા નામની મક્કાના એક ધનાઢ્ય વેપારીની વિધવાના વેપારના આડતિયા તરીકે કામ કરવાનો મોકો સાંપડ્યો. તેમની સત્યનિષ્ઠા અને પ્રામાણિકતાથી પ્રભાવિત થઈ ખદીજાએ તેમની સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો. ત્યારે મહંમદ સાહેબે તે સ્વીકાર્યો. આ વખતે મહંમદ સાહેબની ઉંમર ૨૫ વર્ષની અને ખદીજાની ઉંમર ૪૦ વર્ષની હતી.

સમય વીતતો ગયો. સ્વાતંત્ર્ય પ્રેમ, દેશભક્તિ, સમજદારી, ભાઈચારો, શાંતિપ્રિયતા, વિચારશક્તિ વગેરે ઉત્તમ ગુણો તેમના વ્યક્તિત્વમાં પ્રગટતા રહ્યા. તેઓ વારંવાર મક્કામાં આવેલી ટેકરીઓની હીરાની ગુફામાં ચિંતન, મનન અને નિદિધ્યાસનમાં સમય વિતાવતા. એમાંથી એમને સત્ય લાધવા માંડ્યું. એમની શ્રદ્ધા એકેશ્વરમાં દૃઢ થઈ. એમને ઈશ્વરીય વાણીનો સાક્ષાત્કાર થયો. એ અવાજે એમને કહ્યું, 'ઊઠ અને તારા પ્રભુનો સંદેશો જગતને પહોંચાડ.' આ દિવ્ય વાણીનો અનુભવ થતાં મહંમદ સાહેબ ખુદાના રસૂલ બન્યા. આ પયગામ સાક્ષાત્કાર પ્રસંગે હજરત મહંમદ પયગંબરની ઉંમર ૪૦ વર્ષની હતી. ઈશ્વરે જે આદેશ મહંમદ સાહેબને

આપ્યા તે બધા 'કુરાન'રૂપે અક્ષરબદ્ધ થયા. આ વાણીના અનુભવ પછી એમણે રીતસર પોતાને પ્રાપ્ત થયેલ ધર્મ પ્રબોધવા માંડ્યો. મહંમદ સાહેબે ઉપદેશ કર્યો તેમાં મુખ્યત્વે માણસે સત્કર્મો કરવાં, માણસનાં કર્મો પ્રમાણે તેને બદલો મળે છે, અનેક દેવદેવીઓને છોડીને માત્ર એક અને અદ્વિતીય નિરાકાર પરમાત્માને ભજવા, એકતા, ઊંચ-નીચના ભેદ ભૂલી બધા સાથે ભાઈચારાથી વર્તો, પ્રેમ અને દયા રાખો; દારૂ- જુગાર, વ્યભિચાર ત્યજો, છોકરીઓની હત્યા ન કરો, બૂરું કરનારનું પણ ભલું કરો વગેરે મહંમદ સાહેબ પ્રસ્થાપિત ઈસ્લામ ધર્મના આદેશો હતા. ઈસ્લામ એટલે શરણે જવું અને જે શરણે જાય છે તે મુસલમાન.

મહંમદે આ નવા ધર્મનો અનુરોધ કર્યો એમાં કોઈને વિશ્વાસ ન બેઠો. તેઓ તેમને પથ્થર મારતા, અનેક રીતે પરેશાન કરતા. કુરેશીઓએ તેમને નવા ધર્મની વાત પડતી મૂકવાની શરતે પ્રલોભનો આપ્યાં પણ એમણે તો જણાવ્યું કે, 'મારે નથી જોઈતું ધન કે રાજ્ય, હું તો કેવળ મારા ખુદાનો સંદેશો તમને સંભળાવવા આવ્યો છું.' એમણે ક્યારેય પણ કોઈ ચમત્કાર કરી શકવાનો દાવો કર્યો નથી. એમણે હંમેશ એમ જ કહ્યું છે કે, 'ઈશ્વર સર્વશક્તિમાન છે અને એણે ધાર્યું હોય તેમજ બધું થાય છે. ઈશ્વરની ઈચ્છાના શરણે જાઓ. મારો પોતાનો લાભ-ગેરલાભ પણ મારા હાથમાં નથી.'

ઈશ્વરીય વાણીના સાક્ષાત્કાર પછી ૧૦-૧૨ વર્ષ એમને એમની કોમ સાથે ઘણો સંઘર્ષ વેઠવો પડ્યો. તે દરમિયાન ખદીજાબીબીનું પણ અવસાન થયું. તેઓ મદીના આવ્યા. મદીનામાં મહંમદસાહેબને હાકેમ તરીકે ચૂંટવામાં આવ્યા, પણ તેઓ સત્તાધીશ તરીકે ક્યારેય ક્રૂર બન્યા નથી. ગરીબો પર તેઓ ખૂબ હમદર્દી ધરાવતા, સંયમપૂર્વક વર્તતા. તેમના ધર્મપ્રચારની પદ્ધતિ સાદી-સરળ અને સ્વાભાવિક હતી.

વિરોધી કુરેશીઓએ તેમની સાથે સુલેહ કર્યો પણ પછી તેનો ભંગ કરી મદીના પર હુમલો કર્યો. મહંમદ સાહેબે ૧૦,૦૦૦ માણસોનું શસ્ત્રસજ્જ સૈન્ય લઈ મક્કા પર ચડાઈ કરી અને વિજય મેળવ્યો.

ઈ.સ. ૬૩૨માં છેલ્લીવાર એમણે મક્કાની યાત્રા કરી. તેમણે કાબા તરફ મુખ રાખી નમાજ પઢવા આદેશ આપ્યો હતો. ૬૩ વર્ષની ઉંમરે તેમની તબિયત કથળી. કોઈનું કાંઈ લેણું હોય તો પૂછ્યું ત્યારે એક જણે ત્રણ દિરહામની મદદ કોઈને મહંમદ સાહેબના કહેવાથી કરેલી તે તેણે યાદ દેવડાવ્યું તરત મહંમદ સાહેબે તે રકમ ચૂકવી આપી.

ખદીજાના અવસાન પછી મહંમદ સાહેબે બીજાં નવ લગ્ન કર્યાં હતાં, તે બધી સ્ત્રીઓ વિધવા, ત્યક્તા-નિરાધાર કે અનાથ હતી. તે સ્ત્રીઓને આશ્રય આપવા માટે તેઓ પરણ્યા હતા.

તેમના મૃત્યુ પછી લોકો મૂર્તિપૂજામાં ન પડે એટલા માટે એમણે કહ્યું કે, 'જે લોકો પયગંબરોની કબરોની પૂજા કરવા માંડે તેમના પર અલ્લાહનો રોષ હતો. મારી કબરની કદી કોઈ પૂજા ન કરે.' પોતાના મૃત્યુ બાદ લોકો વળી પાછા બુતપરસ્તી કે વિભૂતિ પૂજામાં સાચા ધર્મને ભૂલી ન જાય તે માટે તેઓ સભાન હતા.

**ઉપદેશ**

- કુરાન માત્ર પઢવા માટે નથી એના અર્થનું સ્પષ્ટીકરણ પામવાની પણ આવશ્યકતા છે.
- નિઃ શંક નેક લોકો આનંદમાં હશે અને નિઃશંક દુષ્કર્મીઓ જહન્નમમાં જશે.
- ઈશ્વરની આજ્ઞાને આધીન રહેવું અને સઘળાં પ્રાણીઓ પર દયા રાખવી.
- વાણી પવિત્ર રાખવી અને અતિથિઓનો સત્કાર કરવો.
- સાચો મુસ્લિમ એ છે જેના પર લોકો પોતાના જાન અને માલમિલકત માટે વિશ્વાસ રાખે છે.
- બીજાઓ સાથેના વર્તનમાં માનવીના ધર્મની ખરી પરીક્ષા રહેલી છે.
- ધીરજ ધરવી અને બીજાઓનું ભલુ કરવું એ ઈમાન છે.
- જે કોઈ કામ કરતાં તારા આત્માને દુઃખ થાય તે પાપ છે.
- જે માણસ નમ્રતાના ગુણથી વંચિત થયો એ બધી વસ્તુથી વંચિત થયો
- મજૂરનો પસીનો સુકાય તે પૂર્વે એની મજદૂરી ચૂકવી દો.

# ભગવાન ગૌતમ બુદ્ધ

- ડૉ. અરુણિકા મનોજ દરૂ (વલસાડ)

ભારતની ઉત્તરે નેપાળની તળેટીમાં કપિલવસ્તુ નામે નગર હતું. રોહિણી નદીના તટે વસેલા શાક્ય વંશના આ પ્રજાના રાજા શુદ્ધોધન હતા. અષાઢી પૂનમના પવિત્ર દિવસે રાણી મહામાયાને એક દિવ્ય સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં ચારેય દિશાના દેવો આવ્યા. મહારાણીના પલંગને ઊંચકીને હિમગિરિ શિખરની પેલે પાર એક પવિત્ર સરોવર પાસે આવતાં ત્યાં ચાર રાણીઓએ તેમનો સત્કાર કર્યો. સુગંધિત દ્રવ્યોથી સ્નાન કરાવી, દિવ્ય સ્વર્ણ અલંકારોથી શણગારી ત્યાં સુવર્ણ રાજ પ્રાસાદના પ્રાંગણમાં પલંગ પર સુવાડી રાખ્યાં. ત્યાંથી તેમની નજરથી દૂર દિવ્ય તેજ પૂંજમાં સ્નાન કરતા એક ઉત્તુંગ ગિરિ શિખર પર એક શ્વેત હાથી હતો. તેની સૂંઢમાં એક શ્વેત પદ્મ હતું. ત્વરિત ગતિથી આ હાથી પર્વત પરથી ઊતર્યો; માયાદેવીની ત્રણ વાર પ્રદક્ષિણા કરીને દક્ષિણ બાજુએથી તેમની કૂખમાં પ્રવેશ કરતાં જ વિજય ડંકા વાગવા લાગ્યા અને રાણી સ્વપ્નમાંથી જાગી ગયા. પ્રાતઃકાળે વિદ્વાનોએ આ સ્વપ્નની વ્યાખ્યા કરી. રાણી એક અલૌકિક બુદ્ધિવાળા પુત્રની માતા બનશે. પુત્ર ચક્રવર્તી રાજા અથવા ત્યાગમૂર્તિ ભગવદ્ પરાયણ મહાપુરુષ પણ થઈ શકે. પ્રસૂતિ માટે રાણી જ્યારે પોતાના પિયર જવા નીકળ્યાં, ત્યાં માર્ગમાં લુંબિની ઉદ્યાનમાં વિશ્રાંતિ માટે સહુ રોકાયાં. આ ઉદ્યાનમાંનું એક સુંદર પુષ્પ તોડવા જતાં રાણી માયાદેવી જ્યાં ઊભાં હતાં ત્યાં જ પ્રસૂતિ થઈ. પુત્રરત્ન પ્રાપ્ત થયું. આગળ જતાં તેઓ જ ભગવાન બુદ્ધ કહેવાયા.

આટલી કથા એક સૂચક વાત કહે છે. પિતાનું નામ શુદ્ધ + ઓદન છે. ઓદન એટલે અક્ષત. શુદ્ધ અક્ષત એટલે પૂજાની સામગ્રી. માયાદેવીને સ્વપ્નમાં કમળ સહિત હાથીનાં દર્શન થયાં. હાથી જેવી વિશાળ ભાવના અને તેની ઝીણી આંખો જેવી સૂઝબૂઝ, કમળ એટલે અલિપ્તતા, ઉદ્યાનમાંનો જન્મ એટલે બાળકને રાજ પ્રાસાદ નહીં, પરંતુ આ જીવન ઉદ્યાનોમાં તથા માતાની ઊભી અવસ્થામાં પ્રાગટ્ય એટલે બાળક આરામ પ્રિય નહીં, પરંતુ પરિવ્રાજક રહેશે. ફૂલ તોડતાં જન્મ થયો એટલે આ રાજકુમારની કીર્તિની સુગંધ દશેય દિશામાં પ્રસરશે. આ બધો સંકેત સાચો હતો. તેથી જ ભગવાન બુદ્ધ જેષ્ટિવન, વેણુવન, જેતવન, આમ્રવન વગેરેમાં પોતાના હજારો ભિક્ષુઓ સાથે જીવનભર વિહાર કરતા રહ્યા. આ વિહારની ભૂમિ જ ત્યારે બિહારના નામે ઓળખાય છે.

રાજા શુદ્ધોધનને આ આનંદના સમાચાર મળતાં તેમણે માતા અને બાળક બંનેને રાજ્યમાં તેડાવી લીધાં, નગરમાં આનંદોત્સવ થયો. હિમાલયના ગિરિશૃંગો પરથી ઋષિઓએ પધારીને આશીર્વાદ આપ્યા. રાજ્યમાં ધનધાન્યની સમૃદ્ધિ વધવા માંડી. કુમારનું નામ સર્વાર્થસિદ્ધ પાડવામાં આવ્યું. જે પાછળથી સિદ્ધાર્થના નામે પ્રસિદ્ધ થયો, પરંતુ કૌસાંબીના કથન મુજબ તેમનું નામ ગૌતમ અને ગોત્ર આદિત્ય હતું. પુત્રજન્મના સાતમા દિવસે જ માતા માયાદેવીનું મૃત્યુ થયું. આ વાત પણ સૂચક છે કે સિદ્ધાર્થ ગૌતમ માયાના બંધનમાં નહીં રહે. માસીમા મહાપ્રજાપતિ ગૌતમીએ સિદ્ધાર્થને ઉછેર્યો. આઠ વર્ષની ઉંમરે ખૂબ જ લાડકોડમાં ઉછરેલા સિદ્ધાર્થને ગુરુ વિશ્વામિત્ર પાસે જ્ઞાન લેવા બેસાડવામાં આવ્યો, પરંતુ સિદ્ધાર્થ તો સ્વયં આત્મસ્થ હતા. તેનાં દેદીપ્યમાન જ્ઞાનને ગુરુએ વંદન કર્યાં.

બાળપણમાંથી જ સિદ્ધાર્થને રમતગમતમાં રાજીપો ન હતો. તેનું હૃદય કરુણાથી દ્રવીભૂત રહેતું. તેનું મન અહિંસક હતું. એક વાર સિદ્ધાર્થ ઉદ્યાનમાં હતો

ત્યાં આકસ્મિક ચિત્કાર કરતો એક હંસ આવીને પડ્યો. સિદ્ધાર્થે સત્વરે તેને પોતાના ખોળામાં લઈ લીધો. તેનાં શરીરમાં મારવામાં આવેલાં કાતિલ બાણને તેણે હળવેથી કાઢ્યું. થોડીવારે પંખીનો ફફડાટ શમ્યો. તે સિદ્ધાર્થની ગોદમાં ભરાયું. સિદ્ધાર્થે તેને પ્રેમથી સાંત્વન આપ્યું. ત્યારે ત્યાં તેમનો પિતરાઈ ભાઈ દેવદત્ત આવ્યો અને હંસની માગણી કરી, પરંતુ રાજાએ ન્યાય કર્યો કે મારનાર કરતા તારનાર કે રક્ષણહારનો હક પ્રથમ ગણાય. હંસ સિદ્ધાર્થ પાસે રહ્યો.

સિદ્ધાર્થનાં આચરણ જોઈને તથા પુત્ર અંગેના ભવિષ્યકથનના સ્મરણથી શુદ્ધોધનનું પિતૃહૃદય ચિંતિત થયું. પુત્રને સાધુ થતો રોકવા તેઓ સક્રિય બન્યા. મુંઝાયેલા પિતાને સુજ્ઞજનોએ સિદ્ધાર્થને દામ્પત્યજીવનના લગ્નસૂત્રે બાંધી દેવાની સલાહ આપી. એક સુંદર સમારંભનું આયોજન કરાયું. રૂપ અને ગુણવતી સર્વ શાક્ય સુંદરીઓને આમંત્રણ આપવામાં આવ્યું. સિદ્ધાર્થના શુભ હસ્તે તેમને આભૂષણો ભેટ આપવામાં આવ્યાં, પરંતુ આભૂષણો સ્વીકારતી એક પણ સૌન્દર્યવતીના મોહક મુખ સામે સિદ્ધાર્થે દૃષ્ટિ સુધ્ધાં ન કરી, પરંતુ સૌથી છેલ્લે આવેલી માતુલ કન્યા (મામાની દીકરી) યશોધરાએ આભૂષણ માટે હાથ લાંબો કર્યો. ત્યારે તેને આપવા માટે હવે કશુંયે બાકી રહ્યું ન હતું. તેથી સિદ્ધાર્થે સહજ રીતે તે કન્યા સામે જોયું. પછી પોતાના ગળામાંથી રત્નમાળા કાઢીને યશોધરાના હાથમાં સોંપી. આમ, બંનેની દૃષ્ટિઓ સામસામે મળતાં રાજાનો પુરુષાર્થ સફળ થયો. યશોધરાએ સિદ્ધાર્થનું દિલ જીતી લીધું. તત્કાલીન રિવાજ અનુસાર ક્ષાત્ર શૂરાતન સ્પર્ધાઓ યોજાઈ. પિતરાઈ ભાઈઓ નંદ દેવદત્ત વગેરે યુવકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો. ધનુર્વિદ્યામાં દેવદત્તને, અસિવિદ્યામાં નંદને અને અશ્વવિદ્યામાં અર્જુનને પરાજય આપીને સિદ્ધાર્થ સર્વશ્રેષ્ઠ સાબિત થયો અને યશોધરા જેવા નારીરત્નને પામી શક્યો.

જે સમયે રાજા અને નગરજનો સિદ્ધાર્થને મોહનિદ્રામાં માની પોતાની જાગૃતિ વિશે ગર્વ લેતા હશે ત્યારે વાસ્તવમાં તો તેથી વિપરીત જ હતું. અજ્ઞાનની સુષુપ્ત દશામાં તેઓ હતા અને સિદ્ધાર્થનું અંતરમન જાગ્રત હતું તેવામાં યશોધરાએ પુત્રરત્નને જન્મ આપ્યો. રાજપુત્ર ગાદીવારસ રાજકુમાર અને યશોધરાના પતિ સિદ્ધાર્થના વ્યક્તિત્વમાં નવજાત શિશુના પિતાનું એક વધુ પાસું ઉમેરાયું. જનગણ હવે નિઃશંક બન્યું, પરંતુ પુત્રજન્મે સિદ્ધાર્થનાં અંતરચક્ષુ ખોલી નાખ્યાં. બાળક રાહુલ હવે અધ્યાત્મમાર્ગનો રાહુ (બાધા-રોડા) જેવો લાગ્યો. તેવામાં એક દિવસ નગરયાત્રા દરમ્યાન પહેલી વાર, સિદ્ધાર્થે એક વૃદ્ધ, રોગી, મૃતદેહ અને સંન્યાસીનાં દર્શન કર્યાં, સારથિ છન્ને કહ્યું ''આ તો જીવનચર્યા છે, જન્મ મૃત્યુ જરા વ્યાધિ એ તો જીવનવિદ્યા છે, તેમાંથી કોઈ મુક્ત નથી. હું તમે, યશોધરા કે રાહુલ... બધાંએ આ ક્રમમાંથી પસાર થવું જ પડે. પુત્રવત્સલ પિતા શી રીતે યુવાન રાજપુત્રને સંસાર ત્યાગની સંમતિ આપે ? પણ રાહુલના જન્મ પછી સાતમા દિવસે મધ્યરાત્રીએ સિદ્ધાર્થે પરમ સત્યની શોધમાં મહાભિનિષ્ક્રમણ કર્યું.

વૈરાગ્ય તરફ જન્મજાત અભિરુચિ તો હતી જ. તેથી સાંસારિક સુખનો ત્યાગ સહજ બન્યો. પિતા, પત્ની, પુત્ર, દાસ-દાસી અને સમગ્ર નગરજનોને સૂતાં મૂકીને આંતરમનથી જાગેલો સિદ્ધાર્થ જગતનાં ચર્મચક્ષુ ખોલવાના દૃઢ નિર્ણય સાથે સુંવાળી સેજને છોડી સત્યની શોધમાં, પરમતત્ત્વની પ્રાપ્તિ માટે, તપસ્યાના અદૃષ્ટ અજ્ઞાત માર્ગે પ્રેમને ત્યાગીના શ્રેયસ્કર માર્ગે ચાલી નીકળ્યો.

સારથિ છન્નને જગાડ્યો અને કંથક નામના ઘોડા ઉપર બેસીને નગરનો ત્યાગ કર્યો. કપિલવસ્તુથી પિસ્તાળીસ કોશ દૂર અનોમા નદીના કિનારે આવીને સિદ્ધાર્થે રાજસી પોષાક અને અલંકાર છન્નને આપ્યાં. તેનાં જીર્ણ થયેલા વસ્ત્રોમાંનું એક વસ્ત્ર ધારણ કર્યું. તલવારથી પોતાના કેશ કાપી નાખ્યા અને ફરતાં ફરતાં

મગધની રાજધાનીમાં એક ટેકરી રત્નગિરિ ઉપર પોતાની સ્થિરતા કરી. આ યુવા સાધુને ભિક્ષા માગતા દેખીને લોકો તેને જોવા માટે ટોળે વળતા. રાજરસથી ટેવાયેલા નાજુક દેહને પહેલા દિવસે ભિક્ષાન્ન આરોગવાની તકલીફ પડી, પરંતુ પછી તેઓ એક ભિક્ષાન્ન ગ્રહણ કરીને બાકીનો બધો સમય ધ્યાનમાં કલાકો સુધી બેસી રહેતા.

એક વાર બિંબિસારના રાજાને ત્યાં આયોજાયેલ યજ્ઞ માટે જતાં પશુબલિ માટેનાં ઘેટાંઓનાં ટોળાંઓને દેખીને તેમનો આત્મા કકળી ઊઠયો. તેઓએ ઘેટાંના એક બચ્ચાંને પોતાના ખભે ઊંચક્યું. યજ્ઞબલિના સ્થાને પોતાનો તેજોમય દેહ ધરી દીધો. આવા સુકુમાર માનવદેહનો વધ કરતાં બ્રાહ્મણો અચકાયા. સિદ્ધાર્થે જીવમાત્ર પ્રત્યેની કરુણાનો બોધ તેમને આપ્યો અને યજ્ઞમાં થતી જીવહિંસા અટકાવી. બિંબિસાર તો આ અજાણ્યા યોગીથી પ્રભાવિત થઈને તેમને સમગ્ર રાજ્ય સોંપવાને તૈયાર હતા, પરંતુ પોતાના અધિકારનું સામ્રાજ્ય છોડીને આવેલા સિદ્ધાર્થને ફરીથી આ જંજાળમાં ફસાવું ન હતું.

રાજગૃહથી સિદ્ધાર્થ વૈશાલી ગયા. ત્યાં આલારકાલામના આશ્રમમાં રહીને ધ્યાનપદ્ધતિ - સમાધિનાં સાત સોપાન શીખ્યા. ઉગ્ર તપશ્ચર્યાના અંતે પહેલાં અન્ન પછી ફળ અંતે કંદમૂળનો પણ ત્યાગ કર્યો. શરીર કૃશ થઈ ગયું હતું. અસ્થિપિંજર દશ્યમાન બન્યું હતું તેવા સમયે એક દૈવી સંકેત થયો. એક સખી બીજીને કહેતી હતી. ''તારી વીણાના તાર વધુ ખેંચીશ તો તૂટી જશે; ઢીલા રાખીશ તો બેસૂરા વાગશે.'' આ સ્વપ્નોપદેશથી સિદ્ધાર્થના મનમાં અધ્યાત્મપથે મધ્યમમાર્ગનો પ્રકાશ થયો. ભરવાડનાં બાળકને બોલાવીને તેની પાસેથી દૂધ માગીને ગ્રહણ કર્યું. આમ, ક્રમશઃ હઠભોગ હઠયોગ પછી સિદ્ધાર્થ રાજયોગની સાધના તરફ વળ્યા.

વૈશાખી પૂર્ણિમાના પવિત્ર દિવસે સિદ્ધાર્થ બુદ્ધત્વની પ્રાપ્તિના દઢ નિર્ધારથી બોધિવૃક્ષ નીચે આસન લગાવી બેઠા હતા. ત્યાં નિરંજના નદીના તટે સિદ્ધાર્થના માર્ગમાં અવરોધ કરવા 'માર' તેની સમગ્ર સેના સહિત રતિ-અરતિ તૃષ્ણા, મોહ, માયા,લોભ, અજ્ઞાન સાથે પ્રગટ થયો, પરંતુ સિદ્ધાર્થનો સંકલ્પ દઢ હતો. 'માર' હાર્યો, સિદ્ધાર્થ સંબુદ્ધ થયા. તેમણે પાછળના જન્મોનાં દર્શન કર્યાં. બુદ્ધત્વ પ્રાપ્તિ માટેની જ્ઞાન-વિજ્ઞાન સમજાવતી સમાધિમાં તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યું, દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખનો નાશ છે અને તે માટે ઉપાય પણ છે. આ જ્ઞાન થતાં સિદ્ધાર્થના જન્મનો અર્થ સિદ્ધ થયો. તેઓ ભગવાન બુદ્ધ The Enlightened one બન્યા.

જ્ઞાનપ્રાપ્તિ પછી તે દિવ્ય આત્મીય આનંદનું વિતરણ કરવા પ્રભુએ આ પવિત્ર બોધીગયાથી શરૂઆત કરી. તોફાન વચ્ચે તેમની રક્ષા કરવા નાગરાજ મુચલિન્દે પોતાની ફેણ ફેલાવી. તેમની રક્ષા કરી. ગુરુ તરીકે બુદ્ધ ભગવાને અનેક શિષ્ય કર્યા. ઊંચ-નીચ, રાય-રંક, બ્રાહ્મણ - ચાંડાલ, સંન્યાસી - ગૃહસ્થી પુરુષો-સ્ત્રીઓ કૌશલ દેશના રાજવી પ્રસેનજિત, કૌસાંબીના ઉદયન, મગધના બિંબિસાર રાજાઓએ તેમનું શિષ્યત્વ સ્વીકાર્યું, ઠેરઠેર તેમના માટે - તેમના અગણિત ભિખ્ખુઓ માટે વિહારસ્થાનો બાંધવામાં આવ્યાં અને ફરી પાછું વૈશાખી પૂર્ણિમાની રાત્રે એક પછી એક સમાધિનાં સમગ્ર સોપાનો સર કરીને સ્થૂળ દેહનાં બંધન ત્યાગી મહા-પરિનિર્વાણ કર્યું, બુદ્ધં શરણં ગચ્છામિ, ધમ્મં શરણં ગચ્છામિ, સંઘં શરણં ગચ્છામિ સાથે ''ૐ મા ની પે મેં હૂં'' 'હું મહા મણી પદ્મમાં છું,'નો દિવ્ય મંત્ર આપ્યો. તેમનાં બોધવચનો (૧) વિનયપિટક (૨) સુત્તપિટક (૩) અભિધમ્મપિટકમાં સંગ્રહ કરવામાં આવેલ છે. સમ્રાટ અશોકે ઊભા કરેલા બૌદ્ધ સ્તુપો, શિલાલેખો અને બૌદ્ધ ગુફાઓમાં આ સંદેશાઓ આજે પણ જીવંત છે. બુદ્ધના જીવનનો પ્રમુખ સંદેશ મૈત્રી, કરુણા, મુદિતા, અહિંસા અને વિશ્વ પ્રેમ છે. ૐ શાંતિ.

# સ્વામી સહજાનંદ

(ઈ.સ. ૧૭૮૨ - ૧૮૩૦) - શ્રી (પ્રો.) બલ્લુભાઈ નાયક (અમલસાડ)

હિમાલયની પહાડીમાં ગંડકી નદીના કિનારે એક બાલયોગી તપસ્યા કરતો હતો. એનું શરીર સુકાઈને હાડકાંનો માળો બની ગયું હતું. અહીં એને એક યોગી મળી ગયા. એ યોગીનું નામ ગોપાલ યોગી. એમણે પોતાની સંપૂર્ણ યોગવિદ્યા એને શીખવી અને પછી દેહ છોડ્યો. હવે આ તરુણ યોગી ભારતનાં તીર્થોનાં દર્શને નીકળી પડ્યો.

એ તરુણ યોગીનું નામ નીલકંઠ બ્રહ્મચારી. અયોધ્યા પાસે છપૈયા નામે ગામમાં સં. ૧૮૩૭ની ચૈત્ર સુદ નોમ, રામનવમીએ, ઈ.સ. ૧૭૮૨માં એનો જન્મ થયો હતો. એનું બાળપણનું નામ ઘનશ્યામ હતું. એનું ચિત્ત સંસારમાં નહીં હોવાથી અગિયાર વર્ષની ઉંમરે એણે ગૃહત્યાગ કર્યો હતો.

નીલકંઠ બ્રહ્મચારી આખા ભારતવર્ષનું ભ્રમણ કરી જૂનાગઢ જિલ્લાના લૌંજપુર ગામે આવ્યા. અહીં રામાનંદ સ્વામીના આશ્રમમાં આવ્યા અને એમણે નીલકંઠ બ્રહ્મચારીને વિધિપૂર્વક દીક્ષા આપી એમને સહજાનંદ સ્વામી અને નારાયણ મુનિ એવાં બે નામ આપ્યાં ને ખુલ્લું જાહેર કર્યું, 'અમે તો ડુગડુગી વગાડનારા હતા, ખરા વેશના ભજવનારા હવે આવ્યા છે. અમે માત્ર પાયાની બે ઈંટ મૂકી છે, સાત માળની હવેલી તો એ ઊભી કરશે, વરસ પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીનો પોતાની ગાદી પર અભિષેક કર્યો ને ધર્મની ધુરા તેમને સોંપી. સં. ૧૮૫૮ કારતક સુદ-૧૧ના આ પ્રસંગે રામાનંદ સ્વામીએ તેમને વરદાન માગવા કહ્યું ત્યારે સહજાનંદ સ્વામીએ માગ્યું, 'તમારા ભક્તને દુઃખ થવાનું હોય તો એ દુઃખ એને ન થતાં મને થાઓ અને તમારા ભક્તના ભાગ્યમાં રામપાત્ર હોય તો એ રામપાત્ર મને મળો ને તમારો ભક્ત કદી અન્ન-વસ્ત્રે દુઃખી ન થાઓ !'

સહજાનંદ સ્વામી એકવીસ વર્ષના થવા આવ્યા. તેમણે ભક્તોને નવો જ મંત્ર આપ્યો, 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ જપો, એક નવા મંત્રનું પૃથ્વી પર અવતરણ થયું. મંત્ર જપતાંની સાથે ભક્તને સમાધિ થઈ જતી. સમાધિમાં સહજાનંદ સ્વામીનાં ભગવાન પુરુષોત્તમ નારાયણરૂપે દર્શન થતાં. ભક્તોની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

સહજાનંદ સ્વામી (શ્રીજી મહારાજ) હરિભક્તોને લઈ ગામડાંમાં ફરતા. તેઓ જ્યાં જાય ત્યાં સત્સંગનો મહિમા થાય, ભજન- કીર્તન, પૂજાપાઠ ને કથા ચાલે. મહારાજની વાણી સાંભળતા હિંદુ હોય કે મુસલમાન સૌને પોતાના ઈષ્ટદેવનાં દર્શન થતાં. નાનાં છોકરાંને પણ સમાધિ થઈ જતી.

ધીરે ધીરે મહારાજનું સંતમંડળ અને ભક્તમંડળ વિસ્તરતું ગયું. મહારાજના ઉપદેશની એક ખાસ વાત હતી. સદાચાર અને દૃઢ નિષ્ઠા – કેફી પદાર્થોનો ત્યાગ-પાનબીડીનો પણ ત્યાગ. સાધુઓને મહારાજની ખાસ આજ્ઞા હતી - કોઈ મારે, પીટે, ગાળ દે, અપમાન કરે તો પણ સહન કરવુંઃ સામો હાથ ઉગામવો નહીં, ક્ષમા છોડવી નહીં. સહન કરીને બીજાના કલ્યાણની જ કામના કરવી. અષ્ટાંગ બ્રહ્મચર્યનું પાલન કરવું. સ્ત્રીનું કેવળ વસ્ત્ર જોવાઈ જાય તો પણ ઉપવાસ કરવો.'

મહારાજે તેમના સાધુઓને કષ્ટ પડતું જોયું એટલે રાતોરાત પાંચસો સાધુઓને પરમહંસ બનાવી દીધા. હવે બધા સાધુ એક વર્ણના થઈ ગયા અને તેમના ખાવાપીવાના વર્ણાશ્રમના ભેદ નાશ પામી ગયા. એ વખતે એમની ઉંમર માત્ર ત્રેવીસ વર્ષની હતી. મહારાજનો હેતુ સાધુઓને ઝડપથી આધ્યાત્મિક માર્ગે આગળ લઈ જવાનો હતો એટલે એમને સતત વિચરણ કરતા રહેવાની આજ્ઞા કરી.

મહારાજના ગૃહસ્થ ભક્તો પણ નિષ્ઠાવાળા હતા. મહારાજના એક બોલ પર ફના થવા તૈયાર હતા. મહારાજ ગઢડામાં દાદા ખાચરના દરબારમાં રહેતા હતા. દાદા ખાચરે પોતાનું સર્વસ્વ મહારાજના ચરણે ધરી દીધું હતું. ગઢડામાં મહારાજ મંદિર બંધાવતા હતા ત્યાં એક દીનહીન બ્રાહ્મણે ચીંથરે વીંટેલું પોતાનું ધન મહારાજના ચરણમાં ધરી દીધું હતું. મહારાજે દુર્બળ ભક્તની જય બોલાવી હતી.

મહારાજ સામે ચાલીને સગરામ વાઘરીના ઘેર ગયા અને માગીને રોટલો ખાધો હતો. આમ, મહારાજને મન ગરીબ-તવંગર કે ઊંચ-નીચનો ભેદ નહોતો. ઊલટું પછાત અને હલકી ગણાતી કોમો તરફ મહારાજને વિશેષ લાગણી હતી. ખેડા જિલ્લાનો ચોર-લૂંટારાનો સરદાર જોબન પગી મહારાજનો પરમ ભક્ત બની ગયો હતો. તેણે પોતાની બધી જ જમીન વડતાલનું મંદિર બાંધવા આપી દીધી હતી.

મહારાજે સેંકડો સાધુઓ રહી શકે અને હજારો હરિભક્તો ભેગા થઈ શકે એવી મંદિરોની રચના કરી, તેમાં કલાકારીગરીને પણ પુષ્કળ ઉત્તેજન આપ્યું. આ મંદિરો બાંધવામાં સંતો અને ભક્તોએ પારાવાર શ્રમ કર્યો છે. ગઢડામાં તો મહારાજ પોતે મંદિર માટે પથ્થર માથા પર ઊંચકી લાવતા.

મહારાજ જેમ કલાકારીગરીને ઉત્તેજન આપનારા હતા તેમ વિદ્યાની ઉપાસનામાંય તેમણે કસર રાખી નથી. પોતાના સાધુ-સંતોને તેઓ સંસ્કૃત શીખી શાસ્ત્રોનો અભ્યાસ કરાવતા હતા. મહારાજે 'શિક્ષાપત્રી' નામે નાનકડી પુસ્તિકા લખી છે, જેમાં તેમનો તમામ ઉપદેશ ટૂંકમાં કહ્યો છે. શિક્ષાપત્રીમાં મહારાજે આચરણના સામાન્ય ધર્મો બતાવી આચાર્ય, ગૃહસ્થ, સાધુ અને બ્રહ્મચારીના વિશેષ ધર્મોનું વર્ણન કર્યું છે.

મહારાજે કહેલા કેટલાક સામાન્ય ધર્મો જોઈએ:

૧. ધર્મકર્મ અર્થે પણ ચોરી કરવી નહીં.
૨. ધણીની રજા વગર ફૂલ-ઈંધણ પણ લેવાં નહીં.
૩. લાંચ લેવી નહીં.
૪. કોઈ જીવની હિંસા કરવી નહીં.
૫. આપઘાત હિંસા છે.
૬. જુગાર રમવો નહીં. ભાંગ, ગાંજા- તમાકુનું સેવન કરવું નહીં.
૭. પોતાનાં વખાણ પોતે કરવાં નહીં.
૮. અંગ દેખાય તેવાં વસ્ત્રો પહેરવાં નહીં.
૯. જાહેર જગ્યાએ થૂંકવું સુધ્ધાં નહીં.
૧૦. ધર્મ સંબંધી કાર્ય તત્કાળ કરવું.
૧૧. સૂર્ય ઊગ્યા પહેલાં ઊઠવું ને નાહી-ધોઈ શ્રીકૃષ્ણનો અષ્ટાક્ષર મંત્ર જપવો.

આવી રીતે મહારાજે લગભગ ત્રીસ વર્ષ કામ કર્યું પછી પોતાની જીવનલીલા તેમણે સં. ૧૮૮૬ જેઠ સુદ-દશમ, તા. ૨૮-૬-૧૮૩૦ના રોજ સંકેલી લીધી.

**(સાધુ વાસવાણી પાન નં. ૪૫ ઉપરથી ચાલુ)**

૧૯૧૦માં બર્લિન(જર્મની)માં વિશ્વધર્મ પરિષદમાં તેઓ પ્રતિનિધિ તરીકે ગયેલા ત્યારે તેમણે યુરોપના અન્ય ભાગોનો પણ પ્રવાસ કરેલો. વાસવાણીજી બર્લિન પહોંચ્યા ત્યારે તેમનો આલીશાન હોટલમાં રાતવાસો હતો, પરંતુ પ્રોફેસર તો જમીન પર સૂવા ટેવાયેલા હોવાથી ઊંઘમાં ખલેલ પડી. વિશ્વ પરિષદમાં તેમણે ઋષિમુનિઓના સંદેશાની વાત કરી. તેમણે કહ્યું, દરેકે પોતાની જાતને ઓળખવી જરૂરી છે. કીર્તિ અને સંપત્તિ માટે જાતને ગુલામ બનાવવી ન જોઈએ. ગરીબ માણસમાં પણ મહાન આત્મા વસે છે. તેથી સ્વાભિમાનપૂર્વક જીવવું જોઈએ. ભારતીય સંસ્કૃતિ આત્માના અમરત્વને માને છે.' જર્મનીથી પ્રો. વાસવાણી ઈંગ્લેન્ડ ગયા. ત્યાં રોઝલિનમાં ભાષણ આપ્યું. તેમના ભાષણનો વિષય હતો : 'યુરોપને શાની જરૂર છે ?' તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'તમે સત્તા અને કીર્તિ પાછળ દોડો નહીં. આ બધું નાશવંત છે, જ્યારે કોઈ પણ દેશ, સમાજ કે વ્યક્તિ સત્તા અને કીર્તિની પાછળ દોડે છે ત્યારે એમ સમજવું કે વિનાશ નજીક આવેલ છે. યુરોપે સાદગીભર્યું જીવન જીવવાની જરૂર છે. સાદગી એ દેશની તાકાત છે.' યુરોપના ઘણા લોકો તેમના ચાહકો અને પ્રશંસકો બન્યા. યુરોપમાં છ માસ રહી તેઓ પાછા ફર્યા. ૩૨ વર્ષની વયે તેઓ લાહોરની દયાલસિંગ કોલેજના પ્રિન્સિપાલ બન્યા. તેઓ કોલેજના વાતાવરણમાં આમૂલ પરિવર્તન લાવી શક્યા.

૧૯૧૯માં માતા વરમદેવી પ્લેગનો શિકાર બન્યાં. માતાને તેમણે વચન આપ્યું હતું કે જ્યાં સુધી તે જીવતાં હશે ત્યાં સુધી ફકીર બનશે નહીં. હવે તેઓ ફકીર થવાને મુક્ત હતા. ઈશ્વર અને માનવતાની સેવા કરવા તેમણે કોલેજમાં રાજીનામું આપ્યું અને સમગ્ર ભારતમાં ફરી યુવાનોમાં દેશપ્રેમ, સાદગી, સેવા અને ત્યાગની ભાવના જાગ્રત કરી. તેમણે પૂર્વ અને પશ્ચિમના સંત-મહાત્માઓના સંદેશનો પ્રચાર-પ્રસાર કર્યો.

સાધુ વાસવાણીજીએ સિંધમાં પ્રજાહિતનાં કાર્યો શરૂ કરેલાં, તેનાથી વધુ કાર્યો કરવાની સગવડ ઈશ્વરે તેમને પૂનામાં કરી આપી. તેમણે સ્કૂલ, કોલેજ, હોસ્ટેલ, ગીતાભવન, દવાખાનું - આવી વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી હતી.

૧૫ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ સવારે શિષ્યો જોડે ચા પીતાં વાર્તાલાપમાં તેમણે જણાવ્યું કે તેમનાં બે જોડ કપડાં રહેવા દઈ બાકીના ગરીબોમાં વહેંચી દેવાં. ૧૬ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ સવારે ૮.૩૦ વાગ્યે તેમનો દેહાંત થયો. સાધુ વાસવાણીએ ચાલુ કરેલ અનેક માનવસેવાની પ્રવૃત્તિઓ, શૈક્ષણિક સંસ્થાઓ, આધ્યાત્મિક પ્રાર્થનાસમાજો દ્વારા તેઓ હંમેશાં અમર રહેશે.

# અશો જરથુષ્ટ્ર

- એવરદ એ. ડી. દાબુ

'દરેક માનવીએ 'બેહમન' અર્થાત્ ભલાઈ, દયા, માયા, પ્રેમ, મિત્રાચારી વગેરે ગુણોનું પાલન કરવાનું છે, જેથી તે 'અરદીબહેસ્ત (સંપૂર્ણ પવિત્રતા)ને પામી શકે. જો એક માનવી પવિત્ર હોય તો તેનામાં 'શહેરેવર એટલે મજબૂત ઈચ્છાશક્તિ - દૃઢ મનોબળ - (Divine will power) - આવી શકે પણ સાથે- સાથે તે માનવીમાં 'સ્પેન્દારમંદ' (નમ્રતા) હોવી જોઈએ. ઉપલા બધા સદ્‌ગુણો હોવા છતાં માનવીમાં નમ્રતા હોય તો જ 'ખોરદાદ' - સંપૂર્ણ બની શકે. - આ શબ્દો અશો જરથુષ્ટ્રના છે.

પારસીઓના પયગંબર અશો જરથુષ્ટ્ર આજથી આશરે ૮૦૦૦ વર્ષ પર ઈરાનમાં થઈ ગયા. એમનું મૂળ નામ અવસ્તામાં જરથુષ્ટ્ર છે; જેનો અર્થ થાય છે, 'સોનેરી સિતારાના જેવો.' બીજો અર્થ થાય છે, 'સોનેરી રંગનાં ઊંટોનો માલિક', ગાય-પશુઓ એ અસલ જમાનાના આર્યોની મિલકત હતી, આથી તેમના નામ પાછળ આ પ્રત્યય લગાડવામાં આવતો. એમના પિતાનું નામ 'પોઉરૂશસ્પ' (ઘણા ઘોડાનો માલિક) અને માતાનું નામ 'દોગદો' (દીકરી) હતું.

પયગંબર જરથુષ્ટ્રના આગમન સમયે 'માઝદયરની ધર્મ' પાળવામાં આવતો હતો, મઝદા એટલે મહાજ્ઞાની '(Omniscient)' - ખુદા જેણે આપણને બધું જ - હવા, પાણી, જમીન, ઝાડપાન વગેરે મફત આપ્યું છે એવો મહાદાની ખુદા, 'યસ્ત' એટલે બંદગી કરવી. તેથી એ ધર્મ 'માઝદયરની' (એક જ ખુદાની બંદગી કરનાર) એકેશ્વરવાદી '(Monotheist)' હતો. પાછળથી આર્યોમાં જુદી જુદી માન્યતાઓ ફેલાવા લાગી અને તે લોકોમાં ખુદાની બંદગી - માઝદયરની ધર્મનો ખ્યાલ ભુલાતો ગયો, જેના કારણે કુટુંબમાં કુસંપ વધ્યો, ઝઘડા થવા લાગ્યા. છેવટે દેશભરમાં લડાઈઓ થવા લાગી. તેથી છેવટે ધરતીમાતાએ ખુદાને ફરિયાદ કરી અને આ ત્રાસમાંથી પોતાને બચાવવા માટે કોઈ બળવાન સરદાર મોકલવા અરજ કરી, જેના પરિણામે પયગંબર જરથુષ્ટ્રનો જન્મ પૃથ્વી પર થયો.

જરથુષ્ટ્રના જન્મ વખતે ત્યાંનો હાકેમ બૂરો હતો. તેણે જરથુષ્ટ્રને મારી નાખવાની અનેક કોશિશ કરી. પરંતુ દરેક વખતે ખુદાએ તેમનો ચમત્કારિક બચાવ કર્યો. અંતે માતા દોગદો સાવચેતી અને સલામતી ખાતર જરથુષ્ટ્રને લઈ પોતાના પિતાને ત્યાં ગયાં. ત્યાં જરથુષ્ટ્ર ૧૦ - ૧૨ વર્ષ રહ્યા, જે દરમિયાન તેમને દરેક જાતની વિદ્યા - અસ્ત્રશસ્ત્રની વિદ્યા પણ શીખવવામાં આવી, કારણ ઈરાનમાં દરેક બાળક માટે લશ્કરી તાલીમ લેવાનું ફરજિયાત હતું. લગભગ ૧૫ વર્ષની યુવાન વયે પયગંબર જરથુષ્ટ્ર એમના પિતાને ત્યાં પાછા ફર્યા. તે સમયે પિતાની મિલકતની વહેંચણી અંગે જરથુષ્ટ્રના ચાર ભાઈઓ વચ્ચે ઝઘડો ચાલતો હતો. તેમના ભાઈઓએ તેને ભાગ આપવો ન પડે માટે જરથુષ્ટ્રને ખૂબ હેરાન કર્યા. જરથુષ્ટ્ર ઝઘડા અને હેરાનગતિથી ત્રાસી જઈને નજીકના એક પર્વત પર ખુદા સાથે એકધ્યાન થવા ચાલ્યા ગયા.

જરથુષ્ટ્રે લગભગ ૧૦ વર્ષ પર્વત પર ગાળ્યા, જે દરમિયાન તેમણે ખુદા સાથે એકધ્યાન થઈ મનન કરીને મૂંઝવતા સવાલોના જવાબ મેળવ્યા - જેમ કે માણસ કોણ છે ? ક્યાંથી આવ્યો ? શા માટે આવ્યો ? ચંદ્રની વધઘટ શાથી થાય છે? નદી, નાળાં, પર્વત વગેરે ઉત્પન્ન કરવાનું પ્રયોજન શું ? વગેરે. આ સમય દરમિયાન તેઓ ફળ, કંદમૂળ ખાતા અને ઝરણાનું પાણી પીતા. પર્વત પર ૧૦ વર્ષ પસાર કર્યા પછી ૨૫ વર્ષની ઉંમરે જરથુષ્ટ્ર વસ્તીમાં આવ્યા અને પોતાને પ્રાપ્ત થયેલા ધાર્મિક જ્ઞાનનો પ્રચાર લોકોમાં કરવા લાગ્યા.

પયગંબર જરથુષ્ટ્રે જે કામ કર્યું છે તે પેલી બૂરી

માન્યતા - ઝાડ - પથ્થર, પાણીની પૂજા દૂર કરીને અસલી માઝદયરની (એક ખુદાની માન્યતાનો) ધર્મ ફરીથી પ્રસ્થાપિત કર્યો. આ કાર્ય અતિ કપરું હતું, જે માટે જરથુષ્ટ્રે પોતાના જીવનનાં કીમતી વર્ષો પૂરાં કર્યાં અને એમનો જાન પણ આ ધાર્મિક કાર્ય કરતાં જ ગયો.

એમનું ધાર્મિક પ્રવચન સાંભળવા ભેગી થયેલી જંગી માનવ મેદનીને જરથુષ્ટ્ર કહેતા, 'હું જે કહેવા માગું છું તે ધ્યાનથી સાંભળો અને તે ઉપર મનન કરો. બે રસ્તા છેઃ એક ભલાઈનો - સારો અને બીજો બુરાઈનો - ખરાબ. એ બંનેમાંથી તમે પોતે (કોઈની પણ ભલામણ કે દાબ - દબાણ વગર) પસંદ કરો; પણ એટલું યાદ રાખજો કે જેવો રસ્તો તમે પસંદ કરશો તેવું ફળ તમને મળશે. ભલાને ભલું ને બૂરાને બૂરું.'

આમ, પયગંબર જરથુષ્ટ્રે સંપૂર્ણ સહિષ્ણુતાથી માઝદયરની ધર્મનો પ્રચાર કર્યો. છેવટે માઝદયરની શબ્દ નીકળી જઈને 'જરથોસ્તી' શબ્દ ચાલુ રહ્યો. આજે પણ એ ધર્મ જરથોસ્તી ધર્મના નામે ઓળખાય છે. પારસીઓ ઈરાનના મુખ્ય પ્રદેશ 'પાર્સ'માંથી આવેલા હોવાથી પારસીના નામે ઓળખાય છે. પારસી એ કોમ છે, જ્યારે જરથોસ્તી ધર્મ છે.

એક વખત ઈરાનનો રાજા ગુસ્તાસ્પ મોટું લશ્કર લઈ તેના તાબાના એક પ્રદેશનો બળવો શમાવવા ગયો હતો, તે પ્રસંગનો લાભ લઈ તુરાનના રાજાએ ઈરાન પર ચડાઈ કરી અને માનવીઓની કત્તલ ચલાવી અને પોતાના વિશ્વાસુ સરદારને તેણે પયગંબર જરથુષ્ટ્રની શોધમાં મોકલ્યો. જરથુષ્ટ્ર એક આતશ બહેરામમાં (અગ્નિનું મંદિર) બંદગી કરતા હતા, ત્યાં આ બૂરા સરદારે તેમની પીઠમાં ખંજર માર્યું. ખંજર પીઠમાં છેક અંદર ઘૂસી જવાથી પયગંબર જરથુષ્ટ્ર બેભાન થઈ ગયા ને જમીન પર પડ્યા. પડતાં પડતાં તેમણે પેલા બૂરા સરદાર તરફ પોતાની તસબી (કેરબાની માળા) મારી, જે તેના મસ્તકમાં જોરથી વાગવાથી તે બૂરો સરદાર તરફડીને મરણ પામ્યો અને પયગંબર જરથુષ્ટ્ર પણ શરીરમાં થયેલા ઘાના પરિણામે ઘણું લોહી વહેવાથી અવસાન પામ્યા. આમ, પયગંબર જરથુષ્ટ્રનું ૭૭ વર્ષની ઉંમરે કરુણ સંજોગોમાં અવસાન થયું.

પયગંબર જરથુષ્ટ્રે શિખવાડેલા પાયાના સિદ્ધાંતો- હુમત, હુખ્ત અને હવશંત - અર્થાત્ સારાં વિચાર, સારાં વચન અને સારાં કામ છે. એક પારસી બાળક તેની રોજિંદી પ્રાર્થનામાં નિયમિત ભણે છે કે, 'હું સારાં વિચાર, સારાં વચન અને સારાં કર્મમાં આસ્થા રાખું છું. બીજા ચાર મુખ્ય સિદ્ધાંતો દરેક પારસી જરથોસ્તી ધર્મનું એકરારનામુંમાં ભણે છે - (૧) અહિંસા (૨) ધર્મ અને દેશના રક્ષણ ખાતર ઝઝૂમવું (૩) દાનવૃત્તિ (૪) પવિત્રતા.

પયગંબર જરથુષ્ટ્રે તેમના સમગ્ર જીવન અને ધર્મ પ્રસારણ દરમિયાન અહિંસાનું પાલન કર્યું છે અને પોતાના અનુયાયીઓને પણ અહિંસાનું પાલન કરવાનો અનુરોધ કર્યો છે અને યુવતીઓને શિખામણ આપી છે - 'લોભ- લાલચ કરશો નહીં, અદેખાઈ, ચાડીચુગલીથી દૂર રહેજો, ક્રોધ કરશો નહીં. પ્રજાની ઉન્નતિ ને સંસ્કૃતિનો આધાર એક માતા તેનાં બાળકોને કેવું શિક્ષણ આપે છે તેના પર છે.' એથી જ જરથોસ્તી ધર્મમાં માતાને ઘરની સરદાર, ગુરુ અને નેતા સમાન ગણવામાં આવે છે. આ બધું વર્ણન 'વહીસ્તાઈશ્તી' ગાથામાં સમાયેલ છે, જેની રચના અશો જરથુસ્ટ્રે કરેલ છે.

**પયગંબર જરથુષ્ટ્રની ગાથા**

આ સૃષ્ટિનું સંચાલન ખુદા અને તેમના છ અમેશાસ્પંદો (પવિત્ર-દિવ્ય ફરિસ્તાઓ) મળીને સાત પવિત્ર અણદીઠ હસ્તીઓથી થાય છે. જે નીચે મુજબ છે.

- હોરમઝદ : સઘળી માનવજાત
- બહેમન : પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુઓ
- અર્દી બહેસ્ત : સૂર્ય, ચંદ્ર, તારા, આતશી ગોળા
- શહેરેવર : દરેક જાતની ધાતુ તેમજ ખનિજ
- સ્પેન્દારમન્દ : જમીન, પહાડો, ટેકરીઓ
- ખોરદાદ : નદી, નાળાં, તળાવ, દરિયા, કૂવા, વાવ, સરોવર
- અમરદાદ : લીલોતરી

# ગુરુ નાનકદેવ

(ઈ.સ. ૧૪૬૯ - ૧૫૨૮)

- શ્રી નલિન છોટાલાલ પંડ્યા (રૂદણ)

ગુરુ નાનકનો જન્મ સં.૧૫૨૬ની કારતક સુદ પૂર્ણિમાના રોજ આજના પાકિસ્તાનમાં આવેલ લાહોર જિલ્લાના તલવંડી ગામે થયો હતો. આજે તેને 'નાનકાના સાહિબ' તરીકે ઓળખવામાં આવે છે.

શ્રી કાલુરામજીને પોતાને ત્યાં પુત્રજન્મના સમાચાર મળ્યા ત્યારે તેઓ ખૂબ આનંદિત થયા. દાન-પુણ્ય કર્યું. પંડિત હરદયાલે પુત્રની જન્મપત્રિકા તૈયાર કરી કહ્યું, 'ભાઈ કાલુ ! તારો દીકરો કોઈ ઈશ્વરીય અવતાર લાગે છે; તે જગતનો ઉદ્ધાર કરશે, એને અહીં લાવ. મારે તેનાં દર્શન કરવાં છે.'

નાનક બાળપણથી જ રમતગમતમાં ઉદાસ હતા. ભજનો ગાવાં, ધ્યાન ધરવું. બારણે કોઈ ભિક્ષુક આવે તો ઘરમાંથી વાસણો, વસ્ત્રો, અનાજ વગેરે જે હાથ લાગ્યું તે આપી દેવાની વૃત્તિ હતી. પંડિતોએ કહ્યું, ''કાલુ! બાળકના પ્રતાપને તું જાણતો નથી. જા ભાઈ તેથી પુત્રમોહ - માયામાં રહેતો નહીં. આ પરમેશ્વર તારે આંગણે પધાર્યા છે એમ જાણીને સાચી પ્રીત કરજે.''

છ વર્ષની ઉંમરે તેમને પહેલાં ગોપાલ પંડ્યાની ગામઠી શાળામાં, પછી પંડિત બ્રિજનાથજી પાસે વેદ ભણવા, ત્યાર બાદ રાય બુલાર પાસે કહેવડાવીને મૌલવી કુતુબુદ્દીન પાસે ફારસી ભણવા મોકલવામાં આવ્યા. આ બધા પંડિતો અને મૌલવીઓ કંઈ પ્રશ્ન પૂછે તો તે પ્રશ્નની ઉપજ પરણ અને અધિકારનું આખુંયે શાસ્ત્ર બાળક નાનક કહી બતાવતો. એક દિવસ નાનકે મૌલવીને જ પૂછ્યું, "અલફ એટલે શું ?" હજી સુધી કોઈ બાળકે આ પ્રશ્ન તેમને પૂછ્યો ન હતો અને તેમને અલફનો અર્થ ખબર પણ ન હતો. નાનકે કહ્યું, 'અ' અલ્લાહને યાદ કરો. બે (બ) બૂરાઈનો ત્યાગ કરો. તે (ત) બુરુ કર્યું હોય તો પશ્ચાતાપ કરો, અને સે (સ) પરમેશ્વરની જ ઓળખ રાખો." વ્યવહારિક દષ્ટિએ આ ત્રણ શિક્ષકો પાસે જ્ઞાન સંપાદન કર્યું. પરંતુ ખરા અર્થમાં નાનકે જ આ ત્રણેય ગુરુજનોને આત્મજ્ઞાનની દીક્ષા આપી હતી.

નવ વર્ષની ઉંમરે તેને યજ્ઞોપવીત આપવાનું નક્કી થયું ત્યારે નાનકે તેનો વિરોધ કર્યો હતો. તેણે પૂછ્યું, 'આ સૂતરના તાતણાં મને બ્રહ્મજ્ઞાન આપશે ?'' જનોઈનો અર્થ સમજાવતાં નાનકે કહ્યું, 'દયા કપાસ સંતોષ સૂત જત ગંઠી સતવટ, ધન્યો સો માણસ નાનકા જે ગલ ચલે પાય.'' સૌ સમસમી ઊઠ્યા, નાનકની વાત સાચી હતી. અંતે માતાના કહેવાથી, તેથી માતાની આજ્ઞા માની નાનકે જનોઈ પહેરી. પિતાએ નાનકને ખેતર સાચવવા મોકલ્યા તો નાનકે પક્ષીઓને ઉડાડ્યાં નહીં, પરંતુ કહ્યું, ''રામ કી ચીડિયા, રામ કા ખેત, ખાલો ચીડિયા ભરભર પેટ.'' પિતાએ કપાળ કૂટ્યું, આ છોકરો તે વળી શું કામનો ?

એક દિવસ નાનક ખેતરમાં પગ લંબાવીને સૂતા હતા, તેમના મસ્તક ઉપર એક નાગરાજ ફણાનું છત્ર ધરી રહ્યા હતા. અચાનક આ જ સમયે રાયબુલાર ત્યાંથી પસાર થયા. તેમણે આ દશ્ય જોયું ત્યારથી તેઓ નાનકને ઈશ્વરીય અવતાર માનવા લાગ્યા,

નાનકને જે કંઈ કામ સોંપવામાં આવતું, પિતાને એક પણ કામમાં ભલીવાર ન લાગતો. એક દિવસ તેના હાથમાં વીસ રૂપિયા આપ્યા. કહ્યું, ''જા ખેતરનું કામ ન કરવું હોય તો કોઈ વ્યાપાર કર.'' નાનક પોતાના બાલમિત્ર બાલા સાથે શહેરમાં કામ માટે નીકળ્યા. રસ્તામાં એક વૃક્ષ તળે એક સંતવૃંદને જોયું. ખબર પડી કે સંતો ત્રણ દિવસથી ભૂખ્યા છે. અયાચકવ્રતીઓ છે. બસ! નાનકને નફો મળે તેવા વેપારની તક મળી ગઈ. પોતાની પાસેના પૈસામાંથી સંતોને ભોજન કરાવ્યું. પાછા આવીને પિતાજીને વાત કરી. પિતા તો સમસમી ગયા, પણ મૌન રહ્યા, તેમણે નાનકને પુત્રી નાનકીને ત્યાં કપૂરથલા રાજ્યના સુલતાનપુર ગામે મોકલી આપ્યા.

બહેન નાનકી, નાનકને બહુ વહાલી હતી. બનેવી જયરામ શેઠ પણ ખૂબ ભલા. રાજ્યમાં તેમની સારી વગ. નાનકને નવાબને ત્યાં મોદી ખાતામાં ભંડારી તરીકે નોકરી અપાવી દીધી. નાનકને નોકરી ગમી ગઈ. તેમણે તો ભંડારો ખોલી દીધો. આ ફરિયાદ નવાબ પાસે ગઈ. નવાબે હિસાબ તપાસ્યો તો બધું બરોબર હતું. ઊલટા નાનકના પૈસા લેણા નીકળતા હતા ! નાનક પ્રત્યે નવાબનો પ્રેમ વધી ગયો. આ મોદીખાનું 'હંટી સાહેબ'ના નામે ઓળખાય છે.

કાલુરામજી અને નાનકીએ મળીને નાનકને નાથવા માટે ગુરુદાસપુર જિલ્લાના પખા ગામ નિવાસી ક્ષત્રિય મૂલચંદ્રની પુત્રી સુલક્ષણી સાથે તેમનાં લગ્ન કર્યાં. નાનકને બે પુત્રો પણ થયા. શ્રીચંદ્ર (જેમણે ઉદાસીન સાધુ સંપ્રદાય ચલાવ્યો) અને લક્ષ્મીચંદ્ર. આ બંને પુત્રોએ કુળ દિપાવ્યું.

મોદીખાનામાં એક દિવસ અનાજ જોખતાં એક, દો, તીન, અગિયાર, બારા, તેરા તેરા તેરા બોલતાં તેમણે 'મેરા કુછ નહી સબ કુછ તેરા' કહીને મોદીખાનું છોડ્યું અને નદીએ નહાવા ચાલ્યા. લોકોને લાગ્યું કે નાનક ડૂબી ગયો, પરંતુ તેને મહાપ્રકાશનાં દર્શન થયાં હતાં. તે ઘેર પાછા આવ્યા જ નહીં. ખૂબ શોધતાં ત્રણ દિવસ પછી દૂર એક ગામના આંબાવાડિયામાં ભજન ગાતો નાનક મળી આવ્યો. સૌએ ખૂબ મનાવી જોયા, પરંતુ નાનકે કહ્યું, 'મારે હવે સંસારનો અંક પૂરો થઈ ગયો છે. હું તમારાથી દૂર છું જ નહીં, છતાં જ્યારે મનથી યાદ કરશો ત્યારે ગમે ત્યાંથી હાજર થઈ જઈશ અને ખરેખર એક દિવસ બહેન નાનકી ફુલકા બનાવતી હતી. સરસ ફુલકું જોઈ વિચાર આવ્યો. 'ભાઈ હોત... તો... તે ફુલકું જમીને ખૂબ રાજી થાત,' તુલસી દાસીએ કહ્યું. 'અરે ભાઈ તો ક્યાં હશે ?' આ બાજુ નાનક અને મર્દાના દૂર એક વૃક્ષ તળે હતા. નાનકે મર્દાનાને કહ્યું, 'હું આવું નહીં ત્યાં સુધી આંખો બંધ રાખીને પ્રભુ ભજન કર' અને નાનક નાનકીના બારણે પ્રગટ થયા. બારણું ખખડાવ્યું. તુલસી દાસીએ બારણું ખોલ્યું. ગુરુને દેખીને આભી જ થઈ ગઈ. બહેન નાનકી પણ દોડતી આવી. ભાઈનાં ઓવારણાં લીધાં. હેતે જમાડ્યા. આવો હતો ભાઈ- બહેનનો પ્રેમ અને નાનકની ભક્તો માટેની નિષ્ઠા.

હવે નાનક ગુરુ કહેવાયા હતા. ગુરુનાનકની સાથે તેમના બે મિત્રો સદા હાજર રહેતા. એક મર્દાના અને બીજો બાલા. લોકો એને હિંદુ-મુસ્લિમ એકતાનું પ્રતીક માને છે. મર્દાના મિરાશી હતો. સારો ગાયક હતો. વાજિંત્ર બજાવી જાણતો. ગુરુનાનક ભજન ગાય ત્યારે સંગત કરતો.

ગુરુનાનકનો સૌપ્રથમ વાદ-વિવાદ સુલતાનપુરના નવાબ સાથે થયો હતો. કાજીઓએ નવાબને નાનક વિરોધી ભડકાવ્યા હતા, નવાબે નાનકને દરબારમાં હાજર થવા માટે કહ્યું. નાનક હાજર થયા, પરંતુ સલામ ન ભરી. નવાબ ક્રોધે ભરાયા. નાનકે કહ્યું, 'સલામ તો અલ્લાહને હોય, તમો તો અલ્લાહના બંદા છો. નવાબે નાનકને પોતાની સાથે નમાજ પઢવા કહ્યું, 'નાનક કબૂલ થયા. નવાબે નમાજ શરૂ કરી. નાનક ઊભા જ રહ્યા. નવાબ નમાજ કરતાં કરતાં જ ગુસ્સે થઈ બૂમ મારી... 'ઢોંગી તેં નમાજ કેમ ન પઢી ?' જવાબમાં ગુરુનાનકે કહ્યું, "જે પુરુષ એકચિત્તે ખુદાની બંદગી કરે તેની સાથે જ હું નમાજ પઢું છું. જે નમાઝ પણ પઢે અને મન આમતેમ ભટકતું હોય તેવા ઢોંગી સાથે હું નમાજ કેવી રીતે પઢું ?" અને નમાજ સમયે નવાબના મનમાં જે ગડમથલ ચાલતી હતી તે વાત ગુરુનાનકે કહી બતાવી. નાનકે નમાજનો અર્થ સમજાવતાં કહ્યું." "પંજ નમાઝાં, વક્તપંજ, પંજા પંજે નાઊ / પહેલા સચ્ચ, હલાઈ દુઈ, તીજી ખૈર ખુદા; ચોથી નિયત રાસમન, પંચવી સિસ્ત શના, કરની કરમા આખકે તાં મુસલમાન સડાય, નાનક જેતી કૂડીપાર કૂડી કૂડે પાય." ... અર્થ પાંચ નમાજ પઢો છો ? સત્ય આચરણ, પવિત્રતા, ઈશ્વરમાં દઢ નિષ્ઠા, સાચી નિયત અને છેલ્લે અહંકાર શૂન્યતા, આટલું હોય તે સાચો મુસલમાન અને તેની પાંચ નમાજ સાચી."

પછી તો ગુરુનાનક સમગ્ર ભારતની યાત્રાએ નીકળી પડ્યા. તેમણે ભારતની ત્રણ વાર પ્રદક્ષિણા કરી. ભારત બહાર શ્રીલંકા, મક્કા, મદીના પણ ગયા. મક્કામાં જ્યારે તેઓ આરામ કરતા હતા ત્યારે એક મૌલવીએ આવીને તેમને કહ્યું, 'એય કાફીર ! નાપાક ! ખુદાનાં ઘર કાબા તરફ પગ રાખીને સૂતો છે.' ગુરુનાનકે કહ્યું, ''ભાઈ થાકી ગયો છું, જ્યાં મક્કા શરીફ અને કાબા શરીફ ના હોય ત્યાં મારા પગ મૂકી દો.'' મૌલવીએ ગુરુનાનકના પગ જ્યાં જે તરફ ફેરવ્યા ત્યાં તે તરફ તેમને કાબા શરીફના દીદાર થતાં તે માફી માગીને ચાલ્યો ગયો.

હરિદ્વારમાં લોકો ગંગામાં ઊભા ઊભા સૂર્યને અર્ઘ્ય આપતા હતા. નાનકે પશ્ચિમની દિશામાં પાણી રેડવાનું ચાલુ કર્યું. લોકોએ કહ્યુંઃ શું કરે છે?' નાનકે કહ્યું, 'તમો સૂર્યને પાણી આપો છો. તો હું મારા ખેતરમાં પાણી મોકલાવું છું. જો સૂર્ય સુધી પહોંચતું હોય તો મારા ખેતર સુધી કેમ ન જાય?''

એક વખત એમનાબાદમાં બે ભગત આગ્રહ કરવા લાગ્યા. અમારે ઘેર ભોજન કરો, બંનેને ભોજન ત્યાં બગીચામાં ઝાડની નીચે લાવવાનું કહ્યું. ગામના વજીર મલગ ભાગુનો રોટલો ભાંગતાં તેમાંથી લોહી પડ્યું. જ્યારે લાલો સુથારના રોટલામાંથી દૂધ પડ્યું. નાનકે કહ્યું, ''રોટલો રામનો ખાવો. મહેનતનો ખાવો, હરામનો બેઈમાનીનો ન ખાવો.''

દિલ્હીમાં સિકંદર લોદી તમામ પંડિતોને જેલમાં પૂરતો હતો અને ઘંટી દળાવતો હતાં. નાનકને પણ પૂર્યા. નાનકે કહ્યું, ''દળવાનું બંધ કરો. હરિકીર્તન કરો અને ઘંટીઓ આપોઆપ ચાલતાં સિકંદરે નાનકનું સન્માન કર્યું; બધા પંડિતોને માનપૂર્વક મુક્ત કર્યા.

ઢાકાથી થોડે દૂર એક ગામ. પાણીનું બહુ દુઃખ. નાનકે પોતાની બરછીથી થોડું ખોદયું. અહીં અખૂટ પાણી મળ્યું. આ સ્થાનના ગુરુદ્વારાને બરછા સાહેબ કહેવામાં આવે છે. આ બરછી આજે પણ સચવાયેલી છે.

જગન્નાથજીના મંદિરમાં નાનકે કહ્યું, "પ્રભુની આરતી તો નિત્ય થઈ રહી છે. 'ગગન મેં થાલ રવ (રવિ-સૂર્ય) ચંદ (ચંદ્ર) દીપક બને. તારકા મંડલજનક (જાણે) મોતી, ધૂપમિલ આનલો. પવન ચમરો (ચમ્મર) કરે, સગલ બનરાય ફુલંત જયોતિ; કૈસી આરતી હોવે, ભવખંડના તેરી''

ગુરુનાનકનું કથન છે. 'કીરત કરો તે વંડ છકો, ભગવાનનું ભજન કરો અને વહેંચીને ખાઓ. ''નાનક નામ ચઢ દી કલા, તેરે ભાણે સરભત કા ભલા.'' જે નામ-સ્મરણ કરે છે તેની ઉન્નતિ જરૂર છે. જે તારે શરણે આવે છે તે સૌનું ભલું થાય છે.

અને એક દિવસ ગુરુનાનકદેવે જ ગાયનું છાણ લાવીને ચોકો કર્યો, ૐ સત્ શ્રી અકાલ, સત નામ વાહે ગુરુ બોલતાં બોલતાં તેઓ ૭ સપ્ટેમ્બર, ૧૫૩૯ના રોજ પરમગતિને પામ્યા. તેમનો સ્થૂળ દેહ ગયો છે, પરંતુ લાખો શીખ લોકોના હૈયે તેઓ સદા અમર છે અને રહેશે.

- ૐ શાંતિ ...

---

( સ્વામી ચિદાનંદ સરસ્વતી પાન નં. ૬૪ ઉપરથી ચાલુ)

તેમનો ઉપદેશ છે. "જુઓ પણ નિરખો નહીં, સાંભળો પણ કાન લગાવીને નહીં, અડકો પણ સ્પર્શો નહીં, ચાખો પણ સ્વાદથી નહીં." સ્વામી ચિન્મયાનંદજી કહેતા, "ગીતામાં વર્ણવેલ સ્થિતપ્રજ્ઞ છે સ્વામી ચિદાનંદ !" શ્રી સ્વામી અખંડાનંદજી કહેતા, "ગીતામાં વર્ણવેલ ભક્તનાં તમામ લક્ષણોથી વધુ દિવ્ય ગુણોના ધણી છે, સ્વામી ચિદાનંદ !" મધર ટેરેસા કહેતાં, "સ્વામી ચિદાનંદજી તો પશ્ચિમના માથે મુકુટ પહેર્યા વગરના મહારાજ છે. આમ આ ચિદાનંદ નામનું દિવ્ય અવતરણ અંતે ૨૮ ઓગસ્ટ, ૨૦૦૮ની રાત્રે પ્રગાઢ નિંદ્રામાં પોઢી ગયું. તેમનું પાર્થિવ શરીર ગંગામાં પ્રવાહિત થયું પરંતુ તેમના જીવન સંસ્મરણો સદૈવ અમર રહેશે. ૐ શાંતિ.

# સંત કબીર

(ઈ.સ. ૧૪૫૫ - ૧૫૭૫)

- સંપાદક : શ્રી જયંતીલાલ મહેતા
શ્રી ચંદ્રકાન્ત મહેતા (વડોદરા)

કાશીમાં 'કબીરચોરા' તરીકે ઓળખાતો એક મહોલ્લો છે. ત્યાં 'નીરુતલ્લા' નામે એક જગ્યા છે. આજથી લગભગ ૫૫૦ વર્ષ પહેલાં ત્યાં એક નીરુ નામે મુસલમાન વણકર રહેતો હતો. એક વાર નીરુ અને તેની પત્ની નીમાને કાશી નજીક લહરતારામાં ફૂલના ઢગલામાંથી તાજું જન્મેલું બાળક મળ્યું. પતિ-પત્ની એ બાળકને પોતાને ઘેર લઈ ગયાં. તેમણે તેનું નામ કબીર પાડ્યું.

કબીરનો જન્મ વિક્રમ સંવત ૧૪૫૫ના જેઠ માસની પૂનમને સોમવારે વટસાવિત્રીના ઉત્સવના દિવસે થયાનું કહેવાય છે. એ દિવસ આજે પણ કબીર સાહેબના જન્મદિવસ તરીકે ઊજવાય છે.

કબીર મુસલમાન વણકરના પુત્ર તરીકે મોટા થયા ને વણકરનો ધંધો કરવા લાગ્યા, પરંતુ બાળપણથી તેમનું મન પ્રભુભક્તિ તરફ વળેલું હતું. તેઓ હિંદુ સાધુ-સંતો અને મુસલમાન ફકીરોને પણ મળતા. એ બધા પરથી એમને એક વાત સમજાઈ કે એકમાત્ર ઈશ્વર સત્ય છે. ઈશ્વરની સૃષ્ટિમાં કોઈ ઊંચ-નીચ, નાત-જાત, ધર્મ અને સંપ્રદાયના ભેદ નથી.

તે વખતે ભારતમાં સ્વામી રામાનંદ નામે એક મહાન સંતપુરુષ હતા. કબીરે તેમને પોતાના ગુરુ કરવાનો નિશ્ચય કર્યો. સ્વામી રામાનંદ વૈષ્ણવ સાધુ હતા. તેથી કબીરને બીક લાગી કે તેઓ મારા જેવા મુસલમાન વણકરને શિષ્ય નહિ બનાવે એટલે તેમણે એક યુક્તિ કરી. એક દિવસ વહેલા પરોઢિયે, ગંગાજીના ઘાટ પર સ્નાન કરવા આવતાં રામાનંદજીના માર્ગ પર કોકડું વાળીને સૂઈ ગયા. સ્વામી રામાનંદ ભગવાનનું નામ લેતાં લેતાં પધાર્યા અને અચાનક તેમનો પગ કબીર ઉપર પડ્યો. સ્વામીજીએ ચમકીને જોયું. કબીરે બેઠા થઈ તેમના પગમાં માથું મૂક્યું. સ્વામીજીએ તેના મસ્તક પર હાથ મૂકી કહ્યું, 'બેટા, રામ રામ કર.' 'ઘણી દયા કરી, ગુરુદેવ!' એમ કહી સ્વામીજીને પગે લાગી કબીર ચાલ્યા ગયા. હવે કબીર સ્વામી રામાનંદના શિષ્ય તરીકે ઓળખાવા લાગ્યા.

સ્વામી રામાનંદ વૈષ્ણવ સાધુ હતા. તેઓ પોતે બ્રાહ્મણ હતા પણ નાત-જાતના કે ઊંચ-નીચના ભેદભાવ વગર સૌને વૈષ્ણવ ધર્મની દીક્ષા આપતા હતા. તેમના પ્રખ્યાત શિષ્યોમાં કબીરજીની ગણના થાય છે. સ્વામી રામાનંદજીએ કહ્યું છે, 'બ્રહ્મ તો તારી અંદર જ છે.' તેમના આ ઉપદેશને કબીરજીએ ખૂબ વિસ્તાર્યો.

કબીરજી કહેતા, 'મારી જીભે વિષ્ણુ છે, નયનોમાં નારાયણ છે અને હૃદયમાં ગોવિંદ છે. હું ગયા જન્મમાં બ્રાહ્મણ હતો પણ જપ-તપ કર્યાં નહિ એટલે મને વણકર કર્યો.'

કબીરજીને હિંદુ ધર્મ પાળતા જોઈને દાઝે બળેલા કાઝીઓએ દિલ્હીના બાદશાહ સિકંદર લોદીને ફરિયાદ કરી કે કબીર મુસલમાન ધર્મને હલકો પાડે છે, માટે તેને સખત સજા કરવી જોઈએ. બાદશાહ ગુસ્સે થયો અને કબીરને બોલાવી ધમકાવ્યા, 'શું હિંદુ અને મુસલમાનમાં કોઈ ભેદ નથી?' કબીરે કહ્યું, 'નથી જ. હિંદુ કે મુસલમાન માણસ છે, બંનેને ઈશ્વરે પેદા કરેલા છે. ભેદ તો માણસે ઊભો કર્યો છે. કબીર તો અલ્લા અને રામનું બાળક છે. રામ ગુરુ છે, રામ પીર છે.'

બાદશાહે ગુસ્સે થઈ તેમને મારી નાખવાનો હુકમ કર્યો પણ કબીરજી આબાદ રીતે બચી ગયા. અંતે બાદશાહ સમજી ગયો કે કબીરજી કોઈ સાધારણ માણસ નથી. તેણે તેમની માફી માગી અને કાઝીઓને ઠપકો દીધો.

એક વાર કેટલાક લોકો કબીરની કીર્તિ સાંભળી એમનાં દર્શન કરવા અને એમને ગુરુ બનાવવા લાંબી મંજિલ કાપી આવ્યા. રસ્તામાં મુંડાવેલા માથા અને ઉઘાડા દિલ સાથે ગંગાસ્નાન કરવા જતા કબીરજી મળ્યા. આગંતુકોને થયું કે ગામમાં પેસતાં જ આ મુંડિયો મળ્યો અને અપશુકન થયા. માટે તેમના માથા પર ખાસડું માર્યું. પછી આવીને કબીરજીની ઝૂંપડી પર રાહ જોવા લાગ્યા. નદીએથી નાહીને ભજન ગાતાં ગાતાં કબીરજી ઘરે આવ્યા ત્યારે એમને ખબર પડી કે આ તો પેલો અપશુકનિયો! તેઓ કબીરજીના પગમાં પડી માફી માગવા લાગ્યા.

અનુસંધાન પાન નં. ૫૫ ઉપર

# મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય

(ઈ.સ. ૧૪૭૯ - ૧૫૩૨)

- શ્રી પ્રદ્યુમ્ન બ. શાસ્ત્રી (વડોદરા)

બ્રાહ્મણોનું એક જૂથ કાશીમાં રહેવું સલામત નહીં હોવાથી દક્ષિણ ભારત તરફ જઈ રહ્યું હતું. તેમાં એક સ્ત્રીએ મધ્ય પ્રદેશના રાયપુર પાસે ચંપારણ્યમાંથી પસાર થતા એક બાળકને જન્મ આપ્યો. બાળક જીવિત નથી એમ માની સૂકા પાંદડાથી ઢાંકી એક વૃક્ષની બખોલમાં મૂકી દીધું. પતિ-પત્નીએ બાજુના ગામમાં રાત ગાળી. બીજા દિવસે તેઓ એ જ વનમાં થઈને નીકળ્યાં તો એ બાળકની આસપાસ અગ્નિની જ્વાળાઓ જોઈ. સ્ત્રી દોડી. અગ્નિએ એને માર્ગ આપ્યો. જોયું તો બાળક જીવતું હતું. સ્ત્રીએ બાળકને વહાલની ઊંચકી છાતી સરસું ચાંપ્યું એમને ખાતરી થઈ ગઈ કે એ કોઈ સાધારણ બાળક નથી. તેમના કુળમાં છ પેઢીથી સોમયજ્ઞો થતા હતા અને છેલ્લો સોમયજ્ઞ થોડા સમય પહેલાં જ કાશીમાં પૂર્ણ કર્યો હતો. તેના ફળસ્વરૂપ આ બાળક છે તેમ પતિ-પત્નીએ માન્યું.

આ બાળક તે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય. તેમનો જન્મ ઈ.સ. ૧૪૭૯માં ચૈત્ર વદ અગિયારસે થયો હતો. એમના પિતાનું નામ લક્ષ્મણ ભટ્ટ અને માતાનું નામ ઈલ્લમા ગારુ. તેમણે બાળકનું નામ વલ્લભ પાડ્યું. વલ્લભ આઠ વર્ષનો થતાં તેને જનોઈ દેવામાં આવી, એ પહેલાં જ એણે સંસ્કૃત ભાષામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હતું. યજ્ઞોપવીત પછી વેદાધ્યયન શરૂ થયું. નાનપણથી જ વિદ્વદ્ સભાઓમાં જઈ ચર્ચાઓ સાંભળતો અને તેના પર વિચારો કરી એણે પોતાના સિદ્ધાંતો તારવ્યા. એમણે ધર્મચર્ચાઓમાં વેદ, ભગવદ્ગીતા અને બ્રહ્મસૂત્રની સાથે શ્રીમદ્ ભાગવતનો ઉમેરો કર્યો અને ભાગવતને મોટું પ્રમાણ ગણ્યું. દ્વૈતઅદ્વૈતના પરસ્પર ખંડનમંડનની ચર્ચાઓનો અંત લાવવા તેમણે શુદ્ધાદ્વૈતની સ્થાપના કરી. વિદ્વાનોએ એમને 'વાક્પતિ' અને 'બાલસરસ્વતી' કહી વધાવ્યા.

શ્રી વલ્લભ જગન્નાથપુરી આવ્યા. ત્યાં ભગવાન જગદીશના મંદિરમાં શાસ્ત્રાર્થ થયો. શ્રી વલ્લભે ભક્તિમાર્ગને અનુરૂપ પ્રશ્નોના જવાબ આપ્યા, પણ સામા પક્ષવાળાએ તેનો સ્વીકાર ન કર્યો અને એક વિચિત્ર દરખાસ્ત કરી કે જગદીશ પ્રભુ જવાબ સ્વીકારે તો સાચું અને નક્કી કરેલા સમયે મંદિરનાં દ્વાર ખોલવામાં આવ્યાં તો કાગળ પર ભગવાને શ્રી વલ્લભની વાતની પુષ્ટિ કરતો શ્લોક લખેલો હતો. વિરોધીઓના હાથ હેઠા પડ્યા. તેમણે વલ્લભનું વ્રત તૂટે અને હાંસી થાય એ માટે એકાદશીના દિવસે એમના હાથમાં ભગવાનનો મહાપ્રસાદ મૂકી દીધો. જો શ્રી વલ્લભ એ મહાપ્રસાદનો સ્વીકાર કરે તો ઉપવાસ તૂટે અને જો અસ્વીકાર કરે તો ભગવાનના પ્રસાદની અવગણના થાય. શ્રી વલ્લભ વિરોધીઓના મનની વાત પામી ગયા અને તેમણે જગદીશ સ્તુતિ કરી. એ પૂરી થઈ કે મહાપ્રસાદની સ્તુતિ આરંભી. સ્તુતિ આખો દિવસ ને આખી રાત ચાલી. બારશની સવારે શ્રી વલ્લભે ભગવાનનાં દર્શન કર્યાં અને એ મહાપ્રસાદ આરોગી એકાશીના ઉપવાસનાં પારણાં કર્યાં. આમ, એમણે વ્રત પણ સાચવ્યું ને પ્રસાદનું ગૌરવ પણ કર્યું.

પુરીથી દક્ષિણ ભારતનાં તીર્થોની યાત્રા કરી શ્રી વલ્લભ ઉજ્જૈન આવ્યા. અહીં એમણે શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું. ઉજ્જૈનથી ઓરછા ગયા. ત્યાં 'ઘટ સરસ્વતી' નામે એક વિદ્વાન, જેણે તંત્રસાધનાથી કેટલાય વિદ્વાનોને હરાવ્યા હતાં. શ્રી વલ્લભે તેને શાસ્ત્રાર્થમાં હરાવ્યો. શ્રી વલ્લભની પ્રતિભા જોઈ ઓરછાના રાજાએ પોતાને વૈષ્ણવધર્મની દીક્ષા આપવા વિનંતી કરી પણ શ્રી વલ્લભે કહ્યું, 'વંશપરંપરાથી તમને જે દીક્ષા મળતી આવી છે તે બરાબર છે. તમારા ગુરુને મારું જ સ્વરૂપ માનજો.'

શ્રી વલ્લભાચાર્યે સમસ્ત ભારતવર્ષની પરિક્રમા કરી હતી. ઠેરઠેર તેમણે જોયું કે સર્વત્ર પાખંડ પ્રવર્તે છે. મંત્રો નષ્ટપ્રાય થઈ ગયા છે, એમાંથી અર્થ અને દેવ તિરોહિત થયા છે. આવા વખતે લોકોનો આશ્રય શું ? એમણે પ્રભુને જીવોના ઉદ્ધારનો સરળ માર્ગ બતાવવા પ્રાર્થના કરી.

સંવત ૧૫૫૦ શ્રાવણ સુદ એકાદશીની મધરાતે ગોકુલમાં સ્વયં પ્રભુએ પ્રગટ થઈ એમને કહ્યું, 'જીવનો બ્રહ્મની સાથે સંબંધ કરવાથી એના બધા દોષોનો નાશ થશે. એ સિવાય દોષોનો નાશ કરવાનો બીજો કોઈ જ ઉપાય નથી. તેથી બધું જ ભગવાનને સમર્પણ કરવું અને સમર્પણ નહિ કરેલી વસ્તુનો ત્યાગ કરવો. ભગવાને સાક્ષાત્ પ્રગટ થઈ જીવનો બ્રહ્મસંબંધ કરવાની આજ્ઞા કરી. શ્રીવલ્લભે ભગવાનની આ આજ્ઞા શ્લોકબદ્ધ કરી, જેને 'સિદ્ધાંત રહસ્ય' કહે છે.

શ્રી વલ્લભ હવે ભારતભરમાં શ્રી વલ્લભાચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા. ભક્તો તેમને મહાપ્રભુ કહેતા. મહાપ્રભુએ ભક્તોને ચિંતામુક્ત કરવા 'નવરત્ન'ની રચના કરી. એમણે સોળ જેટલા નાના નાના ગ્રંથ લખ્યા, જેને 'ષોડશ ગ્રંથ' કહે છે. ભગવાનના સ્વરૂપના આનંદનો અનુભવ કરવા 'કૃષ્ણાશ્રય' ગ્રંથ લખ્યો. યમુના મહારાણીના માનુષી સ્વરૂપે પ્રત્યક્ષ દર્શન કર્યા પછી 'યમુનાષ્ટક' સ્તોત્ર રચ્યું. આચાર્યશ્રી કૃત 'શ્રી મધુરાષ્ટકમ્' ઘેર ઘેર ગવાય છે. 'અણુભાષ્ય' જેમાં બ્રહ્મસૂત્રની વ્યાખ્યા છે અને 'સુબોધિની'માં ભાગવતનો ગૂઢાર્થ પ્રગટ કર્યો છે.

આચાર્યશ્રીના આ માર્ગને 'પુષ્ટિમાર્ગ' કહે છે. આ પ્રભુકૃપાનો માર્ગ છે. આચાર્યશ્રીને પ્રભુની આજ્ઞા થઈ કે 'મને પ્રગટ કરો.' આચાર્યશ્રી ગિરિરાજ પધાર્યા. વ્રજમાં ગોવર્ધન પર્વત છે. તે પર્વત પર શ્રી ગિરિરાજ ગોવર્ધનનાથજીનું સ્વરૂપ સ્વયંભૂ પ્રગટ થઈ રહ્યું હતું. ત્યાં તેમણે નાનકડું મંદિર બનાવડાવી તેમાં શ્રીનાથજીને પધરાવ્યા. પાછળથી મોટું મંદિર બન્યું. શ્રીનાથજીના પ્રાગટ્યનો આ ઈતિહાસ છે.

આચાર્યશ્રી ગૃહસ્થાશ્રમ માટે સ્થિર થવા પ્રયાગ પાસે ખડેલમાં આશ્રમ કરી રહ્યા. તેમણે કાશીના પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરવા વૈદિક સિદ્ધાંતોનો રોજ એક લેખ લખી શ્રી કાશી વિશ્વેશ્વરના મંદિરના દરવાજે ટાંગવા માંડ્યો. આ લેખોનો 'પત્રાવલંબન' ગ્રંથ બન્યો.

હવે પ્રભુએ તેમને નિજધામમાં પધારવા આજ્ઞા કરી. આચાર્યશ્રીએ પત્ની પાસે સંન્યાસ-દીક્ષા માટે રજા માગી, પત્નીએ ના પાડી. પ્રભુની ઈચ્છાથી ઘરમાં આગ લાગી. પત્નીએ બૂમ પાડી, 'નીકળો ઘરમાંથી બહાર !' આચાર્યશ્રીએ એ શબ્દોને સંન્યાસની રજા માની લીધી અને નીકળી ગયા. આચાર્યશ્રીએ પોતાના પુત્રો કે વંશજોને જ નહીં તમામ અનુયાયીઓને કહ્યું છે, 'જો તમે ભગવાનને ભૂલ્યા તો નક્કી જાણજો કે કાળ તમને ભરખી જશે. શ્રીકૃષ્ણ જ આપણું સર્વસ્વ છે. તેથી સર્વ પ્રકારે સર્વભાવે એ ગોપીજનવલ્લભની જ સેવા કરવી. એ જ આપણું બધું સંભાળશે.'

આટલું લખાયું ત્યાં ભગવાને સ્વયં પ્રગટ થઈ તેમાં દોઢ શ્લોક ઉમેર્યો. 'ગોપીજનવલ્લભમાં જો વિશ્વાસ હોય તો તમે કૃતાર્થ છો. તમારે કંઈ જ ચિંતા કરવાની રહેતી નથી. અન્યથા રૂપનો ત્યાગ કરી પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિર થવું એનું નામ મુક્તિ !'

આચાર્યશ્રી બપોરે ગંગાજીમાં પધાર્યા અને ત્યાં ઊભા ઊભા કૃષ્ણધ્યાનમાં લીન થઈ ગયા અને થોડા વખતમાં એમણે જળસમાધિ લીધી. ગંગાજીમાં એક તેજપુંજ પ્રગટ થયો અને અવકાશમાં અદશ્ય થઈ ગયો. હજારો માણસોએ તે નજરોનજર જોયું. એ દિવસ સં.૧૫૮૭ અષાઢ સુદ બીજ ઈ.સ. ૧૫૩૨. આને 'આસુરવ્યામોહલીલા' કહે છે. જે જીવો શ્રી વલ્લભના નથી, એટલે કે જે આસુરી જીવ છે તેમને આશ્ચર્ય પમાડવા માટેની તે લીલા હતી. વાસ્તવમાં મહાપ્રભુજી ભૂતલ પર કાયમ બિરાજમાન છે. દામોદરદાસ હરસાનીને તેમણે કહ્યું જ હતું કે, 'હું ક્યાંય જવાનો નથી, સદા અહીં જ છું.'

મહાપ્રભુજી હંમેશાં ઉઘાડા પગે જ પરિક્રમા કરતા, લાકડાની પાવડી પણ તેઓ પહેરતા નહીં તેથી જ્યાં તેમની પાદુકાઓ જોવામાં આવે છે. તે ખીંટી વગરની હોય છે. એવી પાદુકા પર ક્ષણ વાર પોતાના ચરણ સ્થાપિત કરી તેઓ તે ભક્તને આપતા.

ભક્તિ માર્ગ પણ યોગમાર્ગ છે. શ્રી વલ્લભાચાર્યનો મોટામાં મોટો ચમત્કાર એમની વાણી છે, એમનું વ્યક્તિત્વ છે-જેનાથી આકર્ષાઈ કરોડો પુરુષોએ એમનું શરણ શોધ્યું છે. વિદ્વાનો અને અવિદ્વાનો, બ્રાહ્મણ ક્ષત્રિય અને શુદ્ર સૌને એમણે આકર્ષ્યા છે. એમણે ઘરોને નંદાલય બનાવ્યાં છે ને ભક્તોને ગોપીજન બનાવ્યા છે. ભક્તો ગોપીની વિરહવ્યથા અનુભવે તો જ ગોપીજન વલ્લભની ઝાંખી થાય ને !

# શ્રી સ્વામી રામદાસ

(ઈ.સ. ૧૮૮૪-૧૯૬૩)

- પ્રા. શ્રી મગનલાલ પંડ્યા
( કિલ્લાપારડી)

મેંગલોરમાં મહાત્મા ગાંધીજીનું ભાષણ હતું. મહાત્માજીએ અહિંસા અને સત્યની વાત કરી ખાદી અને રેંટિયાની વાત કરી. વિઠ્ઠલરાવ કરીને એક યુવાન એમની ઈશ્વરશ્રદ્ધાથી તરબોળ, દેશના કરોડો ગરીબો પ્રત્યે હમદર્દીથી ભીંજાયેલી વાણી સાંભળી એને જીવનમાં 'પહેલ વહેલો આધ્યાત્મિક સ્પર્શ' મળ્યો. એણે હાથે કાંતેલી ને હાથે વણેલી ખાદી અપનાવી ને ધાર્મિક પુસ્તકો વાંચવા માંડ્યો તથા રાત-દિવસ રામ નામનું રટણ કરવા માંડ્યું. એના પિતાએ એને 'શ્રી રામ જય રામ જય જય રામ'નો તેર અક્ષરી મંત્ર આપ્યો. 'ગુરુદેવ !' કહી યુવાન વિઠ્ઠલરાવ પિતાના પગમાં પડ્યો.

આ વિઠ્ઠલરાવ તે સ્વામી રામદાસ. ભક્તો તેમને પપા સ્વામી રામદાસ કહેતા. તેમનો જન્મ તા. ૧૦-૪-૧૮૮૪ના રોજ મેંગલોરની દક્ષિણે સમુદ્ર કિનારે આવેલા હોશદ્રુગ નામે નાના ગામમાં થયો હતો. એ દિવસે હનુમાનજયંતી (ચૈત્રી) પૂનમ હતી.

વિઠ્ઠલરાવે મેટ્રિકમાં નાપાસ થયા પછી કાપડની મિલમાં વિવિંગ માસ્તરની નોકરી કરી. પછી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. એવામાં મહાત્મા ગાંધીની અસરથી એમનું મન આધ્યાત્મિક રાહે વળ્યું. મંત્રપ્રાપ્તિ થયા પછી તો નાદબ્રહ્મમાં જ એ લીન રહેવા લાગ્યા. એક મધરાતે તેમને બાલકૃષ્ણનાં દર્શન થયાં. તેમને બુદ્ધચરિત્ર, બાઈબલ અને ગીતામાંથી એક જ આજ્ઞા મળી, 'સોનાનું પિંજર તોડ અને ચાલી નીકળ.' પત્ની અને બાળપુત્રીને મૂકી તા. ૨૭-૧૨-૧૯૨૨ના રોજ તેમણે ગૃહત્યાગ કર્યો ત્યારે એમની ઉંમર ૩૮ વર્ષની હતી. એમણે ભગવાં ધારણ કર્યાં અને રામદાસ નામ ધારણ કર્યું. એમનો 'હું' તો એવો ઓગળી ગયો કે કોઈ ત્રીજાની વાત કરતા હોય તેમ પોતાના માટે પણ તેઓ 'તે' સર્વનામ વાપરતા. એમના મનની હાલત એકદમ સંકલ્પવિહીન બની ગઈ. રામ લઈ જાય ત્યાં જવું ને રામ રાખે તેમ રહેવું.

ફરતાં ફરતાં તેઓ અરુણાચલ રમણ મહર્ષિના આશ્રમમાં આવ્યા. મહર્ષિની દૃષ્ટિથી તેમનામાં શક્તિ સંચાર થયો. ગુફામાં મંત્રજપ કરવા લાગ્યા. એકવીસમા દિવસે તેમને પ્રભુના વિશ્વરૂપનું દર્શન થયું. રામની આજ્ઞા થતાં રામદાસ બદરીકેદાર ગયા. પછી મથુરા વૃંદાવન થઈ અજમેર આવ્યા. ત્યાં ખ્વાજા પીરની દરગાહના દર્શન કર્યાં. હવે તેમને મનુષ્ય માત્રમાં, પ્રાણી માત્રમાં, પદાર્થમાત્રમાં રામનાં જ દર્શન થતાં હતાં.

સ્વામી રામદાસ કહે છે, 'મંત્રની આગળ ૐ ઉમેરવાથી મંત્રની શક્તિ બેવડી થાય છે." હવે એમનો મંત્ર હતો - ૐ શ્રી રામ જય રામ જય જય રામ !

ફરતાં ફરતાં રામદાસ જૂનાગઢ આવ્યા. આવી રીતે એક વર્ષ તીર્થાટન કરીને પાછા દક્ષિણ ભારત આવ્યા. અત્યાર સુધી તેઓ જપ જ કરતા, હવે રામે તેમને ધ્યાનમાં બેસવાની આજ્ઞા કરી. તેમણે આંખો મીંચી કે સ્વતઃ સમાધિ થઈ ગઈ. તેઓ કલાકો સુધી સમાધિમાં ડૂબી જતા. એમાંથી વળી બીજી અવસ્થા આવી. એમને સર્વત્ર પરમાત્માની જ ઝાંખી થવા લાગી.

ફરી રામની આજ્ઞા થઈ એટલે રામદાસ ભારત ભ્રમણ માટે નીકળી પડ્યા. એક વાર મેંગલોરની ધર્મશાળામાં એક વિચિત્ર લાગતા માણસે એમની પાસે જે હતું તે બધું માગી લીધું. એમનાં ચશ્માં પણ લઈ ગયો અને ખરેખર એ પછી એમને ચશ્માંની જરૂર પડી નહિ. એક જગ્યાએ એક ભક્તે એમને કીમતી શાલ ઓઢાડી. થોડા વખત પછી એક હરિજન એમનાં દર્શને આવ્યો તો રામદાસ એને ભેટી પડ્યા અને પેલી શાલ એને ઓઢાડી દીધી.

સ્વામી રામદાસ હિમાલયના વસિષ્ઠાશ્રમમાં ખૂબ કષ્ટ વેઠી ને પહોંચ્યા. ત્યાં પાંચમા દિવસે મધરાતે એમને ભગવાન ઈસુનાં દર્શન થયા. ત્યાંથી કાશ્મીર ગયા. શ્રીનગરમાં શંકરાચાર્ય પર્વત પર જે ગુફામાં બે સાપ રહેતા હતા તે જાણવા છતાં ત્યાં રહી સાત દિવસ ધ્યાન કર્યું. એક મધરાતે અપૂર્વ પ્રકાશથી આખીયે ગુફા ઝળહળા થઈ રહી.

હવે સ્વામીજી કાસરગોડ મુકામે રહેતા હતા. કૃષ્ણાબાઈ નામે એક વિધવા બાઈ તેમનાં દર્શન કરવા આવતી. કૃષ્ણાબાઈ સ્વામી રામદાસનાં ભક્ત બની ગયાં અને બધું છોડીને તેઓ આશ્રમનાં માતાજી બનીને રહ્યાં. એક દિવસ સ્વામીજીએ કૃષ્ણાબાઈને ધ્યાનમાં બેસવા કહ્યું અને કેમ બેસવું તે બતાવ્યું. થોડા જ સમયમાં એમના હૃદયમાં આનંદનો ઓઘ ઊછળ્યો. એમને પરમ પ્રકાશનું દર્શન થયું. કૃષ્ણાબાઈ કાસરગોડ આશ્રમમાં રહેતાં એ કેટલાંકને ગમ્યું નહિ. એમણે તેમને અને સ્વામીજીને હેરાન કરવા માંડ્યા એટલે સ્વામીજીએ એ સ્થળ છોડ્યું અને હાલ જ્યાં આશ્રમ છે તે સ્થળે નવો 'આનંદાશ્રમ' સ્થાપ્યો. આશ્રમમાં સ્થિર થયા પછી સ્વામીજી અનેકવાર ભારતના એક છેડાથી બીજા છેડા સુધી ફર્યા છે. ગુજરાતમાં તો તેઓ અનેકવાર માતાજી સાથે પધાર્યા છે. એક વાર સ્વામીજી ભક્તોથી વીંટળાઈને બેઠા હતા ત્યાં કોઈએ પ્રશ્ન કર્યો, 'સ્વામીજી તમે કેમ માળા ફેરવતા નથી?' સ્વામીજીએ કહ્યું, 'રામદાસનું તો રોમે રોમ હર પળે રામનામ જપે છે. અને માળાનું કહું તો રામદાસની પાસે મસ મોટી માળા છે. શિષ્યો બધા એ માળાના મણકા છે!'

આનંદાશ્રમમાં શાળા, ગૌશાળા, ઉદ્યોગશાળા વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે. રસોડાથી માંડી અતિથિગૃહ અને પ્રાર્થનાગૃહ સુધીનું બધું કામ માતાજી સંભાળતાં.

સ્વામીજી સને ૧૯૫૩માં વિશ્વ પ્રવાસે ગયા. યુરોપ, અમેરિકા, જાપાન, શ્રીલંકા વગેરે દેશોમાં રામનામનો અને રામના મહિમાનો પ્રચાર કર્યો. વિદેશોમાં સ્વામીજીએ વાર્તાલાપ ચાલુ રાખ્યા, રામમંત્રની ધૂન બોલાવી અને એ મંત્રની જ દીક્ષા આપી છે. આખાયે વિશ્વ-પ્રવાસમાં માતાજી કૃષ્ણાબાઈ તેમની સાથે હતાં. આ પ્રવાસનો વૃત્તાંત સ્વામીજીએ પોતે લખ્યો છે. તે ગ્રંથનું નામ પણ સૂચક છે – 'The world is God – વિશ્વ એ જ વિભુ!' વૃત્તાંતને અંતે સ્વામીજી કહે છે, 'વિશ્વ એક છે, સત્ય એક છે, ઈશ્વર એક છે.' સ્વામીજીએ પોતાની આત્મકથાના બે ગ્રંથ લખ્યા છે, તેમનાં નામ પણ આવાં જ સૂચક છે – 'ઈશ્વરની શોધમાં' અને 'ઈશ્વરના સાંનિધ્યમાં'.

વિશ્વ પ્રવાસેથી આવ્યા પછી ફરી પાછો ભારતમાં પ્રવાસનો દોર ચાલુ થઈ ગયો હતો. સને ૧૯૫૭ સુધી તેઓ સતત ફરતા જ રહ્યા, પણ હવે શરીર દગો દેતું હતું. સને ૧૯૬૩ના જુલાઈની ૨૫મી તારીખે સાંજે તેમણે દેહ તજી દીધો. આશ્રમમાં સ્વામીજીના અગ્નિસંસ્કારની જગ્યાએ નાનકડું ધ્યાન-મંદિર ઊભું કરવામાં આવ્યું છે. ભક્તોને સ્વામીજીનો ઉપદેશ હતો કે – 'આકાર માત્રમાં ઈશ્વરનાં દર્શન કરવાં, બધાં જ રૂપ પરમાત્માનાં છે અને પરમાત્માની પૂજા સમજીને એ બધાંની સેવા કરવી!'

**પપા સ્વામી રામદાસની વાણી**

- સંસારના મંચ પર તમારો પાઠ બરાબર ભજવો, અને સાથે સાથે તમે એ નાટકના દૃષ્ટા પણ બની રહો.
- કેટલાક કહે છે કે પ્રભુકૃપા માટે તેને પાત્ર બનવું પડે છે, પરંતુ પાત્ર બનવા માટે પણ પ્રભુકૃપાની જરૂર રહે છે.
- ઈશ્વરે માણસને બુદ્ધિ એટલા માટે આપી છે કે એ જાણે કે હું કશું જાણતો નથી.
- ઈશ્વરને તમારો મિત્ર બનાવો, તો બધે તમને મિત્ર જ દેખાશે
- ઈશ્વર કદી સજા કરતો નથી, આપણાં કર્મો જ આપણને સજા કરે છે.

# મહર્ષિ દયાનંદ

(ઈ.સ. ૧૮૨૪ - ૧૮૮૩)

- ડૉ. દિલીપ વેદાલંકાર

એક બાઈ પોતાના મરેલા દીકરાના શબને લઈને રોતી રોતી ગંગાકિનારે આવી અને બાળકના શબને ગંગાજીના વહેણમાં છોડી દીધું, પરંતુ શબ ઉપર ઓઢાડેલું કપડું તેણે ઉતારી લીધું. કપડું ખોવાનો તેનો જીવ ચાલ્યો નહીં. આ દૃશ્ય ગંગાકિનારે ધ્યાન કરવા બેઠેલા એક સાધુએ જોયું. તેને ખૂબ દુઃખ થયું. મારા દેશની આ દશા ! અમે સાધુઓ શું કેવળ અમારા જ કલ્યાણનો વિચાર કરીશું?

એ સાધુ તે સ્વામી દયાનંદ સરસ્વતી. સ્વામી દયાનંદનું મૂળ નામ મૂળશંકર. મૂળશંકરનો જન્મ સૌરાષ્ટ્રના મોરબી પાસે ટંકારા ગામમાં ઈ.સ. ૧૮૨૪માં એક બ્રાહ્મણને ઘેર થયો હતો.

મૂળશંકર ચૌદ વર્ષના થયા. એક વખત મહાશિવરાત્રીના તહેવારમાં તેઓ ઉપવાસ કરી મહાદેવના મંદિરમાં બેઠા હતા. રાત્રે બધા ઊંઘી ગયા ત્યારે તેમણે શિવજીની મૂર્તિ પર ઉંદરોને દોડાદોડી કરતા જોયા. એમનું મન મૂર્તિ પરથી ઊઠી ગયું. તેઓ વિચારવા લાગ્યા કે ઈશ્વર મૂર્તિમાં નથી તો ક્યાં હશે. તેમણે જ્ઞાન પ્રાપ્ત કરવા કાશી જવાની ઈચ્છા વ્યક્ત કરી, પણ પિતાજીને તેમને પરણાવી દેવાની ઈચ્છા હતી. તેથી એક રાતે તેમણે ગૃહત્યાગ કર્યો અને સંન્યાસી બની સ્વામી દયાનંદ સરસ્વતી નામ ધારણ કર્યું. સ્વામી દયાનંદ ગુરુની શોધમાં દક્ષિણમાં છેક રામેશ્વર અને ઉત્તરમાં છેક ગંગોત્રી સુધી ફર્યા, પણ ગુરુ મળ્યા નહિ.

છેવટે મથુરામાં એમને ગુરુ મળ્યા. ગુરુનું નામ સ્વામી વિરજાનંદ. તેઓ એક્યાશી વર્ષના હતા અને અંધ હતા, પણ વેદશાસ્ત્રના મહાવિદ્વાન હતા.

સ્વામી દયાનંદે ગુરુની ખૂબ સેવા કરી પણ ગુરુ મહાક્રોધી હતા. એક વાર તો ગુસ્સામાં એમણે સ્વામી દયાનંદના હાથ પર ડાંગ લગાવી દીધી એ ઘા એમને આખી જિંદગી સુધી રહ્યો હતો. સ્વામી દયાનંદ કહેતા, 'ગુરુજીએ ટીપી ટીપીને મારો ઘાટ ઘડ્યો છે.' ગુરુજીને પણ દયાનંદ જેવો કોઈ શિષ્ય મળ્યો નહોતો. તેમણે પોતાની બધી જ વિદ્યા એને શીખવી દીધી ને ગુરુદક્ષિણામાં માગ્યું, 'આપણો દેશ આજે કંગાળ બની ગયો છે, વહેમો ને ખોટા રિવાજોએ દેશની ખરાબી કરી છે. તું સૌને વેદધર્મનો સાચો રાહ દેખાડ.'

હવે સ્વામી દયાનંદ વેદધર્મનો પ્રચાર કરવા નીકળી પડ્યા તેમણે કહ્યું, 'સાચું જ્ઞાન માત્ર વેદમાં છે. વેદ સિવાય બીજા કોઈ પણ ગ્રંથને માનવો નહીં. નાત-જાતની, ઊંચ-નીચની, અડવા-અભડાવાની ને વટલાવાની વાતો બધી ખોટી છે. વેદમાં મૂર્તિની પૂજા કરવાનું લખેલું જ નથી, માટે મૂર્તિપૂજા કરવી નહિ! બાળલગ્ન અને ફરજિયાત વૈધવ્યપાલન જેવા ધર્મના નામે ચાલતા રિવાજો ખોટા છે' એવું એમણે જાહેર કર્યું.

દેશમાં બધે ફરીને તેમણે આ ઉપદેશ કરવા માંડ્યો. રૂઢિચુસ્ત લોકોને તેમની વાત ગમી નહિ. તેઓ એમને ગાળો દે, પથરા મારે અને કેટલીક વખત તો મારી નાખવાના પ્રયત્ન પણ કરતા. એક વાર ભરીસભામાં કોઈએ સ્વામીજી પર જોડો ફેંક્યો. લોકોએ એ ફેંકનારાને પકડી મારવા માંડ્યો ત્યારે સ્વામીજીએ કહ્યું, 'જોડો મને વાગ્યો નથી અને વાગ્યો હોત તોય એ ક્યાં રામબાણ હતું? છોડી દો એને.'

એક ગામમાં સ્વામીજી માટે કોઈ નાયી ભક્તના ઘેરથી ભોજનનો થાળ આવ્યો. એ જોઈ બ્રાહ્મણો બોલી ઊઠ્યા, 'આ તો નાયીની રોટી છે. સ્વામીજી તમે જાતિભેદમાં માનો છો કે નહિ ?' સ્વામીજીએ હસીને કહ્યું, 'આ ખરા પરસેવાનું અન્ન છે.

એકદમ શુદ્ધ છે. હું મનુષ્યજાતિ, પંખીજાતિ, પશુજાતિ એવા જાતિભેદ માનું છું, પણ મનુષ્ય મનુષ્યમાં જન્મજાત જાતિભેદમાં માનતો નથી.'

ઘણી જગ્યાએથી સ્વામીજીને ધમકીઓ મળતી હતી કે મૂર્તિપૂજા વિરુદ્ધ તમે બોલો નહિ ! સ્વામીજી કહે, 'ગમે તો મારી આંગળીઓની બત્તી કરીને સળગાવો, પણ હું તો જે કહું છું તે જ કહેવાનો !

એકાવન વર્ષની ઉંમરે સ્વામીજીએ 'આર્યસમાજ' નામે સંસ્થાની સ્થાપના કરી. જોતજોતામાં ભારતનાં મોટાં મોટાં શહેરોમાં એની શાખાઓ સ્થપાઈ ગઈ. ખાસ કરીને ઉત્તર હિંદમાં ને પંજાબમાં તેનો ઘણો પ્રચાર થયો.

સ્વામીજી સંસ્કૃતના વિદ્વાન હતા, પણ તેમણે પોતાનાં બધાં પુસ્તકો હિંદીમાં લખ્યા છે. હિંદીને રાષ્ટ્રભાષાનું ગૌરવ આપવામાં તેમનો ઘણો ફાળો છે. તે જ પ્રમાણે સમાજ સુધારણા અને અસ્પૃશ્યતા નિવારણની બાબતમાં પણ તેમણે ભગીરથ કામ કરેલું છે. એક વાર એક વકીલ એમને મળવા આવ્યા અને છાપ પાડવા અંગ્રેજીમાં બોલવા લાગ્યા. તરત સ્વામીજીએ કહ્યું, 'ભાઈ, દેશના લોકોની સાથે વિદેશી ભાષામાં બોલવું શોભતું નથી. એમાં વિવેકનો અભાવ અને બોલનારનો ઘમંડ દેખાય છે અને કદાચ કોઈ છાની વાત કરવા તમે અંગ્રેજીમાં બોલતા હો તો એમાં બીજા હાજર રહેલાઓનું અપમાન છે !'

સ્વામીજી ઝીણામાં ઝીણી વાતમાં પણ ખૂબ ચોકસાઈ રાખતા. ભાષણ આપવા જતાં તેઓ પગે ચાલીને જવાનો જ આગ્રહ રાખતા. તેઓ કહેતા, 'મારા દેશનું ધન મહામહેનતે પેદા થાય છે. એની પાઈએ પાઈ જાળવીને વાપરવી જોઈએ.'

સ્વામીજી ખૂબ પ્રવાસ કરતા અને એમના માથા પર કાયમ જીવનું જોખમ રહેતું. તેથી ભારતની અંગ્રેજ સરકારે એમને રેલવેનો ફ્રી પાસ આપવાનું ને અંગરક્ષકો આપવાનું કહ્યું પણ એમણે વિવેકપૂર્વક એની ના પાડી કહ્યું, 'એથી તો હું લોકોનો મટી જાઉં.'

સેંકડો વર્ષોથી ચાલ્યા આવતા કુરિવાજો અને ધર્મના નામે ચાલતા ઢોંગની સામે સ્વામીજીએ ઉપાડો લીધો હતો. તેથી રૂઢિચુસ્તો અને ઝનૂનીઓ એમને દુશ્મન સમજતા હતા. એમનો જીવ લેવાની કોશિશ કરતા હતા. કેટલીયે વાર પેટમાં ગયેલું ઝેર સ્વામીજીએ ઓકી કાઢ્યું હતું. પણ જોધપુરમાં એક રાતે તેમના રસોયાએ દૂધમાં હળાહળ ઝેર પાઈ દીધું. પીતાં જ પેટમાં ભયાનક પીડા ઊપડી. એ સમજી ગયા કે ઝેર અપાયું છે. રસોયાએ એમની આગળ ગુનો કબૂલ પણ કર્યો ને કોના કહેવાથી આ દુષ્ટ કૃત્ય કર્યું હતું તે પણ કહ્યું. સ્વામીજી મહારાજાને કહી આ બધા કાવતરાખોરોને પકડાવી સખત સજા કરાવી શક્યા હોત, પણ એ ક્ષમાધર્મી સંત હતા. તેમણે રસોયાને રૂપિયા આપી ભાગી જવા કહ્યું. રસોયો ભાગી ગયો ને બચી ગયો, પણ સ્વામીજી બચ્યા નહિ – વૈદો-દાક્તરોએ ઘણા ઉપાય કર્યા, પણ ઝેર રગરગમાં વ્યાપી ગયું હતું. આવી હાલતમાંયે તેઓ એક મહિનો જીવન ટકાવી શક્યા. ખૂબ ધીરજથી તેમણે સહન કર્યું.

છેલ્લે છેલ્લે તેમણે બધા ભક્તોને સરસ રસોઈ બનાવી એમના દેખતાં જમવા માટે કહ્યું, સાંજ પડી સ્વામીજીએ ટટ્ટાર બેસી વેદગાન શરૂ કર્યું, પછી આંખો મીંચી પ્રભુને પ્રાર્થના કરી, 'હે પ્રભુ ! તારી ઈચ્છા બળવાન છે ! તારી ઈચ્છા પ્રમાણે થાઓ !' પ્રાર્થના કરતાં કરતાં જ તેમણે પ્રાણ છોડી દીધા. ઈ.સ. ૧૮૮૩ સ્વામીજીના દેહત્યાગના સમાચાર ફેલાતાં આખો દેશ શોકમાં ડૂબી ગયો.

**આમ મહર્ષિ દયાનંદે ભારતનું નવનિર્માણ કર્યું છે. વિશ્વના ઈતિહાસમાં તેમનું સ્થાન ચિરસ્મરણીય રહેશે. મહર્ષિને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું છે :**

**સૂર્ય સોને ચલ દિયા લેકિન સિતારોંકો જગાકર,**
**એક દીપક બૂઝ ગયા લાખોં ચિરાગોંકો જલાકર,**
**કહ રહે બલિદાન-પ્રેમી આજ દિવાલી મનાકર,**
**આજ કોઈ મર ગયા લેકિન હમેં મરના સીખાકર.**

# શ્રીમદ્ રાજચંદ્ર

(સં. ૧૯૨૪ - ૧૯૫૭) શ્રીમતી તરુબહેન આચાર્ય (વલસાડ)

'સર્વજ્ઞનો ધર્મ સુશરણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી,
અનાથ એકાંત સનાથ થાશે,
એના વિના કોઈ ન બાહ્ય સહારો'
'દર્શન મોહ વ્યતીત થઈ ઉપન્યો બોધ જે,
દેહભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો,
તેહથી પ્રક્ષિણ ચારિત્ર્યમોહ વિલોકીએ,
વર્તે એહવું શુદ્ધ સ્વરૂપ ધ્યાન જો.'

આત્મબોધ આપતું આ પદ વૈરાગી કવિવર શ્રીમદ્ રાજચંદ્રજીનું છે. ભારતની આર્યભૂમિ એ સંતો મહંતોની ભૂમિના નામે વિશ્વમાં વિખ્યાત છે. જે ભૂમિ ઉપર 'અહિંસા પરમો ધર્મઃ'નો દિવ્ય સંદેશ આપનાર ભગવાન મહાવીર જન્મ્યા તે જ પુણ્યભૂમિ ઉપર અલૌકિક દિવ્યદૃષ્ટા સાધુચરિત સંતપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર સં. ૧૯૨૪ના કાર્તિક પૂર્ણિમાના માંગલિક દેવદિવાળીના દિવસે સૌરાષ્ટ્રમાં આવેલ વવાણિયા ગામે અવતર્યા. તે શ્રીમદ્‌નું જીવનકવન એક વિરલ ધર્મજ્ઞ પુરુષનું સહસ્ર પ્રતિભાયુક્ત જીવનદર્શન છે.

શ્રીમદ્‌ના દાદા શ્રી પંચાણભાઈ હતા. તે વૈષ્ણવધર્મ પાળતાં પણ શ્રીમદ્‌ના પિતા શ્રી રવજીભાઈનાં લગ્ન જૈન કુટુંબમાં જન્મેલ દેવબાઈ સાથે થયાં હતાં. તેઓ જૈન સંસ્કાર લાવ્યાં હતાં. તેથી શ્રીમદ્‌માં પ્રથમ બેય સંસ્કારોનું સિંચન થયું.

શ્રીમદે સાત વર્ષની વયે ગામની શાળામાં પ્રવેશ કર્યો. તેમની સ્મરણશક્તિ એટલી સતેજ હતી કે બે વર્ષમાં સાતેય ધોરણનો અભ્યાસ કરી લીધો. અભ્યાસમાં તેઓ હોશિયાર, વાત ડાહ્યા અને આનંદી સ્વભાવના હતા. બાલ્યાવસ્થાથી જ તેમનામાં પુખ્ત તર્કશક્તિ અને વાક્ચાતુર્ય હતાં.

સાત વર્ષની વયે વવાણિયામાં શ્રી અમીચંદભાઈના અગ્નિસંસ્કારવિધિ પ્રસંગે પ્રજ્વલિત ચિતાને નજરોનજર જોઈ બાળયોગી શ્રીમદ્‌ને જાતિસ્મરણજ્ઞાન ઉપજ્યું. પૂર્વભવ નિહાળ્યા. ભવિષ્યમાં જૂનાગઢનો ગઢ જોતાં તેમાં અનેકગણી વૃદ્ધિ થઈ. અંતે પૂર્વના ૯૦૦ ભવ શ્રીમદ્‌ના જાણવામાં આવ્યા.

આઠ વર્ષની વયે તેમણે કવિતા લખવાની શરૂઆત કરી. પ્રથમ વર્ષે પાંચ હજાર કડીઓની રચના કરી. નવમા વર્ષે 'રામાયણ' , 'મહાભારત' પદ્યમાં રચ્યાં. દસમા વર્ષે તો અદ્‌ભુત વાક્છટા - વકતૃત્વકલાનો આવિર્ભાવ થયો. સુંદર હસ્તાક્ષરનાં વખાણ સાંભળી રાજ દરબારમાં આદર સહિત તેમને બોલાવી અંગત લખાણ પણ કરાવતા. અગિયારમા વર્ષે 'વિજ્ઞાન વિલાસ' , 'બુદ્ધિપ્રકાશ', તથા 'બોધપ્રકાશ' નામનાં ચોપાનિયાંમાં લેખ, નિબંધો લખતા. અગિયારમા વર્ષે શાળાનો અભ્યાસ છોડી દીધો. કવિતામાં 'રાજચચંદ્ર' લખતા. તેથી વિદ્વાનોમાં 'શ્રીમદ્ રાજચંદ્ર' નામથી પ્રસિદ્ધિ પામ્યા. બાળપણથી જ તેમનામાં વૈરાગ્ય હતો.

તેરમા વર્ષથી અનેક ધર્મગ્રંથો, મહાપુરુષોનાં જીવનચરિત્રો વગેરેનું પઠન કરવાનું શરૂ કર્યું. ત્યારબાદ જૈન, બૌદ્ધ, વેદાંત, સાંખ્ય, યોગ અને ચાર્વાક એમ છએ દર્શનોના મુખ્ય ગ્રંથો અવલોકી ગયા. જૈન ધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા થઈ. તેના ફળસ્વરૂપ સોળમા વર્ષે મોરબીમાં શ્રીમદે ત્રણ દિવસમાં 'મોક્ષમાળા' નામનો ગ્રંથ એકસો આઠ પાઠ રૂપે લખી પ્રગટ કર્યો, જેમાં જૈનધર્મના સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન છે. વગર અભ્યાસે તેમણે માગધી, અર્ધમાગધી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી ભાષાના અઢળક સાહિત્યને અવગાહી જ્ઞાન મેળવ્યું.

સોળમા વર્ષથી તેમનામાં અવધાનશક્તિ ખીલી ઊઠી. મોરબીમાં પ્રથમ આઠ અવધાન પ્રયોગો કરી બતાવ્યા. અવધાન એટલે ભૂલ કર્યા વગર અનેક કાર્યોને એકસાથે યાદ રાખી એકી વખતે કરી બતાવવા તે. પછી જામનગર, બોટાદ વગેરેમાં ૧૨,૧૬, ૫૨ અવધાન કરી 'હિન્દના હીરા'નું બિરુદ મેળવ્યું. ૧૯મા વર્ષે મુંબઈમાં ૧૦૦ અવધાન કરી પ્રજાને મંત્રમુગ્ધ કરી દીધી. પ્રજાએ 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ આપી સુવર્ણચંદ્રક ભેટ કર્યો. આ અવધાનોથી શ્રીમદ્‌ની પ્રશંસા 'મુંબઈ સમાચાર', 'જામે જમશેદ', 'ઈન્ડિયન સ્પેકટેટર'આદિ અખબારોમાં ખૂબ થવાથી શ્રીમદ્ રાજચંદ્રજીની યશકીર્તિનો સુવર્ણસૂર્ય ઉદિત થયો. હવે શીઘ્ર કવિ અને વિદ્વાન ઉપરાંત શતાવધાની તરીકે શ્રીમદ્ પ્રસિદ્ધિ પામ્યા.

અનુસંધાન પાન નં. ૪૯ ઉપર

# સાધુ વાસવાણી

(ઈ.સ. ૧૮૭૯-૧૯૬૬)

સંકલન :
સાધુ વાસવાણી મિશન, વડોદરા

ગુજરાતી ભાષાંતરઃ
- શ્રી પ્રિયકાંત પી. શુક્લ (જામનગર)

એક જમાનામાં સિંધ એક મહાન પ્રાચીન સંસ્કૃતિનું કેન્દ્ર હતું. સિંધ દેશે અનેક કવિઓ અને સંતો આપ્યા છે. આવા પ્રસિદ્ધ સિંધ દેશમાં ૨૫ નવેમ્બર, ૧૮૭૯માં હૈદરાબાદ શહેરમાં સાધુ વાસવાણીનો જન્મ થયો હતો. તેમનું નામ 'થન્વર' રાખવામાં આવ્યું હતું. થન્વરનો અર્થ દૃઢ એવો થાય. નામ જેવા ગુણોવાળા વાસવાણી જીવનમાં હંમેશાં સમદર્શી અને દૃઢ રહ્યા. તેમની માતાનું નામ વરમદેવી હતું. ગુરુનાનકનાં ભક્ત વરમદેવીને 'જપજી સાહેબ' કંઠસ્થ હતો. મા માટે સાધુ વાસવાણીને અપાર પ્રેમ હતો. તેમના પિતા આમિલ જ્ઞાતિના શ્રી લીલારામ જમીનદાર હતા. તેઓ મા કાળીના ભક્ત હતા.

બાળક થન્વર કુદરતી રીતે જ માનવ, પશુ-પક્ષી અને નિસર્ગ પર પ્રેમ ધરાવતો. છ વર્ષની ઉંમરે શાળાએ જતાં રસ્તામાં મટનની દુકાનમાં બકરાં-ઘેટાં મારીને લટકાવેલાં હતાં. તેમાંથી લોહી ટપકતું જોઈ બાળક વાસવાણીનું દિલ દ્રવી ઊઠ્યું અને આજીવન શાકાહારી રહેવાનું વ્રત લીધું.

વિદ્યાર્થી તરીકે તેઓ વહેલા ઊઠતા. રોજ સૂર્યનમસ્કાર કરતા અને ઈશ્વરને મન શુદ્ધ રાખવા અને પ્રાણનું રક્ષણ કરવા પ્રાર્થના કરતા. આઠ વર્ષની વયે પ્રાથમિક શિક્ષણ પૂરું કરી યુનિયન એકેડમીમાં પ્રવેશ મેળવ્યો. તેઓ સારા વક્તા હતા. લોકો પણ તેમની તેજસ્વિતાથી પ્રભાવિત થતાં. આટલી નાની ઉંમરથી તેઓ આત્મચિંતનમાં મગ્ન રહેવા લાગ્યા. તેમણે ઈસુના જીવનચરિત્રનો તલસ્પર્શી અભ્યાસ કર્યો.

૧૧ વર્ષની કુમળી વયે બાળ વાસવાણીએ પિતાની છત્રછાયા ગુમાવી. મરતા સમયે તેમણે પત્નીને ધીરજ અને આશ્વાસન આપતાં કહેલું કે 'આ બાળક એક મહાન સેવક થશે.' માધ્યમિક શિક્ષણકાળમાં તેઓ પ્રતિભાશાળી વિદ્યાર્થી રહ્યા. મેટ્રિકની પરીક્ષામાં તેઓ સિંધમાં પહેલા આવ્યા.

તેમની ઈચ્છા ફકીર બની, પ્રભુપરસ્તી કરવાની હતી પણ માતા વરમદેવીના આગ્રહને વશ થઈ તેમણે વચન આપ્યું કે માતાના હયાતીકાળમાં તેઓ સાધુ થશે નહીં. તેઓ આગળ અભ્યાસ માટે ડી.જે. સિંધ કોલેજમાં દાખલ થયા. તેમના મિત્રો તેમના ચારિત્ર્યની પરીક્ષા કરવા તેમને વેશ્યા પાસે લઈ ગયા. પણ વાસવાણીજીએ તેને કહ્યું, 'બેટા ! શરીરનું સૌંદર્ય કાયમ ટકતું નથી પણ જો આત્મા સ્વરૂપવાન હોય તો જીવનના અંત સુધી સૌંદર્ય ટકે છે. એને માટે ભગવન્નામ રટણ જ મુખ્ય સાધન છે.' મિત્રોએ આ અણછાજતી પ્રવૃત્તિ માટે તેમની માફી માગી.

સ્નાતક થયા પછી વાસવાણી દક્ષિણા-ફેલો બન્યા. તેમને માસિક શિષ્યવૃત્તિ મળી અને પોતાનું આગળનું ભણતર ચાલુ રાખી, વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ સોંપાયુ. વાસવાણીએ 'ગીતાની' અને 'સુખમની'ના વર્ગો ચાલુ કર્યા. તેઓ ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વ સમજાવતા. સને ૧૯૦૨માં M.A.ની ડિગ્રી મેળવી યુનિયન એકેડમીમાં શિક્ષક તરીકે જોડાયા.

તેમને ખૂબ સારા કુટુંબની, પૈસાપાત્ર કન્યાઓનાં માગાં આવવા લાગ્યાં, પણ વાસવાણીજીએ માતાને પોતાનો નૈષ્ઠિક બ્રહ્મચારી રહેવાનો નિશ્ચય જણાવી દીધો. સને ૧૯૦૩માં કોલકાતાની વિદ્યાસાગર કોલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. ત્યાં તેઓ તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ શીખવતા. વિદ્યાર્થીઓ તેમના ઉપદેશને અનુસરતા. કોલકાતામાં પ્રા. વાસવાણી રવીન્દ્રનાથ ટાગોરના સંપર્કમાં આવ્યા. વિચારોની મુક્ત આપલે થઈ. જ્યારે રવીન્દ્રનાથ ટાગોરે શાંતિનિકેતનની સ્થાપના કરી ત્યારે તેના પ્રમુખ બનવા શ્રી વાસવાણીજીને વિનંતી કરી. પરંતુ જીવનમાં અનેક કાર્યો કરવાનાં હોઈ આ વિનંતીનો વાસવાણીજી સ્વીકાર કરી શક્યા નહીં.

તેઓ સને ૧૯૦૬માં કરાચીમાં ડી. જે. સિંધ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા. કોલેજના થોડા વિદ્યાર્થીઓને અધ્યાત્મ વિશે રુચિ ઉત્પન્ન થતાં તે વિદ્યાર્થીઓએ પ્રા. વાસવાણીજીને આશ્રમ જેવી વ્યવસ્થા થાય તો તેમના સાન્નિધ્યમાં રહી અભ્યાસ થાય તે દૃષ્ટિએ આશ્રમ ચાલુ કરવા વિનંતી કરી. પ્રા. વાસવાણીને આ વિચાર આવકારરદાયક લાગ્યો અને આશ્રમની શરૂઆત થઈ.

અનુસંધાન પાન નં. ૩૧ ઉપર

# શ્રી રમણ મહર્ષિ

(ઈ.સ. ૧૮૭૯ - ૧૯૫૦)

- શ્રી કેશવલાલ શાસ્ત્રી (રાજકોટ)

સોળ સત્તર વરસનો એક છોકરો હાઈસ્કૂલમાં ભણતો હતો. શરીરે અલમસ્ત હતો પણ અચાનક એક દિવસ એને મોતની બીક લાગી ગઈ. હમણાં જ હું મરી જઈશ એવું એને લાગ્યું - એ જાણે મડદું બની ગયો, પણ એનું ભાન સાબૂત હતું. તે મનમાં બોલ્યો, 'બસ ! શરીર મરી ગયું છે. પણ હું નથી મરી ગયો. હું શરીર નથી, હું કંઈ બીજું જ છું, હું આત્મા છું. શરીર મરે છે, પણ આત્માને મોત નથી અડતું - હું અમર આત્મા છું.'

આ સત્યનું દર્શન હતું. આ છોકરો તે વેંકટરમણ, જે વિશ્વમાં રમણ મહર્ષિ તરીકે વિખ્યાત થયો. રમણ મહર્ષિનો જન્મ મદુરાથી ત્રીસ માઈલ દૂર તિરુચ્ચુળી નામે ગામમાં તા. ૩૦-૧૨-૧૮૭૯ના રોજ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ સુન્દરમ્ અય્યર અને માતાનું નામ અળગમ્મા હતું.

વેંકટરમણ સોળ વર્ષનો થયો. ભણવા ઉપરથી એનું મન એટલું વિમુખ થઈ ગયું કે એ ચોપડી આઘી ધકેલી ધ્યાનમાં બેસી જતો. તેણે નિર્ણય કરી નાખ્યો કે ઘર છોડી અરુણાચલ ચાલી જવું. તેણે ગૃહત્યાગ કરતાં ચિઠ્ઠી લખી, 'પરમ પિતાની આજ્ઞાથી એની શોધમાં જઉં છું. મારી શોધમાં પૈસા ખર્ચશો નહિ.' તેમની પાસે પૈસા હતા નહિ. અચાનક તેમને યાદ આવ્યું કે તેમના કાનમાં એક સોનાની વાળી છે. તે ગીરો મૂકીને ચાર રૂપિયા લીધા અને સીધા જ અરુણાચલેશ્વરના મંદિરમાં ગયા. મંદિર ઉઘાડું હતું પણ તેમાં કોઈ જ નહોતું. વેંકટરમણ ગર્ભગૃહમાં ભગવાન અરુણાચલેશ્વરની સામે જઈ ઊભા રહ્યા. એમના આનંદનો પાર નહોતો. એમની શોધ પૂરી થઈ હતી. મંદિરમાંથી બહાર નીકળી તેમણે તરત માથું મુંડાવી નાખ્યું. પાસે જે પૈસા હતા. તે તળાવમાં નાખી દીધા, જનોઈ કાઢી નાખી અને શરીર પર કૌપિન સિવાય કંઈ રાખ્યું નહિ. મંદિરના ભોંયરામાં સમાધિમાં બેસી ગયા. ન હાલે કે ચાલે. આમ, કેટલાયે દિવસો વીતી ગયા. લોકો તેમને બ્રાહ્મણ સ્વામી કહેવા લાગ્યા. તેઓ પરાણે તેમને થોડું ખવડાવતા.

સને ૧૮૯૮ના ઉત્તરાર્ધમાં બ્રાહ્મણ સ્વામીએ અરુણગિરિનાથના મંદિરમાં રહેવાનું રાખ્યું. અહીં રહીને તેઓ શેરીઓમાં ભિક્ષા માગવા જતા. તેઓ કહેતા, 'બાદશાહી તો મારી આગળ તણખલા જેવી ! એટલે તો કંઈક રાજાઓએ રાજપાટ છોડી ભિક્ષુક થવું પસંદ કર્યું છે !'

સને ૧૮૯૯થી બ્રાહ્મણ સ્વામીએ પહાડ પર 'વીરુ પાક્ષ ગુફા'માં નિવાસ કર્યો. અહીં તેઓ ૧૭ વર્ષ રહ્યા. તેમના માટે સાધનાકાળ જેવું કંઈ હતું જ નહિ. જે પળે એમને મૃત્યુનું ભાન થયું તે જ પળથી તેઓ સંપૂર્ણ આત્મસ્થ હતા.

કાવ્યકંઠ ગણપતિ શાસ્ત્રી કરીને એક સંસ્કૃતના મહાવિદ્વાન હતા. તેમણે સને ૧૯૦૩માં બ્રાહ્મણસ્વામીનાં પહેલી વાર દર્શન કર્યાં. તે પછી અવારનવાર તેમનાં દર્શને આવતા. તેમણે સ્વામીને પૂછ્યું, 'તપ એટલે શું ?' સ્વામીજી બોલ્યા, '' 'હું'નો ખ્યાલ ક્યાંથી પેદા થાય છે એનો જો માણસ વિચાર કરે તો મન એમાં લીન થાય છે. એ તપ છે. મંત્રનો જપ કરતી વખતે મંત્રનો ધ્વનિ જ્યાંથી પેદા થાય છે તે મૂળનો જો માણસ વિચાર કરે તો મન એમાં લીન થાય છે. એ તપ છે. ગણપતિ સ્વામીએ જ બ્રાહ્મણ સ્વામીને સૌ પહેલાં ભગવાન શ્રી રમણ મહર્ષિ કહ્યા ને સુબ્રહ્મણ્યમનો અવતાર કહી એમની સ્તુતિ કરી. એમની સાથે મહર્ષિને જે વાર્તાલાપ થયો તે 'રમણગીતા' નામે પ્રસિદ્ધ છે. શ્રી રમણ મહર્ષિએ શૈવ સિદ્ધાંત માટે સંસ્કૃતમાં બાર સૂત્રોમાં બધું જ જ્ઞાન આપી દીધું છે.

'રમણગીતા'માં મહર્ષિ કહે છે, 'આખું વિશ્વ દેહમાં છે અને આખો દેહ હૃદયમાં છે. (હૃદય એટલે આત્મા, જેમાંથી 'હું' વિચાર અને બીજા વિચારો પેદા થાય છે) તેથી આખું વિશ્વ હૃદયમાં સમાઈ જાય છે, જેમ સૂર્ય ચંદ્રને પ્રકાશ આપે છે તેમ આ હૃદય મનને પ્રકાશ આપે છે. દિવસના પ્રકાશમાં ચંદ્રનો પ્રકાશ ઢંકાઈ જાય છે તેમ મનનો પ્રકાશ હૃદયના પ્રકાશમાં ડૂબી જાય છે. જ્ઞાની એ જોઈ શકે છે. દૃશ્ય કરતાં દૃષ્ટા જુદો હશે એ માત્ર મનની બાબતમાં જ સાચું છે. હૃદયની બાબતમાં તો દૃષ્ટા અને દૃષ્ય એક જ છે'. તેઓ કહેતા, 'સિદ્ધિઓથી કોઈ લાભ નથી. એનાથી મળે એના કરતાં વધારે શાંતિ અને પ્રકાશ એના વિના મળે છે.' 'તમે જગતથી જુદા નથી અને જગત તમારાથી જુદું નથી.' 'સાધકે સત્યયુગવાદી નથી થવાનું, સત્યયુગકારી થવાનું છે એટલે કે અત્યારે સત્યુગ છે એમ માનીને કાર્ય કરવાનું છે. બધા ધર્મો જ્યાં ભેગા થાય છે તે બિંદુ સુધી જ લઈ જાય છે. એ બિંદુ એટલે ઈશ્વર સર્વ કંઈ છે અને સર્વ કંઈ ઈશ્વર છે.'

મહર્ષિ શ્રી શંકરાચાર્યના જેવા અદ્વૈતવાદી સંત છે. શ્રી શંકરે જેમ દેવદેવીઓનાં સ્તોત્રો રચ્યાં છે તેમ મહર્ષિએ અરુણાચલનું સ્તોત્ર રચ્યું છે.

સને ૧૯૧૪માં માતાજી અળગમ્મા માંદા પડ્યાં ત્યારે મહર્ષિના આશ્રમમાં આવી રહ્યાં હતાં. મહર્ષિએ એમની ખૂબ ચાકરી કરી. ધીરે ધીરે મહર્ષિએ એમની સંસારની માયા છોડાવી એમનું મન પરમાત્મા તરફ વાળ્યું હતું. છેલ્લે તા. ૧૯-૫-૧૯૨૨માં માતાજીએ આશ્રમમાં જ મહર્ષિની ઉપસ્થિતિમાં જ દેહ છોડ્યો. પાછળથી માતાજીની સમાધિ પર શિવલિંગ પધરાવી ત્યાં વિધિપૂર્વક 'માતૃભૂતેશ્વર મહાદેવ'ની પ્રતિષ્ઠા કરવામાં આવી છે અને રોજ પૂજાપ્રાર્થના થાય છે. માતૃશક્તિ અને માતૃભક્તિનું એ ભવ્ય દિવ્ય પ્રતીક છે.

મહર્ષિના આશ્રમને શ્રી રમણાશ્રમ કહે છે, જે પવિત્ર અરુણાચલની તળેટીમાં છે. દર્શનાર્થીઓને મહર્ષિ ખૂબ સુલભ હતા. તેમનો વ્યવહાર ખૂબ સહજ હતો. એક વાર એક જર્મન ફિલસૂફે મહર્ષિને પૂછ્યું, 'ઈશ્વરને જાણવા માટે મારે શું જાણવું?' મહર્ષિએ કહ્યું, 'જે જાણો છો, જે શીખ્યા છો તે બધું ભૂલી જાઓ તો ઈશ્વરને જાણી શકશો. મહર્ષિને સંસ્કૃત, મલયાલમ અને તેલુગુ ભાષાનું સારું જ્ઞાન હતું. અંગ્રેજી તેઓ ભાગ્યે જ બોલતા, પણ સમજતા બરાબર.

૧૯૪૯ના ફેબ્રુઆરીમાં એમના ડાબા હાથની કોણી પર કેન્સરની ગાંઠ દેખાઈ ને ધીરેધીરે મોટી થવા લાગી. પીડા અસહ્ય હતી. ભક્તોના આગ્રહથી તેમણે ઓપરેશનની હા પાડી, પણ ઘેનની દવા લીધી નહીં. દાક્તરે હાથ ખોતરવા માંડ્યો, લોહીની ધારા વહી ચાલી. ભક્તો રડવા લાગ્યા પણ તેમણે કહ્યું, 'તમે સમજો છો હું પીડાઉં છું, પણ હું નથી પીડાતો, મારું શરીર પીડાય છે. હું આ શરીર નથી એ તમે કેમ ભૂલી જાઓ છો?' લોકો એમને ભગવાન રમણ મહર્ષિ કહે છે તે કેટલું સાચું છે ! ભક્તો ગભરાતા હતા કે શું મહર્ષિ અમને છોડી જતા રહેશે? મહર્ષિ કહે, 'હું ક્યાં જાઉં છું? ક્યાં જવાનો? અહીં જ છું! હાસ્તો, જન્મમરણ શરીરને છે પણ દેશકાલથી પર જે આત્મા છે તેને જવાનું શું અને આવવાનું શું?'

તા. ૧૪-૪-૧૯૫૦ના રોજ મહર્ષિએ મહાસમાધિ લીધી. તે વખતે લોકોએ જોયું કે દક્ષિણ આકાશમાંથી એક તેજસ્વી તારો આવ્યો અને ઉત્તરમાં અરુણાચલના શિખર પાછળ અદશ્ય થઈ ગયો. મહર્ષિ આજે હયાત નથી, પણ ઘણા આજે પણ તેમની હાજરીનો અનુભવ કરે છે. મહર્ષિ ઘણીવાર કહેતા, 'સદ્‌ગુરુ જ્યારે જુઓ ત્યારે બધે હાજરે હોય છે, કારણ કે ગુરુ સ્થૂળ શરીર નથી, ચિરંતન પુરુષ છે.'

**दशबिन्दुमयी रेखा सैषा श्री रमणप्रभो : ।**
**शिवं तनोतु नः सम्यग्दृष्टिदं सर्वदाऽखिलम् ॥**
**श्री अरुणाचल रमणार्पणमस्तु ॥**

# મહર્ષિ અરવિંદ

(ઈ.સ. ૧૮૭૨ - ૧૯૫૦)

- શ્રી અનિરુદ્ધ સ્માર્ત (સુરત)

ડૉક્ટર સાહેબ વિલાયત જઈને ભણી આવેલા હતા અને વિલાયતી સભ્યતાથી એવા અંજાઈ ગયેલા હતા કે એમણે પોતાના સાત વર્ષના દીકરા અરવિંદને વિલાયતમાં ભણવા મૂક્યો અને એવી વ્યવસ્થા કરી કે એને હિંદુસ્તાનની હવા લાગે જ નહિ, પરંતુ ભગવાને જુદું ધાર્યું હતું. અરવિંદ અગિયાર વર્ષનો થયો ત્યારે એને ભાન થયું કે હું મારા દેશનું કંઈ મોટું કામ કરવા જન્મ્યો છું. ભણવામાં એ હોશિયાર હતો. તેણે યુરોપની ઘણી ભાષાઓ શીખી લીધેલી પણ માતૃભાષા બંગાળી તેને આવડે નહિ. દેશદેશના ઈતિહાસ એણે વાંચ્યા અને છાપાંમાં છપાતા હિંદુસ્તાનના સમાચારો વાંચી એને ખ્યાલ આવ્યો કે મારા દેશ પર પરદેશી લોકોનું રાજ્ય છે એ તો બહુ શરમાવા જેવી વાત કહેવાય. એણે પ્રતિજ્ઞા કરી કે ભારતની સ્વતંત્રતા માટે મારે કંઈક કરવું. એકવીસ વર્ષની ઉંમરે યુવાન અરવિંદ ઈ.સ. ૧૮૯૩માં પાછો દેશમાં આવ્યો અને એણે અપૂર્વ શાંતિનો અનુભવ કર્યો.

આ યુવાન તે શ્રી અરવિંદ ઘોષ. તેમણે વડોદરામાં નોકરી લીધી. અહીં એમણે ભારતીય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ શરૂ કર્યો. તેઓ સંસ્કૃત શીખ્યા. પોતાની માતૃભાષા બંગાળી શીખ્યા અને તેમાં બોલતાં-લખતાં પણ થયા. તેમને ખાતરી થઈ ગઈ કે ભારતભૂમિની સેવા કાજે મારો જન્મ છે અને ભારતભૂમિની સેવા દ્વારા જ વિશ્વની સેવા થઈ શકશે. પ્રસિદ્ધ મહારાષ્ટ્રિયન યોગી શ્રી લેલે મહારાજે તેમને યોગવિદ્યાની દીક્ષા આપી અને ત્રણ જ દિવસમાં તેમને બ્રહ્મનો સાક્ષાત્કાર થયો.

સને ૧૯૦૭માં મુંબઈમાં દેશને અંગ્રેજી હકૂમતમાંથી મુક્ત કરવા તેમને ભાષણ આપવાનું હતું પણ ભાષણમાં શું બોલવું સૂઝતું નહોતું. લેલે મહારાજે કહ્યું, 'ભાષણ કરનારા તમે નથી, ભગવાન છે!' આ પછીની શ્રી અરવિંદની બધી પ્રવૃત્તિ - લખવાનું, બોલવાનું બધું જ ઈશ્વર પ્રેરિત રહ્યું. તેઓ આખો વખત સમાધિ જેવી અવસ્થામાં રહેતા હતા.

સને ૧૯૦૫થી ૧૯૧૫ના ગાળામાં બંગાળી યુવાનોએ દેશભાવનાથી પ્રેરાઈને એવું કરી બતાવ્યું કે અંગ્રેજોના છક્કા છૂટી ગયા. સરકારે શ્રી અરવિંદને પકડી જેલમાં પૂર્યા. જેલમાં પણ શ્રી અરવિંદની યોગસાધના ચાલુ જ હતી. જેલના એકાંતમાં એમની યોગસાધનામાં ઝડપથી આગળ વધ્યા. હવે ધીરે ધીરે ભગવાને શ્રી અરવિંદને હિંદુ ધર્મનાં ગૂઢ રહસ્યનું જ્ઞાન આપ્યું. કોર્ટમાં શ્રી અરવિંદનો બચાવ કરવા માટે દેશબંધુ ચિત્તરંજન દાસ આગળ આવ્યા. તેમણે તે વખતે કોર્ટમાં કહેલા શબ્દો આજે દિવ્ય ભવિષ્યવાણી જેવા પુરવાર થયા છે. તેમના શબ્દો હતા - 'આ ધાંધલ, આ ઉશ્કેરાટ બધું શમી જશે, પછી વખત એવો આવશે જ્યારે જગત શ્રી અરવિંદને રાષ્ટ્રવાદના પયગંબર તરીકે, રાષ્ટ્રીય શાયર તરીકે અને માનવતાના પૂજારી તરીકે યાદ કરશે અને એમની વાણીના પડઘા કેવળ ભારતમાં નહિ, પણ દૂર દૂરના દરિયા પારના દેશોમાં ફરી ફરી સંભળાયા કરશે !' જજે શ્રી અરવિંદને છોડાવી દીધા. વરસ દિવસ તેમણે ઠેર ઠેર ફરીને ભાષણો આપ્યાં. ત્યાં ફરી ઊર્ધ્વમાંથી આદેશ આવ્યો, 'પોંડિચેરી જા!' તેઓ તા. ૪-૪-૧૯૧૦ના રોજ પોંડિચેરી પહોંચી ગયા. પોંડિચેરીમાં રહી સમગ્ર વિશ્વમાં ભારતના આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો.

સને ૧૯૧૪માં ફ્રાન્સના વિદ્વાન શ્રી પોલ રિશાર તેમને મળ્યા. આ પહેલી જ મુલાકાતમાં શ્રી રિશારે લખ્યું, 'એશિયામાં મહાન નેતાનો ઉદય થઈ રહ્યો છે'. પોલ રિશારનાં પત્ની શ્રીમતી મીરાં બાળપણથી કંઈ કંઈ દૈવી અનુભવો કરી રહ્યાં હતાં. પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી સને ૧૯૨૦માં શ્રીમતી મીરાં પોંડિચેરી આવ્યાં. તે પછી સને ૧૯૨૬થી શ્રી અરવિંદ આશ્રમનું સંપૂર્ણ સંચાલન તેમણે હાથમાં લીધું. હવે તેઓ આશ્રમનાં પરમ પૂજ્ય માતાજી તરીકે ઓળખાયાં. શ્રી અરવિંદે આશ્રમની બધી જવાબદારી શ્રી માતાજીને સોંપી દીધી ને પોતે એકાંતમાં ચાલી ગયા. દેહત્યાગ સુધી તેઓ એકાંતમાં જ રહ્યા. ૨૪-૧૧-૧૯૨૬નો દિવસ એ શ્રી અરવિંદના સાક્ષાત્કારનો દિવસ ગણાય છે. તેને સિદ્ધિદિન પણ કહે છે.

શ્રી અરવિંદ કહે છે, 'માનવે દિવ્ય બનવાનું છે, પોતાની નિમ્ન પ્રકૃતિનું ભગવાનની ચેતનામાં રૂપાંતર

કરવાનું છે એટલે કે અતિમાનવ બનવાનું છે.' સને ૧૯૨૮માં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરે પોંડિચેરી આવી શ્રી અરવિંદનાં દર્શન કર્યાં હતાં. તે વખતે તેમણે શ્રી અરવિંદના મુખ પર દિવ્ય પ્રકાશ ઝળહળતો નિહાળ્યો હતો એવું એમણે પોતે કહ્યું છે.

એકાંતવાસ પછી શ્રી અરવિંદ વર્ષમાં માત્ર ચાર વખત દર્શન આપતા. દર્શન વખતે એમના મુખારવિંદ પર દૈવી યોગશક્તિનું તેજ ભક્તો જોઈ શકતા. યોગશક્તિનો ઉપયોગ એમણે ભારત અને જગતના હિત માટે બીજા વિશ્વયુદ્ધ વખતે કર્યો પણ છે. છેવટે તા. ૧૫-૮-૧૯૪૭ના રોજ ભારતે સ્વતંત્ર સાર્વભૌમ દેશ તરીકે વિશ્વના નકશામાં સ્થાન લીધું. શ્રી અરવિંદનો એ જન્મ દિવસ છે. એ દિવસે દેશને સંદેશ આપતાં શ્રી અરવિંદે કહ્યું, 'મારો પણ આ જન્મદિવસ છે. એને હું સુખદ અકસ્માત નથી ગણતો, પરંતુ મેં જે જીવનકાર્ય હાથમાં લીધું છે તેના પર એથી દૈવીશક્તિની મંજૂરીની મહોર વાગે છે. સ્વતંત્ર અને અખંડ ભારતનું મારું સ્વપ્ન હતું. ભારતે આધ્યાત્મિક ક્ષેત્રે જગતને ઘણું પ્રદાન કરવાનું છે, એની શરૂઆત થઈ ચૂકી છે અને એની ગતિ વધતી જ જવાની છે.'

શ્રી અરવિંદે અનેક ગ્રંથ લખ્યા છે, તેમાં 'સાવિત્રી' નામે ગ્રંથ અંગ્રેજી ભાષાનું એક મહાકાવ્ય ગણાય છે. મહાનિર્વાણના બે મહિના પહેલાં એક દિવસ એકાએક તેમણે કહ્યું, 'મારે હવે 'સાવિત્રી' ઝટ પૂરું કરવું જોઈએ.' ભક્તોને આ શબ્દોએ ચિંતામાં નાખી દીધા. શા માટે ઉતાવળ ? તેમની તબિયત બગડી. રોગે દેખા દીધી. તા.૫-૧૨-૧૯૫૦ના રોજ બપોરે ૧.૨૬ વાગે તેમણે શરીરનો ત્યાગ કર્યો, પરંતુ ૧૧૧ કલાક સુધી એ નિષ્પ્રાણ શરીર પર દૈવી પ્રકાશ રહ્યો અને શરીર પર વિકૃતિની લેશ પણ છાયા દેખાઈ નહિ. જગત આખું આશ્ચર્ય પામી આ અદ્‌ભુત ચમત્કાર જોઈ રહ્યું હતું - નવમી ડિસેમ્બરે સાંજે આશ્રમના કમ્પાઉન્ડમાં જ તેમને મહાસમાધિ આપવામાં આવી. સમાધિ પર શબ્દો છે - 'અમારા ગુરુના હે પાર્થિવદેહ, અમે તને પ્રણામ કરીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે તારું અમારા પર જે મોટું ઋણ છે તેને એક પળવાર પણ અમે કદી ભૂલીએ નહિ !'

---

**( શ્રીમદ્ રાજચંદ્ર પાન નં. ૪૪ ઉપરથી ચાલુ)**

તેમણે જ્યોતિષશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. હસ્ત, મુખ આદિનું અવલોકન કરી તેઓ જ્યોતિષ ભાખી શકતા. શ્રીમદ્‌નાં ૨૦મા વર્ષે ઝવેરી શ્રી પોપટલાલભાઈનાં પુત્રી શ્રી ઝબકબાઈ સાથે લગ્ન થયાં. ૨૧મા વર્ષે મુંબઈમાં ઝવેરાતનો વ્યવસાય ભાગીદારીમાં શરૂ કર્યો. થોડા જ વખતમાં વિદેશ સાથે પણ વેપાર કરવાથી પેઢીનું નામ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગાજવા લાગ્યું.

૨૩મા વર્ષે શ્રીમદ્‌ને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થઈ. શ્રીમદ્ વ્યવસાયમાં હોવા છતાં પ્રત્યેક વર્ષે મુંબઈ છોડી અમુક મહિના માટે એકાંત સ્થળોમાં જઈ ધ્યાન, ચિંતન, સ્વાધ્યાયમાં સમય ગાળતા.

લંડનથી બેરિસ્ટર થઈ આવેલા મહાત્મા ગાંધીને પ્રથમ દિવસે જ શ્રીમદ્‌ને મુંબઈમાં મળવાનો સુયોગ પ્રાપ્ત થયો. લગભગ બે વર્ષના ગાઢ પરિચયમાં ગાંધીજીએ તેમની પાસેથી 'અહિંસા ધર્મ'નું કૂંડા ભરી-ભરીને પાન કર્યું. ગાંધીજી શ્રીમદ્‌ને તે સમયના સર્વ શ્રેષ્ઠ આધ્યાત્મિક પુરુષ તરીકે ઓળખાવતા.

૨૯મા વર્ષે અપૂર્વ એવા 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની માત્ર દોઢ કલાકમાં પદ્યરચના કરીને શ્રીમદે ચૌદ પૂર્વનો સાર વિશ્વને આપ્યો. એ ઉપરાંત અનેક અદ્‌ભુત કાવ્યની રચના કરી. તેમજ લગભગ એક હજાર પત્રોનો પૂંજ વગેરે આત્માર્થી જીવોના નિમિત્તે લખી ભવ્યોનું કલ્યાણ કરતા ગયા. તેમનું લખેલું સર્વ સાહિત્ય હજાર પાનરૂપે બનેલ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પ્રકાશિત થયું. જેનો સ્વાધ્યાય કરી આજે પણ હજારો મુમુક્ષુઓ મોક્ષમાર્ગને સરળ ભાષામાં સમજી અદ્‌ભુત આત્મશાંતિ પામે છે.

શ્રીમદ્ માત્ર ૩૩ વર્ષની ભરયુવાન વયે 'કેવળ લગભગ ભૂમિકા' મેળવી સં. ૧૯૫૭ના ચૈત્ર વદ-૫ ના દિવસે બે વાગે રાજકોટમાં આ નશ્વર દેહનો ત્યાગ કરી અદ્‌ભુત સમાધિમરણ સાધી આત્મસ્વરૂપમાં સમાઈ ગયા. તેમની વીતરાગ મુખમુદ્રા અને વચનામૃતોનો આધાર આજે પણ વિદ્યમાન છે. તેનો આધાર લઈ મનુષ્ય કષાયોને કાઢી, તેમની આપેલી મુખ્ય આજ્ઞા 'સહજાત્મસ્વરૂપ'નું ધ્યાન કરી મનુષ્યજીવન સફળ કરી શુદ્ધ આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે છે.

# શ્રી રંગ અવધૂત

(ઈ.સ. ૧૮૯૮-૧૯૬૮)

શ્રી જયંતીલાલ આચાર્ય (નારેશ્વર)

પતિત પાવની નર્મદા નદીના કિનારે નારેશ્વર ગામ. પહેલાં એટલે આઠ દશકા પૂર્વે નારેશ્વર એટલે આજુબાજુનાં પાંચ- સાત ગામોનું સ્મશાન. આજે જે ઈમારતો દેખાય છે ત્યાં માત્ર હતાં જંગલ- ઝાડી, રાફડા અને થૂવર. નાના-મોટા સાપ અને વીંછીઓનું જ સામ્રાજ્ય. દસ-પંદર દિવસ સુધી જો કોઈનું મૃત્યુ ન થાય તો અહીં કોઈ માણસનું મોં પણ જોવા ન મળે. અહીં એક બાવો આવ્યો. તેમણે બે મોરલાઓની વચ્ચે એક મોટા નાગને નર્તન કરતો જોયો. આ તો એકમેકને ખાવાવાળા જીવ, પરંતુ પ્રેમથી તેમને પરસ્પર પ્રેમાલાપ કરતાં જોઈને બાવાને થયું કે આ કોઈ સિદ્ધભૂમિ છે અને તેણે અહીં આસન જમાવ્યું. ક્યારેક તેમને સવાર-સાંજ આરતીના ઘંટારવ અને શંખનાદ સંભળાતા. તેઓ ચોપાસ લાંબો આંટો મારી આવતા પણ બધું વ્યર્થ. પછી પોતાના સ્થાનેથી જ આ દિવ્યનાદનો આનંદ લેતા.

પ્રારંભમાં તો લોકોને મન એમ જ હતું કે કોઈ ગાંડો બાવો આવ્યો છે અને તેવી જ વાતો વહેતી થયેલી, પરંતુ જેમ જેમ લોકો આ પાગલરામને જોવા આવતા ગયા તેમ તેમ આ મહાપુરુષ પોતાનું નિત્યકર્મ કરી - પરવારી રવિવારે અને ગુરુવારે આગંતુકો સાથે વાતો કરવા લાગ્યા, ધીરે ધીરે તેમની તપશ્ચર્યા અને તેજસ્વિતા જોઈ લોકો પણ તેમને આદરભાવથી જોવા લાગ્યા અને લોકોનો ભાવ તથા નિર્મળ હૃદયનાં દર્શન કરી આ મહાપુરુષે પણ તેમના સૌનાં દીનદુઃખિયાનાં દુઃખો દૂર કરવામાં, જ્ઞાનગોષ્ઠિ દ્વારા આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક ઉપાધિઓ ટાળવામાં નિમિત્ત બનવા માંડ્યું. જે લીમડા હેઠળ બેસીને બાપજી સત્સંગ કરતા તે લીમડો આજે પણ છે, ઝૂકી પડ્યો છે અને તેણે કડવાશ પણ છોડી દીધી છે.

આ મહાપુરુષ એટલે નારેશ્વરના સંત શ્રી રંગ અવધૂતજી ! રત્નાગિરિ જિલ્લાના સંગમેશ્વર તાલુકાનું દેવળ ગામ તે તેમના પૂર્વજોનું ગામ. પિતાનું નામ શ્રી વિઠ્ઠલ અને માતાનું નામ કાશી, પરંતુ લગ્ન પછી સાસરામાં તેમને રુક્મિણી નામ આપવામાં આવેલું. પાછળથી તેઓ રુકમામ્બા તરીકે જાણીતાં થયાં. આ દંપતી કાળે કરીને મહારાષ્ટ્રમાંથી ગુજરાતના ગોધરા (પંચમહાલ જિલ્લો) ખાતે શ્રી વિઠ્ઠલ મંદિરમાં આવીને સ્થિર થયાં હતાં. બંને તપસ્વી- ભક્તિપરાયણ માતા-પિતાનું સંતાન એ જ શ્રી રંગ અવધૂતજી. કારતક શુક્લ પક્ષની અષ્ટમી ઉપર નવમીને વિ.સં. ૧૯૫૫ તા.૨૧.૧૧.૧૮૯૮ ને સોમવારે પ્રદોષ સમયે તેમનો જન્મ થયો હતો. જન્મ સમયે વિઠ્ઠલ મંદિર નિકટ આગ લાગી હતી ત્યારે આગ ઓલવવા ગયેલાં રૂકમામ્બા જ્યારે આગ ઓલવીને પાછાં ફર્યાં ત્યારે શ્રી રંગ અવધૂતજીનો જન્મ થયો હતો. બાળપણમાં તેમનું નામ પાંડુરંગ હતું.

નવ મહિનાની ઉંમરમાં તેઓ સ્પષ્ટ- શુદ્ધ ઉચ્ચારણ સાથે સમજણપૂર્વક વાતચીત કરવા લાગ્યા હતા. દોઢ વર્ષની ઉંમરે તો પિતાશ્રી સાથે ગંભીર વિષયોની ચર્ચા કરવા લાગ્યા હતા.

એક વખત એક મૃતદેહને દેખીને તેમણે પિતાને આ વિશે પૂછ્યું હતું ? ''કોણ છે ? ક્યાં જાય છે? આ બધા લોકો શા માટે રડે છે ?'' વગેરે. પિતાએ કહ્યું: "તે માણસ મરી ગયો છે એટલે તેનાં સગાં-સંબંધી રડે છે, તેને સ્મશાને લઈ જાય છે. હવે તેને બાળશે ?" "તો આ મરી જવું એટલે શું ? બાળે તો તે માણસ દાઝી નહીં જાય?" "ના, મર્યા પછી આવું કંઈ ન થાય." "તો મર્યા પછી શું થાય?" "મૃત્યુ પછી જન્મ અને જન્મ પછી મૃત્યુ, આવું તો ચાલ્યા જ કરે ?" "તો આ જન્મ-મૃત્યુમાંથી છુટાય નહીં ?" "જરૂર છુટાય. રામનામનું સ્મરણ જ એકમાત્ર આધાર છે કે જે આ જનમ-મરણના

ફેરામાંથી મુક્ત કરી શકે છે ! " અને આ દોઢ વર્ષના બાળકને ગુરુચાવી મળી ગઈ. રામનામના તારક મંત્રની શ્રદ્ધાપૂર્વક ઉપાસના ચાલુ કરી દીધી.

પાંડુરંગની ઉંમર પાંચ વર્ષની થઈ ત્યારે ગોધરામાં પ્લેગનો રોગચાળો ફરી વળતાં તેમના પિતાશ્રી શ્રી વિઠ્ઠલનું દેહાવસાન થયું હતું. આઠ વર્ષની ઉંમરે તેમને યજ્ઞોપવીત આપવામાં આવ્યું. ત્યારે કુળપરંપરા પ્રમાણે સૌ કોલ્વાપુર નજીક નરસોબાની વાડીમાં શ્રી વાસુદેવાનંદ સરસ્વતીનાં દર્શને ગયાં. તેઓને શ્રી દત્તાત્રેયનો સાક્ષાત્કાર થયો હતો. મહારાષ્ટ્રમાં તેમનું બહુ સન્માન હતું. બાળ પાંડુરંગને જોતાંની સાથે જ તેમણે કહ્યું : "આ બાળક તો મારો છે, કેમ રે છોકરા તું કોનો છે ?" અને બાળ પાંડુરંગે વળતો જ જવાબ આપ્યો, "આપનો" એમ કહી તેમના ખોળામાં માથું મૂકવા તે દોડ્યો પણ આમ મેલાંઘેલાં કપડાં સાથે સંતનો સ્પર્શ ન થાય તેમ વારીને રૂકમામ્બાએ તેમને પકડી રાખ્યા. ફરીથી તેમને શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજીનાં સદેહે દર્શન થયાં નથી, પરંતુ શ્રી રંગ અવધૂતજી સદૈવ કહેતા કે મને તો તે જ દિવસે સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ ગઈ હતી.

નાનપણમાં તો બધાં બાળકો નાગાંપૂગાં જ ફરતાં હોય. સરપોતદારને ત્યાં કલેક્ટર આવવાના હતા. તેમણે કહ્યું. "પાંડુરંગ, જા ઘરમાં કપડાં પહેર, આમ નાગો શું ફરે છે?" કચવાટ કે સંકોચ વગર બાળ પાંડુરંગે કહ્યું, "મારે ઘરમાં જવાની શી જરૂર? કલેકટરને શરમ આવતી હશે તો મને ઢાંકશે."

એક વાર શાળાનું ઈન્સ્પેક્શન થવાનું હતું. શિક્ષકે સૌને સારાં નવાં ચડ્ડી-ખમીસ, બૂટ-મોજાં પહેરીને આવવા માટે સૂચન કર્યું, પરંતુ આ તો પાંડુરંગ, તેણે શિક્ષકને કહ્યું: "તો અમે બધા કાળા છીએ. અમારે સફેદો લગાડી ગોરા થઈને આવવાનું?"

ફાઈનલની પરીક્ષા હતી. તે સમયમાં ઈન્સ્પેક્ટર પરીક્ષા લેવા આવતા. નિબંધમાં કોઈ તીર્થસ્થળનું વર્ણન કરવાનું હતું. પાંડુરંગે મણિકર્ણિકા ઘાટનું આબેહૂબ વર્ણન લખ્યું. ઈન્સ્પેક્ટર તો આ વાંચીને મુગ્ધ થઈ ગયા. તેમણે પાંડુરંગને પૂછ્યું, 'ભાઈ! તે કાશી જોયું છે?" "ના, સાહેબ" પાંડુરંગે જવાબ આપ્યો. ઈન્સ્પેક્ટર આવા વિશિષ્ટ ક્ષમતા સંપન્ન વિદ્યાર્થીનાં દર્શન કરી કૃતકૃત્ય થયા.

સ્કૂલ ફાઈનલની મૌખિક પરીક્ષા ગુજરાત કૉલેજના તે વખતના પ્રિન્સિપાલ શ્રી રોબર્ડસન લેતા હતા. પાંડુરંગ ધોતી, જનોઈ, શિખા અને તિલક ત્રિપુંડ સાથે હાજર થયો હતો. બધા વિદ્યાર્થીથી અલગ. આને દેખીને તેના પહેરવેશ શિખા, તિલક, ત્રિપુંડ વિશે ગોરા સાહેબના પ્રશ્નોના નિર્ભય, નિશ્ચિંત અને સચોટ જવાબ સાંભળી ગોરો પણ ગદ્‌ગદ્ થઈ અંજાઈ ગયેલો.

તેમના બાળપણના સાથી સ્વ. ભાલચંદ્ર બિવરે કહેતા, "પાંડુરંગ પાસે પુસ્તકોની વ્યવસ્થા ન હતી. તે દરરોજ સાંજે મારી પાસેથી એક પુસ્તક લઈ જતો અને સવારે પાછું આપી જતો અને સૌથી વધુ માર્ક લઈને પાસ થતો. તેની સ્મરણશક્તિ - અવધાનશક્તિ અદ્‌ભુત હતી.

વાંસળી તેમને બહુ વહાલી. દરરોજ એક નિશ્ચિત સમયે તેઓ વાંસળી વગાડતા. એક દિવસ કોઈ કામસર આકસ્મિક બહાર જવાનું થયું. સામા ઘરની મેડી ઉપર ઊભેલી એક બહેને પૂછ્યું : "કેમ આજ વાંસળી ના વગાડી ? મને તમારી વાંસળી સાંભળવી બહુ ગમે છે." બસ ! પાંડુરંગ પાછા ફર્યા અને તે દિવસથી આ બંસીની ધૂનના સૂર છેડાયા જ નહીં. તેમને ભજન ગાવાનું ગમતું , પરંતુ માતાને ખલેલ પડે તો ? તેથી ગાવાનું બંધ કર્યું, વારંવાર દરરોજ દાઢી બનાવવી, મહિને, દહાડે વાળ કતરાવવા તે પણ યોગ્ય ન લાગતાં તેમણે ક્ષૌર કરવાનું પણ બંધ કરી દીધું. ત્યાગ અને વૈરાગ્ય બાહ્યાડંબર નથી. કર્મથી, ધનથી, પ્રજાથી નહીં, પરંતુ આંતરિક સંવેદનાસભર ત્યાગથી જ સાચો વૈરાગ્ય જાગે છે, જે અંતતોગત્વા બાહ્યાડંબરથી પર પૃથક્ સ્થૂળમાંથી સૂક્ષ્મમાં અને આત્માથી પરમાત્માનું અનુસંધાન કરે છે.

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના અભ્યાસ પછી પૂજ્ય બાપુજીની રાષ્ટ્રીય ચળવળતાની હાકલ સાંભળી તેઓ આ ચળવળમાં પણ જોડાયા હતા. ગૂજરાત વિદ્યાપીઠ સાથે સૌથી પહેલાં જોડાયેલ રાષ્ટ્રીય વિનય મંદિરની શાળામાં પણ તેઓએ કામ કર્યું. ત્રણ-ચાર મિત્રો સાથે નાતાલની રજાઓમાં એક વાર શૂલપાણેશ્વરના પ્રવાસે જવાનું થયું. ત્યાં ગરુડેશ્વર સામેના ઈન્દ્રવરણા ગામે આવીને રાત્રે જ્યાં શિવાલયમાં સૂતા હતા ત્યાં પાંડુરંગને સ્વપ્ન આવ્યું. શ્રી સ્વામી વાસુદેવાનંદજી મહારાજે સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું, ''દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કર. અમુક મંત્રનું અનુષ્ઠાન કર.'' સદ્‌ભાગ્યે દાસકાકાના હુલામણા નામે ઓળખાતા સ્વ. શ્રી હરગોવિંદ કાનજી સોનીએ તેમને આ નારેશ્વરની જગ્યા દેખાડી. તેમના યોગક્ષેમની પણ વ્યવસ્થા કરી.

ક્યારેક મોટાં રીછ ક્યારેક મોટા વીંછીઓ, તો ક્યારેક બુકાનીધારી ધારિયાં- ડાંગ લઈને મધરાતે આવતા ડાકુઓ તો ક્યારેક નર્મદાનાં નીરમાં મગરમચ્છ. તે તેમના જીવનનો પર્યાય હતો. નર્મદા પરિક્રમા સમયે મોટા ભાગે તાવ તેમની સાથે રહ્યો, પરંતુ ૩૦ થી ૩૫ તો ક્યારેક ૮૦ કિલોમીટર પણ ચાલી નાખતા, જગદંબા નર્મદા તેમને હાજરાહજૂર હતાં; ક્યારેક વગડામાં ચોપાસ ભેંકાર હોય ત્યાં પથરા ઉપર ભાખરી અને માખણ તેમને ભિક્ષા માટે મળી રહેતાં. ૧૦૮ પારાયણ કર્યા બાદ ૧૦૮ દિવસમાં તેમણે નર્મદા પરિક્રમા કરી. તેમના નાના ભાઈ નારાયણભાઈ મુંબઈમાં નોકરી કરતા. તેમને ટીબી થયો હતો. અવધૂતજી બંનેને નારેશ્વર લઈ આવ્યા હતા. નારાયણભાઈનો પ્રાણ જતો હતો ત્યારે શ્રી રંગ અવધૂતજીએ કહેલું,'' ચિંતા ન કર, બાને હું સાચવીશ. જરૂર પડશે તો સાધુવેશ ત્યાગીને ફરીથી નોકરી કરીશ, પણ માને દુઃખ નહીં પડવા દઉં.'' આ સાંભળ્યા પછી જ નારાયભાઈએ અંતિમ શ્વાસ લીધા હતા.

તેઓ ક્યાંય પણ જાય માતાની આજ્ઞા લઈને જતા. આવે ત્યારે માતાને પ્રણામ કર્યા બાદ પોતાની કુટીરમાં પ્રવેશ કરતા. તેમના કરુણા પ્રધાન પુત્રવત્સલ માતા રૂકમામ્બાનો દેહવિલય જેઠ શુક્લ એકાદશી વિ.સં. ૨૦૨૩ના રોજ થયો. પૂજ્યશ્રીએ તેમની ઉત્તર ક્રિયા કરી તેમની સ્મૃતિમાં માતૃશૈલ નિર્માણ કર્યું.

પોતાનો ૭૧મો જન્મોત્સવ જયપુરમાં ઊજવી હરિદ્વાર પધારી ત્યાં પવિત્ર ભાગીરથીના તટે ૧૯ નવેમ્બર, ૧૯૬૮ના રોજ કારતક માસની અમાવાસ્યાએ તેમણે દેહલીલા સંકેલી લીધી. અવધૂત પરિવારે તેમનો પાર્થિવદેહ હરિદ્વારથી નારેશ્વર લાવી ત્યાં અંત્યેષ્ટિ કરી, જે દિવસે અગ્નિસંસ્કાર થયો, તે દિવસે તારીખ પ્રમાણે ૨૧ નવેમ્બર તેમનો જન્મદિવસ હતો. તેઓ તો બાળપણથી જ જન્મ-મૃત્યુના બંધનથી મુક્ત હતા.

પરંતુ ભક્તોને આ ભાવાટવીમાંથી મુક્ત થવા પૂરતું જીવનપાથેય આપતા ગયા છે.

ૐ શાંતિઃ

---

**૩૯મો યોગશિક્ષક આવાસીય - તાલીમ શિબિર**

તા. ૧૧-૧૨-૨૦૧૭ થી ૩૦-૧૨-૨૦૧૭ સુધી ૩૯મા યોગશિક્ષક આવાસીય-તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે યોગપ્રેમીઓ પોતે પ્રારંભિક યોગાસનોનું જ્ઞાન ધરાવે છે અને બીજાને શીખવવા ઈચ્છે છે અને અંગ્રેજી માધ્યમમાં જ્ઞાન સંપાદન કરી શકે છે તેઓને શિબિરમાં પ્રવેશ મળશે. પ્રવેશ માટે યુનિવર્સિટીનો સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલો હોવો જરૂરી છે. જેમનું શરીર સ્વસ્થ છે, જેઓ કોઈ પણ વ્યસનના વ્યસની નથી તેઓને પ્રવેશ આપવામાં આવશે.

દરરોજ સાડા અગિયાર કલાકના શિક્ષણમાં યોગાસનો, પ્રાણાયામ, મુદ્રા, બંધ, ક્રિયાઓ, શિથિલીકરણ ઉપરાંત તજ્જ્ઞ તબીબો દ્વારા શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર, ભગવદ્‌ગીતા, પાતંજલ યોગદર્શન, રેઈકી ડિગ્રી એક-બેનું જ્ઞાન સંપાદન કરાવવામાં આવશે. પ્રવેશ ઈચ્છતા મુમુક્ષુઓએ ૩૦ નવેમ્બર પૂર્વે પ્રવેશપત્ર ભરી લેવું. પ્રવેશપત્ર 'divyajivan.org' પરથી મેળવી શકાશે.

# શ્રી પુનિત મહારાજ

(ઈ.સ. ૧૯૦૮ -૧૯૬૨)

- પ્રા. જયકૃષ્ણ ન. ત્રિવેદી (મોરબી)

મૂળ ધંધૂકાના વતની અને ધંધાર્થે જૂનાગઢ ગયેલા વાલમ બ્રાહ્મણના દીકરા ભાઈશંકર અને તેમનાં પત્ની લલિતાબહેનનો દીકરો તે બાલકૃષ્ણ. પરંતુ હુલામણું નામ બાલુભાઈ. વિ.સં. ૧૯૬૪ વૈશાખ વદ બીજ, તા. ૧૫-૫-૧૯૦૮ના રોજ તેમનો જન્મ થયેલો, બાળપણથી જ માતાની સાથે બાળક બાલકૃષ્ણને મંદિરે સવાર-સાંજ આરતીમાં આવવાની ટેવ, બાલુ કંઈ ઝાઝું સમજણો થાય તે પૂર્વે જ પિતાનું દેહાવસાન થયેલું.

દુઃખના ડુંગરા તળે દબાયેલું વાલમ કુટુંબ ધંધૂકા પાછું ફર્યું. લલિતાબહેન ઘંટીમાં લોકોનું અડધો મણ અનાજ દળીને એક આનો મજૂરી મેળવતા. તે ઉપરાંત લોકોનાં પાણી ભરવાં, વાસણ-કપડાં ધોવાનું કામ કરીને સાસુની સેવા અને બાળક બાલકૃષ્ણની પરવરિશ કરતાં.

બાલકૃષ્ણને ધૂન-ભજન-ધ્યાનનો દિવ્ય આનંદ આવતો. ક્યારેક તો દાદરે મેડીએ ચઢીને કલાકો સુધી તે ગહન ધ્યાનમાં ગરકાવ થઇ જતો, પણ ગરીબીમાં રીબાયેલા અને દબાયેલા બાલુને પેટના ખાડા પૂરતું ખાવાનું મળતું નહીં. એક દિવસ બાળક બાલુને પેંડો ખાવાની ઈચ્છા થઈ ત્યારે તેણે ઢબુ પૈસાની ચોરી કરી હતી, પરંતુ તેની કબૂલાત પણ કરી હતી.

રવિવારે શાળામાં રજા હોય ત્યારે બાલુ માતા લલિતાબહેનને રૂના કપાસનાં કાલાં ફોલવામાં મદદ કરતો હતો ત્યારે આંગણે આવેલા એક અભ્યાગતે કહેલું કે આ બાળકને તેના નવમા વર્ષે ઘાત છે, પરંતુ જો બચી ગયો તો જગતમાં ડંકો વગાડે તેવો મહાપુરુષ થશે અને ખરેખર નવમા વર્ષે તેને બળિયા થયેલા. અડોશપડોશના લોકોએ તો સ્મશાન જવાની અંતિમક્રિયાની તૈયારી પણ કરવા માંડી હતી. પરંતુ બાળક બાલકૃષ્ણના હૈયે હરિની હામ હતી. અસહ્ય વેદના વચ્ચે તે અખંડ રામધૂન જ કરતો રહ્યો અને માતા લલિતાબહેન તથા બાલકૃષ્ણની આર્તવાણી પ્રભુએ સાંભળી અને બાલુ મૃત્યુના મુખમાંથી ઊગરી ગયો.

કરકસરનાં પગલાં તરીકે બાલુની હજામત પર કાપ આવેલો, પરંતુ શાળાનાં છોકરાંઓની ટીખળથી ત્રાસીને માતા પાસે પૈસા ન હોવાથી ઘરનો તાંબાનો ઘડો વેચીને હજામત માટે પૈસા મેળવી વાળ કપાવ્યા હતા.

માધ્યમિક શાળાના એક ખૂબ સંસ્કારી મુસ્લિમ શિક્ષક શાંતિમિયાં વેદના જ્ઞાતા હતા. કવિ પણ હતા. નિત નૂતન નવી કવિતાઓની રચના કરીને વિદ્યાર્થીઓને રોચક શૈલીમાં ભણાવતા. આ શૈલીની અસર બાલુના મનમાં સ્થિર થઈ ગઈ. એક વાર ભરવાડ કોમનાં બાર વર્ષે થતાં સમૂહ લગ્નમાં પંડિત નહીં મળવાથી બાલકૃષ્ણ બ્રાહ્મણનો છોકરો છે તેમ કહી એક ભરવાડ આ બાલુને લગ્નના ગોરબાપા - મહારાજના સ્થાને લઈ ગયા. ઢોલ-નગારાં, શરણાઈ અને લગ્નનાં ઘોંઘાટ વચ્ચે બાલુ શીઘ્ર કવિત્વ સાથે અનેક સ્વયં સ્ફૂરિત કવિતાઓ ગાઈને લગ્ન કરાવી આવ્યો. એકસાથે પચાસ કન્યાઓનાં લગ્ન હતાં, તેમાં બાલુને ભાગ્યે ત્રણ લગ્ન કરાવવાનાં હતાં. દક્ષિણા સારી મળી. માતા અને પુત્ર બંનેને આનંદ થયો.

બાલકૃષ્ણની સગાઈ તો ક્યારનીયે થઈ ગઈ હતી. પરંતુ લલિતાબા તો ''હજુ મારો બાલુ ભણે છે,'' કહીને ટાળતાં, પરંતુ વેવાઈ પોતાની બંને દીકરીઓનાં લગ્ન એક જ માંડવે ઉકેલવા માગતા હતા. આમ, લલિતાબાએ ઘરને ગીરવે મૂકીને પૈસાની સગવડ કરેલી, પરંતુ આમ થવાથી કુટુંબ ઉપર વધુ એક વ્યક્તિનો બોજો વધ્યો અને અંતે બાલુએ મેટ્રિકનો અભ્યાસ છોડીને નોકરી માટે પ્રયત્નો ચાલુ કર્યા.

પહેલી નોકરી પોસ્ટ ઓફિસમાં અગિયાર રૂપિયાના પગારથી પટાવાળાની કરી. ત્યારબાદ શેઠ શ્રી જી. કે. માવળંકરજીના 'ગર્જના' દૈનિકમાં કારકુનની નોકરી કરી. બાલકૃષ્ણને છાપાંના કામનો અનુભવ ન હતો પરંતુ પંદર દિવસમાં શીખી લેવાની બાલુભાઈની શ્રદ્ધા પર વિશ્વાસ રાખી તેને નોકરી આપવામાં આવી. નોકરીના પહેલા દિવસે જ ખંતપૂર્વક રવાનગી વિભાગમાં કામ કરતા યુવક બાલકૃષ્ણથી શેઠે પ્રભાવિત થઈને ફૂટપાથ પર પડી રહેતા બાલકૃષ્ણને પ્રેસમાં રહેવાની સગવડ કરી આપી. પહેલા જ દિવસે એડ્વાન્સમાં રૂ. ૧૫ આપ્યા. જેમાંથી બાલુએ રૂપિયા દશનો મનીઓર્ડર પોતાની માતાને કર્યો. લાલ દરવાજા પાસેની સભાનો રિપોર્ટ કરવાનું કામ શેઠે

બાલુને સોંપ્યું, તે રિપોર્ટ એટલો સચોટ હતો કે બાલકૃષ્ણને 'ગર્જના'ના તંત્રીપદે રૂ. સાતનો વધારો કરીને જવાબદારી સોંપવામાં આવી. આમ, હવે બાલકૃષ્ણનો પગાર મહિને રૂ. ૩૫ થયો હતો. 'ગર્જના' દૈનિકે અંગ્રેજ સરકારની ઊંઘ હરામ કરી દીધી હતી. બાલકૃષ્ણની કુશળ કલમ ક્રાંતિકારી લખાણોમાં કામે લાગી હતી. આ અરસામાં મહાત્મા ગાંધીજીની ઐતિહાસિક દાંડીકૂચ યોજાઈ. 'વિરાટ જાગે છે' શીર્ષક હેઠળ દાંડીકૂચનું આબેહૂબ ચિત્ર રજૂ થયું. આ અહેવાલથી સરકારી અમલદારો ચોંકી ઊઠ્યા.

હવે લલિતાબા અમદાવાદ આવ્યાં. રાયપુરની પીપરડીની પોળમાં મકાન ભાડે રાખ્યું. પત્નીને પણ પિયરથી તેડી લાવ્યા, પરંતુ આ સુખ બાલકૃષ્ણને હાથતાળી આપીને જતું રહ્યું. 'ગર્જના' પર સરકારે ભરડો લીધો. માવળંકરની ધરપકડ થઈ. 'ગર્જના' બંધ થયું. શક્તિ પ્રેસની પાણીના મૂલ્યે લીલામી થઈ. બાલકૃષ્ણ પણ બેકાર બન્યો.

ખાડિયા ચાર રસ્તા પર આવેલ આતંક નિગ્રહ ફાર્મસીમાં લાચારીથી રૂ. આઠના ટૂંકા પગારમાં થોડો વખત નોકરી કરી. રેવડીબજારના અમૃતલાલ પોતાના પ્રેસ માટે એક કાબેલ માણસની શોધમાં હતાં ત્યાં રૂ. ૩૦માં લલિતાબાના નામથી 'લલિત' માસિકનો પહેલો અંક બહાર પડ્યો. ત્રણ મહિના પછી 'વીણા' નામનું સાપ્તાહિક બહાર પડ્યું. બધું ખૂબ જ લોકપ્રિય બન્યું.

ત્યાર પછી અમદાવાદની ન્યૂ હાઈસ્કૂલમાં ક્લાર્કની નોકરી કરી. પૈસાની સગવડ પૂરતી ન હોવાથી લેણદારોએ વીણા અને લલિત બંધ કરાવ્યાં. પ્રેસને સરકારી સીલ લાગ્યું. અડધી રાત્રે મકાન-માલિકને ખબર પડી કે બાલુ પૈસાની લેવડ-દેવડમાં ફસાયો છે એટલે તેણે તે જ ઘડીએ બાલકૃષ્ણ પરિવારનો સામાન રસ્તા ઉપર ફેંકી દીધો. તે ક્ષણે બાલકૃષ્ણને ત્યાં પ્રદ્યુમ્ન નામના પુત્રનો જન્મ થયો, પરંતુ મૃત બાળકના શરીરને ઢાંકવા કફન માટે પણ પૈસા ન હતા, કેટલી કરુણ સ્થિતિ.

છૂટક મજૂરીમાંથી પેટ પૂરતું ખર્ચ માંડમાંડ નીકળતું. દુર્ભાગ્યે બાલુ ચા અને બીડીની લતે ચઢી જતાં ક્ષય રોગની બિમારીની છેલ્લી કક્ષાએ પહોંચી ગયો. દવાના જ પૈસા ન હતા તો દૂધ-ઘી, ફળ ક્યાંથી લાવવાં. એક દિવસ માર્ગે જતાં કામનાથ મહાદેવમાં શ્રી ઈશ્વરલાલ શાસ્ત્રી તેમની કથામાં કહેતા હતા, 'રામનામ એ શ્રેષ્ઠ ઔષધ છે'' અને બાળપણના સુષુપ્ત સંસ્કારો ફરીથી જાગૃત થયા. પશ્ચાત્તાપમાંથી નવું જીવન મળ્યું. સારંગપુરના રણછોડરાયના ચરણે ઢળીને ચોધાર રડ્યો. પ્રભુ શરણના આ દિવ્ય સંકલ્પે તેના જીવનમાં નવીન આશાનું કિરણ પ્રગટ કર્યું.

ત્રણ મહિના પછી માવળંકરને જેલમાંથી છૂટા કરવામાં આવ્યા. તેમણે બાલકૃષ્ણને ચોખાબજારમાં તૈયબ એન્ડ કંપનીમાં નોકરી અપાવી, પરંતુ શ્રી ઈશ્વરલાલ શાસ્ત્રીના સંસર્ગમાં આવવાથી હવે બાલકૃષ્ણના હૃદયમાં શ્રીરામ નામની સરવાણી વહેતી થઈ ગઈ હતી. હરિ સ્મરણની હેલીમાંથી નિઃસૃત ભક્તિ ઝરણાં હવે સત્સંગનો મોટો પ્રવાહ બન્યાં હતાં. પોળોમાં ઠેકઠેકાણે બાલકૃષ્ણના નિર્મળ હૃદય અને મધુર કંઠે સ્વરચિત ભજનોનાં માધુર્ય અને ગાંભીર્યે ભીડ જામવા લાગી. એક દિવસ તૈયબજીની પેઢીના ચોપડા તેમના ભાગીદાર મફતલાલ મોહનલાલ શેઠને ત્યાં પહોંચાડવાના હતા, ત્યાં ભજનની પૂરી તૈયારી હતી. રાત્રે સાડા આઠ વાગ્યે આખી પોળ ખચોખચ ભરાઈ ગઈ હતી. સીતારામ મહારાજના ભજનનો કાર્યક્રમ હતો, પરંતુ મહારાજ આવ્યા ન હતા. કેટલાક ઓળખીતાઓના આગ્રહને વશ થઈ બાલકૃષ્ણે ભજન ગાવાનું શરૂ કર્યું. દોકડ-મંજીરા અને પેટી-વાજાંના સૂર વચ્ચે મધુરકંઠે ગવાતાં ભજનોએ ભક્તોનાં હૃદયમાં બાલકૃષ્ણ માટે વિશેષ સ્થાન ઊભું કર્યું. મંડળ જામતું ગયું અને પછી 'કૃષ્ણ ભજન મંડળ'ના નામથી ઠેકઠેકાણે બાલકૃષ્ણ મહારાજનાં ભજનો થતાં. એક દિવસ રાધેશ્યામ મહારાજ પણ કૃષ્ણ ભજન મંડળના કાર્યક્રમમાં પધાર્યા હતા. તેમણે બાલકૃષ્ણને પોતાની પાસે પાટ ઉપર બેસાડ્યો અને કહ્યું હવેથી આ બાલકૃષ્ણ મહારાજ એવું લાંબુલચ નામ છોડો- 'પુનિત મહારાજ'ના નામે બોલાવો. સૌએ એક સ્વરે આ વાતને અનુમોદન આપ્યું અને બાલકૃષ્ણ પુનિત બન્યા.

પછી દરરોજ રાત્રે પુનિત મહારાજના સત્સંગ-ભજન સમારંભ થયાં. ગરીબ લોકો માટે અનાજ-વસ્ત્રો, ઠંડીમાં ધાબળા, ઝૂંપડપટ્ટી કે સડક ઉપર સૂઈ રહેતા લોકોને રેશનકાર્ડ દ્વારા અનાજ સસ્તામાં મળે તે માટે ઝુંબેશ અને કીર્તન યાત્રાઓ, પ્રભાત ફેરી, તીર્થયાત્રાઓ, પગપાળા સંઘ યાત્રીઓની વણજાર ચાલી. પહેલાં પાંચ હજાર, પછી દશ હજાર ત્યારબાદ પાંચ લાખ રામનામ લખે તેમને ત્યાં જ ભજન માટે જવું તેવો નિર્ણય થયા બાદ પણ આમંત્રણો

એકધારાં વધ્યાં. ક્યાંય પ્રસાદની વ્યવસ્થા ભક્તોએ પોતાનાં ગજા પ્રમાણે રાખી હોય, પરંતુ ભીડ વધી જાય તો પુનિત મહારાજ તેમને હિંમત આપતા. રણછોડરાયનું નામ લઈને પ્રસાદ વહેંચવો તેમ કહેતા. આમ થતાં થોડોક પ્રસાદ અચૂક વધતો, પુનિત મહારાજે કહ્યું, ''સેવા અને સ્મરણ બે જગમાં કરવાનાં છે કામ, સેવા તો જનસેવા કરવી, લેવું રામનું નામ'' આરતીની આશકા દૂરથી જ લોકોએ એકસાથે લેવી. આરતીમાં પૈસા પધરાવવાની પ્રથા તેમણે બંધ કરી. ક્યારેક ભજન મોડેથી બંધ થાય ત્યારે પોતાનાં બારણાં ખખડાવીએ તો અડોશ-પડોશની ઊંઘમાં ખલેલ પડે તો ? એમ સમજી બહાર ઓટલા ઉપર જ સૂઈ રહેતા.

હવે પુનિત મહારાજનું નામ સંતોની શૃંખલામાં જાણીતું થયું. કોઈ એક ભક્તે અમદાવાદમાં જમીન આપી ત્યાં પુનિત સેવાશ્રમ ઊભો કર્યો, જેના ઉપર તેમના પરિવારનો કોઈ હક્ક રહેશે નહીં તેમ જાહેર કર્યું.

૧૯૪૧માં અમદાવાદનાં હિંદુ-મુસ્લિમ કોમી રમખાણો બાદ હિંદુ-મુસ્લિમના ભેદ વગર દુઃખી થયેલાં સૌને અન્ન-વસ્ત્ર- રોકડ રકમની ઉમળકાભેર સહાય કરી ઠેકઠેકાણે અન્નક્ષેત્રો ખોલ્યાં. આવતાં-જતાં અનેક સંતો, સંઘની ઉમળકાભેર સેવા કરી. નામ યજ્ઞો- અખંડ કીર્તનો, મહારુદ્રયજ્ઞ, ગાયત્રી યજ્ઞ પણ કર્યા. જ્યાં યજ્ઞ કે કીર્તન સમારંભ થાય ત્યાં બધે જ અખંડ ભોજનની વ્યવસ્થા થતી. પૂર્વ આફ્રિકામાં કીર્તન યાત્રામાં મળેલા રૂ. ત્રણ લાખ ત્યાં જ સેવાર્થે આપીને આવ્યા.

આમ, જીવનસંધ્યા સમીપ આવતી હતી. નર્મદા તટે મોટી કોરલ પંચકુબેરેશ્વર મહાદેવ ખાતે પુનિત વાનપ્રસ્થ આશ્રમ થયો. અહીં પુનિત મહારાજ ત્રણ વર્ષ રહ્યા. સાત અબજ રામનામ લખાઈને આવ્યાં હતાં તેના ઉપર મંત્ર મંદિર બંધાયું. ૧૯૬૨ના જુલાઈ માસની ૨૭ તારીખે શુક્રવારે રાત્રે વડોદરામાં ભજન અને કથા કરીને આવ્યા બાદ મોડી રાતે હાર્ટએટેક આવ્યો. શ્રીરામ જય રામ જય રામ રામનું સ્મરણ કરતાં તેમણે અંતિમ શ્વાસ લીધા. તેમના પાર્થિવદેહને અમદાવાદ લાવવામાં આવ્યો. સ્મશાનયાત્રામાં ત્રણ લાખ લોકો જોડાયા.

આવા અભિનવ નરસિંહ મહેતા, મા ગુર્જરીના પનોતા પુત્ર અજોડ જનસેવક જનસેવા એ જ પ્રભુ સેવાનો નાદ ગજાવનાર કુમાર્ગે ગયેલાંને સન્માર્ગે વાળનાર સંત પુનિત પ્રભુચરણે પહોંચી ગયા. ૐ શાંતિ.

---

**(સંત કબીર પાન નં. ૩૭ ઉપરથી ચાલુ)**

એક વાર એક સાધુને થયું કે કબીરને આજીવિકા માટે કામ કરવું પડે છે, તેથી જીવનનિર્વાહ માટે તેમને મહેનત ના કરવી પડે એટલે ક્યાંકથી તાંબાનું વાસણ લઈ આવ્યો અને તાંબાને ભઠ્ઠીમાં પકવી તેનું સોનું બનાવી દીધું ને કબીરને કહ્યું, 'લો, આ સોનું'. આ સાંભળી કબીર હસ્યા અને કહ્યું, 'મારે મન તો, પ્રભુચરણનું શરણ અને શ્રમ એ જ મોટો કીમિયો છે' એમ બોલતાં બોલતાં માટીના વાસણને હાથ અડાડ્યો તો માટીનું વાસણ સોનાનું થઈ ગયું. સાધુ બધું સોનું ગંગાજીમાં ફેંકી કબીરનો શિષ્ય થઈ ગયો.

કબીરના ભજન હૃદય સોંસરાં ઊતરી જાય એવા અસરકારક હતા. કબીરના દુહા પણ એવા જ સચોટ હતા. કબીરે બ્રાહ્મણ - હરિજન અને હિંદુ-મુસલમાનના ભેદ તોડી નાખ્યા અને ભાતૃભાવનો ફેલાવો કર્યો.

ગોરખપુર શહેર પાસે મગહર કરીને એક નાનું ગામ છે. લોકોમાં એવી માન્યતા ચાલતી હતી કે કાશીમાં જે મરે તે દેવ થાય અને મગહરમાં મરે તે ગધેડો થાય. આ વહેમ સામે લડવા કબીરજી મગહર જઈને રહ્યા. એ વખતે દેશમાં દુકાળ હતો. મનુષ્ય અને પશુ-પંખીઓ પાણી વિના તરફડતાં હતાં. કબીરજીએ જમીન પર લીટો તાણ્યો તો તેમાંથી જળની ધારા નદી બનીને વહેવા માંડી તેને આમી નદી કહે છે. આજે પણ મગહર પાસે તે વહે છે.

કબીરે છેલ્લા દિવસ સુધી ભક્તોને ઉપદેશ આપ્યો. સં.૧૫૭૫ની માગશર સુદ એકાદશીની સવારે સૌને વંદન કરી ચાદર ઓઢીને સૂઈ ગયા ને દેહ છોડી દીધો. એ વખતે એમની ઉંમર ૧૨૦ વર્ષની હતી.

કબીરના હિંદુ-મુસલમાન ભક્તોમાં હવે મતભેદ પડ્યો કે એમના મૃતદેહને બાળવો જોઈએ કે દાટવો જોઈએ? શિષ્યોને ઝઘડતા જોઈ કબીરે પોતે પ્રગટ થઈ કહ્યું, 'હે ભાન ભૂલેલા લોકો! તમે શા માટે લડો છો? જરા ચાદર ઉપાડીને જુઓ તો ખરા !' આ સાંભળી બધાં ઘરમાં દોડ્યાં તેમના મૃતદેહ પરથી ચાદર ઉપાડીને જુએ તો માત્ર ફૂલોનો ઢગલો ! કબીરજી નિરંજન નિરાકારમાં ભળી ગયા હતા. હવે બધાંને એમનું ખરું સ્વરૂપ વરતાયું. આમ, જે ફૂલમાંથી પ્રગટ થયા તે ફૂલમાં જ પાછા અંતર્ધાન થઈ ગયા.

# સ્વામી મુક્તાનંદ

(ઈ.સ. ૧૯૦૮-૧૯૭૮)

- શ્રી જમનાદાસ જ. હલાટવાલા (સુરત)

મુંબઈ નજીક થાણા જિલ્લાના ગણેશપુરી ખાતેના 'શ્રી ગુરુદેવ આશ્રમ"ના અધ્યસ્થાપક પૂજ્ય બાબા મુક્તાનંદજી મહારાજના પૂર્વઆશ્રમનું નામ કૃષ્ણ. તેમનો જન્મ કર્ણાટક રાજ્યના દક્ષિણ કાનડા જિલ્લાના ધર્મસ્થામા ગામમાં સંવત ૧૯૬૪માં ભગવાન બુદ્ધના જન્મદિને વૈશાખી પૂર્ણિમાના રોજ તા. ૧૬ મે, ૧૯૦૮ના રોજ થયો હતો. પોતાના ગામના મંજુનાથ મહાદેવના મંદિરે તેમનાં માતા દરરોજ દર્શને જતાં. ત્યાં એકવાર એક સાધુએ આ કરુણામયી માતાને "ૐ નમઃ શિવાય"નો મંત્ર આપ્યો. વૈશાખી પૂર્ણિમાના દિવસે પરોઢિયે તે માતા કોગળા કરતા હતા ત્યાં કોઈ પણ જાતના પૂર્વ સંકેત વગર કૃષ્ણનો જન્મ થયો અને તે નવજાત શિશુ પાણીના નીકમાં પડ્યો. બાળકને દૈવી બક્ષિસ સમજીને માતાપિતાએ એનું નામ કૃષ્ણ પાડ્યું.

સમયના વહેણમાં કૃષ્ણ મોટો થતો ચાલ્યો અને પંદર વર્ષનો હતો ત્યારે પરમ અવધૂતશ્રી નિત્યાનંદજીના સંપર્કમાં આવ્યો. આ મિલનની વાત કરતાં બાબા મુક્તાનંદજી કહેતા, "આ બનાવ મારી આંખો આગળ એટલો જીવંત છે કે હું તે ભૂલી શકતો નથી અને તે સ્મૃતિ મારી પાસે એક અમૂલ્ય ખજાનાની જેમ હંમેશ માટે રહેલી છે, અવધૂત નિત્યાનંદજીનાં દર્શન પછીના છ મહિનામાં જ તેણે ગૃહત્યાગ કર્યો અને હુબલી (કર્ણાટક) ખાતે સ્વામી સિદ્ધારુઢના આશ્રમમાં ગયો. હવે સંન્યસ્ત પછી તેમનું નામ સ્વામી મુક્તાનંદ રાખવામાં આવ્યું.

સ્વામી સિદ્ધારુઢની સને ૧૯૨૯માં મહાસમાધિ પછી સ્વામીજીએ હુબલી છોડ્યું. અનંતની ખોજમાં પરિવ્રાજક જીવનમાં અનેક આશ્રમમાં રહીને શાસ્ત્ર વેદાંત, વિચારસાગર, પંચદર્શી અને યોગવાસિષ્ઠનો અભ્યાસ કર્યો. મહારાષ્ટ્રના સંતો જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ, તુકારામ, સમર્થ રામદાસ, વગેરેના છંદો કંઠસ્થ કર્યા. તે પ્રદેશના જાણીતા સંતો મનસૂર મસ્તાના, નિયત નિરંજન, અમૃતારામ, જનાર્દન સ્વામી, માનપુરી વગેરેનાં કાવ્યો પણ કંઠસ્થ કર્યાં. પરિવ્રાજક અવસ્થામાં યોગ, આયુર્વેદ અને પાકશાસ્ત્ર પણ શીખ્યા.

સ્વામીજીને મહારાષ્ટ્ર વહાલું હતું. તેઓને યેવલાથી ત્રણ માઈલ દૂર સૂકીનું સ્થાન વિશેષ પસંદ પડ્યું. ત્યાંના એક જમીનદાર સોપાનરાવની પત્ની કૂવે પાણી ભરવા ગયેલી. કૂવામાં તેણે રથ ઊતરતો જોયો, તેમાં શિવલિંગ હતું. રથ ઉપર હનુમાન બિરાજ્યા હતા. આ વાત તેણે બીજી સ્ત્રીઓને કહેતાં જ તે બેભાન થઈ ગઈ. તેને લાંબા સમય સુધી ભાન ન આવતાં સોપાનરાવ સ્વામીજીને બોલાવવા યેવલા ગયા. સ્વામીના આવ્યા બાદ તે ભાનમાં આવી, પરંતુ સ્વામી પોતે ગહન ધ્યાનસ્થ થઈ ગયા. આંબાના વૃક્ષ તળે એકાંતમાં ભક્તોએ તેમના માટે સત્વરે જ કુટીર ઊભી કરી દીધી.

આ ઓરડીમાં સ્વામીજીને તેમની સાધનામાં અદ્ભુત અનુભૂતિ થઈ. કુંડલિની પણ જાગૃત થઈ, પરંતુ પરમાત્માનાં દર્શનની તાલાવેલીમાં ફરીથી પરિવ્રાજક જીવન પ્રારંભ્યું.

ભારતભ્રમણમાં સ્વામીજી અનેક સાધુ-સંતોના સમાગમમાં આવ્યા, તેમાં જલગાંવ જિલ્લાના ઝિપ્રુ અણ્ણા અને બીજા ઔરંગાબાદ જિલ્લાના વૈજપુર ગામના શ્રીહરિગિરિ બાબા. સ્વામીજીની ઝિપ્રુ અણ્ણા સાથેની મુલાકાત વિશેષ હતી. જ્યારે તેઓ અણ્ણાનાં દર્શને ગયા ત્યારે તે દિગંબર અવસ્થામાં ઉકરડા ઉપર બેસીને મળ પીખતા હતા, પરંતુ તેમની આવી અવસ્થાનાં દર્શન કરીને સ્વામીજીને કોઈ નવાઈ ન લાગી. તેમના શરીર પર કોઈ અસ્વચ્છતા ન હતી. તેમના શરીરમાંથી એક જાતની ખાસ સુવાસ પ્રગટી રહી

હતી, પછી તો સ્વામીજી આ સંતને મળવા વારંવાર આવતા. સ્વામીજીના યેવલા નિવાસ દરમિયાન તેમના એક ભક્ત ભાઉ શાસ્ત્રીનાં પત્નીને ક્ષયરોગ થયો હતો. સ્થિતિ ગંભીર હતી. સ્વામીજી અણ્ણાજી પાસે ગયા. તેમના પગ ધોઈને ચરણામૃત લાવીને બીમાર સ્ત્રીને દવા તરીકે આપ્યું. તે તરત સાજી થઈ ગઈ અને પછી તો ઘણું લાંબું જીવી. આવી પ્રેમની ગાંઠ બંને સંતો વચ્ચે હતી. જ્યારે સ્વામીજી અણ્ણાને છેલ્લી વખત મળ્યા ત્યારે તેમણે સ્વામીજીને પોતાના ખોળામાં બેસાડ્યા અને કહ્યું, 'તારી ખ્યાતિ સ્વર્ગ સુધી પહોંચશે' આ તેમનું અંતિમ મિલન હતું.

બીજા એક સંત શ્રી હરિગિરિ બાબાજીએ પણ સ્વામી મુક્તાનંદજીને સાધના માટે ઉત્તમ માર્ગદર્શન આપ્યું હતું. તેઓ રજવાડી ઠાઠમાં રહેતા. રેશમી વસ્ત્રો પહેરતા તો ક્યારેક સાફો પણ બાંધતા તો વળી ક્યારેક નગ્ન અવસ્થામાં પણ રહેતા. આ હરિગિરિ બાબાજીએ સ્વામીજીને દોલતાબાદ કિલ્લાની મુલાકાત લેવાનું કહેલું. ત્યાં જઈને બાબા મુક્તાનંદજીને પોતાના પૂર્વજન્મની સ્મૃતિ થતી હોય તેવું લાગ્યું. તે સ્થાન તેમને ખૂબ ગમ્યું, પરંતુ કિલ્લાની બિસમાર હાલત જોઈ એમને બહુ દુઃખ થયું. એક રાજા પોતે જ પોતાની જાહોજલાલીના ભગ્ન અવશેષો દેખતો હોય તેવું અનુભવાયું. હરિગિરિ બાબા સ્વામી મુક્તાનંદને મહારાજા કહીને બોલાવતા. તેમણે કહ્યું, ''હવે તારે ઝૂંપડીમાં રહેવાનું નથી. રેશમી કપડાં પહેર, મહેલમાં રહે, તારી પાસે કોઈ યાચક માગે તેવો તું દાતા બન્યો છે. તું ભિખારી નથી. સંન્યાસી પણ નથી, મહારાજા છે.''

આ બનાવ પછી બે જ માસમાં સ્વામીજીનો અવધૂત શ્રી નિત્યાનંદજી સાથે ભેટો થયો. તેમના આશીર્વાદ મળ્યા. જે ગુરુની શોધમાં તેઓ હતા તેમને તે ગુરુ મળ્યાં. શ્રી હરિગિરિબાબાજીએ જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે આખરે સાચી પડી. તેમની કુંડલિનીશક્તિ જાગૃત થઈ. તેમને આધ્યાત્મિક અનુભૂતિઓ થવા લાગી અને આ બધા સમયે પથપ્રદર્શક હરિગિરિબાબા જ હતા. તેમની અને શ્રી ઝિપ્રુ અણ્ણાજીની સલાહ થઈ કે હવે મુક્તાનંદ બાબાએ ગણેશપુરીમાં જ સ્થાયી થવું.

બાબા મુક્તાનંદજી મહારાજને બીજા બે અદ્ભુત સ્વામીઓનો પણ સંપર્ક થયો. એક નૃસિંહ સ્વામી અને બીજા બાપુમાઈ. નૃસિંહ સ્વામી દિગંબર રહેતા. જે કોઈ જેટલું પણ ખાવાનું આપે તેટલું બધું ખાઈ લેતા. જ્યાં નળ હોય ત્યાં જ નળ નીચે બેસીને નહાતા. એક વખત નામધૂન સપ્તાહમાં તેઓ પધાર્યા ત્યારે તેમની વિદાય સમયે બાબા મુક્તાનંદજીએ તેમને ભસ્મ, ચંદન અને સુગંધિત જળથી સ્નાન કરાવી સુખડનો લેપ અને અગણિત પુષ્પહારો પહેરાવીને વિદાય આપી.

નૃસિંહ સ્વામીએ જ બાપુમાઈને મળવાની સલાહ બાબાને આપેલી. તેઓ કેડે એક લંગોટી બાંધતા અને તેને મહિનાઓ સુધી બદલતા નહીં. તેમના વાળ બહુ લાંબા હતા. હાથમાં ચીંથરાં બાંધેલી ત્રણ લાકડી રાખતા. કહેતા સત્ત્વ રજ અને તમસ.....ત્રણેય ગુણોને બાંધી રાખ્યા છે. ખભે ચીથરાંઓનું બંડલ રાખતા. લોકો પાસેથી એક-એક પૈસો માગતા પછી વિઠોબાના મંદિરે જતા અને પોતાને દિવસભરમાં જે પૈસા મળ્યા હોય તે તમામ ચંદ્રભાગા નદીમાં નાખી દેતા; પછી કહેતા, ''મા ચંદ્રભાગા!, મારા બધા પૈસા તારી પાસે સાચવજે. એક દિવસ બાબા મુક્તાનંદજી તેમની પાછળ છેક સ્મશાન સુધી ચાલ્યા. ત્યાં તેમણે સ્વામીજીને પૂછ્યું, ''ભૂખ લાગી છે ?'' અને તે એકાંતમાંથી એક માણસ સ્વાદિષ્ટ ભોજન લઈને પ્રગટ્યો. સ્વામીજીને પણ ખૂબ લાગી હતી. તેઓ બધું ભોજન જમી ગયા. તે માણસે કહ્યું, ''જ્યારે જ્યારે બાપુમાઈને ભૂખ લાગે ત્યારે હું ભોજન લઈને આવું છું.'' વધુ કંઈ જવાબ આપ્યા વગર તે માણસ

હવામાં ઓગળી ગયો. બાપુમાઈએ બાબા મુક્તાનંદજીને કહ્યું, ''ભગવાન સિવાય આ દુનિયામાં બીજું કાંઈ નથી. તે સર્વત્ર છે. તે આગળ છે, પાછળ છે, ઉપર-નીચે સર્વત્ર છે. તે વિઠ્ઠલ તું પણ છે. હું પણ છું. મેં જે કહ્યું તે મનમાં રાખજે, ખૂબ ધ્યાન કરજે, તેનો સાક્ષાત્કાર કરજે, ફાટેલાં ચીંથરાંમાંથી કંઈક માગતાં કહે,'' ના, તે મારો ખજાનો છે; તેમાંથી કંઈ પણ નહીં મળે.''

આ ઉપરાંત કાશીના સંત સ્વામી લિંગાનંદ અવધૂતનો પણ સ્વામીજીને મળવાનો પ્રસંગ થયો. તેમની પાસેથી તેઓ યોગાસન શીખ્યા અને અદ્‌ભુત અનુભવ થયા.

બાબા મુક્તાનંદજી જ્યારે ગણેશપુરી પધાર્યા ત્યારે તેમણે તેમની તીક્ષ્ણ આંખો તેમના તરફ ફેરવી. આ બનાવનું વર્ણન કરતાં બાબા મુક્તાનંદજી તેમના અત્યંત લોકપ્રિય પુસ્તક 'ચિત્ શક્તિવિલાસ'માં લખે છે,'' તેમણે મારી આંખોમાં તીવ્રતાથી દૃષ્ટિપાત કર્યો. તેમની આંખોમાંથી એક જ્યોતિકિરણ મારી અંદર પ્રવેશી રહ્યું હતું. તે કિરણ ઉગ્ર હતું. મોટા બલ્બની જેમ આંખોને આંજી નાખતું હતું. તે કિરણ મારી આંખોમાં પ્રવેશી ગયું. હું વિસ્મય, આનંદ અને રોમાંચનો અનુભવ કરી રહ્યો હતો. તેમણે મને મંત્ર આપ્યો, 'ગુરુ ૐ' મારામાં તે જપ પ્રવાહિત થતો હોય તેવું મેં અનુભવ્યું, આ દિવ્ય કિરણ મારામાં પ્રવેશતાં જ મારું શરીર જડવત્ થઈ ગયું. પછી જ્યારે ગુરુદેવે મારાં શરીરનું હલનચલન કર્યું અને હુંકાર ઘોષ કર્યો ત્યારે છેક મારી જડતા દૂર થઈ અને હું ભાનમાં આવ્યો. તેમણે તેમના પગ ઊંચા કરીને એક પછી એક બંને પાદુકાઓ આપી. જે મેં મારાં ઉપવસ્ત્રને પાથરીને તેમાં સ્વીકાર કરી પછી તેઓ જાતે જ કુમકુમ, ચંદન, પુષ્પ અને અગરબત્તી ધૂપ લઈને આવ્યા. તે પાદુકાઓનું પૂજન કર્યું પરંતુ આ બધી ક્ષણોએ મારી અંદર' ગુરુ ૐ' મંત્રનું રટણ ચાલી રહ્યું હતું. તેમણે સૂત્રાત્મક ભાષામાં કહ્યું. ''સબ મંત્ર એક... સબ ૐ, ૐ નમઃ શિવાય....ૐ શિવોઽહમ્ અંદર-બાહર સબ એક હી એક.''

પછી અંદર જઈને એક વાદળી રંગની સુંદર શાલ મને ઓઢાડી અને રસોડામાંથી ખોબો ભરીને ભજિયાં લાવીને મને આપ્યાં. પછી જવાનો ઈશારો કર્યો. મારે મન આ દિવસ મંગલમય હતો, 'સબ ૐ રે' કહીને એકાત્માનો બોધ કરાવ્યો.

દિવ્ય શક્તિપાત, બીજું મહાસિદ્ધકૃપા અને ત્રીજું પરમાત્માની પ્રાપ્તિની અદમ્ય અભિલાષા... સ્વામીજીની સાધના ધસમસતા પૂરની જેમ ચાલતી હતી. હવે આસનો, પ્રાણાયામ, ક્રિયા, મુદ્રા, બંધ બધું જાતે જ થવા લાગ્યું. ત્યારબાદ ભગવાન નિત્યાનંદજીના કહેવાથી તેઓ ગણેશપુરીમાં પધાર્યા. જૂન- ૧૯૬૧માં ભગવાન નિત્યાનંદજીનું શરીર નાદુરસ્ત થયું. પછી ઓગસ્ટ મહિનામાં તેમણે મહાપ્રયાણ કર્યું.

હવે આ આશ્રમનું નામ 'શ્રીગુરુદેવ આશ્રમ' રાખવામાં આવ્યું. નવાં બાંધકામ થયાં. સૂર્યમંદિર બંધાયું અને 'ગુરુદેવ વાણી' નામની પત્રિકા પ્રકાશિત થઈ. આશ્રમમાં દર્શનાર્થીઓની ભીડ વધતાં મોટું રસોડું અને ભોજનખંડ અન્નપૂર્ણાના નામે બન્યો.

ઓગસ્ટ ૧૯૭૦માં બાબાએ વિશ્વયાત્રાની જાહેરાત કરી. સાડા ત્રણ મહિનામાં યુરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા ખાતે દરેક જગ્યાએ સત્સંગ- ધૂન અને ધ્યાનની દીક્ષા અપાઈ. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પ્રવચન પછીની ધૂનમાં એક હજાર વિદ્યાર્થીઓ અને તેમના પ્રોફેસર ઊભા થઈને આડંબર છોડીને નાચ્યા. બીજી વિદેશયાત્રા ૨૬ ફેબ્રુઆરી, ૧૯૭૪ના રોજ આરંભાઈ. હવે તેમનું નામ વિશ્વ વંદિત થયું હતું. ન્યૂયોર્ક ચર્ચે તેમને 'બાલ- શેમ - તોવ' અને એટલાન્ટાના મેયરે 'સર્ટીફિકેટ ઓફ સિટીઝન' તથા માયામી- ફ્લોરિડાના મેયરે બાબાને 'સ્ક્રોલ ઓફ ફ્રેન્ડશિપ' સન્માનથી નવાજ્યા.

**અનુસંધાન પાન નં. ૧૫ ઉપર**

# સ્વામી શિવાનંદ સરસ્વતી

(ઈ.સ. ૧૮૮૭-૧૯૬૩)

- ડૉ. શિવાનંદ અધ્વર્યુ, વીરનગર (રાજકોટ)

દક્ષિણ ભારતમાં કન્યાકુમારી સમીપ તિરુનેલવેલ્લી જિલ્લાના પટ્ટમડાઈ ગામે ૮ સપ્ટેમ્બર, ૧૮૮૭માં વેંગુ અય્યર અને પાર્વતી અમ્મલને ત્યાં કુપ્પુ સ્વામીનો જન્મ થયો હતો.

નાનપણથી જ કુપ્પુ બગીચામાંથી પૂજા માટે ફૂલ - બિલ્વપત્ર લઈ આવતો. મા કંઈ પણ ખાવાનું આપે તો સત્વરે મિત્રોની સાથે બેસીને ખાતો, સારાં નવાં કપડાં મળે તો ગરીબ લોકોને ત્યાં આપી આવતો. આ કુપ્પુ સ્વામી ૧૯૦૩માં મેટ્રિક થયા. તિરુચિરાપલ્લીમાં એસ.પી.જી. કોલેજમાં જોડાયા. ૧૯૦૫માં ઈન્ટર પાસ કરી તાંજોર મેડિકલ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવ્યો. દાકતરી ભણતર અડધું થયું ત્યાં પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો. મા પણ બીમાર પડ્યાં. આમ, ભણતરમાં વિઘ્ન આવ્યું.

તેમણે દાકતરી મેગેઝિન - 'એમ્બ્રોઝીઆ' ૧૯૦૯માં શરૂ કર્યું. હવે કુપ્પુ સ્વામી મદ્રાસ આવ્યા. ડૉક્ટર હૉલરને ત્યાં તબીબની સેવા સ્વીકારી 'એમ્બ્રોઝીઆ' તો ચાલુ જ રહ્યું. કુપ્પુ સ્વામીના એક મિત્ર ડૉ. આયંગર મદ્રાસથી સિંગાપોર ગયેલા. ૧૯૧૩માં તેઓએ મલાયા ભણી પ્રયાણ કર્યું. મદુરાઈમાં તેમના વિદાય સમારંભમાં તેમણે કહ્યું, ''હું દરરોજ દાનનું એક કૃત્ય કરીશ જ''. એક વયોવૃદ્ધ સજ્જન આ સાંભળીને ગળગળા થઈ ગયા. કુપ્પુને હૃદય સરસો ચાંપીને કહે, ''કુપ્પુ! તારું હૃદય સોને મઢ્યું છે!''

મલાયામાં એક રબરના બગીચામાં મિ. રોબિન્સ પાસે ૧૫૦ ડોલરથી હૉસ્પિટલ સંભાળવાની નોકરી મળી ગઈ. તેઓ મહેનતુ હતા. સાફસફાઈનું બહુ ધ્યાન રાખતા. સલાહની ફી ન લેતા. ગરીબ દર્દીઓની બહુ સેવા કરતા, તેમને ફળ, દૂધ, દવાનો પ્રબંધ કરી ખિસ્સા-ખર્ચી પણ આપતા.

પહેલું વિશ્વયુદ્ધ આવ્યું. પાર્સન્સ લડાઈમાં જોડાયા. ૧૯૨૦માં પાછા આવીને કુપ્પુ સ્વામીને જોહોરબાહરુ લઈ ગયા. શાંત પ્રકૃતિ, કાર્યદક્ષતા, ભલો સ્વભાવ અને સેવાભાવના કારણે કુપ્પુ સ્વામી પંકાઈ ગયા. ત્યાં તેઓએ ત્યાંની મેડિકલ ડિગ્રીઓ M.R.I.P.H., M.R.A.S., અને A.R.San. I. મેળવી. આમ થવાથી તેમને જલદી બઢતી મળી, સાથે ખાનગી કામકાજ પણ પુરજોશમાં ચાલતું. પોતાની દૈનિક પ્રક્રિયામાં એક ક્ષણ પણ નવરા ન બેસતા. 'મલાયા ટ્રિબ્યુન'ના રમતગમત વિભાગના તેઓ તંત્રી હતા. સેવા કરવાની કોઈપણ તક જતી ન કરતા. પોતાની આસપાસ લોકોને શારીરિક અને માનસિક દુઃખથી ઘેરાયેલા તેમણે જોયા. અનેક લોકોનું જીવન ધીમું મૃત્યુ હતું. અનેક તો જીવવા કરતાં મૃત્યુને આવકારતા. માનવની આ શોકાંતિકાથી ડૉક્ટરનું હૃદય ચિરાઈ ગયું. તેમણે મલાયા છોડ્યું. હિમાલય ભણી મીટ માંડી.

ભારત આવી તેઓ વારાણસી આવ્યા. કાશી તેમના ખ્યાલથી કંઈક જુદું જ હતું. આ ભીડ જોઈ તેમની શાંતિ ઝંખતી આશા ઉપર પાણી ફરી વળ્યું. તેઓ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પર કડકડતી ઠંડીમાં પડ્યા રહ્યા. કોઈએ ધાબળો આપ્યો. કોઈએ પંઢરપુર જવા કહ્યું. કોઈએ પુનાની ટિકિટ લઈ આપી. તેઓ દાતા હતા. હમેશાં સૌને કંઈક આપનારા હાથને ભીખ કેમ માગવી તે ખબર ન હતી, પરંતુ અન્ન વગર અશક્તિ આવી જતાં કોઈ મળે તો કહેતા, 'હું મદ્રાસી બ્રાહ્મણ છું!' કોઈના દિલમાં રામ વસે તો ઘેર લઈ જઈ જમાડે તો જમે, મહારાષ્ટ્રમાં બળતા બપોરે આ સાધુ બે કપડાં પહેરીને કે ઓઢીને ખુલ્લા માથે, ખુલ્લા પગે ફરતો. કોઈ વાર જમીનની પથારી અને આકાશનું ઓઢણું. ક્યારેક તો એક જ લંગોટ હોય, તેને જ ધોઈ, સૂકવીને પહેરે તો વળી આ દેખીને કોઈ તેમને બે કપડાં

લાવી આપે તો પહેરે. પરિવ્રાજક જીવનથી કુપ્પુ સ્વામી સહનશીલતા, સમદૃષ્ટિ અને સુખ-દુઃખ પ્રત્યે ગંભીર દૃષ્ટિ રાખતાં શીખ્યા. ડિલક્ષ ગામના પોસ્ટમાસ્તરે મલાયાના સાધુ વિશે સાંભળ્યું હતું. તેઓ તેમને પોતાના ઘેર લઈ ગયા. હરિદ્વારની ટિકિટ કઢાવી આપી રૂ. ૨૫ જેવી માતબર રકમ પણ આપી. કુપ્પુ સ્વામી હરિદ્વારથી હૃષીકેશ પગપાળા આવ્યા. રાતવાસો ધર્મશાળાના ઓટલા ઉપર કર્યો. બીજા દિવસે સવારે વારાણસીના એક તેજસ્વી સાધુ વિશ્વાનંદજીનાં દર્શન થયાં. તેમના પ્રત્યે કુદરતી આકર્ષણથી તેમના પગમાં પડ્યા. સંન્યાસી ન હોવાના કારણે કાલી કમલીમાં ભિક્ષા ન મળી. તે દેખીને વિશ્વાનંદજીને પ્રેરણા થઈ. તેમને ૧ જૂન, ૧૯૨૪ના રોજ સંન્યસ્ત દીક્ષા આપી. પાછળથી કૈલાસ આશ્રમના મહાન વિદ્વાન સ્વામી વિષ્ણુ દેવાનંદજીએ સ્વામી શિવાનંદજીનો વિરજા હોમ કર્યો.

ચાર રોટી અને એક વાટકી દાળ માટે તેમણે દરરોજ ચાર માઈલ ચાલવું પડતું. સંન્યાસી તરીકે તેઓ દુન્યવી પ્રવૃત્તિથી સદંતર દૂર રહેવા માગતા હતા, છતાં શિવાનંદની અંદર રહેલો ડૉક્ટર બીમાર સાધુઓની સેવાએ દોડી જતો. તેમની પગચંપી તેઓ કરતા, કપડાં ધોતા, તેમના માટે ભિક્ષા માગી લાવતા. કોઈ પાસે પૈસા માગવાના નહીં તેવું અયાચક વ્રત હતું. તેમાં તેમને તેમના વીમાનાં નાણાં યાદ આવ્યાં અને તેમાં રૂ.૫,૦૦૦/- મેળવી તેને પોસ્ટ ઓફિસના બચતખાતામાં મૂકી દીધા, તેના વ્યાજમાંથી તેઓએ એક પાઈ પણ પોતાના માટે ન વાપરી, પરંતુ ગરીબ સાધુ-સંતોની સેવા ફળ- દૂધ માટે તેઓ તે પૈસા વાપરતા. લક્ષ્મણ ઝુલા પાસે બદરીનાથની પગદંડીના રસ્તે એક ઓરડીમાં દવાખાનું પણ ચાલુ કર્યું. એક સાધુ બદરીનાથ જતાં બીમાર પડ્યા. તો તેમને પાછળથી યાદ આવતાં છેક ફુલચટ્ટી (છ માઈલ) સુધી દોડીને 'અમૃતધારા' દવા આપવા ગયા. સ્વામીજીનો સેવાભાવ દેખીને અન્નક્ષેત્રના અધિકારીઓ સ્વામી શિવાનંદને માટે ઘી, દૂધ, દહીં, માખણ સહિત ખાસ ખાવાનું આપતા. પરંતુ સ્વામીજી આ બધું આવશ્યકતાવાળા સંતોને જ આપી દેતા અને પોતે સૂકી રોટલીનો ભૂકો કરીને ગંગાજળમાં પલાળીને ખાઈ લેતા.

લખવા માટે ઉકરડામાંથી ફાટેલા કાગળો, કવરો શોધી લાવી તેમાં લેખનકાર્ય કરતા. ક્યારેક શાહી ન હોય તો ક્યારેક દીવો પેટાવવા દીવાસળી કે કેરોસીન ન હોય તેવું પણ બનતું. ચાંદ નારાયણ હરકોલી સીતાપુરના વકીલે તેમને દૂધ પીવા માટે પાંચ રૂપિયા આપેલા, તેમાંથી તેમણે 'બ્રહ્મવિદ્યા' નામનું પહેલું ચોપાનિયું છાપીને મુમુક્ષુઓમાં વિતરણ કર્યું. પછી બીજું ચોપાનિયું, 'આંતર-માનવની ફિલસૂફી' છપાયું.

સ્વામીજીની મોહિની એવી હતી કે એક વખત જે કોઈ પણ સંપર્કમાં આવે તે તેમને ચોંટી જ રહે. સિંધાઈનાં મહારાણીને શિવાનંદજી માટે ખૂબ આદરભાવ હતો. તેનાથી બચવા તે જ્યારે હૃષીકેશ આવે ત્યારે સ્વામીજી તેમનાથી બચવા માટે ત્રણ દિવસ-રાત પોતાની કુટીરને બહારથી તાળું લગાવી દેવાનું કહેતા. ખોરાક પાણી સિવાય ત્રણ દિવસ ધ્યાનમાં ગાળતા. મહારાણીના પ્રસ્થાનના સમાચાર જાણ્યા પછી જ કુટીરમાંથી બહાર આવતા. હાશ ! તે સમયે શિવાનંદજી ઉપરાંત અનેક ખ્યાતનામ સંતો ત્યાં રહેતા સંસ્કૃતના પ્રખર વિદ્વાન સ્વામી તપોવનજી, મહાન તપસ્વી ભક્ત સ્વામી પુરુષોત્તમાનંદજી, પ્રખ્યાત તાંત્રિક યોગી યોગાનંદજી તદ્ઉપરાંત સ્વામિનારાયણ મહારાજ, માતા ૐકારેશ્વરીદેવી, સ્વામી અદ્વૈતાનંદજી, સ્વામી સ્વયંજ્યોતિ, સ્વામી શાંતિગિરિ મહારાજ. દરરોજ સત્સંગ થતો. સાધુ-સેવા પણ થતી.

કોઈ કંઈ માગે તો આપી જ દેવાનું તેમ સ્વામીજી સદા માનતા, શાંતિ આશ્રમ, વૉલ્ટેરવાળા સ્વામી ૐકાર અમેરિકાથી શિષ્યો સાથે સ્વર્ગાશ્રમ આવ્યા. સ્વામીજી પાસે તેમની સેવામાં હજુ બે-ત્રણ શિષ્યો જ તૈયાર થતા હતા. ૐકાર સ્વામીએ તેમાંથી સૌથી સારી

સેવા કરનારા પરમાનંદજીને પોતાની સેવા માટે માગી લીધા અને સ્વામીજીએ આપી પણ દીધા.

૧૯૨૯માં સ્વામી અદ્વૈતાનંદ, સ્વામી બાલાનંદ, કાલીકમલીવાળા સ્વામી વિદ્યાસાગર સાથે દરરોજ ૧૫ માઈલ ચાલીને બદરી કેદારની યાત્રા કરી, જેમાં એક માસથી વધુ સમય લાગેલો. કેદારનાથજીમાં સ્વામીજીને દિવ્યતાનાં દર્શન થયાં. તેઓ લખે છે. ''ગૂઢ શાંતિ અને ભાવથી આધ્યાત્મિક દૃષ્ટિ વડે આ મહામય સ્વપ્રકાશિત કાળમીંઢ પથ્થર પર નજર ટેકવે તેને પ્રભુનાં સાક્ષાત્ દર્શન થાય છે. ૧૯૩૦માં તેઓ ગંગાસાગર ગયા. મિથ્યા રખડપટ્ટીથી તેઓ વિરુદ્ધ હતા. તેઓ કહેતાઃ "ઈશ્વર તેના સ્વર્ગમાં છે. આ સ્વર્ગ તમારા હૃદયમાં છે. હૃદયમાં તેને શોધો, તે ત્યાં જરૂર મળશે."

૧૯૩૧માં મેરુ પર્વત તરીકે ઓળખાતા માઉન્ટ કૈલાસ ગયા. સ્વામી અદ્વૈતાનંદ, ગુજરાતના સ્વામી સ્વયં જ્યોતિ અને બુલંદ શહરના મંડુક આશ્રમના બ્રહ્મચારી યોગાનંદ હતા. અલમોડા થઈને ગયેલી આ યાત્રા ૨૧ માસ ચાલીને કરેલી. કૈલાસરૂપે ઊભેલી માનસરોવરરૂપે પથરાયેલી દિવ્યતાનું સ્વામીજીએ શાંતિથી ધ્યાન ધર્યું. 'હે પ્રભો ! હું આધ્યાત્મિક ઊંચાઈનાં શિખરો સર કરું. કૈલાસના હિમ જેવું હૃદય શુદ્ધ કરું. મન સ્ફટિક જેવું નિર્મળ અને માનસરોવરના જળ જેવું મારું જીવન પારદર્શક બનો. તે જ અરસામાં છેલ્લી મહાન યાત્રા જગન્નાથપુરી, રામેશ્વર, તિરુવણમલ્લૈમાં તેજોલિંગનાં દર્શન, અરુણાચલની પ્રદક્ષિણા અને શ્રી રમણ મહર્ષિના જન્મદિવસે એવાં ભજન કર્યાં કે ભગવાન રમણ પણ ભાવવિભોર થઈ ગયા. ત્યાંથી અરવિંદ આશ્રમે થઈ સૌ હૃષીકેશ પાછા ફર્યાં. તદુપરાંત ૧૯૫૦માં ભારત અને શ્રીલંકાની બે મહિનાની યાદગાર યાત્રા સ્વામીજીએ કરી.

સ્વામીજી જ્યાં જ્યાં જતા ભગવાન્નામ સંકીર્તન પ્રત્યે લોકોને આકર્ષિત કરતા. લોરી કીર્તન, યમુના અને ગંગા નદીમાં 'બોટ કીર્તન,' સવારે પ્રભાત ફેરી, સાંજે નગર કીર્તન અને ૨૪ કલાકનું અખંડ કીર્તન. ૧૯૩૮ના કુંભમેળામાં સિગારેટ વેચતા છોકરાઓને સિગારેટનાં ગાયનો સાથે હરિનામ સંકીર્તન કરતા જવાનું, આધ્યાત્મિક ચોપાનિયાં વહેંચવાનું તેઓ કહેતા. કીર્તન કરવા કોઈ પણ બોલાવે તો જરૂર જાય. એક વખત તેમને ઝાડા થઈ ગયા. તો ડાઈપર પહેર્યું, બાજુના રૂમમાં ટબ બેડ-પેન તૈયાર રાખીને પણ કીર્તન કર્યાં. જ્યાં જાય પોતાનો ખર્ચ પોતે ઉપાડતા. ઓળખ વિધિ અને આભાર વિધિનો શિષ્ટાચાર તેમણે બંધ રાખેલો.

સેવાનો પ્રકલ્પ તો એવો હતો કે ધોબી કપડાં ધોતો હોય તો પોતે તેની સાથે બેસીને કપડાં ધોવા માંડે, મજૂરો લારીને ખેંચતા હોય તો તેઓ પણ ધક્કો મારવા લાગે, કોઈ મળમૂત્ર કરે તો સત્વરે સાફ કરી નાખે. એમને મન બધે જ ઈશ્વર હતા, જાગૃત હતા. ૨૪ ઓગષ્ટ, ૧૯૩૩ના રોજ તેમણે અખિલ ભારતીય સાધુ સમાજની સ્થાપના કરી. ૧૭ જાન્યુઆરી, ૧૯૩૪માં રામ આશ્રમની ઓરડીમાં રહેવા આવ્યા. તેઓ કહેતા, 'આ તો ઈસ્ટ ઈન્ડિયા કંપની જેવું છે! ખુલ્લું ભાળો અને ઘૂસી જાઓ. જગા તમારી.' જાન્યુઆરી, ૧૯૩૯માં લાહોરથી સંકીર્તન સંમેલનમાં હાજરી આપીને પાછા ફરતાં, અંબાલાની નમક મંડીમાં ૧૩ જાન્યુઆરી, ૧૯૩૯ના રોજ દિવ્ય જીવન સંઘ ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન કરાવ્યું.

હવે પ્રવૃત્તિ વધી. અંગ્રેજીમાં ધી ડિવાઈન લાઈફ માસિક, 'ડિવાઈન લાઈફ મેમ્બર સપ્લીમેન્ટ, યોગવેદાંત, ડિવાઈન લાઈફ ફોરેસ્ટ યુનિવર્સિટી વીકલી, હેલ્થ એન્ડ લોંગ લાઈફ, બ્રાન્ચ ગેઝેટનું પ્રકાશન, પુસ્તકોનું મુદ્રણ પ્રકાશન, શિવાનંદ આયુર્વેદ ફાર્મસી, અખંડ કીર્તન, વિશ્વનાથ મંદિર, ભજન હોલ, ભક્તોના નિવાસોનાં બાંધકામ, આગંતુકોની સરભરા. શિવાનંદ હોસ્પિટલ, શિવાનંદ રક્તપીત્તિયાઓની ત્રણ વસાહત, તે ઉપરાંત સવારની પ્રાર્થના અને રાત્રિના સત્સંગમાં તેઓ ચાલી ન શકતા તો પહેલાં લાકડીના ટેકે, પછી બંને તરફ હાથ પકડાવીને છેલ્લે હાથે-પગે ઘૂંટણે રાખીને પણ તેઓ સત્સંગમાં આવતા.

(અનુસંધાન પાન નં. - ૧૨ ઉપર)

# શ્રી સ્વામી ચિદાનંદ સરસ્વતી

(ઈ.સ. ૧૯૧૬-૨૦૦૮) - ડૉ. શિવાનંદ અધ્વર્યુ, વીરનગર (રાજકોટ)

શ્રી શ્રીનિવાસરાવ અને શ્રીમતી સરોજિનીદેવીને ત્યાં ૨૪ સપ્ટેમ્બર, ૧૯૧૬ના પવિત્ર દિવસે પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. કહ્યું છે કે 'શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિ જાયતે' ગીતાના આ પવિત્ર કથન અનુસાર દિવ્ય દામ્પત્યજીવન યાપન કરનારાં દંપતીને ત્યાં આ દિવ્ય પુત્રનું અવતરણ થયું. નામ શ્રીધર રાવ.

શ્રીધરના જીવનઘડતરમાં સરોજિનીદેવી દ્વારા ઉછેર સમયે મીરાં, તુલસી, કબીર, રૈદાસ અને નરસિંહનાં ભજનો, મહાભારત, ભાગવત- રામાયણ કથાઓનો ફાળો છે અને શ્રીધરના કાકા શ્રીકૃષ્ણરાવ તથા નિકટના સંબંધી શ્રી અનંતૈયા. બાલુ નામનો ઘરનો નોકર તો શ્રીધર યોગી છે તેમ કહી દરરોજ તેના પગ ધોઈને તેનું ચરણામૃત પીતો.

શ્રીધરના જીવનમાં બાળપણમાં જ સાંભળેલી બે કથાઓની મોટી અસર થઈ હતી. એકમાં સાપ દેડકાને ગળે છે ત્યારે અડધું શરીર સાપના મોઢામાં હોવા છતાં દેડકો ઊડતી માખીને પકડવા જીભ લાંબી કરે છે. સંસારમાં બદ્ધ જીવોનું આ તાદશ ઉદાહરણ છે. બીજી વાતમાં અંધારી રાતે જંગલમાં એક માણસ થાળા વગરના કૂવામાં પડી જાય છે. પડતાં પડતાં કૂવાની અંદર દીવાલમાંથી ઊગેલા એક વૃક્ષની ડાળી તેના હાથમાં આવી જાય છે. વીજળી ચમકતાં તે દેખે છે કે એક કાળો અને એક ધોળો એમ બે ઉંદર તે ડાળીનું મૂળ કાપતા હોય છે. એક સાપ તે ડાળી ઉપર આ માણસ તરફ આવતો હોય છે. કૂવાની બહાર ઉપર વાઘ તરાપ મારવા ઊભેલો હોય છે અને પાણીમાં નીચે મગરમચ્છ મોં ખોલીને આ માણસના પડવાની પ્રતીક્ષા કરે છે. એવામાં માણસના પડવાથી તે ડાળી ઉપર રહેલ મધમાખીનો પૂડો છંછેડાઈ જતાં અગણિત માખીઓ તેને ડંખવા લાગે છે છતાં આ તમામ વિષમ પરિસ્થિતિમાં ઉપરથી-મધપૂડામાંથી ઝરતું મધ સીધું મોઢામાં આવે તે માટે પ્રયત્ન કરે છે. સંસારની આ વાસ્તવિકતાની ભયંકર છાપ તેના કૂમળા હૃદય ઉપર ખૂબ જ ઊંડી છાપ છોડી જાય છે.

બાળપણમાં શ્રીધર સાથે તેનો શાળાનો મિત્ર તેની સાથે ઘેર આવે છે. જાહોજલાલી અને વૈભવ વચ્ચે વિલાસ કરતાં દાદીને જાણ થઈ કે આ છોકરો અછૂત છે. તેથી તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો, પરંતુ સંન્યાસ પછી આ શ્રીધર રાવ જ્યારે ચિદાનંદ થયા ત્યારે દર વર્ષે બીજી ઓકટોબરે આ સફાઈ કર્મચારીઓની વસ્તીમાં જઈ ત્યાં ઝાડુવાળી, એમનાં પરિવારોને રામધૂન સાથે આશ્રમમાં લાવી, તેમના પગ ધોઈ, તેમને દક્ષિણા- વસ્ત્રો- ભોજન આપ્યા બાદ એક પતરાળું હાથમાં લઈને તેમનું એઠું-ઉચ્છીષ્ઠ માગી તેમની સાથે બેસીને, બાળપણમાં જે પ્રસંગ થયેલો તેનું આખુંયે જીવન તેઓ પશ્ચાત્તાપ કરતા રહ્યા.

મેંગલોર તો ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું મોટું થાણું હતું એટલે બાળક શ્રીધરનો પ્રારંભિક અભ્યાસ સેન્ટ એન્સ કોન્વેન્ટ અને સેન્ટ એન્સ પછી રોઝરીઓમાં થયો. પરંતુ પૂજ્ય બાપુજી મહાત્મા ગાંધીની એક સભા મેંગલોરમાં થઈ. તે સભાના પ્રમુખ શ્રીધરના દાદા એન. વેંકટરાવ હતા એટલે શ્રીધરને પૂજ્ય બાપુજીની સાથે એક જ વ્યાસપીઠ ઉપર બેસવાનું સૌભાગ્ય મળેલું, પરંતુ શ્રીધરની ઉંમર જ્યારે માત્ર દશ વર્ષની હતી ત્યારે તેનાં માતા સરોજિનીદેવીનું ૩ જૂન, ૧૯૨૬ના રોજ ૨૮ વર્ષની કુમળી વયે દેહાવસાન થયેલું. શ્રીધરના શાંત આનંદસભર જીવનમાં આ કુઠારાઘાત હતો. બાર વર્ષની વયે તેમણે પૂજ્ય પાપા રામદાસનું 'ઈશ્વરની શોધમાં' અનેક વાર વાંચ્યું.

ઈ.સ. ૧૯૩૨માં શ્રીધર મેંગલોર છોડી મદ્રાસ આવ્યો. ત્યાં હાઈસ્કૂલમાં પહેલાં (S.S.L.C.) પાસ કરી, પછી સુપ્રસિદ્ધ લોયોલા કોલેજમાં ઈતિહાસ અને તર્કશાસ્ત્રના વિષય સાથે (B.A.) કર્યું. કોલેજમાં તેમણે

બાઈબલનો અભ્યાસ કર્યો. સંત ફ્રાન્સિસની પ્રાર્થના શ્રીધરને મન જીવનમંત્ર બની.

''હે પ્રભો ! મને તારો શાંતિનો દૂત બનાવ; ધિક્કારની જગ્યાએ પ્રેમ પ્રસારું. ઈજા પહોંચાડનારને માફી બક્ષું. બેસૂરું વાતાવરણ હોય ત્યાં સંઘબળ સ્થાપું. શંકાના વાતાવરણમાં વિશ્વાસ જગાડું. નિરાશા ઘેરે ત્યાં આશા પ્રેરું, અંધકારમાં દીવો બનું. ગમગીનીને આનંદમાં ફેરવું. હે દિવ્ય સ્વામી ! આશ્વાસન માગું નહીં પણ આપતો રહું. લોકો મને સમજે તેમ ન ઈચ્છતાં તેઓને હું સમજું. મને ચાહે તો ભલે પણ હું તો તેમને ચાહું; આપવાથી મળે છે. માફ કરવાથી જ અમરત્વ પમાય છે.'' આધ્યાત્મિક સ્તરે શ્રીધરની માન્યતા હતી કે હિંદુ સો ટકા હિંદુ, ખ્રિસ્તી સો ટકા ખ્રિસ્તી હોવો જોઈએ.

ઈ.સ.૧૯૩૨થી ૪૦ના શૈશવકાળમાં જ શ્રીરામકૃષ્ણ મઠ-મિશનના અધ્યક્ષ શ્રીમત્ સ્વામી વિરજાનંદજી મહારાજ (અલ્મોડા), દત્તાત્રેય સ્વરૂપ પરિવ્રાજક સ્વામી પુરોહિતજી, સ્વામી ગાયત્ર્યાનંદજી, શ્રી રમણ મહર્ષિ, મલયાલ સ્વામી, વ્યાસાશ્રમ (તિરુપતિ)ના સ્વામી અસંગાનંદજી સચ્ચિદાનંદ સંઘના સ્થાપક મદ્રાસના સંત સ્વામી રાજેશ્વરાનંદજી, આનંદાશ્રમના સંત પૂજ્ય પાપા રામદાસજી, પૂજ્યા કૃષ્ણાબાઈ માતાજી વગેરે સંતોનું ખૂબ નિકટનું સાંનિધ્ય પ્રાપ્ત થયું. તેની ઊંડી આધ્યાત્મિક અસર રહી.

બાળપણ અને યૌવનમાંથી જ શ્રીધરે પદત્રાણ છોડ્યાં. રેશમી વસ્ત્રો પહેરવાનાં બંધ કર્યાં. તે સમયે તેમણે સંત જ્ઞાનેશ્વર અને સંત તુકારામની ફિલ્મો જોયેલી. જેની તેમના જીવન ઉપર ઊંડી અસર પડેલી. તેમના ૪૯મા જન્મદિને ૨૪ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ હરિદ્વારથી બે કાર શિવાનંદ આશ્રમ મોકલી. શ્રી સ્વામી કૃષ્ણાનંદજી (જનરલ સેક્રેટરી), શ્રી સ્વામી માધવાનંદજી (ઉપાધ્યાક્ષ)ને સંતદર્શન માટે આવવાનું કહીને આ બંને ફિલ્મો દેખાડેલી.

ઈ.સ. ૧૯૪૦માં 'માય મેગેઝિન'માં આવતા શ્રી સ્વામી શિવાનંદજીના લેખો' યોગ લેશન્સ ૧-૨-૩- વગેરેથી માર્ગદર્શન મેળવી, જપયોગ પુસ્તક વાંચીને તેમણે ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ સાથે પત્રવ્યવહાર પ્રારંભ કરેલો. પછી 'આધ્યાત્મિક પાઠો', 'મનનું રહસ્ય અને નિયંત્રણ' પુસ્તક પણ તેમનાં પ્રેરણાપથ બન્યાં.

ઈ.સ. ૧૯૩૯માં ઈન્ટરમીડિયેટની પરીક્ષા સમયે જ શ્રીધરે ઘર છોડ્યું, પરંતુ શ્રીધરની ભાળ મળી નહીં. બધાંએ હવે શ્રીધરને મળવાની આશા છોડી દીધેલી પણ વિશ્વનાથ નામનો શ્રી શ્રીનિવાસરાવજીનો નોકર વ્યાસાશ્રમ ગયેલો. ત્યાં શ્રીધરને દેખીને ઘરમાં સૌ કેટલો કલ્પાંત કરે છે તેમ કહ્યું. પૂજ્ય મલયાલ સ્વામીજીએ પણ તેને થોડો વધુ સમય ઘરમાં રહીને સાધના કરવા કહ્યું. આમ ચુપચાપ શ્રીધર પાછો ફર્યો. નાનીમાને વચન આપ્યું કે જ્યાં સુધી તેઓ જીવે છે, શ્રીધર સંન્યાસ નહીં લે. સૌથી મોટી વાત તો એ છે કે પૈસાદાર પરિવારના ફુટડા રાજકુમાર જેવા શ્રીધરનાં લગ્નની વાત ક્યારેય પરિવારમાં થઈ જ નહી. શ્રીધર પાછો ફરતા અને ફરીથી અભ્યાસ ચાલુ કરતાં પરિવારમાં સૌએ રાહતનો દમ લીધો. ૧૯૩૮માં આખી મદ્રાસ યુનિવર્સિટીમાં અંગ્રેજી વિષયમાં પાંચમા નંબરે આવીને (B.A.)ની પરીક્ષા પાસ કરી. ૧૯૪૦માં શ્રીધરને રોયલ એરફોર્સમાં પાઈલટ તરીકે જોડાવાનું આમંત્રણ મળ્યું. વિવેક સાથે આ આમંત્રણ નકાર્યું. નાનીમા સુંદરમ્માના સ્વર્ગવાસ સાથે હવે શ્રીધરનો રાહ નિષ્કંટક બન્યો. તેણે નારાયણ ઉપનિષદના શબ્દો વાગોળ્યા, 'ત્યાગેન એકેન અમૃતમ્' એકમાત્ર ત્યાગથી જ અમૃત મળે છે કે કર્મથી, ધનથી કે પ્રજોત્પત્તિથી ઉત્ક્રાંતિ કદી થતી જ નથી અને ૯ માર્ચ, ૧૯૪૩ના દિવસે તેમણે કોઈમ્બતૂરના ઘરમાંથી શાંતિથી મહાભીનિષ્ક્રમણ કર્યું.

મોહ વગરના યોગી, તિરુપતિ આવી ત્યાં કોઈ ચણતર કામ થતું હતું. તેમાં રોજમદારીથી કામ કરી નામ માત્રનો એક રૂપિયો સેવા પેટે સ્વીકારી આ રૂપિયો શ્રી તિરુપતિની હૂંડીમાં પધરાવ્યો. અહંકારનું ઉન્મૂલન - દાન કરવા માટે પરસેવાની કમાણી ! ત્યાંથી શિરડી

વૃંદાવન આવીને બુદ્ધપૂર્ણિમા - ૧૯ મે, ૧૯૪૩ના દિવસે સાંજે ગંગાતટે હિમાલયની ઉપત્યકામાં આનંદ કુટીરસ્થ ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનું શરણું સ્વીકાર્યું. ચાંદનીએ ગંગાના જળને રૂપેરી રંગે મઢ્યાં મહાન ગુરુના શ્રીચરણે આદર્શ શિષ્યનું અવતરણ થયું.

આશ્રમમાં આવતાંની સાથે 'ડિવાઈન લાઈફ' વિભાગમાં સરનામાં લખવાં, ટિકિટો ચોંટાડવી, મેગેઝિન રવાના કરવાનાં, લાયબ્રેરી સાફ કરવી, નવાં પૂંઠાં ચઢાવવાં, જમીન વાળવાની, ગંગાજળથી ટાંકી ભરવાની, રૂમમાં જાજમ પાથરવાનું, જંગલમાંથી સૂકાં લાકડાં વીણી લાવવાનાં, રસોડાંમાં શાક સમારવાનું, વાસણો સાફ કરવાનાં, મંદિરમાં પૂજા કરવાની, કાગળોના જવાબ લખવાનાં, ટાઈપ કરવાનું અને સાંજે સત્સંગમાં કીર્તન તથા હોસ્પિટલમાં દરદીઓને પાટાપીડી કરવાનાં, પ્રવચન કરવાનાં. આ બધું કામ તેઓ જ્યારે કરતા ત્યારે ભગવાનનું પૂજન કરતા હોય તેવા જ ભાવથી કરતા અને જ્યારે થોડી પણ ફુરસદ મળે જંગલમાં જઈને ધ્યાન કરવાનું.

આશ્રમમાં આવીને હજુ માંડ બે સપ્તાહ થયા હશે ત્યાં જ લોકો તેમને ડૉ. રાવજીના નામે ઓળખવા લાગ્યા. તેમની સેવા એટલી દૃઢ અને પ્રેમપૂર્વકની હતી કે ગુરુદેવ કહેતા, ''ડૉ. શિવાનંદને ડૉ. રાવ વટાવી ગયા!'' ગરીબો રક્તપીત્તિયાઓ, માંદા કૂતરાં, બિલાડાં, વાંદરા સૌની સેવા પ્રભુપરાયણ થઈને કરતા. તેમના સડી ગયેલા ઘા ઉપર લેપ લગાવવો એટલે પ્રભુના શ્રી વિગ્રહ ઉપર ચંદન ચર્ચા જેવું હતું. જે રક્તપિત્તના રોગીને કોઈ નરી આંખે દેખવા પણ ન માગે તેને પોતાની કુટીરમાં રાખતા. આશ્રમમાં આવીને માંડ એક વર્ષ થયું હશે; તેમણે પોતાના ગુરુદેવને જેવા દેખ્યા તેનું વર્ણન 'પ્રકાશપૂંજ' (Light fountain) પુસ્તકમાં કર્યું. ગુરુદેવ સ્વામી શિવાનંદજીએ આ પુસ્તક વાંચીને કહ્યું,''શિવાનંદનું પાર્થિવ શરીર મરશે તો પણ 'પ્રકાશપુંજ' માં અમર રહેશે.''

શ્રી ગુરુદેવના આદેશથી ૧૯૫૮માં તેમણે દરિયાપારના દેશોની પ્રથમ યાત્રા કરી. યુરોપ, અમેરિકા, ઈંગ્લેન્ડ વગેરેની યાત્રાએથી પાછા ફરી દિવ્ય જીવન સંઘની પરિષદમાં રાજકોટ, મુંબઈ, બેંગલોર, પુટ્ટુર, ઉડીપી, મુકામ્બિકા, અરૂણાચલમ્, કન્યાકુમારી, પટ્ટમડાઈનો વિષદ પ્રવાસ કર્યો. હવે તેઓ બદરીનાથ જઈને ચિરંતન સમાધિમાં જવા માગતા હતા, પરંતુ શ્રીગુરુદેવને પક્ષાઘાતનો હુમલો થવાથી તેમની સેવામાં રોકાઈ ગયા અને અંતે ૧૪ જુલાઈ, ૧૯૬૩ની મધરાતે સ્વામીજીની પથારી પાસે 'સત્યં જ્ઞાનં અનંતં બ્રહ્મ''ના ઉચ્ચારણ સાથે શ્રી ગુરુદેવે મહાપ્રયાણ કર્યું.

ઈ.સ.૧૮ ઑગસ્ટ, ૧૯૬૩ના દિવસે ટ્રસ્ટીઓ મળ્યા. સર્વાનુમતે સ્વામી ચિદાનંદજીને અધ્યક્ષપદે સ્થાપવામાં આવ્યા અને સૌએ અનુભવ્યું કે સ્વામી ચિદાનંદજી શરણાગતિ તથા ગુરુભક્તિનું મૂર્ત સ્વરૂપ છે.

શ્રી ગુરુદેવ સ્વામી શિવાનંદજી સાથે અખિલ ભારત તથા શ્રીલંકાની યાત્રાના પ્રવાસમાં ૧૯૫૦માં વિશ્વને ગુરુદેવના ઉત્તરાધિકારીની જાણ થઈ ગઈ હતી. હવે તેઓ પ્રકાશની માફક, કેરો, ઈસ્તંબૂલ, રોમ, ટુઝલડોર્ફ, લંડન, ન્યૂયોર્ક, મિલવૉકી, મિનિયાપોલીસ, લૉસ એન્જલસ, સાન ફ્રાન્સિસ્કો, મોન્ટ્રિયલ, હૉલેન્ડ અને દુનિયાના ખૂણે ખૂણે છેક ૨૦૦૧ સુધી પ્રવાસ કરતા રહ્યા.

તેમના સત્સંગે અને પાશ્ચાત્ય પ્રદેશના મુમુક્ષુઓ પહેલાં સેવા અને પછી ત્યાગના પંથે વળ્યા. સ્વામીજીએ કુષ્ટરોગીઓની વસાહતો ઊભી કરી, તેમના સહૃદયી બની રહી તેમની સેવા કરી. અનેક સંતો, અરિહંતો, ભગવંતો અને મોટા ધર્માધિકારીઓ તેમને એક દિવ્યતાની મૂર્તિ સ્વરૂપે જોતા. શ્રી શ્રીમા આનંદમયીમા કહેતાં, ''બાબા કા દર્શન પ્રત્યક્ષ નારાયણ કા દર્શન.'' ઓરિસ્સામાં શ્રી જગન્નાથ મહાપ્રભુ, શ્રી ચૈતન્ય મહાપ્રભુ પછી શ્રી ચિદાનંદ મહાપ્રભુ કહીને લાખોની સંખ્યામાં તેમનું અનુસરણ કરતા.

(અનુસંધાન પાન નં. -૩૬ ઉપર)

# આશ્રમના ઉત્સવો (ઓગસ્ટ - સપ્ટેમ્બર - ઓક્ટોબર)

| તા. | વાર | ઉત્સવ | સમય |
|---|---|---|---|
| ૧૫-૮-૨૦૧૭ | મંગળવાર | સ્વાતંત્ર્યદિન નિમિત્તે ધ્વજવંદન અને | સવારે ૬.૪૦ |
| | | જન્માષ્ટમી નિમિત્તે ડૉ. શ્રી જયંત વસાવડાના 'સ્વર ગુંજન હાટકેશ ગ્રુપ'ના કલાકારો દ્વારા શ્રીકૃષ્ણ સંકીર્તન માધુરી અને શ્રીકૃષ્ણ જન્મોત્સવ | રાત્રે ૯.૦૦થી ૧૨.૦૦સુધી |
| ૧૯.૮.૨૦૧૭ | શનિવાર | ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજના નવમા મહાસમાધિ પર્વ નિમિત્તે વિશેષ પાદુકાપૂજન, સત્સંગ | સાંજે ૬.૦૦થી ૮.૦૦સુધી |
| ૨૧.૮.૨૦૧૭ | સોમવાર | પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ પ્રસંગે હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ | સવારે ૯.૩૦ |
| | | શ્રીફળ હોમવાનો સમય, ભસ્મ આરતી | સાંજે ૬.૦૦ |
| | | ભંડારો | ૭.૧૫થી૮.૩૦ સુધી |
| ૮.૯.૨૦૧૭ | શુક્રવાર | સદ્‌ગુરુદેવ શ્રીમત સ્વામી શ્રી શિવાનંદજી મહારાજના ૧૩૦મા પ્રાકટ્યદિન નિમિત્તે વિશેષ પાદુકાપૂજન, સત્સંગ | સવારે ૮.૩૦ થી ૧૦.૦૦સુધી |
| ૨૧.૯.૨૦૧૭થી | ગુરુવાર | નવરાત્રી પર્વ નિમિત્તે સામૂહિક ગીતા પારાયણ | સવારે ૯.૦૦ થી ૧૧.૦૦સુધી |
| ૨૯.૯.૨૦૧૭ | શુક્રવાર | શ્રી શ્રી નવચંડી -શ્રી દુર્ગા સપ્તશતી | બપોરે ૪.૦૦ થી ૭.૦૦સુધી |
| | | માતાજીના પવિત્ર રાસ -ગરબા | રાત્રે ૯.૦૦ વાગ્યે |
| | | તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ કુમારિકા પૂજન, અષ્ટમીનો હવન | |
| | | તા. ૩૦ સપ્ટેમ્બરના રોજ શ્રી લક્ષ્મી હવન | |
| ૨૪.૯.૨૦૧૭ | રવિવાર | ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજના ૧૦૨મા પ્રાકટ્યદિન નિમિત્તે પાદુકાપૂજન, સત્સંગ | સાંજે ૬.૦૦થી ૮.૦૦સુધી |
| ૧૭.૧૦.૨૦૧૭ | મંગળવાર | ધનતેરસ નિમિત્તે સામૂહિક ધનપૂજન | સાંજે ૭.૦૦થી ૯.૦૦સુધી |
| ૧૯.૧૦.૨૦૧૭ | ગુરુવાર | દિવાળી નિમિત્તે મા અષ્ટલક્ષ્મીજીના | સાંજે ૪.૦૦થી ૯.૦૦સુધી |
| | | ભવ્ય અન્નકૂટ દર્શન- મહાઆરતી | સાંજે ૮.૦૦ વાગ્યે |
| ૨૦.૧૦.૨૦૧૭ | શુક્રવાર | નૂતન વર્ષાભિનંદન નિમિત્તે પૂજ્ય સ્વામીજીના દર્શન | સવારે ૮.૦૦ વાગ્યે બપોરે ૧.૦૦ સાંજે ૪.૩૦ થી ૮.૩૦સુધી |
| ૨૧.૧૦.૨૦૧૭થી ૨૭.૧૦.૨૦૧૭ | શનિવારથી શુક્રવાર | શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની વ્યાસ પીઠે શ્રીમદ્‌ ભાગવત કથા | બપોરે ૩.૩૦ થી ૭.૦૦સુધી |

૧. ઉપરોક્ત સર્વે કાર્યક્રમોમાં સૌ ભક્તોનું સ્વાગત છે.
૨. લઘુરુદ્રના યજમાનપદે બેસવા માગતા ભક્તોએ આગળથી આશ્રમ કાર્યાલયમાં નામ નોંધાવવું જરૂરી છે.
૩. શ્રાવણમાં રુદ્રી, રુદ્રાભિષેક અથવા લઘુરુદ્ર કરવા કે કરાવવા માગતા ભક્તોએ અગાઉથી કાર્યાલયમાં નામ નોંધાવવું જરૂરી છે.
૪. સવાલક્ષ બીલીપત્ર અને પાર્થિવપૂજાનો પ્રબંધ પણ કરવામાં આવે છે. મુમુક્ષુ ભક્તોને લાભ લેવા વિનંતી.
૫. ધનતેરસની પૂજાનો લાભ લેવા માગતા ભક્તોએ આગળથી નામ નોંધાવવું.
૬. દિવાળીના દિવસે અન્નકૂટ સામગ્રી સેવા નોંધાવવા માટે ભક્તોએ અગાઉથી મંદિર-આચાર્ય અને કાર્યાલયના સમયે ઓફિસમાં નોંધ કરાવવી.
૭. શિવાનંદ આશ્રમમાં આવીને રહેવા, સાધના કરવા માગતા શિવાનંદ પરિવારના સદસ્યોએ અગાઉથી પત્ર લખવો. લેખિત મંજૂરી મેળવીને જ આવવા વિનંતી એટલે વ્યવસ્થામાં સગવડતા સચવાઈ રહે.

# વૃત્તાંત

### દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘ, અમદાવાદ

● **તા. ૯-૭-૨૦૧૭ના રોજ ગુરુ પૂર્ણિમા ઉત્સવઃ** શ્રી સ્વામી ચિદાનંદ ધ્યાન-યોગ મંદિરમાં સાંજે પ્રાર્થના સાથે ગુરુ પૂર્ણિમા ઉત્સવનો પ્રારંભ થયો. ખૂબ જ ભક્તિભાવ સાથે શ્રી ગુરુપાદુકાપૂજન કરવામાં આવ્યું. પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે અનુપમ મિશન, અમેરિકાથી SKYPE દ્વારા અહીં ભક્તોને આશીર્વાદ આપ્યા. આશીર્વચન આપતાં પૂજ્ય સ્વામીજીએ કહ્યું, 'આપ સૌ ભક્તોએ હમણાં જ ગુરુપાદુકાપૂજન કર્યું હશે. શ્રી પાદુકાપૂજનની શરૂઆત ભગવાન શ્રી રામના સમયથી થઈ છે. પાદુકાજી એ કોઈ વ્યક્તિની નહીં, પરંતુ સાક્ષાત્ પરમાત્માનું સ્વરૂપ છે, એના પૂજનથી આપણી ચેતના જાગ્રત થાય છે અને તેનું ઊર્ધ્વીકરણ થાય છે. ગુરુ પૂર્ણિમાના આ પવિત્ર પર્વે આપણા પૂજ્ય ગુરુદેવો શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજ, ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજ તથા પ્રાચીન – અર્વાચીન તમામ ગુરુજનોના આશીર્વાદ આપ સૌ પર શાશ્વત રહે એવી અભ્યર્થના.' ઉપસ્થિત સૌ ભક્તો પૂજ્ય સ્વામીજીનાં Live દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત થતાં ભાવવિભોર થયા. આ માટેની તમામ વ્યવસ્થા આશ્રમનાં ભક્તો શ્રી શૈશવ-સુનીતા, જેઓ હાલ અમેરિકા સ્થિત થયાં છે. તેમણે ખૂબ પ્રેમથી કરી હતી. ત્યારબાદ મહાપ્રસાદ સાથે ઉત્સવ સંપન્ન થયો. લગભગ ૬૦૦ ભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો.

● **તા ૧૭-૭-૨૦૧૭ના રોજ આરાધના પર્વ :** સદ્ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના ૫૪મા મહાસમાધિ-આરાધના પર્વની ઉજવણી શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે ખૂબ જ ભક્તિભાવ સાથે શ્રી ગુરુપાદુકાપૂજન અને પ્રસાદ વિતરણ સાથે સંપન્ન થઈ.

● **તા. ૨૪-૭-૨૦૧૭થી શ્રાવણ માસ :** શિવાનંદ આશ્રમ ખાતે પવિત્ર શ્રાવણ માસની ઉજવણીનો ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવની પૂજા-અર્ચના અને શ્રી શિવપુરાણ કથા સાથે શુભારંભ થયો. ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવ મંદિર ભક્તોથી ઊભરાઈ રહ્યું છે. પવિત્ર શ્રાવણ માસ દૈનિક રુદ્રાભિષેક પૂજાઓ, ષોડશોપચાર પૂજાઓ, અભિષેકાત્મક લઘુરુદ્રો, સવા લક્ષ બિલ્વપત્રોની અર્ચના, પાર્થિવેશ્વર મહાદેવની પૂજાઓ ઉપરાંત સોમવારે વિશેષ શૃંગાર આરતી અને રાત્રે પ્રહર પૂજાઓ સાથે ઊજવાશે. વિવિધ ઉત્સવોના આયોજનના સમયે વિશેષ શૃંગારદર્શનનું પણ આયોજન કરવામાં આવશે.

શ્રાવણ માસ નિમિત્તે શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવન ખાતે દરરોજ સાંજે ૫-૩૦ થી ૭-૦૦ વાગ્યા સુધી રાજકોટના સુપ્રસિદ્ધ કથાકાર શ્રીમત્ મધુસૂદન શાસ્ત્રીજી દ્વારા શિવપુરાણ કથા થઈ રહેલ છે, જેનો લાભ વિશાળ સંખ્યામાં ભક્તો લઈ રહ્યા છે.

● આશ્રમની તમામ દિવ્ય પ્રવૃત્તિઓ, અન્નદાન, યોગવર્ગો, રેઈકી, સત્સંગ સ્વાધ્યાય, પાઠપૂજા, દરિદ્રનારાયણ સેવા ખૂબ જ સારી રીતે સંપન્ન થઈ રહેલ છે.

### પૂર રાહત કાર્ય

● બનાસકાંઠા, ઉત્તર ગુજરાત અને અમદાવાદમાં થયેલા ભારે વરસાદના કારણે જે વિષમ પરિસ્થિતિ નિર્માણ પામેલ છે તેના રાહત સેવાયજ્ઞમાં શિવાનંદ આશ્રમ પણ સક્રિય છે. સમસ્ત મહાજન સાથે સહયોગમાં રહીને જે યોજના કરી છે તેની પત્રિકા મુખપૃષ્ઠ-૪ ઉપર આપેલ છે. દાતાઓ, આશ્રમના ભક્તો તરફથી દાન દ્વારા અને વહીવટીતંત્રનો પણ સારો સહકાર મળેલ છે.

સરકાર વતી રાહતકાર્યનું સંકલન-આયોજન કરી રહેલ એવા રાજ્યના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સાથે વિચાર-વિમર્શમાં રહી રાહતકાર્ય ચાલે છે. ડીસા પાસે ખીચડી-પૂરી-શાકનાં બે રસોડાં પાંચ દિવસ ચાલ્યાં, જેમાં દશ હજાર કરતાં પણ વધુ લોકો લાભાન્વિત થયા. પશુઓ માટે ઘાસચારાની ટ્રકો પણ રવાના થવા માંડી છે. તા. ૨ અને ૩ ઓગસ્ટના રોજ ટ્રસ્ટી શ્રી અરુણભાઈ ઓઝા તથા મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈએ બનાસકાંઠાનાં ગામોની મુલાકાત લઈ કાર્યકરો તથા સરકારી અધિકારીઓ સાથે સંકલન કર્યું.

● અમદાવાદની સેવા વસ્તીમાં પણ પાણી જ્યાં ભરાયાં હતાં ત્યાં આશ્રમના ભક્તોએ રૂબરૂ જઈ દરિદ્રનારાયણને જમાડવાનું કાર્ય ચાર દિવસ કર્યું. શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા પણ અન્નદાનનો સહકાર આશ્રમને રાહત કાર્ય માટે મળેલ છે.

# શ્રી દિવ્ય જીવન સાંસ્કૃતિક સંઘની વાર્ષિક સામાન્ય સભાની નોટિસ

તા. ૦૧-૦૮-૨૦૧૭

આથી સંસ્થાના સર્વે કાયમી સભ્યશ્રીઓને જણાવવાનું કે સંસ્થાની વર્ષ ૨૦૧૬-૨૦૧૭ની વાર્ષિક સામાન્ય સભા તા. ૩-૦૯-૨૦૧૭, રવિવારના રોજ સવારના ૧૧-૦૦ કલાકે શ્રી શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, અમદાવાદ-૩૮૦૦૧૫ ખાતે રાખવામાં આવેલ છે તો સર્વ સભ્યોને સમયસર હાજર રહેવા વિનંતી.

કાર્યસૂચિ (એજન્ડા)

(૧) ૨૦૧૫-૨૦૧૬ માટે વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી અને ઠરાવોને વંચાણે લઈ બહાલી આપવા.

(૨) ૨૦૧૬-૨૦૧૭ના વર્ષનો સંસ્થાનો અહેવાલ મંજૂર કરવા.

(૩) ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના ઑડિટેડ હિસાબો મંજૂર કરવા.

(૪) ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે ઑડિટર્સની નિમણૂંક અને મહેનતાણૂં નક્કી કરવા.

(૫) ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે બંધારણ મુજબ કારોબારીનું ગઠન કરવા અંગે.

(૬) પ્રમુખશ્રીની મંજૂરીથી જે કાર્યો રજૂ થાય તે અંગે વિચારણા કરી નિર્ણય કરવા બાબત.

નોંધ : (૧) સભાના સમયે સભ્યશ્રીઓની હાજરી નોનકોરમ હશે તો ૩૦ મિનિટ રાહ જોયા પછી હાજર રહેલ સભ્યોના કોરમથી સભાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. (૨) વિસ્તૃત ઓડિટેડ એકાઉન્ટ્સ સંસ્થાના કાર્યાલયમાં ઉપલબ્ધ છે. પૂર્વ સૂચનાથી નિરીક્ષણ કરી શકાશે અને ઓડિટેડ હિસાબની નકલ સભાસદ ઓફીસમાંથી મેળવી શકશે. કોઈ પણ સભાસદને કોઈપણ જાતની પૂરક માહિતી જોઈતી હોય તો તેમણે સભાની તારીખના ત્રણ દિવસ પહેલાં લેખિત રજૂઆત કરવાની રહેશે કે જેથી સામાન્ય સભાના સમય દરમિયાન સ્પષ્ટતા કરી શકાય.

૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે બંધારણ મુજબ કારોબારી સમિતિના ગઠન માટે કારોબારી સમિતિમાં સેવા આપવા ઈચ્છુક સભ્યોએ લેખિત સંમતિ પત્રક આપવા અંગેઃ

(૧) કારોબારી સમિતિનું ગઠન વાર્ષિક સભામાં હાજર રહેલ સભ્યો દ્વારા કરવામાં આવે છે. જેમાં પ્રમુખ તથા કાર્યકારી પ્રમુખ સિવાયના કારોબારી સભ્યો, કો-ઓપ્ટેડ સભ્યો તથા જરૂરી આમંત્રિત સભ્યોની વરણી કરવામાં આવશે.

(૨) ૨૦૧૬-૨૦૧૭ની કારોબારીના સભ્યો નિયમ મુજબ રિટાયર્ડ થાય છે, અને ફરીથી સભ્યપદ માટે હકદાર છે. ૨૦૧૭-૨૦૧૮ ના વર્ષ માટે નોમિનેશન ભરી શકે છે. તેઓ કારોબારીના સક્રિય સભ્ય બની સેવા આપવા માંગે છે, તેવો સંમતિપત્ર (ઉમેદવારીપત્ર) સામાન્ય સભાની તારીખ ૩-૦૯-૨૦૧૭, રવિવાર પહેલાંના સાત દિવસ પૂર્વે આપવાનો રહેશે. નિયત કરતાં વધુ પત્રો આવશે તો જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(૩) કારોબારી સમિતિનું વાર્ષિક સામાન્ય સભામાં ગઠન થયા બાદ, કારોબારી સમિતિના સભ્યોમાંથી ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે સંસ્થાના હોદ્દેદારો(ઓફીસ-બેરર્સ)ની બંધારણ મુજબ વરણી/ચૂંટણી કરવામાં આવે છે. હાલ સંસ્થાના હોદ્દેદારો નીચે મુજબના છે.

પ્રમુખ- ૧, કા. પ્રમુખ- ૧, ઉપપ્રમુખ- ૧, માનદ્‌મંત્રી -૧, સહમંત્રી - ૩, ખજાનચી -૧, આંતરિક અન્વેષક - ૧

(૪) વાર્ષિક સામાન્ય સભા કારોબારી સભ્યો ઉપરાંત કો-ઓપ્ટ સભ્યોની નિમણૂક કરી શકે છે.

(૫) વાર્ષિક સામાન્ય સભા કારોબારી સમિતિમાં જરૂરી આમંત્રિત સભ્યોની પણ નિમણૂક કરી શકે છે. સામાન્ય સભામાં હાજર રહેલ સભ્યોનાં સૂચનો તથા પ્રમુખશ્રીના સૂચનો પ્રમાણે આ સભ્યોની વરણી કરવામાં આવે છે.

(૬) ઉપર મુજબ કારોબારી સમિતિનું ગઠન થાય તે તારીખથી નવા કારોબારી સભ્યો તથા હોદ્દેદારો ચાર્જ સંભાળી કાર્યવાહી શરૂ કરી શકશે.

વિજય સોની
માનદ્‌મંત્રી

પૂજ્ય સ્વામીજી અમેરિકા, કેનેડા, યુ.કે.ની અધ્યાત્મયાત્રામાં છે. જેઓ પહેલી સપ્ટેમ્બરે આશ્રમમાં પધારશે. ત્યાંનો વૃત્તાંત ઓકટોબરના દિવ્ય જીવનના અંકમાં પ્રસિદ્ધ કરીશું.

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI



પવિત્ર શ્રાવણ માસમાં
આશ્રમ સ્થિત
શ્રી વિશ્વનાથ મહાદેવના
શૃંગાર દર્શન



શ્રાવણ માસ નિમિત્તે
શ્રી શ્રી અષ્ટલક્ષ્મી ભવન
ખાતે
આચાર્ય શ્રીમત્ મધુસુદન
શાસ્ત્રીજીની
વ્યાસપીઠે
શિવપુરાણ કથા



ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે શ્રી શ્રી ચિદાનંદ ધ્યાન-યોગ મંદિર
ખાતે શ્રી ગુરુપાદુકા પૂજન (તા. ૯-૭-૨૦૧૭)

**સમસ્ત મહાજન**
અબોલ જીવોનું સ્વજન
Trust Regd. No. E/15474 (Ahmedabad)

સહયોગી સંસ્થા
**શિવાનંદ આશ્રમ**
અમદાવાદ
Sivananda Ashram, Ahmedabad

## અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારો માટે પૂર રાહત યોજના

ઉત્તર ગુજરાત - વિશેષ કરીને બનાસકાંઠા, દક્ષિણ રાજસ્થાનના જિલ્લાઓ અતિવૃષ્ટિથી ગ્રસ્ત છે, સંતપ્ત છે...

સમસ્ત મહાજને કુદરતના આ પ્રકોપથી પીડિત માનવોની સેવા તથા પશુઓને ચારો પૂરો પાડવાનું સુકૃત અભિયાન આદરી દીધું છે. સહુ દાનવીરોને, કરુણાભર્યા સાથીઓને આ પુણ્યકાર્યમાં જોડવાને વિનમ્ર વિનંતિ છે.

| યોજના પ્રકાર | યોગદાન |
|---|---|
| એક ગામ દત્તક લેવું (૫૦ અતિ અસરગ્રસ્ત પરિવારોની સેવાર્થે) | રૂ. ૧૦ લાખ |
| એક પરિવારની સેવા (જેમાં ઘરવખરી, સીધુસામાન જીવન જરૂરિયાતની વસ્તુઓ આપવામાં આવશે). | રૂ. ૨૦,૦૦૦ |

અસરગ્રસ્ત વિસ્તારોની પાંજરાપોળોનો સૂકો ચારો ભીંજાઈને બિનઉપયોગી થઈ ગયો છે. તેમને લીલો ચારો મોકલાવવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. તેમાં સાબરકાંઠાથી લીલી મકાઈ અને કડોદરા, સુરતથી શેરડીની ટ્રક ઉપલબ્ધ થઈ રહી છે. એક ટ્રક ચારાનો ખર્ચ રૂ. ૨૦,૦૦૦ છે જેનાથી પાંજરાપોળને ૧૦,૦૦૦ કિલો ચારો પહોંચે છે.

આપનો ચેક "SRI DIVYA JIVAN SANSKRUTIK SANGH" એ નામે લખવો. આ સંસ્થાને અપાયેલું દાન ઈન્કમ ટેક્સની કલમ ૮૦ (જી) હેઠળ કરમુક્ત છે.

### સંત

સંત કોને કહે છે ? જે ઈશ્વર અથવા શાશ્વત સત્તામાં નિવાસ કરે છે; જે અહંકાર, રાગ -દ્વેષ, સ્વાર્થ, મિથ્યાભિમાન, અહંભાવ, કામ, ક્રોધ તથા લોભથી સર્વથા મુક્ત છે; જે સમદષ્ટિ, માનસિક સંતુલન, દયા, સહિષ્ણુતા, ધર્મ-પરાયણતા તથા બ્રહ્માંડીય પ્રેમથી ઓતપ્રોત છે તથા જેને દિવ્ય જ્ઞાનની સંપ્રાપ્તિ થઈ ચૂકી છે તેને સંત કહે છે.

**- સ્વામી શિવાનંદ**

Print Vision

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh** Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234